ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર

'ગુજરાત ટુડે'

દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.

(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૯૫.૯૪ |
| પાઉન્ડ | ૧૨૯.૦૮ |
| યુરો | ૧૧૦.૭૧ |
| સઉદી રિયાલ | ૨૫.૫૬ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૧,૫૭,૪૮૦ |
| ચાંદી (૧ કિલો) | ૨,૪૫,૦૦૦ |

Regd. No.Guj.168/2026-2028 Valid up to Dt. 31-12-2028 permitted to Post at Ahmedabad Unaccountable L1 on Everyday & Published on Everyday● RNI. No. 48870/91 ● વર્ષ-૩૬ અંક-૪૯ ● તંત્રી : અઝીઝ ટંકારવી

# UPI પર અમેરિકાના દબાણ સામે મોદી સરકાર ઝૂકી ગઈ અને ટ્રમ્પ ભારત પર ૧૦૦% ટેરિફ બિલ લાદી રહ્યા છે : કોંગ્રેસ

(એજન્સી) તા.૧૬

કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે, મોદી સરકારે યુએસના દબાણ હેઠળ UPI ચૂકવણી પર ફી લાદી છે. પાર્ટીએ જણાવ્યું હતું કે, અમેરિકન કંપનીઓ પહેલાથી જ મફત UPI ચૂકવણીઓ સામે વાંધો ઉઠાવી ચૂકી છે અને તાજેતરના મહિનાઓમાં યુએસ વેપાર પ્રતિનિધિઓએ તેને ભારતીય અધિકારીઓ સમક્ષ વેપાર અવરોધ તરીકે રજૂ કર્યો છે. પાર્ટીનો દાવો છે કે, જ્યારે ટ્રમ્પ વહીવટીતંત્ર ભારત પર ૧૦૦% ટેરિફ લાદવાની અને H1B વિઝા પર કડક પગલાં લેવાની તૈયારી કરી રહ્યું છે, ત્યારે મોદી સરકાર UPI પર ફી લાદીને ફોન પે, ગૂગલ પે અને એમેઝોન પે જેવા અમેરિકન માલિકીના પેમેન્ટ પ્લેટફોર્મને ફાયદો કરાવી રહી છે. કોંગ્રેસના




## કોંગ્રેસે જણાવ્યું છે કે, ટ્રમ્પ વહીવટીતંત્ર ભારત પર ૧૦૦% ટેરિફ લાદી રહ્યું છે અને H-1B વિઝા પર કડક પગલાં લઈ રહ્યું છે, જ્યારે મોદી સરકાર UPI પર ફી લાદીને ફોન પે, ગૂગલ પે અને એમેઝોન પે જેવા અમેરિકન માલિકીના પેમેન્ટ પ્લેટફોર્મને ફાયદો કરાવી રહી છે

નેતા સુપ્રિયા શ્રીનાતે એક પ્રેસ કોન્ફરન્સ યોજીને આરોપ લગાવ્યો હતો કે ફોન પે અને ગૂગલ પે એકલા UPIનો ૮૬% હિસ્સો ધરાવે છે.

UPI ચૂકવણીઓ અંગે રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે વડાપ્રધાન મોદીએ 'સંપૂર્ણપણે ખતમ' કરી દીધું છે અને ભારતીય નાગરિકો પર 'UPI ટેક્સ' લાદીને અમેરિકન કંપનીઓને નફો કરવાનો માર્ગ મોકળો કર્યો છે. રાહુલે કહ્યું, 'મોદીજી, UPI ટેક્સ પાછો ખેંચો. હવે. કોંગ્રેસના નેતા જયરામ રમેશે સોશિયલ મીડિયા પોસ્ટમાં મોદી સરકાર પર હુમલો કર્યો, જેમાં યુએસ કાર્યવાહીને મોદી સરકારની વિદેશ અને આર્થિક નીતિઓ સાથે જોડી હતી. તેમણે કહ્યું કે, યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં એક બિલ આગળ વધી રહ્યું છે જે ભારત પર ૧૦૦ ટકા સુધીના ટેરિફ માટે માર્ગ ખોલી શકે છે. તેમના મતે આ ભારત માટે ગંભીર વેપાર ખતરો છે. રમેશે ભારતીય ઈમિગ્રન્ટ્સ અને H-1B વિઝાનો મુદ્દો પણ ઉઠાવ્યો. તેમણે આરોપ લગાવ્યો કે ટ્રમ્પ વહીવટ ભારતીય IT વ્યાવસાયિકો માટે વિઝા સિસ્ટમને વધુ મુશ્કેલ બનાવી રહ્યું છે અને નોકરી ગુમાવવાની સ્થિતિમાં વિઝા ધારકો પર ગંભીરતા વધારી રહ્યું છે.

આ આરોપો સાથે કોંગ્રેસે પ્રશ્ન કર્યો કે જ્યારે અમેરિકા ભારત સામે વેપાર અને ઈમિગ્રેશન નીતિઓને કડક બનાવી રહ્યું છે ત્યારે ભારત સરકાર UPI જેવા દેશના મુખ્ય ડિજિટલ ચૂકવણી માળખામાં કેમ ફેરફાર કરી રહી છે. તેમણે આરોપ લગાવ્યો કે અમેરિકન કંપનીઓ લાંબા સમયથી ભારતની શૂન્ય-MDR UPI સિસ્ટમનો વિરોધ કરી રહી છે. તેમના મતે યુએસ ટ્રેડ પ્રતિનિધિઓએ પણ UPI અને RuPay મફત હોવા સામે વાંધો ઉઠાવ્યો હતો. જયરામ રમેશે પ્રશ્ન કર્યો કે UPI પર ૦.૪ ટકા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) કેમ નક્કી કરવામાં આવ્યો છે. ડેબિટ કાર્ડના MDR સાથે તેની સરખામણી કરતા તેમણે પૂછ્યું કે શું આ વિઝા અને માસ્ટરકાર્ડ જેવી અમેરિકન કાર્ડ કંપનીઓને UPI સાથે સ્પર્ધા કરવાની તક આપવા માટે કરવામાં આવી રહ્યું છે.

**અમેરિકન કંપનીઓને ફાયદા : સુપ્રિયા શ્રીનાતે :** કોંગ્રેસ પ્રવક્તા સુપ્રિયા શ્રીનાતે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને પ્રશ્ન કર્યો હતો કે, નવા MDRથી કઈ કંપનીઓને સૌથી વધુ ફાયદો થશે. તેમણે ફોન પે અને ગૂગલ પેનું નામ લીધું, દાવો કર્યો કે બંને UPI માર્કેટનો લગભગ ૮૬ ટકા હિસ્સો ધરાવે છે. તેણી દલીલ કરે છે કે, જો MDR ચૂકવણી ઈકોસિસ્ટમમાં વધારાની આવક ઉત્પન્ન કરે છે, તો તે મુખ્ય ચૂકવણી પ્લેટફોર્મની કમાણી અને મૂલ્યાંકનને લાભ આપી શકે છે. તેણીએ એમેઝોન પેનો પણ ઉલ્લેખ કર્યો, આ પ્લેટફોર્મને અમેરિકન કંપનીઓ સાથે જોડાયેલા ચૂકવણી વ્યવસાયો તરીકે દર્શાવતા, આરોપ લગાવ્યો કે ભારતીયો પાસેથી વસૂલવામાં આવતી ફી દ્વારા અમેરિકન કંપનીઓને ફાયદો થઈ રહ્યો છે. UPIના સંચાલન ખર્ચ અંગે સરકારની દલીલનો જવાબ આપતા સુપ્રિયા શ્રીનાતે કહ્યું, 'UPIને ચલાવવા માટે વાર્ષિક રૂા.૨૦,૭૦૦ કરોડની જરૂર પડે છે. પરિણામે ઘણા અનુયાયીઓ દાવો કરી રહ્યા છે કે, UPI ચલાવવા માટે પૈસા નથી. જો કે, ૨૦૨૫-૨૬ નાણાકીય વર્ષમાં RBIએ મોદી સરકારને રૂા.૩ લાખ કરોડનો સરપ્લસ ટ્રાન્સફર કર્યો. દેશમાં લિસ્ટેડ બેંકોનો નફો રૂા.૪.૧૧ લાખ કરોડથી વધુ છે. UPIનું સંચાલન કરતી NPCIની કર પહેલાની આવક રૂા.૧૮૮૮ કરોડ છે. આનો અર્થ એ થયો કે RBI સરકારને જે પૈસા આપી રહી છે તેના માત્ર ૭.૨% પૈસા સમગ્ર UPI ચલાવશે.'

**UPI ફી માટે ટ્રમ્પ ફેક્ટરને શા માટે દોષી ઠેરવવામાં આવી રહી છે ? :** સુપ્રિયા શ્રીનાતે કહ્યું કે, અમેરિકન ચૂકવણી કંપનીઓ ભારતની શૂન્ય-MDR નીતિનો વિરોધ કરી રહી છે અને હવે મોદી સરકારે તેમને 'શરણાગતિ' આપી દીધી છે. કોંગ્રેસ કહે છે કે, આ ઘટનાઓ મોદી સરકારની યુએસ નીતિ પર પ્રશ્નો ઊભા કરે છે. પાર્ટીનો આરોપ છે કે, યુએસ સામે કડક વલણ અપનાવવાને બદલે સરકાર તેની માગણીઓ અનુસાર નીતિગત ફેરફારો કરી રહી છે.

# કોઈ વિદેશી દબાણ નથી : UPI ફી અંગેના 'બાહ્ય દબાણ'ના આરોપ અંગે સરકારની વળતી પ્રતિક્રિયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

કેન્દ્ર સરકારે એ દાવાઓને ફગાવી દીધા કે UPI પેમેન્ટ્સ પર 'મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ' (MDR) લાગુ કરવાનો નિર્ણય વિદેશી પ્રભાવ હેઠળ લેવામાં આવ્યો હતો. વિપક્ષે આરોપ લગાવ્યો હતો કે, આ પગલું યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ખુશ કરવા માટે લેવામાં આવ્યું હતું. આ આરોપો અંગે સ્પષ્ટતા કરતા નાણા મંત્રાલયે કહ્યું કે, ભારતની UPI નીતિના નિર્ણયો 'સ્વતંત્ર રીતે' લેવામાં આવ્યા છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, 'કેટલાક દાવાઓ સૂચવે છે કે, આ ફેરફાર વિદેશી પ્રભાવને કારણે છે. આ વાત ખોટી છે. ભારતની UPI નીતિના નિર્ણયો સ્વતંત્ર રીતે લેવામાં આવે છે, જેનો સ્પષ્ટ ઉદ્દેશ્ય આત્મ-નિર્ભર, સર્વસમાવેશક અને પરવડે તેવી ડિજિટલ પેમેન્ટ્સ ઈકોસિસ્ટમ બનાવવાનો છે. સરકારની આ સ્પષ્ટતા કોંગ્રેસના એ સૂચન બાદ આવી છે કે, આ ફી અમેરિકાની ફરિયાદોને દૂર કરવા માટે દાખલ કરવામાં આવી રહી છે, જેમાં દાવો કરાયો હતો કે, UPI અને RuPayને કારણે Visa અને Mastercardને નુકસાન થયું છે.




**સરકારે વિપક્ષના એ આરોપને ફગાવી દીધો છે કે, UPI પેમેન્ટ્સ પર 'મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ' (MDR) લાગુ કરવાનો નિર્ણય અમેરિકન કાર્ડ કંપનીઓને ફાયદો પહોંચાડવાના ઈરાદાથી લેવામાં આવ્યો હતો, કોંગ્રેસે UPI અંગેના આ નવા પગલાની આકરી ટીકા કરી છે અને વડાપ્રધાન મોદી પર અમેરિકાના દબાણ સામે ઝૂકી જવાનો આરોપ મૂક્યો છે**

**નવી UPI MDR ફી શું છે ? :**

૧૫ ઓક્ટોબરથી રૂા.૨૦૦૦થી વધુના UPI વ્યવહારો પર ૦.૪%ની MDR ફી લાગુ થશે. જો કે, નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI)એ કહ્યું છે કે, આ ફી વેપારીઓ દ્વારા ચૂકવવામાં આવશે અને ગ્રાહકો પર તેની કોઈ અસર થશે નહીં. ઉદાહરણ તરીકે જ્યારે કોઈ વેપારીને UPI દ્વારા રૂા.૧૦,૦૦૦ની ચૂકવણી મળે છે, ત્યારે તેણે રૂા.૪૦ ચૂકવવા પડશે. જે દુકાનદાર કે સંસ્થાને ગ્રાહકો પાસેથી UPI દ્વારા દર મહિને રૂા.૧ લાખથી વધુની રકમ મળે છે, તેમને 'વેપારી' તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. જો કે, MDR ફી પ્રતિ વ્યવહાર રૂા.૩૦૦ સુધી મર્યાદિત રાખવામાં આવી છે. વિપક્ષ દ્વારા આ નિર્ણય પાછો ખેંચવાની માંગ સાથે થઈ રહેલી ટીકાઓ વચ્ચે, કેન્દ્ર સરકારે પુનરોચ્ચાર કર્યો છે કે, 'વ્યક્તિ-થી-વ્યક્તિ ટ્રાન્સફર' હંમેશા મફત રહેશે. નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે, બેંકોને સૂચના આપવામાં આવી છે કે, તેઓ સુનિશ્ચિત કરે કે વેપારીઓ આ ખર્ચ ગ્રાહકો પર ન નાખે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, મિત્રોને પૈસા મોકલવા, દુકાનોમાં ચૂકવણી કરવી અથવા QR કોડ સ્કેન કરવો - આ તમામ સેવાઓ શુલ્ક-મુક્ત રહેશે.

**'UPI MDR ફી એ કોઈ ટેક્સ નથી' :**

કેન્દ્ર સરકારે એ પણ સ્પષ્ટ કર્યું છે કે, UPI ચૂકવણીઓ પર લાગતી MDR ફી એ સરકાર કે NPCI (જે UPI સિસ્ટમનું સંચાલન કરે છે) દ્વારા વસૂલવામાં આવતો 'ટેક્સ' કે 'ચાર્જ' નથી. નિવેદનમાં જણાવાયું છે કે, 'UPI ઈકોસિસ્ટમના સંચાલન અને તેના સતત વિસ્તરણને ટેકો આપવા માટે આ (MDR ફી) રકમ બેંકો અને પેમેન્ટ એપ્લિકેશન પ્રદાતાઓ સહિત પેમેન્ટ ઈકોસિસ્ટમના સહભાગીઓ વચ્ચે વહેંચવામાં આવશે.' અત્યાર સુધી UPI સિસ્ટમ ચલાવવા અને તેના વિસ્તરણનો ખર્ચ મુખ્યત્વે સરકાર, બેંકો અને પેમેન્ટ કંપનીઓ દ્વારા ઉઠાવવામાં આવ્યો છે. MDR ફીથી તે ખર્ચનો અમુક હિસ્સો ભરપાઈ કરવામાં મદદ મળવાની અપેક્ષા છે. જો કે, કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે, આ પગલું અમેરિકન કાર્ડ કંપનીઓને ફાયદો પહોંચાડવાના ઈરાદાથી લેવામાં આવ્યું છે. રાજ્યસભાના સાંસદ જયરામ રમેશે આ પગલાને 'નરેન્દ્ર દ્વારા ટ્રમ્પને ખુશ કરવાની પ્રક્રિયા' ગણાવી છે. ૦.૪% MDR શા માટે? શું એટલા માટે કે ડેબિટ કાર્ડ MDR પણ ૦.૪% છે? શું આ પગલું અમેરિકન કાર્ડ કંપનીઓને UPI સાથે સ્પર્ધા કરવા સક્ષમ બનાવવા માટે લેવામાં આવી રહ્યું છે? મોદી સરકારે 'ઝીરો MDR'ની નીતિ છોડીને UPI પર ચાર્જ વસૂલવાની અમેરિકાની માંગ સ્વીકારી લીધી છે. પોતાના દાવાની પુષ્ટિ કરવા માટે, રમેશે ભારતમાં UPI સેવા મફત હોવા અંગે યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ (USTR) દ્વારા અગાઉ કરવામાં આવેલી ટીકાનો ઉલ્લેખ કર્યો હતો. કોંગ્રેસે દાવો કર્યો છે કે, આ પગલાથી મોટાભાગની વસ્તુઓના ભાવમાં વધારો થઈ શકે છે, કારણ કે, વેપારીઓ આ વધારાનો ખર્ચ ગ્રાહકો પર નાખી શકે છે. આ વર્ષની શરૂઆતમાં USTRએ તેના વાર્ષિક અહેવાલમાં ભારતની UPI ઈકોસિસ્ટમમાં અમેરિકન ઈલેક્ટ્રોનિક પેમેન્ટ સેવા પ્રદાતાઓ ભાગ ન લઈ શકવાની બાબતને વિદેશી વેપારમાં અવરોધ તરીકે દર્શાવી હતી. આ અહેવાલ એવા સમયે આવ્યો હતો જ્યારે ભારત અને અમેરિકા વેપાર કરારને આખરી ઓપ આપવા માટે કામ કરી રહ્યા હતા. જો કે, સરકારે હવે એ આરોપોને ફગાવી દીધા છે કે, આ પગલું વિદેશી દબાણ હેઠળ લેવામાં આવ્યું હતું.

**ક્યા બાત હૈ ?!**

**પુત્રી, સારું થયું તું અહીં આવી ગઈ ! ત્યાં રહી હોત તો તારું જીવન નર્ક બની જાત !**



- જામી

# 'હિંમત બતાવો, અડગ રહો' : UPI પેમેન્ટ્સ પર ફી લાદવાના નિર્ણયને પાછો ખેંચવા રાહુલ ગાંધીની કેન્દ્રને અપીલ

## રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે વડાપ્રધાન મોદીએ UPI પર ટેક્સ લાદીને અને અમેરિકાને મોટી રકમ આપીને દરેક ભારતીય નાગરિક પર કરનો બોજ નાખ્યો છે

(એજન્સી) તા.૧૬

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ UPI પેમેન્ટ્સ પર ફી લાદવાના કેન્દ્રના નિર્ણયને પાછો ખેંચવાની માંગ કરી છે. તેમણે દાવો કર્યો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સામે 'સાષ્ટાંગ દંડવત' (ઘૂંટણિયે પડીને શરણાગતિ સ્વીકારવાનું) કરવાનો અને અમેરિકાને મોટી રકમ આપવાનો નિર્ણય કર્યો છે. 'X' (અગાઉનું ટ્વિટર) પર પોસ્ટ કરાયેલા એક વીડિયોમાં તેમણે કહ્યું, "હિંમત બતાવો, અડગ રહો અને UPI ટેક્સ પાછો ખેંચો." તેમણે મોદીને અમેરિકા સામે ઝૂકી ન જવા અથવા શરણાગતિ ન સ્વીકારવાની પણ અપીલ કરી હતી. સરકારે મંગળવારે જાહેરાત કરી હતી કે ૧૫ ઓક્ટોબરથી UPI દ્વારા વેપારીઓને કરવામાં આવતા રૂા.૨,૦૦૦થી વધુના ટ્રાન્સફર પર ૦.૪ ટકા ફી લાગુ થશે, જ્યારે સામાન્ય વ્યક્તિ-થી-વ્યક્તિ (ર) વ્યવહારો અને નાના પેમેન્ટ્સને કોઈપણ ચાર્જમાંથી મુક્તિ આપવામાં આવી છે. ગાંધીએ કહ્યું, "(પૂર્વ વડાપ્રધાન) ઈન્દિરા (ગાંધી) જીને એકવાર પૂછવામાં આવ્યું હતું કે શું તેઓ ડાબેરી વિચારધારા તરફ ઝુકાવ ધરાવે છે કે જમણેરી, ત્યારે તેમનો જવાબ હતો કે, 'હું ડાબેરી કે જમણેરી તરફ ઝુકતી નથી, હું સીધી ઊભી રહું છું'." "મોદી જીનો અભિગમ તદ્દન અલગ છે; તેઓ ન તો ડાબેરી છે કે ન તો જમણેરી. તેમણે ડોનાલ્ડ ટ્રમ્પ સામે સીધા સૂઈ જવાનો અને સાષ્ટાંગ દંડવત કરવાનો નિર્ણય કર્યો છે." વીડિયોમાં ગાંધીએ કહ્યું, "તેમણે (મોદીએ) UPI પર ટેક્સ લાદીને અને અમેરિકાને મોટી રકમ આપીને દરેક ભારતીય નાગરિક પર કરનો બોજ નાખ્યો છે." કોંગ્રેસે સરકાર પર આરોપ લગાવ્યો છે કે તેણે ઝીરો MDR (મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ)ની નીતિ છોડીને અને UPI પર ચાર્જ લાદીને અમેરિકાની માંગ સામે ઝૂકી જવાનું પસંદ કર્યું છે. પાર્ટીએ એમ પણ કહ્યું કે વડાપ્રધાને "NOTA (નોટા)નો નવો અર્થ આપ્યો છે - નરેન્દ્રનું સતત ટ્રમ્પ-તુષ્ટિકરણ (Narendra's Ongoing Trump Appeasement)."

# એક વર્ષમાં કેન્દ્ર સરકારનો યુ-ટર્ન : અગાઉ મોદી સરકારે UPI વ્યવહારો પર ચાર્જ વસૂલવાની કોઈ યોજના હોવાનો ઈન્કાર કર્યો હતો

## MDR (મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ) યોજનાઓના અહેવાલોને ફગાવી દેતા, એક વર્ષ પહેલા કેન્દ્રીય નાણા મંત્રાલયે કહ્યું હતું કે, 'આવા પાયાવિહોણા અને સનસની ફેલાવતા અનુમાનો આપણા નાગરિકોમાં બિનજરૂરી અનિશ્ચિતતા, ભય અને શંકા પેદા કરે છે'

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

કેન્દ્રીય નાણા મંત્રાલયે ગયા વર્ષે એવા અહેવાલોને 'સંપૂર્ણપણે ખોટા, પાયાવિહોણા અને ગેરમાર્ગે દોરનારા' ગણાવ્યા હતા જેમાં જણાવાયું હતું કે, સરકાર UPI વ્યવહારો પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) વસૂલવાની યોજના બનાવી રહી છે. બુધવારે જ્યારે કેશલેસ પેમેન્ટ પદ્ધતિ પરના ચાર્જ અંગે રોષ વધ્યો ત્યારે સોશિયલ મીડિયાના ઘણા વપરાશકર્તાઓએ આ બાબત તરફ ધ્યાન દોર્યું હતું. નાણા મંત્રાલયે ૧૧ જૂન, ૨૦૨૫ના રોજ X (ટ્વિટર) પરના તેના વેરિફાઈડ એકાઉન્ટ પર પોસ્ટ કર્યું હતું કે, UPI વ્યવહારો પર MDR વસૂલવામાં આવશે તેવી અટકળો અને દાવાઓ સંપૂર્ણપણે ખોટા, પાયાવિહોણા અને ગેરમાર્ગે દોરનારા છે. આવા પાયાવિહોણા અને સનસની ફેલાવતા અનુમાનો આપણા નાગરિકોમાં બિનજરૂરી અનિશ્ચિતતા, ભય અને શંકા પેદા કરે છે. સરકાર UPI દ્વારા ડિજિટલ ચૂકવણીને પ્રોત્સાહન આપવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. આ ટ્વિટ - બુધવારે બપોરે ૨ વાગ્યે (IST) પણ ઓનલાઈન હતી - તેને બુધવારે ઘણા વપરાશકર્તાઓ દ્વારા ફરીથી પોસ્ટ કરવામાં આવી હતી, જેમણે આ બાબતે સરકારના બેવડા વલણ તરફ ઈશારો કર્યો હતો. ઈન્ટરનેટ સ્વતંત્રતા કાર્યકર નિખિલ પહવાએ લખ્યું, આ વધુ એક પુરાવો કે જ્યારે સરકાર કંઈક કહે છે, ત્યારે સામાન્ય રીતે તેનાથી વિપરીત વાત સાચી હોય છે. આ સંબંધિત ઘટનાક્રમમાં બુધવારે સાંસદો (વિપક્ષના) એ વેપારીઓને ૨૦૦૦ રૂપિયાથી વધુની UPI ચૂકવણી પર ફી વસૂલવાના સરકારના નિર્ણય અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે, આ 'જનવિરોધી' પગલાને કારણે દેશની સમગ્ર વસ્તી પ્રભાવિત થશે.

નાણાં બાબતોની સંસદીય સ્થાયી સમિતિના અધ્યક્ષ ભર્તૃહરિ મહેતાબે જણાવ્યું હતું કે, કેટલાક સાંસદોએ બેઠકમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, સમિતિની આગામી બેઠકમાં આ બાબત પર ચર્ચા થઈ શકે છે. RSP સાંસદ એન.કે. સમિતિના સભ્ય પ્રેમચંદ્રને કહ્યું: 'આ સંપૂર્ણપણે જનવિરોધી નિર્ણય છે.' લગભગ છ વર્ષ સુધી સંપૂર્ણપણે મફત રહેલી UPI પેમેન્ટ સેવા બાદ સરકારે મંગળવારે જાહેરાત કરી કે ૧૫ ઓકટોબરથી વેપારીઓને UPI દ્વારા કરવામાં આવતા રૂા.૨૦૦૦થી વધુના ટ્રાન્સફર પર ૦.૪ ટકા ફી લાગુ થશે; જો કે, સામાન્ય વ્યક્તિ-થી-વ્યક્તિ (P2P) વ્યવહારો અને નાના પેમેન્ટ્સને આ ચાર્જમાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવી છે. નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, UPI દ્વારા આવા પેમેન્ટ કરતી વખતે ગ્રાહકોએ કોઈ ચાર્જ ચૂકવવો પડશે નહીં. MDRએ વેપારી પેમેન્ટ ઈકોસિસ્ટમનો એક ભાગ છે. તે UPI પેમેન્ટ કરતા ગ્રાહકો પરનો ચાર્જ નથી.

# પાકિસ્તાની નૌકાદળનું જહાજ ભારતીય નૌકાદળના જહાજ સાથે અથડાયું, દિલ્હીમાં પાકિસ્તાની રાજદૂતને તેડું

## આંતરરાષ્ટ્રીય પાણીમાં પાકિસ્તાની નૌકાદળના એકમ અને ભારતીય નૌકાદળના એકમ વચ્ચે અથડાયા બાદ ભારતે પાકિસ્તાનના ચાર્જ ડી'એફેર્સને સમન્સ પાઠવ્યા અને કડક વિરોધ નોંધાવ્યો

(એજન્સી) તા.૧૬

ભારત અને પાકિસ્તાન વચ્ચેના દરિયાઈ ક્ષેત્રમાં એક ગંભીર ઘટના બની છે. પાકિસ્તાની નૌકાદળના એકમ અને ભારતીય નૌકાદળના એકમ વચ્ચે સમુદ્રમાં અથડામણ થઈ. આ ઘટના બાદ ભારતે પાકિસ્તાન સમક્ષ કડક રાજદ્વારી વિરોધ નોંધાવ્યો. વિદેશ મંત્રાલયે નવી દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશનના ચાર્જ ડી'એફેર્સને સમન્સ પાઠવ્યા અને આ ઘટના અંગે ભારતનો વાંધો વ્યક્ત કર્યો. ભારતીય વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર સમુદ્રમાં પાકિસ્તાની નૌકાદળના એકમોનું વર્તન 'અસ્વીકાર્ય અને અવ્યાવસાયિક' હતું અને તેના કારણે ભારતીય નૌકાદળના એકમ સાથે અથડામણ થઈ.

ઉપલબ્ધ માહિતી અનુસાર આ ઘટના આંતરરાષ્ટ્રીય પાણીમાં બની હતી. અહેવાલો દર્શાવે છે કે, આ ઘટનામાં કોઈ મોટી જાનહાનિ થઈ નથી. જો કે, બંને નૌકાદળના એકમને થયેલા નુકસાનની માત્રા, અથડામણની ચોક્કસ પરિસ્થિતિઓ અને તેમાં સામેલ જહાજો અંગે વિગતવાર સત્તાવાર માહિતી હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. આ ઘટના એવા સમયે બની છે જ્યારે બંને દેશો વચ્ચે દરિયાઈ અને લશ્કરી પ્રવૃત્તિઓ પહેલાથી જ ખૂબ જ સંવેદનશીલ છે. તેથી ભારતીય વિદેશ મંત્રાલયે રાજદ્વારી માધ્યમો દ્વારા પાકિસ્તાન સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો છે, તેને ફક્ત નૌકાદળની ઘટના સુધી મર્યાદિત રાખ્યા નથી. બુધવારે ભારતીય વિદેશ મંત્રાલયે પાકિસ્તાન હાઈ કમિશનના ચાર્જ ડી'અફેર્સને વિદેશ મંત્રાલયમાં બોલાવ્યા. ત્યાં ભારતીય પક્ષે ઔપચારિક રીતે પાકિસ્તાની નૌકાદળ એકમોના વર્તન પર કડક વિરોધ નોંધાવ્યો. ભારતે સ્પષ્ટ કર્યું કે સમુદ્રમાં આવું વર્તન અસ્વીકાર્ય છે. વિદેશ મંત્રાલયે તેને 'અસ્વીકાર્ય અને અવ્યાવસાયિક વર્તન'



ગણાવ્યું. રોઈટર્સના અહેવાલ મુજબ ભારતે પાકિસ્તાનના ટોચના રાજદ્વારીને સમન્સ પાઠવ્યા હતા અને આ દરિયાઈ ઘટના પર ઔપચારિક વિરોધ નોંધાવ્યો હતો. આ કેસનું સૌથી મહત્ત્વપૂર્ણ પાસું એ છે કે, ભારતે માત્ર દરિયાઈ સુરક્ષા અથવા નૌકાદળના વ્યાવસાયિક વર્તનનો જ ઉલ્લેખ કર્યો નથી પરંતુ ૧૯૯૧ના લશ્કરી કવાયતો, દાવપેચ અને સૈનિકોની હિલચાલ માટે પૂર્વ માહિતી પર ભારત અને પાકિસ્તાન વચ્ચેના કરારનો પણ ઉલ્લેખ કર્યો છે. અહેવાલો અનુસાર ભારતીય પક્ષે જણાવ્યું છે કે, પાકિસ્તાની નૌકાદળના જહાજનું વર્તન એપ્રિલ ૧૯૯૧ના કરારની કલમ ૧૦ની જોગવાઈઓનું સીધું ઉલ્લંઘન હતું. આ કરારનો ઉદ્દેશ્ય બંને દેશોની લશ્કરી પ્રવૃત્તિઓ અંગે પૂર્વ માહિતી અને પારદર્શિતા દ્વારા ગેરસમજ અને આકસ્મિક લશ્કરી મુકાબલાની શક્યતા ઘટાડવાનો છે.

ઘટના સંબંધિત અહેવાલોમાં પાકિસ્તાની નૌકાદળની પ્રવૃત્તિઓ અને કવાયતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ભારતનો વાંધો ખાસ કરીને એ છે કે, પાકિસ્તાની નૌકાદળના એકમોના દરિયાઈ કામગીરી દરમિયાન એક પરિસ્થિતિ ઊભી થઈ, જેના પરિણામે ભારતીય નૌકાદળના એકમ સાથે અથડામણ થઈ. જો કે, આજ સુધી જાહેરમાં ઉપલબ્ધ સત્તાવાર માહિતી પાકિસ્તાની નૌકાદળના જહાજો કયા ચોક્કસ કવાયતમાં રોકાયેલા હતા, તેમની પ્રવૃત્તિનું ચોક્કસ સ્વરૂપ અને અથડામણ પહેલાં તરત જ બંને જહાજો કઈ દિશામાં અને ગતિથી આગળ વધી રહ્યા હતા તે સંપૂર્ણપણે સ્પષ્ટ કરતી નથી.

આ ઘટનાનું એક મહત્ત્વપૂર્ણ પાસું એ છે કે, ઉપલબ્ધ અહેવાલો અનુસાર અથડામણથી કોઈ મોટું નુકસાન થયું નથી. જો કે, આનો અર્થ એ નથી કે ભારતે આ ઘટનાને નાની ગણાવીને ફગાવી દીધી છે. ભારતે પાકિસ્તાની નૌકાદળના એકમોના વર્તન અંગે ઔપચારિક વિરોધ નોંધાવ્યો છે. વિદેશ મંત્રાલય દ્વારા લેવામાં આવેલી કાર્યવાહી સ્પષ્ટપણે દર્શાવે છે કે, નવી દિલ્હી બંને દેશોના લશ્કરી એકમો વચ્ચે સમુદ્રમાં આવી ઘટનાઓને ગંભીરતાથી લે છે.

ભારતીય પક્ષનો મુખ્ય વાંધો પાકિસ્તાની નૌકાદળ એકમોના વર્તન અને વર્તન સામે છે. ભારતે પાકિસ્તાનને આ બાબતને ગંભીરતાથી લેવાની અને આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે જોવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. રાજદ્વારી વિરોધનો હેતુ એ પણ સુનિશ્ચિત કરવાનો છે કે બંને દેશોના નૌકાદળ એકમો સમુદ્રમાં કામગીરી કરતી વખતે સ્થાપિત નિયમો અને સાવચેતીઓનું પાલન કરે. ભારતીય વિદેશ મંત્રાલય દ્વારા પાકિસ્તાની રાજદ્વારીને સમન્સ પાઠવવામાં આવ્યું છે તે ઘટના અંગે નવી દિલ્હીનો સત્તાવાર પ્રતિભાવ છે. અહેવાલો એ પણ સૂચવે છે કે, રાજદ્વારી ચેનલો દ્વારા આ મામલો પાકિસ્તાન સાથે ઉઠાવવામાં આવ્યો છે. પાકિસ્તાન તરફથી વિગતવાર સત્તાવાર પ્રતિભાવની રાહ જોવામાં આવી રહી છે. એકવાર પાકિસ્તાનનું વલણ જાહેર થઈ જાય પછી તે સ્પષ્ટ થઈ જશે કે તેની નૌકાદળ અથડામણ અને ઘટનાના તેના સત્તાવાર અર્થઘટનને કેવી રીતે જુએ છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે દરિયાઈ સરહદ અને લશ્કરી પ્રવૃત્તિઓ લાંબા સમયથી સંવેદનશીલ મુદ્દાઓ રહ્યા છે.

## CBFCનું પુનર્ગઠનઃ સુનીલ શેટ્ટી, પ્રીતિ ઝિન્ટા અને રૂપાલી ગાંગુલી ૧૮ સભ્યોના બોર્ડમાં સામેલ

**ભારત સરકાર દ્વારા સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC)ના પુનર્ગઠનની જાહેરાત બાદ સુનીલ શેટ્ટી, પ્રીતિ ઝિન્ટા, પંકજ ત્રિપાઠી, રૂપાલી ગાંગુલી અને અન્ય હસ્તીઓ ૧૮ સભ્યોના બોર્ડમાં જોડાયા છે**

નવી દિલ્હી : ભારત સરકારે તાત્કાલિક અસરથી ત્રણ વર્ષના સમયગાળા માટે અથવા આગામી આદેશો સુધી (જે વહેલું હોય તે મુજબ) સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC)નું પુનર્ગઠન કર્યું છે. આ પુનર્ગઠન કેન્દ્ર સરકાર દ્વારા સિનેમેટોગ્રાફ એક્ટ, ૧૯૫૨ની કલમ ૩ની પેટા-કલમ (૧) અને સિનેમેટોગ્રાફ (સર્ટિફિકેશન) નિયમો, ૨૦૨૪ના નિયમ ૩ હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને કરવામાં આવ્યું છે. પુનર્ગઠિત સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશનમાં ૧૮ સભ્યોનો સમાવેશ થાય છે. તાજેતરમાં કેટલીક ફિલ્મોને પ્રમાણપત્ર મળતા પહેલા તેમાં અનેક કાપ (કટ્સ) મૂકવાની પ્રક્રિયામાંથી પસાર થવું પડ્યું હતું, ત્યારબાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. ૧૮ સભ્યોના આ બોર્ડમાં મુખ્ય પ્રવાહના અભિનેતાઓ મનોજ જોશી, સુનીલ શેટ્ટી, પ્રીતિ ઝિન્ટા, પંકજ ત્રિપાઠી અને પ્રોસેનજીત ચેટર્જી, ફિલ્મ નિર્માતા પ્રિયદર્શન, સંગીતકાર રિકી કેજ, વિનોદ અનુપમ, અભિષેક જૈન, હંસરાજ હંસ, સુપ્રિયા યારલાગડ્ડા, યતીન્દ્ર મિશ્રા, રૂપાલી ગાંગુલી, નીલા માધબ પાંડા, પલ્લવી જોશી, નિશિગંધા વાડ, વામન કેન્દ્રે અને રમેશ પટાંગેનો સમાવેશ થાય છે.

## ભાજપ અધ્યક્ષ નિતિન નબિને મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી સુનેત્રા પવારના મુંબઈ સ્થિત નિવાસસ્થાનની મુલાકાત લીધી અને સ્વ. અજિત પવારને શ્રદ્ધાંજલિ આપી

મુંબઈ : ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નબિને બુધવારે મુંબઈમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી સુનેત્રા પવાર સાથે તેમના 'દેવગિરિ' નિવાસસ્થાને મુલાકાત કરી. પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ મહારાષ્ટ્રની તેમની આ પ્રથમ મુલાકાત દરમિયાન તેમણે સ્વ. અજિત પવારને શ્રદ્ધાંજલિ પણ આપી હતી. આ મુલાકાત દરમિયાન મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પણ નબિનની સાથે હતા. નબિને અજિત પવારના તસવીર પર પુષ્પાંજલિ અર્પણ કરી અને સુનેત્રા પવાર તથા ત્યાં ઉપસ્થિત અન્ય લોકો સાથે ચર્ચા કરી. સોશિયલ મીડિયા પર સુનેત્રા પવારે તેમના નિવાસસ્થાને સૌજન્ય મુલાકાત લેવા બદલ નબિનનો આભાર વ્યક્ત કર્યો.

## નવી મુંબઈ : HDFC બેંકના કેશ ડિપોઝિટ મશીનમાં રૂ.૫૦૦ની ૬ નકલી નોટો મળી આવી, પોલીસ તપાસ ચાલુ

નવી મુંબઈ : એક અજાણી વ્યક્તિએ CBD બેલાપુરની સેક્ટર ૧૧ શાખામાં આવેલી કેશ ડિપોઝિટ મશીન દ્વારા રૂ.૫૦૦ની ૬ નકલી નોટો જમા કરાવીને HDFC બેંક સાથે છેતરપિંડી કરવાનો પ્રયાસ કર્યો હોવાનું સામે આવ્યું છે. મશીને નકલી ચલણને ઓળખી કાઢ્યું અને ખાતામાં રકમ જમા કર્યા વિના નોટોને જપ્ત કરી લીધી, ત્યારબાદ CBD પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૧૮૦ હેઠળ કેસ નોંધ્યો છે. CBD પોલીસના એક અધિકારીએ જણાવ્યું હતું કે, 'નકલી નોટો કેશ ડિપોઝિટ મશીન દ્વારા જ ઓળખી કાઢવામાં આવી હતી અને જપ્ત કરવામાં આવી હતી. અમે નોટો જમા કરાવનાર વ્યક્તિની ઓળખ કરવા અને તેમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે જાણવા માટે CCTV ફૂટેજ અને વ્યવહારની વિગતોની તપાસ કરી રહ્યા છીએ.'

## પંજાબના મુખ્યમંત્રીના પત્ની ગુરપ્રીત કૌરે મજીઠિયા, હરસિમરત અને ખૈરા વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ કર્યો

નવી દિલ્હી : પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનના પત્ની ડૉ.ગુરપ્રીત કૌરે શિરોમણી અકાલી દળના નેતાઓ બિક્રમસિંહ મજીઠિયા અને હરસિમરત કૌર બાદલ તેમજ કોંગ્રેસ નેતા સુખપાલસિંહ ખૈરા વિરુદ્ધ ફોજદારી માનહાનિનો કેસ દાખલ કર્યો છે. તેમણે આ નેતાઓ પર પોતાના વિશે ખોટા આરોપો મૂકવાનો આક્ષેપ કર્યો છે. તેમણે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૩૫૬ હેઠળ ગુનો કરવા બદલ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૨૧૦ અને ૨૨૨ હેઠળ ચંદીગઢની અદાલતમાં આ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં તેમણે આક્ષેપ કર્યો છે કે, નેતાઓ દ્વારા મૂકવામાં આવેલા આરોપોને કારણે થયેલું નુકસાન 'અકલ્પનીય' (માપી ન શકાય તેવું) છે. તેમણે આક્ષેપ કર્યો કે ૧ સપ્ટેમ્બરના રોજ મજીઠિયાએ ચંદીગઢમાં એક પત્રકાર પરિષદ દરમિયાન તેમના પર માનહાનિજનક આરોપો મૂક્યા હતા. ગુરપ્રીતે કહ્યું કે, મજીઠિયાએ 'સનસનીખેજ, બનાવટી અને સંપૂર્ણપણે પાયાવિહોણા નિવેદનો આપ્યા હતા, જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે, તેમણે (ગુરપ્રીતે) એક સંબંધી મારફતે, બળાત્કારના ગંભીર ગુનાના આરોપી વ્યક્તિને બચાવવા માટે સરકારી તંત્રને પ્રભાવિત કરવા રોકડની માગણી કરી હતી.'

## ૩ વર્ષમાં ૬ પાઈલટ્સ ફરજ પર મૃત્યુ પામ્યા; ફેડરેશન ફ્લાઈટ ડ્યુટી સમય મર્યાદા મુક્તિ, થાક-જોખમ ઓવરહોલનો અંત લાવવા માંગે છે

નવી દિલ્હી : છેલ્લા ત્રણ વર્ષમાં છ ભારતીય એરલાઈન પાઈલટ્સ ફરજ પર અથવા ફરજ સંબંધિત પ્રવૃત્તિઓ દરમિયાન મૃત્યુ પામ્યા છે, જેનાથી પાઈલટના સ્વાસ્થ્ય અને થાક અંગે નવી ચિંતા ફેલાઈ છે કારણ કે, ફેડરેશન ઓફ ઈન્ડિયન પાઈલટ્સ (FIP)એ ઉડ્ડયન નિયમનકાર DGCAને ફ્લાઈટ ડ્યુટી સમય મર્યાદા (FDTL) નિયમોમાંથી તમામ છૂટછાટો પાછી ખેંચવા અને એરલાઈન્સને ફરજિયાત થાક-જોખમ વ્યવસ્થાપન શાસન હેઠળ લાવવા જણાવ્યું છે. DGCAને લખેલા એક નવા પત્રમાં FIP પ્રમુખ કેપ્ટન સી.એસ. રંધાવાએ એરલાઈન રોસ્ટરિંગ, પુનઃપ્રાપ્તિ સમયગાળા, સર્કેડિયન વિક્ષેપ અને થાકની અસરની તપાસ ઉપરાંત મૃત્યુ અને પાઈલટ આરોગ્ય વલણોની સ્વતંત્ર વૈજ્ઞાનિક તપાસની માંગ કરી છે. રંધાવા થાક અને મૃત્યુ વચ્ચે સીધો સંબંધ ન બનાવવા માટે ખૂબ કાળજી રાખતા હતા. તેમણે કહ્યું કે, સત્તાવાર તપાસ દ્વારા આવો કોઈ કારણભૂત સંબંધ સ્થાપિત થયો નથી પરંતુ તેમણે જાળવી રાખ્યું કે મૃત્યુ એટલા ગંભીર હતા કે વ્યાપક નિયમનકારી સમીક્ષાની જરૂર પડે.

## ૧૨ વર્ષના લગ્નજીવન બાદ UPના શખ્સે પર-પુરુષ સાથે સંબંધ હોવાની શંકામાં ઊંઘતી પત્નીનું માથું ધડથી અલગ કરી નાખ્યું

હરદોઈ : ઉત્તરપ્રદેશના હરદોઈ જિલ્લામાં એક વ્યક્તિએ પોતાની પત્નીને પર-પુરુષ સાથે સંબંધ હોવાની શંકામાં ઊંઘતી વખતે અનેકવાર છરીના ઘા મારી અને તેનું ગળું કાપી નાખ્યું. હુમલો એટલો ક્રૂર હતો કે, મહિલાનું માથું તેના ધડથી સંપૂર્ણપણે અલગ થઈ ગયું હતું. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે પરવેઝ અને તેની ૨૮ વર્ષીય પત્ની નગ્માના લગ્ન લગભગ ૧૨ વર્ષ થયા હતા. પારિવારિક સંપત્તિના ભાગલા બાદ તેણે તાજેતરમાં જ તેનું પૈતૃક ઘર વેચી દીધું હતું અને હરદોઈના ઈસ્લામનગર ટૈલિયા વિસ્તારમાં પત્ની સાથે ભાડૂઆત તરીકે લગભગ દોઢ મહિનાથી રહેતો હતો. પરવેઝને સતત શંકા રહેતી હતી કે, તેની પત્નીનું કોઈ અન્ય પુરૂષ સાથે અફેર છે અને તે ફોન પર તેની સાથે વાત કરે છે. આ બાબતે દંપતી વચ્ચે વારંવાર ઝઘડા થતાં હતા. ૯ સપ્ટેમ્બરની રાત્રે જ્યારે નગ્મા ગાઢ નિદ્રામાં હતી, ત્યારે પરવેઝે રોષમાં આવીને તીક્ષ્ણ છરી વડે તેના પર હુમલો કર્યો અને તેની હત્યા કરી નાખી. ઘટનાની માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી, લોહીથી લથપથ મૃતદેહને કબજે કર્યો અને તેને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો. પોલીસે પરવેઝની ધરપકડ કરી છે અને તેની સઘન પૂછપરછ કરી રહી છે, સાથે જ હત્યામાં વપરાયેલું હથિયાર શોધી કાઢવાના પ્રયાસો પણ કરી રહી છે. પીડિતાની બહેન સબ્બોએ આરોપ લગાવ્યો છે કે, છેલ્લા એક અઠવાડિયાથી નગ્માને તેના પતિ દ્વારા ભારે ત્રાસ આપવામાં આવતો હતો અને મારપીટ કરવામાં આવતી હતી. સબ્બોએ કહ્યું, 'તે તેનું ગળું કાપી નાખવાની ધમકી આપતો હતો અને તેણે ખરેખર તેમ કર્યું. તેની બહેનો અને માતા પણ આમાં સામેલ હતા. એક બહેન અને બનેવી બાજુના જ રૂમમાં સૂતા હતા. અમને વિગતો ખબર નથી; માત્ર નજીકમાં રહેલી બહેન અને બનેવી જ જાણતા હશે.

## યુપી : વરને મીઠાઈ લેવા મોકલીને દુલ્હન 'ગાયબ'; લગ્ન કરાવનાર સહિત બેની ધરપકડ

સોનભદ્ર (યુપી) : એક વ્યક્તિના બીજા લગ્ન નિરાશામાં પરિણમ્યા કારણ કે, લગ્નની કેટલીક વિધિઓ બાદ વરને મીઠાઈ લેવા મોકલીને દુલ્હન લગ્નસ્થળ પરથી 'ગાયબ' થઈ ગઈ હતી. આ ઘટના બાદ પોલીસે મધ્યસ્થી (ઘટઘર) અને અન્ય એક આરોપીની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી મધ્યસ્થી મિર્ઝાપુરની મધુ પાંડેએ ફરિયાદી પાસેથી ૧.૬ લાખ રૂપિયા પડાવ્યા હતા. રાયપુર પોલીસ સ્ટેશનના એસએચઓ (SHO) વિજય કુમાર ચૌરસિયાએ જણાવ્યું હતું કે, પાંડે અને અન્ય આરોપી અશોક જયસ્વાલની બુધવારે રોબર્ટ્સગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના હિન્દુવારી ગામ નજીકથી ધરપકડ કરવામાં આવી હતી. ગુજરાતના બનાસકાંઠાના રહેવાસી રાજેશ કુમાર દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ મુજબ, છૂટાછેડા પછી તેઓ બીજા લગ્ન કરવા માંગતા હતા ત્યારે લગભગ પાંચ મહિના પહેલા તેમનો સંપર્ક પાંડે સાથે થયો હતો. પોલીસે જણાવ્યું હતું કે પાંડેએ તેમને યોગ્ય મહિલા સાથે લગ્ન કરાવી આપવાનું વચન આપ્યું હતું અને ૨ લાખ રૂપિયાની માગણી કરી હતી. ત્યારબાદ તેણે તેમને ત્રણ મહિલાઓના ફોટોગ્રાફ્સ મોકલ્યા, જેમાંથી તેમણે નેહા પાંડે નામની મહિલાની પસંદગી કરી હતી. ત્યારબાદ રાજેશ અને નેહાએ ફોન નંબરની આપ-લે કરી અને વાતચીત શરૂ કરી. પાંડેએ બાદમાં રાજેશને લગ્ન માટે બોલાવ્યા અને સૂચના મુજબ તેઓ તેમના મોટા ભાઈ સાથે વારાણસીના તેંગરા ટર્ન (Tengra turn) પર પહોંચ્યા. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ૯ સપ્ટેમ્બરે તેઓ રોબર્ટ્સગંજ પહોંચ્યા અને બીજા દિવસે પાંડે સાથે ખલિયારી માર્કેટ ગયા, જ્યાં એક મંદિરમાં નેહા સાથે તેમના લગ્ન સંપન્ન થયા. પોલીસે જણાવ્યું હતું કે લગ્નની વિધિઓ પછી, પાંડે અને તેના સાથીઓએ તેમની પાસે ૨ લાખ રૂપિયાની માગણી કરી હતી અને ધમકાવીને ૧.૬ લાખ રૂપિયા પડાવી લીધા હતા.

## દિગ્ગજ કન્નડ અભિનેતા અનંત નાગને દાદાસાહેબ ફાળકે એવોર્ડ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાઠવી શુભેચ્છા, કહ્યું-'આ એવોર્ડના સાચા હકદાર'

**ભારતીય સિનેમામાં અપ્રતિમ યોગદાન બદલ અનંત નાગને વર્ષ ૨૦૨૪નો સર્વોચ્ચ એવોર્ડ; ૨૨ સપ્ટેમ્બરે ગુજરાતના કેવડિયા ખાતે અપાશે સન્માન**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

ભારતીય અને કન્નડ સિનેમાના મહાન અને દિગ્ગજ અભિનેતા અનંત નાગને વર્ષ ૨૦૨૪ના પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ મહાન ઉપલબ્ધિ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અનંત નાગને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા છે. વડાપ્રધાને તેમને 'દિગ્ગજ કલાકાર' ગણાવતા કહ્યું હતું કે, ભારતીય સિનેમામાં તેમના અજોડ યોગદાન બદલ આ એવોર્ડ તેમને મળવો જ જોઈતો હતો અને તેઓ આ સન્માનના સાચા હકદાર છે. સોશિયલ મીડિયા પર શુભેચ્છા સંદેશ આપતા વડાપ્રધાન મોદીએ લખ્યું હતું કે, 'દિગ્ગજ કલાકાર અનંત નાગ જીને દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત થવા બદલ ખૂબ-ખૂબ અભિનંદન. છેલ્લા દાયકાઓથી તેમના સહજ અભિનય, બહુમુખી પ્રતિભા અને ઉત્કૃષ્ટ શૈલીએ ભારતીય સિનેમા, ખાસ કરીને કન્નડ સિનેમા પર એક ઘેરી છાપ છોડી છે. તેમણે જે પણ પાત્ર ભજવ્યું છે, તેમાં ઊંડાણ અને વાસ્તવિકતા લાવવાનું કામ કર્યું છે.' આ પ્રતિષ્ઠિત એવોર્ડ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ગુજરાતના કેવડિયા ખાતે યોજાનારા ૭૨મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સ સમારોહ દરમિયાન અનંત નાગને વિધિવત્ રીતે પ્રદાન કરવામાં આવશે. દાદાસાહેબ ફાળકે એવોર્ડ એ ભારતીય સિનેમા ક્ષેત્રે ભારત સરકાર દ્વારા આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન છે, જે સિનેમાના વિકાસ અને વૃદ્ધિમાં અસાધારણ યોગદાન આપનાર



વ્યક્તિઓને એનાયત કરવામાં આવે છે.

**કોણ છે અનંત નાગ ? :** અનંત નાગ ભારતીય સિનેમાના એક અત્યંત લોકપ્રિય અને અનુભવી અભિનેતા છે, જેમની ફિલ્મી કારકિર્દી પાંચ દાયકા કરતાં પણ વધુ સમયમાં ફેલાયેલી છે. તેમણે ૧૯૭૩માં કન્નડ ફિલ્મ 'સંકલ્પ'થી પોતાના અભિનયની શરૂઆત કરી હતી અને ૧૯૭૪માં શ્યામ બેનેગલની ફિલ્મ 'અંકુર' દ્વારા હિન્દી સિનેમામાં પ્રવેશ કર્યો હતો. તેમણે મુખ્યત્વે કન્નડ ભાષા ઉપરાંત હિન્દી, તેલુગુ, તમિલ, મરાઠી, મલયાલમ અને અંગ્રેજી સહિતની ભાષાઓમાં ૨૭૦થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે. તેમની ચર્ચિત ફિલ્મોમાં 'હંસગીતે', 'બયાલુ દારી', 'ગણેશના મદુવે', 'મુંગારૂ મલે' તેમજ બ્લોકબસ્ટર ફિલ્મ 'K.G.F: ચેપ્ટર ૧' અને 'K.G.F: ચેપ્ટર ૨'નો સમાવેશ થાય છે. આ સિવાય પ્રખ્યાત ટીવી સિરિયલ 'માલગુડી ડેઝ'માં પણ તેમના અભિનયને ભારે સરાહના મળી હતી.

## 'અંકુર'થી લઈ 'માલગુડી ડેઝ' સુધી, અનંત નાગની પાંચ દાયકાની સફરને ફાળકે એવોર્ડનું સન્માન

**કન્નડ, હિન્દી અને ટીવી ક્ષેત્રે અપ્રતિમ યોગદાન બદલ કેન્દ્ર સરકાર દ્વારા દાદાસાહેબ ફાળકે એવોર્ડની જાહેરાત; ૨૦૨૫માં પદ્મભૂષણથી પણ નવાજવામાં આવ્યા હતા**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

કન્નડ સિનેમા, હિન્દી ફિલ્મો અને અત્યંત લોકપ્રિય ટેલિવિઝન સિરિયલ 'માલગુડી ડેઝ'માં પોતાના અભિનયનો જાદુ વિખેરનારા દિગ્ગજ અભિનેતા અનંત નાગને વર્ષ ૨૦૨૪નો પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાળકે એવોર્ડ આપવામાં આવશે. કેન્દ્ર સરકારે બુધવારે આ અંગેની જાહેરાત કરતા વિવિધ ભાષાઓમાં તેમના પાંચ દાયકાથી પણ વધુ સમયના યોગદાનને સન્માનિત કર્યું છે. ૭૮ વર્ષીય આ અનુભવી કલાકારને ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ગુજરાતના કેવડિયા ખાતે યોજાનારા ૭૨મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સ સમારોહમાં ભારતીય સિનેમાનું આ સર્વોચ્ચ સન્માન પ્રદાન કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા વર્ષ ૨૦૨૫માં તેમને દેશના ત્રીજા સર્વોચ્ચ નાગરિક સન્માન 'પદ્મભૂષણ'થી પણ નવાજવામાં આવ્યા હતા. દાદાસાહેબ ફાળકે એવોર્ડ સિલેક્શન કમિટીની ભલામણ પર તેમની પસંદગી કરવામાં આવી છે. સરકારે જણાવ્યું હતું કે, અનંત નાગની સિનેમા યાત્રાએ 'અસંખ્ય કલાકારોને પ્રેરણા આપી છે અને દેશના સાંસ્કૃતિક વારસાને સમૃદ્ધ બનાવ્યો છે.' અનંત નાગે પોતાની અભિનય કારકિર્દીની શરૂઆત કન્નડ ફિલ્મ 'સંકલ્પ'થી કરી હતી અને ત્યારબાદ શ્યામ બેનેગલની ફિલ્મ 'અંકુર' દ્વારા હિન્દી સિનેમામાં પદાર્પણ કર્યું હતું. વર્ષ ૨૦૨૩માં સિનેમામાં ૫૦ વર્ષ (ગોલ્ડન જુબિલી) પૂર્ણ કરનાર અનંત નાગે કન્નડ, હિન્દી, તેલુગુ, મલયાલમ, તમિલ અને મરાઠી ભાષામાં ૩૦૦થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે. ફિલ્મો ઉપરાંત ટીવી શ્રેણી 'માલગુડી ડેઝ'માં તેમના યાદગાર અભિનયથી તેઓ ઘરે-ઘરે જાણીતા બન્યા હતા. પોતાની લાંબી કારકિર્દી દરમિયાન તેમણે ૫ ફિલ્મફેર એવોર્ડ, ૫ કર્ણાટક રાજ્ય શ્રેષ્ઠ અભિનેતાના એવોર્ડ, કર્ણાટક રાજ્યનો લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ અને રાજ્યોત્સવ એવોર્ડ પ્રાપ્ત કર્યા છે. ફિલ્મો સિવાય તેઓ રાજકારણમાં પણ સક્રિય રહ્યા હતા. તેઓ ૧૯૮૮થી ૧૯૯૪ સુધી કર્ણાટક વિધાન પરિષદના સભ્ય અને ૧૯૯૪થી ૧૯૯૯ સુધી વિધાનસભાના સભ્ય રહ્યા હતા, જ્યાં તેમણે બેંગ્લોર શહેર વિકાસ રાજ્યમંત્રી તરીકે પણ સેવા આપી હતી. ભારતીય સિનેમાના પિતામહ ગણાતા દાદાસાહેબ ફાળકેની યાદમાં ૧૯૬૯થી આ એવોર્ડ શરૂ કરવામાં આવ્યો હતો, જેમના નિર્દેશનમાં ૧૯૧૩માં ભારતની પ્રથમ પૂર્ણ લંબાઈની ફીચર ફિલ્મ 'રાજા હરિશ્ચંદ્ર' બની હતી. આ એવોર્ડ પ્રથમ વાર દેવિકા રાણીને આપવામાં આવ્યો હતો. એવોર્ડ વિજેતાને સ્વર્ણ કમળ (મેડલ), શાલ અને ૧૦ લાખ રૂપિયા રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.

## મણિપુરમાં તણાવ ચાલુ, શંકાસ્પદ આતંકવાદી હુમલામાં બે કુકી મહિલાઓનાં મોત; નાગા ઘરોને આગ લગાવી

**તામેંગલોંગ જિલ્લાના ઈસંગફાઈ ગામમાં શંકાસ્પદ આતંકવાદીઓએ બે મહિલાઓને ગોળી મારીને હત્યા કરી, દરમિયાન શંકાસ્પદ આતંકવાદીઓએ કાંગપોકપી જિલ્લાના નાગા ગામ પર હુમલો કર્યો અને બે ઘરોને આગ લગાવી દીધી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

હિંસાગ્રસ્ત મણિપુરમાં તણાવ ચાલુ છે. મંગળવારે (૧૫ સપ્ટેમ્બર) રાજ્યના તામેંગલોંગ જિલ્લામાં એક શંકાસ્પદ આતંકવાદી હુમલામાં બે કુકી-ઝો મહિલાઓનાં મોત થયા. દરમિયાન શંકાસ્પદ આતંકવાદીઓએ કાંગપોકપી જિલ્લાના એક નાગા ગામ પર હુમલો કર્યો અને બે ઘરોને આગ લગાવી દીધી.

એક પોલીસ અધિકારીએ Scroll.inને જણાવ્યું કે, મૃતક મહિલાઓની ઓળખ ૭૦ વર્ષીય ચોંગા સિથલોઉ અને ૨૮ વર્ષીય કિમનીઓ સિંગસન તરીકે કરવામાં આવી છે.

આ હુમલો બપોરે ૩ વાગ્યાની આસપાસ લીસાંગફાઈ ગામમાં થયો હતો. સિથલોઉની હત્યા કરતી વખતે લાકડાં એકઠા કરી રહી હતી. સિંગસનને પણ તે જ સ્થળે ગોળી મારી દેવામાં આવી હતી.

આ હુમલો રવિવારે તામેંગલોંગમાં બે અલગ-અલગ ઘટનાઓમાં કુકી સમુદાયના ચાર સભ્યોનાં મોત થયાના બે દિવસ પછી થયો છે.

કુકી-ઝો કાઉન્સિલે મંગળવારના હુમલાની નિંદા કરી હતી અને માંગ કરી હતી કે, કેન્દ્ર સરકાર અને મણિપુર સરકાર 'આ સજાનો અંત લાવે.' પરિષદે આરોપ લગાવ્યો હતો કે, આ હુમલો નાગા બળવાખોર જૂથ નેશનલ સોશિયાલિસ્ટ કાઉન્સિલ ઓફ નાગાલેન્ડ (ઈસક-મુઈવા) અને સશસ્ત્ર નાગા સંગઠન ઝેલીઆંગ્રોંગ યુનાઈટેડ ફ્રન્ટ (કેમસન) દ્વારા કરવામાં આવ્યો હતો.

પરિષદે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'નાગરિકોને સતત નિશાન બનાવવાથી ગંભીર ચિંતા થાય છે કે, કુકી-ઝો સમુદાયોને તેમના વસાહતોમાંથી આતંકિત કરવા અને તેમને બહાર કાઢવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.'

પરિષદે તમામ કુકી-ઝો નાગરિક સમાજ સંગઠનોને આગામી સૂચના સુધી મણિપુરમાં નાગા સશસ્ત્ર જૂથો દ્વારા માર્યા ગયેલા કોઈપણ કુકી-ઝો વ્યક્તિના અંતિમ સંસ્કાર ન કરવા નિર્દેશ આપ્યો હતો. તેમાં જણાવાયું હતું કે, આવા પીડિતોના મૃતદેહ કાઉન્સિલ તરફથી આગામી સૂચનાઓ સુધી નજીકના ઉપલબ્ધ કોલ્ડ-સ્ટોરેજ સુવિધામાં સાચવવામાં આવશે.

ઉખરૂલ જિલ્લામાં તાંગખુલ નાગા અને કુકી-ઝો સમુદાયના સભ્યો સાથે કથિત હુમલાની ઘટના બાદ ફેબ્રુઆરીમાં મણિપુરમાં કુકી અને નાગા સમુદાયો વચ્ચે તણાવ વધ્યો હતો.

આ ઘટનાક્રમ મે ૨૦૨૩માં મણિપુરમાં મેઈતેઈ અને કુકી-ઝો-હમાર સમુદાયો વચ્ચે ફાટી નીકળેલી વંશીય હિંસાને અનુસરે છે. આ સંઘર્ષે ત્યારથી ૩૦૦થી વધુ લોકોના જીવ લીધા છે અને ૫૯,૦૦૦થી વધુ લોકો વિસ્થાપિત થયા છે.

તાજેતરના હત્યાકાંડથી આ વર્ષે ફેબ્રુઆરીમાં શરૂ થયેલા કુકી-નાગા સંઘર્ષમાં મૃત્યુઆંક ઓછામાં ઓછો ૪૦ થયો છે.

સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર શંકાસ્પદ આતંકવાદીઓએ મંગળવારે મોડી રાત્રે મણિપુરના કાંગપોકપી જિલ્લામાં એક નાગા ગામ પર હુમલો કર્યો. તેઓએ બે ઘરોને આગ ચાંપી દીધી અને લગભગ છ કલાક સુધી સુરક્ષા દળો સાથે ગોળીબાર કર્યો. આ ઘટના પાડોશી તામેંગલોંગ જિલ્લાના લીસાંગફાઈમાં બે કુકી મહિલાઓની ગોળી મારીને હત્યા કરવામાં આવ્યાના કલાકો પછી બની હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર આધુનિક હથિયારોથી સજ્જ મોટી સંખ્યામાં આતંકવાદીઓએ રાત્રે ૧૦:૩૦ વાગ્યાની આસપાસ ચાવાંગકિનિંગ નાગા ગામ પર હુમલો કર્યો.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, 'બુધવારે સવારે ૪:૩૦ વાગ્યા સુધી લગભગ છ કલાક સુધી તૂટક તૂટક ગોળીબાર ચાલુ રહ્યો. CRPFએ વળતો જવાબ આપ્યો અને આતંકવાદીઓને ગામમાં પ્રવેશતા અટકાવ્યા.'

નાગાના વરિષ્ઠ નેતા અને નાગા પીપલ્સ ફ્રન્ટના ધારાસભ્ય અવંગબો ન્યુમાઈએ ચાવાંગકિનિંગમાં બે મહિલાઓની હત્યા અને ઘરોને બાળી નાખવાની નિંદા કરી.

'આવા બર્બર અને અર્થહીન કૃત્યો ક્યારેય કોઈપણ સમુદાય માટે કંઈ સારૂં લાવશે નહીં,' ન્યુમાઈએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

કાંગપોકપીના સૈકુલ મતવિસ્તારના કુકી ધારાસભ્યએ પણ હત્યાઓની નિંદા કરી, નોંધ્યું કે પીડિતોમાંથી એકે તાજેતરમાં જ સ્તનપાન પૂર્ણ કર્યું છે. 'નિર્દોષ મહિલાઓની હત્યા એ સંપૂર્ણપણે બર્બર કૃત્ય છે જેને કોઈપણ રાજકીય હેતુ, વિચારધારા અથવા ફરિયાદના આધારે વાજબી ઠેરવી શકાય નહીં,' તેમણે કહ્યું.

## TMC સાંસદ મહુઆ મોઈત્રાનો આરોપ : કૃષ્ણનગરમાં કથિત ભાજપ કાર્યકરો દ્વારા તેમના પર ફરીથી ઈંડા ફેંકવામાં આવ્યા હતા

**તેમણે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે જેમાં તેમના વાળમાં ઈંડાના અવશેષો ફસાયેલા દેખાય છે**

(એજન્સી) તા.૧૬

તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રાએ બુધવારે આરોપ લગાવ્યો હતો કે પશ્ચિમ બંગાળના કૃષ્ણનગરમાં તેઓની મીટિંગ દરમિયાન ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોએ તેમના પર ફરીથી ઈંડા ફેંક્યા હતા.

તેમણે સોશિયલ મીડિયા પર શેર કરેલા એક વીડિયોમાં, ઈંડાના છીપ તેમના વાળમાં ફસાયેલા જોઈ શકાય છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે પોલીસ કર્મચારીઓ હાજર હોવા છતાં આ ઘટના બની હતી.



મોઈત્રાએ ઓગસ્ટમાં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ દીપાંકર દત્તા દ્વારા તેમના મતવિસ્તારમાં તેમના પર ઈંડા ફેંકવામાં આવ્યાના બનાવોનો ઉલ્લેખ કરીને પોલીસ સમક્ષ વર્ચ્યુઅલી હાજર થવાની અરજી પર સુનાવણી કરતી વખતે કરવામાં આવેલી ટિપ્પણીનો ઉલ્લેખ કરી રહ્યા હતા.

સુનાવણી દરમિયાન, દત્તાએ મોઈત્રાને પૂછ્યું હતું કે : 'રાજકારણમાં ઉતર્યા પછી, તમે ઈંડાથી ડરો છો ? જ્યારે આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓએ તેમની છાતી પર ગોળીઓ ખાધી છે ?'

આ કેસ તેમણે ૧૪ જૂનના રોજ મોઈત્રાના એક કેસમાં હાજર થવાના સમય પહેલા કૃષ્ણનગરની કોર્ટની બહાર ભાજપની મહિલા કાર્યકરો ઈંડા અને ટામેટાં સાથે ભેગા થયા બાદ કરેલી ટિપ્પણી સાથે સંબંધિત હતો.

આ ઘટના બાદ, તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું હતું કે જે લોકો તેમના પર ઈંડા ફેંકવા માંગે છે તેઓ જો છુપાયેલા રહેવા માંગતા હોય તો તેઓએ બુરખો પહેરવા જોઈએ.

આના કારણે ભાજપના એક નેતાએ કૃષ્ણનગરના સાંસદ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે તેમની ટિપ્પણીથી હિન્દુ સમુદાયની લાગણીઓને ઠેસ પહોંચી છે.

૧ જુલાઈના રોજ, મોઈત્રા અંદર હતા ત્યારે કૃષ્ણનગરમાં ટીએમસી ઓફિસ પર શાકભાજી અને ઈંડા ફેંકવામાં આવ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો હતો કે ભાજપના 'ગુંડાઓ' આ ઘટના માટે જવાબદાર હતા.

ત્યારબાદ તરત જ, સાંસદે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી, જેમાં માગણી કરવામાં આવી હતી કે તેમને ભાજપ નેતા દ્વારા દાખલ કરાયેલા કેસમાં પોલીસ સમક્ષ વર્ચ્યુઅલી હાજર રહેવાની મંજૂરી આપવામાં આવે.

તેણીએ ૧ સપ્ટેમ્બરના કોલકાતા હાઈકોર્ટના આદેશનો ઉલ્લેખ કર્યો હતો, જ્યારે ન્યાયાધીશ સૌગત ભટ્ટાચાર્યએ સરકારને 'ઈંડા ફેંકવાના ભયનો લોખંડી હાથે સામનો કરવાનો' નિર્દેશ આપ્યો હતો. તેમણે મોઈત્રાને તેમના મતવિસ્તારની મુલાકાત લેવાની જરૂર પડે તેના ૪૮ કલાક પહેલા કૃષ્ણનગરના પોલીસ અધિક્ષકને ઈમેઈલ મોકલવાનો નિર્દેશ આપ્યો હતો.

કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે, 'કૃષ્ણનગર પોલીસ જિલ્લાના પોલીસ અધિક્ષકને ઈંડા ફેંકવા અને અન્ય પ્રકારની હેરાનગતિ ટાળવા માટે અરજદાર જ્યારે પણ તેમના મતવિસ્તારમાં પ્રવેશ કરે ત્યારે બે પોલીસ કર્મચારીઓને નિયુક્ત કરીને અરજદારને સુરક્ષા પૂરી પાડવાનો નિર્દેશ આપવામાં આવે છે.

મોઈત્રા દ્વારા દાખલ કરાયેલી અરજી પર આ નિર્દેશ આપવામાં આવ્યો હતો જેમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે ભાજપના કાર્યકરો વિપક્ષી નેતાઓ પર ઈંડા, ટામેટાં અને પથ્થર ફેંકી રહ્યા હોવાથી તેઓ તેમના મતવિસ્તારમાં જઈ શક્યા નથી. હાઈકોર્ટે આ કેસ ૧ ઓક્ટોબર માટે સૂચિબદ્ધ કર્યો હતો.

૪ મેના રોજ પશ્ચિમ બંગાળમાં ભાજપ સત્તામાં આવ્યા પછી ટીએમસીના નેતાઓ પર શ્રેણીબદ્ધ હુમલાઓ થયા છે.

૩૦ મેના રોજ સોનારપુરની મુલાકાત દરમિયાન ટીએમસીના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જી પર ટોળાએ ઈંડા અને પથ્થરોથી હુમલો કર્યો હતો. પાર્ટીના સાંસદ કલ્યાણ બેનરજીએ બીજા દિવસે આરોપ લગાવ્યો હતો કે હુગલી જિલ્લામાં પણ તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો.

## સઉદી અરેબિયાએ કહ્યું કે, હૌથીઓ પવિત્ર મક્કાને નિશાન બનાવી રહ્યા છે : સરકારે લાલ રેખા ના ઓળંગવા ચેતવણી આપી

**હૌથીઓએ રિયાધના અહેવાલને 'જૂઠાણું' ગણાવીને ફગાવી દીધો અને કહ્યું કે તેણે સઉદી શહેર મક્કા તરફ જતા બળવાખોરોના ડ્રોનને તોડી પાડ્યું છે**

(એજન્સી) રિયાધ, તા.૧૬

યમનના હૌથીઓ સામે લડી રહેલા સઉદીના નેતૃત્વ હેઠળના ગઠબંધને બુધવારે બળવાખોરો પર ઈસ્લામના પવિત્ર શહેર મક્કાને નિશાન બનાવવાનો આરોપ લગાવ્યો, જેનાથી સમગ્ર મુસ્લિમ વિશ્વમાં આક્રોશ છે અને આ પ્રદેશમાં સંઘર્ષ વધુ ભયાનક બન્યો છે. ઈરાન સમર્થિત હૌથીઓ અને સઉદી સમર્થિત યમનની સરકાર વચ્ચે રિયાધમાં નવી લડાઈ શરૂ થઈ ગઈ છે, હૌથીઓએ રાજ્ય પર દરિયાઈ નાકાબંધી જાહેર કરી છે અને લાલ સમુદ્રમાં તેના જહાજોને નિશાન બનાવ્યા છે. ગયા અઠવાડિયાના હુમલામાં જૂથે યમનના લાલ સમુદ્ર કિનારા અને બાબ અલ-મંડાબ સ્ટ્રેટ પર કબજો જમાવ્યો, જે સઉદી તેલ નિકાસ માટે મહત્ત્વપૂર્ણ માર્ગ છે, કારણ કે મધ્ય પૂર્વ યુદ્ધ હોર્મુઝ સ્ટ્રેટ ઓફ સ્ટ્રેટને બંધ કરે છે.

હૌથીઓએ રિયાધના અહેવાલને 'જૂઠાણું' ગણાવીને તેને ફગાવી દીધો કે તેણે સાઉદી શહેર મક્કા તરફ જતા બળવાખોરોના ડ્રોનને તોડી પાડ્યું છે. મક્કાને નિશાન બનાવવાના દાવાઓ એક જૂનું જૂઠાણું છે જેનો ઉપયોગ પહેલા કરવામાં આવ્યો છે અને હવે તે કોઈને મૂર્ખ બનતું નથી. સઉદી ગઠબંધને બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી અને ચેતવણી આપી કે પવિત્ર સ્થળોની સુરક્ષા 'લાલ રેખા' છે. બે પવિત્ર મસ્જિદો અને યાત્રાળુઓની સુરક્ષા એક લાલ રેખા છે અને ગઠબંધનના સંયુક્ત દળો કમાન્ડ આતંકવાદી હુથી મિલિશિયા સામે જરૂરી અને નિવારક પગલાં લેવામાં અચકાશે નહીં.

૫૭ મુસ્લિમ દેશોના જૂથ - ઈસ્લામિક સહકાર સંગઠન - એ 'ઘૃણાસ્પદ' હુમલાની નિંદા કરી છે.

સઉદી અરેબિયાએ મંગળવારે મક્કા અને યમનની સરહદે આવેલા રાજ્યના દક્ષિણ ભાગમાં સંભવિત હુમલાઓ અંગે સંક્ષિપ્ત ચેતવણીઓ જારી કરી હતી.

ફેબ્રુઆરીમાં મધ્ય પૂર્વ યુદ્ધ ફાટી નીકળ્યા પછી મક્કામાં જારી કરાયેલ પ્રથમ ચેતવણી સહિત, આ ચેતવણીઓ યમનથી શરૂ કરાયેલા બેલિસ્ટિક મિસાઈલ અને ડ્રોન હુમલાઓના એક દિવસ પછી આવી હતી જેમાં રાજ્યના દક્ષિણમાં ૧૩ લોકો ઘાયલ થયા હતા.

જુલાઈમાં આ લડાઈ ભડકી ઉઠી હતી. હુથીઓ, જેઓ વર્ષોથી ઉત્તર યમનના કેટલાક ભાગો પર નિયંત્રણ ધરાવે છે, તેમણે યમનના સરકારી દળો સામે મોટા પાયે આક્રમણ શરૂ કર્યું હતું.

સંયુક્ત રાષ્ટ્રના જણાવ્યા અનુસાર, સપ્ટેમ્બરની શરૂઆતથી અરબી દ્વીપકલ્પના સૌથી ગરીબ દેશમાં થયેલા સંઘર્ષને કારણે ૮૨,૦૦૦ લોકોને તેમના ઘર છોડવાની ફરજ પડી છે. યુએનમાં યમનના કાયમી પ્રતિનિધિ, અબ્દુલ્લા અલ-સાદીએ જણાવ્યું હતું કે યમનના લોકો 'તેમની જમીનના દરેક ઈંચ પર રાષ્ટ્રીય સંસ્થાઓ' પુનઃસ્થાપિત કરવા માટે લડી રહ્યા છે અને આંતરરાષ્ટ્રીય સમુદાયને હૌથીઓ સામે પગલાં લેવા હાકલ કરી હતી. સઉદી અરેબિયા અને ઈજિપ્તે મહત્ત્વપૂર્ણ જળમાર્ગમાં હૌથીઓના આક્રમણ બાદ લાલ સમુદ્રમાં મુક્ત નેવિગેશનની હાકલ કરી છે.

## ગૃહમંત્રાલયે પાકિસ્તાન સમર્થિત શહઝાદ ભટ્ટી નેટવર્કને UAPA હેઠળ 'આતંકવાદી સંગઠન' જાહેર કર્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

કેન્દ્રીય ગૃહ મંત્રાલય (MHA)એ બુધવારે પાકિસ્તાન સમર્થિત શહઝાદ ભટ્ટી નેટવર્ક (SBN)ને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) હેઠળ આતંકવાદી સંગઠન જાહેર કર્યું, જેમાં સરહદ પારની દાણચોરી, કટ્ટરપંથીકરણ અને આતંકવાદી પ્રવૃત્તિઓમાં તેની કથિત સંડોવણીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ગૃહમંત્રી અમિત શાહે X પર એક પોસ્ટમાં આ નિર્ણયની જાહેરાત કરતા કહ્યું કે, આ પગલું વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આતંકવાદ પ્રત્યે 'શૂન્ય સહિષ્ણુતા' નીતિ સાથે સુસંગત છે. શાહના મતે, આ નેટવર્ક ભારતની સરહદો પાર શસ્ત્રો, વિસ્ફોટકો અને માદક દ્રવ્યોની દાણચોરી કરવામાં અને યુવાનો અને નાના ગુનેગારોને આતંકવાદી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે ભરતી કરવામાં અથવા પ્રભાવિત કરવામાં સામેલ છે. તેમણે સિન્ડિકેટ પર દ્વેષપૂર્ણ અને ઉશ્કેરણીજનક ડિજિટલ સામગ્રી ફેલાવીને ભારતની લોકશાહી સંસ્થાઓ અને સાંપ્રદાયિક સંવાદિતાને લક્ષ્ય બનાવવાનો પણ આરોપ મૂક્યો. તેના ગેઝેટ નોટિફિકેશનમાં, ગૃહ મંત્રાલયે SBNને એક સંગઠન તરીકે વર્ણવ્યું છે જે સરહદ પારથી શસ્ત્રો, વિસ્ફોટકો અને માદક દ્રવ્યોની દાણચોરી માટે 'ભદ્ર યુવાનો અને સ્થાનિક ગુનેગારો'ની ભરતી કરવા માંગે છે. મંત્રાલયે કહ્યું કે, નેટવર્કની પ્રવૃત્તિઓ ભારતની લોકશાહી વ્યવસ્થા, સાંપ્રદાયિક સંવાદિતા અને આંતરિક સુરક્ષા માટે ગંભીર ખતરો છે.

નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે, ગેરકાયદેસર અને આતંકવાદી પ્રવૃત્તિઓમાં કથિત સંડોવણી બદલ દેશભરમાં SBNના કાર્યકરો સામે અનેક ફોજદારી કેસ નોંધાયા છે. આ કેસોમાં આતંકવાદ, વિસ્ફોટકો, શસ્ત્રો, માહિતી ટેક્નોલોજી, સત્તાવાર રહસ્યો, ઈમિગ્રેશન અને વિદેશીઓ સાથે વ્યવહાર કરવા સહિત અનેક કાયદાઓની જોગવાઈઓનો સમાવેશ થાય છે.

આ નેટવર્ક કથિત રીતે ગેંગસ્ટરમાંથી આતંકવાદી બનેલા શહજાદ ભટ્ટી દ્વારા સંચાલિત છે, જેને ગુપ્તચર અધિકારીઓ કહે છે કે, તેને પાકિસ્તાનની ઈન્ટર-સર્વિસિસ ઈન્ટેલિજન્સ (ISI) દ્વારા સમર્થન આપવામાં આવે છે. અધિકારીઓએ કહ્યું છે કે, ભટ્ટી ત્રીજા દેશમાંથી કાર્ય કરે છે અને વારંવાર પોતાનું સ્થાન બદલે છે. સુરક્ષા એજન્સીઓ દ્વારા દેશવ્યાપી કાર્યવાહી બાદ નેટવર્ક સામે કાર્યવાહી કરવામાં આવી છે. ગયા મહિને, શાહે કહ્યું હતું કે, એજન્સીઓએ નેટવર્કને તોડી પાડ્યું છે અને ૧૪ રાજ્યોમાં ૨૦૦થી વધુ શંકાસ્પદોની ધરપકડ કરી છે.

ગૃહ મંત્રાલયે વધુમાં આરોપ લગાવ્યો છે કે, SBN યુવાનોને ઉશ્કેરણી આપીને, તેમને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરીને અને અન્ય પ્રતિબંધિત સંગઠનો અને નિયુક્ત સંસ્થાઓ સાથે સંકલનમાં સંસાધનો એકત્રિત કરીને કટ્ટરપંથી બનાવવાનો પ્રયાસ કરે છે.

# બિજનૌરમાં મુસ્લિમ સરકારી શાળાના શિક્ષકની ગોળી મારીને હત્યા; 'લવ જેહાદને સમર્થન' આપવાનું કારણ ટાંકીને આરોપી ગૌરવ ચૌધરીએ હત્યા કર્યાનું સ્વીકાર્યું

(એજન્સી) તા.૧૬

ઉત્તરપ્રદેશના બિજનૌર જિલ્લામાં મંગળવારે ૪૩ વર્ષીય મુસ્લિમ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકની તેમની શાળા નજીક કથિત રીતે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. હત્યા કરનાર ખેડૂતે પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યા બાદ દાવો કર્યો હતો કે તેણે શિક્ષકની હત્યા એટલા માટે કરી કારણ કે તેને લાગતું હતું



જોકે, પોલીસ બંને વચ્ચેના અંગત વિવાદની પણ તપાસ કરી રહી છે, જે કથિત રીતે ગોળીબારના થોડા દિવસો પહેલા થયો હતો. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ, ચૌધરીના પરિવારના એક સ્થાનિક દલિત પરિવાર સાથે ગાઢ સંબંધો હતા. જ્યારે તેમને જાણ થઈ કે તે પરિવારની એક યુવતી સ્થાનિક મુસ્લિમ યુવક સાથે સંબંધ ધરાવે છે અને તેની સાથે જોવા મળી છે, ત્યારે ચૌધરીએ

**બિજનૌરમાં એક ખેડૂતે કથિત રીતે મુસ્લિમ સરકારી શાળાના શિક્ષકની ગોળી મારીને હત્યા કરી નાખી, ખેડૂતનો દાવો હતો કે મૃતક 'લવ જેહાદ'ને પ્રોત્સાહન આપી રહ્યા હતા, જ્યારે પોલીસ તેમની વચ્ચેના કથિત અંગત વિવાદની પણ તપાસ કરી રહી છે**

કે શિક્ષક "લવ જેહાદ"ને પ્રોત્સાહન આપી રહ્યા હતા. મૃતક, નૌશાદ અહેમદ, પુરુષોત્તમપુર ગામની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા હતા. બપોરે શાળાએથી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે તેમના પર કથિત હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, હુમલાખોર નૌશાદ અહેમદની રાહ જોઈ રહ્યો હતો અને તેઓ ત્યાં પહોંચતા જ તેણે ગોળીબાર કર્યો હતો, ત્યારબાદ તે મોટરસાઈકલ પર ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. અહેમદને ગોળીઓ વાગવાથી ગંભીર ઈજાઓ થઈ હતી અને તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આરોપીની ઓળખ પુરનપુર ગઢી ગામના ૩૨ વર્ષીય ખેડૂત ગૌરવ ચૌધરી તરીકે થઈ છે. તેણે બાદમાં નજીબાબાદ પોલીસ સ્ટેશનમાં આત્મસમર્પણ કર્યું હતું અને ગોળીબારમાં વપરાયેલી દેશી પિસ્તોલ પોલીસને સોંપી હતી. 'અમર ઉજાલા'ના અહેવાલ મુજબ, આરોપીએ પોલીસને જણાવ્યું હતું કે તેણે શિક્ષક પર ત્રણ ગોળીઓ ચલાવી હતી. તેણે નૌશાદ પર "લવ જેહાદ"માં સામેલ હોવાનો આરોપ પણ મૂક્યો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, આત્મસમર્પણ દરમિયાન ચૌધરીએ દાવો કર્યો હતો કે અહેમદ સક્રિયપણે "લવ જેહાદ"ને પ્રોત્સાહન આપી રહ્યા હતા. કથિત રીતે બંને પરિવારોના સભ્યોને આ બાબતની જાણ કરી હતી. ત્યારબાદ તે યુગલને તેમના પરિવારો દ્વારા માર મારવામાં આવ્યો હતો અને ચેતવણી આપવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે બાદમાં તે યુવકે અહેમદનો સંપર્ક કર્યો અને તેમને આ બાબતની જાણ કરી. ગોળીબારના ચાર દિવસ પહેલા, અહેમદે સ્થાનિક બજારમાં ચૌધરીનો સામનો કર્યો હતો અને જાહેરમાં તેને થપ્પડ મારી હતી. પોલીસ અહેમદની હત્યા સાથે સંકળાયેલી પરિસ્થિતિઓની તપાસ કરી રહી છે, જેમાં કથિત અંગત વિવાદ અને આરોપી દ્વારા જણાવવામાં આવેલા કારણનો પણ સમાવેશ થાય છે.

# "ઉમર ખાલિદને રાષ્ટ્રવિરોધી કોણે જાહેર કર્યો ?" : NLSIU ડોક્યુમેન્ટ્રી સ્ક્રિનિંગ રદ કરવાની ABVPની માંગ પર કર્ણાટકના ગૃહમંત્રી પ્રિયંક ખડગેએ ઉઠાવ્યા સવાલો

(એજન્સી) તા.૧૫

કર્ણાટકના ગૃહમંત્રી પ્રિયંક ખડગેએ જેલમાં બંધ કાર્યકર્તા ઉમર ખાલિદને "રાષ્ટ્રવિરોધી" કહેવા સામે સવાલો ઉઠાવ્યા છે. નેશનલ લો સ્કૂલ ઓફ ઇન્ડિયા યુનિવર્સિટી (NLSIU) ખાતે ઉમર ખાલેદ પર આધારિત ડોક્યુમેન્ટ્રીના સ્ક્રિનિંગને કાયમી ધોરણે રદ કરવાની અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)ની માંગણીની તેમણે સખત ટીકા કરી છે. ખડગેએ પ્રશ્ન કર્યો હતો કે, "ઉમર ખાલેદને રાષ્ટ્રવિરોધી કોણે જાહેર કર્યો છે ? શું કોઈ અદાલતે એવું કહ્યું છે ? તેઓ કેસ ચલાવવાની પ્રક્રિયા આગળ કેમ નથી વધારી રહ્યા ? તે ઘણા વર્ષોથી જેલમાં છે." ABVPની કેન્દ્રીય હસ્તક્ષેપની માંગ પર પ્રતિક્રિયા આપતાં તેમણે ઉમેર્યું કે ABVPએ શિક્ષણ સુધારા અને પરીક્ષા કૌભાંડો પર વાત કરવી જોઈએ.

**રાજકીય આક્ષેપ-પ્રતિઆક્ષેપ અને વિવાદ**

કોંગ્રેસના નેતા બી. કે. હરિપ્રસાદે પણ ઉમર ખાલિદને 'રાષ્ટ્રીયવાદી' ગણાવીને છમ્ફ પર પ્રહારો કર્યા હતા, જેના જવાબમાં ભારતીય જનતા પાર્ટી (BJP)ની કર્ણાટક શાખાએ ખાલેદના જૂના ભાષણોનો વીડિયો શેર કરીને કોંગ્રેસ પર રાષ્ટ્રવિરોધી માનસિકતાને પ્રોત્સાહન આપવાનો અને વોટ-બેંકની રાજનીતિ કરવાનો આરોપ



**એબીવીપી દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શન અને કેન્દ્રીય હસ્તક્ષેપની માંગ વચ્ચે કર્ણાટક સરકાર અને ભાજપ સામસામે**

લગાવ્યો હતો. બીજી તરફ, ABVP બેંગલુરૂએ યુનિયન હોમ મિનિસ્ટર અમિત શાહ અને અન્ય કેન્દ્રીય મંત્રીઓને પત્ર લખીને NLSIU કમ્પસમાં લલિત વચાનીની ડોક્યુમેન્ટ્રી "Mr. Khalid: Prisoner No. ૬૨૬૭૧૦"ના સ્ક્રિનિંગને કાયમી ધોરણે રદ કરવાની અને આ પ્રકારના આયોજનો પર કડક માર્ગદર્શિકા જાહેર કરવાની માંગ કરી છે.

**NLSIUમાં સ્ક્રિનિંગ સ્થગિત, વિદ્યાર્થીઓએ કર્યો વિરોધ**

૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ 'પોલિટિકલ પ્રિઝનર્સ ડે' ના ભાગરૂપે યુનિવર્સિટીની લો એન્ડ સોસાયટી કમિટી દ્વારા આ ડોક્યુમેન્ટ્રીનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, સુરક્ષા અને વ્યવસ્થાના કારણોસર તેને સ્થગિત કરવામાં આવ્યું હતું. સ્ક્રિનિંગ રદ થવા છતાં, વિદ્યાર્થીઓએ તે જ સાંજે એક વિશેષ સત્રનું આયોજન કર્યું હતું જેમાં તેમણે ઉમર ખાલેદ દ્વારા જેલમાંથી લખાયેલા પત્રો વાંચ્યા હતા અને ભારતીય બંધારણની પ્રસ્તાવના (Preamble) પર ચર્ચા કરી હતી.

**ઉમર ખાલિદ અને UAPA હેઠળનો કેસ**

ઉમર ખાલિદ અને શર્જીલ ઈમામ સહિત અન્ય કાર્યકર્તાઓને ૨૦૨૦ ના પૂર્વોત્તર દિલ્હી રમખાણોના કેસમાં નાગરિકતા સુધારા કાયદા (CAA) વિરોધી પ્રદર્શનો દરમિયાન ષડયંત્ર રચવાના આરોપસર દિલ્હી પોલીસ દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પ્રતિબંધક કાયદા (UAPA) હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યા હતા. આ હિંસામાં ૫૩ લોકોના મોત થયા હતા. વિવેચકો અને માનવાધિકાર કાર્યકર્તાઓ આ લાંબા સમયની જેલવાસને વૈચક્ષણિક વિરોધનું ગુનાહિતકરણ ગણાવી રહ્યા છે અને ટ્રાયલ વગર વગરના આટલા લાંબા જેલવાસને બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ મળેલા જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારનું ઉલ્લંઘન ગણાવી રહ્યા છે.

# 'આંટીને લાગે છે કે, વેપારીઓ આ બોજ આપણા પર નહીં નાખે' UPI ચાર્જ પર સોશિયલ મીડિયામાં મીમ્સ અને કટાક્ષની બોલબાલા

**'ડિજિટલ ઈન્ડિયા, UPI ફ્રી નથી'થી લઈને ઈથેનોલ મિશ્રિત ઈંધણ અને 'રબર પનીર' સુધી, નવા મર્ચન્ટ ચાર્જ પર નેટીઝન્સે રમૂજી અંદાજમાં આક્રોશ ઠાલવ્યો**

(એજન્સી) તા.૧૬

ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત રોકડ મુક્ત વ્યવહારો માટે અત્યાર સુધી અત્યંત સરળ ગણાતી UPI સેવા હવે ૧૫ ઓક્ટોબરથી ચાર્જેબલ થવા જઈ રહી છે. આ અંગે સોશિયલ મીડિયા પર યુઝર્સ દ્વારા જોરદાર મીમ્સ, સટાટાયર અને કટાક્ષ શેર કરવામાં આવી રહ્યા છે. સરકારે પાત્રતા ધરાવતા અને રૂા.૨,૦૦૦થી વધુના પર્સન-ટુ-મર્ચન્ટ (P2M) વ્યવહારો પર ૦.૪ ટકા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) લાગુ કરવાનો નિર્ણય લીધો છે. જો કે, ગ્રાહકો પર સીધો કોઈ ચાર્જ નથી, તેમજ પર્સન-ટુ-પર્સન ટ્રાન્સફર, રૂા.૨,૦૦૦ સુધીના પેમેન્ટ્સ અને નાના વેપારીઓ સાથેના વ્યવહારોને આમાંથી મુક્તિ આપવામાં આવી છે. તેમ છતાં સામાન્ય લોકોમાં આ નિર્ણયને લઈને ભારે નારાજગી જોવા મળી રહી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક કાર્ટૂનમાં ડિજિટલ ઈન્ડિયાના બે અલગ-અલગ પાસાઓ દર્શાવવામાં આવ્યા છે. જેમાં એક પાત્ર બોલે છે કે, 'ડિજિટલ ઈન્ડિયા ! કેશ ફ્રી !', તો બીજું પાત્ર જવાબ આપે છે કે, 'ડિજિટલ ઈન્ડિયા ! UPI ફ્રી નથી !'. અન્ય એક ડિજિટલ યુઝરે તાજેતરના વિવિધ વિવાદો પર કટાક્ષ કરતા લખ્યું કે, 'UPI ચાર્જ વિશે ખૂબ નકારાત્મકતા છે. હું તો ૫૦% ઈથેનોલ ધરાવતા ફ્યુઅલ પર ૧% સરચાર્જ આપીને ૯૦% રબર જેવું પનીર ખરીદવા જવા માટે ઉત્સાહિત છું.' નાણામંત્રી નિર્મલા સીતારામન પણ સોશિયલ મીડિયા યુઝર્સના કટાક્ષનું મુખ્ય કેન્દ્ર બન્યા છે. એક યુઝરે નાણામંત્રીને



વિનંતી કરતા લખ્યું કે, 'મેડમ, દર્દ પર પણ ટેગ લગાવી દો, મને આટલું બધું નથી જોઈતું.' તો તેના જવાબમાં અન્ય યુઝરે આર્થિક સ્થિતિ પર વ્યંગ કરતા કહ્યું, 'ભાઈ, દર્દ વધશે તો ટેક્સ વધશે અને ટેક્સ વધશે તો વધુ દર્દ થશે.' તે જ રીતે ગ્રાહકો પર સીધો ચાર્જ નહીં લાગવાના સરકારના સ્પષ્ટીકરણ પર એક મીમ વાયરલ થયું હતું, જેમાં યુઝરે લખ્યું કે, 'આંટીને એવું લાગે છે કે, વેપારીઓ ભાવ વધારીને આ પૈસા આપણી પાસેથી વસૂલ નહીં કરે ?'

સરકારના આ નિર્ણય સામે લોકોની આક્રોશપૂર્ણ પ્રતિક્રિયાઓ પણ સામે આવી રહી છે. કેટલાક યુઝર્સે જૂની ચેકબુકના ફોટોઝ શેર કરીને રૂા.૨,૦૦૦થી વધુના પેમેન્ટ માટે ફરીથી કાગળના યુગમાં પાછા ફરવાની સલાહ આપી છે. આ સિવાય સોશિયલ મીડિયા પર 'UPI જનતા પાર્ટી' નામના એક એકાઉન્ટ પરથી મધ્યમ વર્ગની વ્યથા રજૂ કરતા લખવામાં આવ્યું કે, 'કમાઈએ તો ઈન્કમ ટેક્સ, ખર્ચ કરીએ તો GST અને હવે ચૂકવણી કરીએ તો UPI ચાર્જ ? મધ્યમ વર્ગના ભારતીયો સરકાર માટે કોઈ ATM મશીન નથી.' આમ ૧૫ ઓક્ટોબર પહેલાં જ ઈન્ટરનેટ પર UPI ચાર્જના નિર્ણય સામે ભારે ચર્ચા અને વિરોધનો માહોલ જામ્યો છે.

# 'તેમણે હંમેશા રાષ્ટ્રીય એકતા માટે કામ કર્યું છે' : SP નેતા એસ.ટી. હસને ઉમર ખાલિદનું સમર્થન કર્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

સમાજવાદી પાર્ટી (SP)ના નેતા અને પૂર્વ સાંસદ એસ.ટી. હસને જેલમાં બંધ સામાજિક કાર્યકર ઉમર ખાલિદના સમર્થનમાં આવીને તેમની સામે હિંસા ભડકાવવાના તમામ આરોપોને ફગાવી દીધા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું છે કે, ઉમર ખાલિદના જાહેર વક્તવ્યોમાં હંમેશા રાષ્ટ્રીય એકતા, કોમી ભાઈચારો અને અત્યાચાર સામે વિરોધ જ મુખ્ય મુદ્દો રહ્યો છે. બુધવારે મીડિયા એજન્સી IANS સાથે વાતચીત કરતા સમાજવાદી પાર્ટીના નેતાએ ખાલિદ પર મૂકવામાં આવેલા 'હિંસા ભડકાવવાના' આરોપોને નકાર્યા હતા. તેમણે કહ્યું કે, "અમે જ્યાં સુધી સમજીએ છીએ ત્યાં સુધી ઉમર ખાલિદે હંમેશા રાષ્ટ્રીય એકતા અને કોમી ભાઈચારાની જ વાત કરી છે. શોષક કોણ છે અને શોષિત કોણ છે તે સૌ કોઈ જાણે છે. મને સમજાતું નથી કે તે દેશવિરોધી કેવી રીતે બની ગયા." હસને દુઃખ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ઉમર ખાલિદ છેલ્લા છ વર્ષથી ટ્રાયલ વગર જેલમાં બંધ છે. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે, "એ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે, તે છ વર્ષથી જેલમાં છે અને હજુ સુધી તેમનો કેસ કે ટ્રાયલ શરૂ પણ થયો નથી. તેમને કોણ રોકી રહ્યું છે ? તમે તે સારી રીતે જાણો છો." વર્તમાન રાજકીય પરિસ્થિતિ પર પ્રહાર કરતા તેમણે ઉમેર્યું કે, દેશમાં અત્યારે લોકશાહી જેવું કંઈ જોવા મળતું નથી. તેમણે કહ્યું કે, "નાથુરામ ગોડસે દેશનો પહેલો આતંકવાદી હતો, જેણે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની હત્યા કરી હતી. આજે આપણે એવા મોડ પર ઊભા છીએ જ્યાં આવી વ્યક્તિના મંદિરો બનાવવાની વાતો થાય છે. આપણો આત્મા કઈ દિશામાં જઈ રહ્યો છે ?" તેમણે વધુમાં કહ્યું કે, જે લોકોએ બ્રિટિશરોની ચાપલૂસી કરી ઈનામો મેળવ્યા હતા, તેમને બીજા



કોઈની દેશભક્તિ પર સવાલ ઉઠાવવાનો કે દેશવિરોધી કહેવાનો કોઈ હક નથી. આ વિવાદ વચ્ચે ભાજપે કોંગ્રેસ નેતાઓ દ્વારા ઉમર ખાલિદને 'રાષ્ટ્રવાદી' કહેવા બદલ તેમની આકરા શબ્દોમાં ટીકા કરી છે. બીજી તરફ બેંગ્લુરૂની નેશનલ લો સ્કૂલ ઓફ ઈન્ડિયા યુનિવર્સિટી (NLSIU) ખાતે ખાલિદના જીવન પર આધારિત ડોક્યુમેન્ટરી સ્ક્રીનિંગનો એબીવીપી (ABVP) દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. આ વિરોધ વચ્ચે કર્ણાટક કોંગ્રેસના નેતા બી.કે. હરિપ્રસાદે પણ ઉમર ખાલિદને 'રાષ્ટ્રવાદી' ગણાવ્યા હતા. તેમણે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, એબીવીપીને ઉમર ખાલિદ વિશે બોલવાનો કોઈ નૈતિક અધિકાર નથી, કારણ કે, તેઓ નાથુરામ ગોડસેની વિચારધારાને માને છે. ઉલ્લેખનીય છે કે, ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ અમરાવતીમાં સીએએ (CAA) વિરોધી આંદોલન દરમિયાન ઉમર ખાલિદે પોતાના ભાષણમાં અહિંસા અને બંધારણ પ્રત્યે નિષ્ઠા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે, "અમે હિંસાનો જવાબ હિંસાથી કે નફરતનો જવાબ નફરતથી નહીં આપીએ. જો તેઓ નફરત ફેલાવશે, તો અમે પ્રેમ ફેલાવીશું. જો તેઓ લાઠીઓ ચલાવશે, તો અમે તિરંગો લહેરાવીશું. જો તેઓ જેલમાં પૂરશે, તો અમે 'સારે જહાં સે અચ્છા હિંદુસ્તાન હમારા' ગાતા ગાતા જેલમાં જઈશું પરંતુ દેશને બરબાદ થવા નહીં દઈએ."

# રૂષભ કપાસીની પ્રેરણાદાયી વાર્તા : આંખોની રોશની નબળી પડી હોવા છતાં આ વ્યક્તિએ હાર ન માની અને પહેલા જ પ્રયાસમાં પડકારજનક CA પરીક્ષા પાસ

(એજન્સી) તા.૧૬

જો કોઈ વ્યક્તિમાં કંઈક કરવાની ઈચ્છાશક્તિ હોય, તો તેને કંઈ રોકી શકતું નથી. દરેક નબળાઈ તેની તાકાત બની જાય છે. જો તેના હૃદયમાં કંઈક પ્રાપ્ત કરવાની હિંમત હોય, તો કંઈ પણ અશક્ય નથી. બધું સરળ બને છે અને લક્ષ્ય હંમેશા ત્યાં જ રહે છે. રૂષભ કપાસી એક એવી વ્યક્તિ છે જેણે કંઈક આવું જ પ્રાપ્ત કર્યું છે. રૂષભને બાળપણથી જ નબળી દૃષ્ટિ હતી, પરંતુ તેમ છતાં, તેણે જીવનમાં ક્યારેય હાર માની નહીં અને CA પરીક્ષા પાસ કરી. આજે, રૂષભ કપાસીને CA રૂષભ કપાસી તરીકે ઓળખવામાં આવે છે. તેણે ઘણા સંઘર્ષ દ્વારા પોતાની સફળતાની વાર્તા લખી છે. ચાલો તેની સફર વિશે જાણીએ. રૂષભ કપાસીનો જન્મ મહારાષ્ટ્રના થાણેમાં થયો હતો. રૂષભના પિતા સિવિલ એન્જિનિયર છે. તેના જન્મ સમયે પરિવારમાં બધા ખુશ હતા. પરિવારમાં આનંદનું વાતાવરણ હતું, પરંતુ તેના જન્મના થોડા દિવસો પછી, એક સંબંધીએ રૂષભની આંખોમાં કંઈક ખામી જોઈ. ત્યારબાદ, તેના પરિવારે રૂષભની સારવાર માટે ૧૫ થી વધુ ડોકટરોનો સંપર્ક કર્યો. પરંતુ બધા ડોકટરોએ કહ્યું કે રૂષભને આંખોમાં સમસ્યા છે અને તે યોગ્ય રીતે જોઈ શકતો નથી. તેની આંખોની ઘણી સર્જરીઓ થઈ, પરંતુ તે અસફળ રહી. રૂષભની દૃષ્ટિ માત્ર ૬ ટકા હતી, જે સમય જતાં ઓછી થતી ગઈ. રૂષભ આ સાથે જીવતો રહ્યો. રૂષભના માતાપિતાએ તેને વિવિધ શાળાઓમાં પ્રવેશ આપવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે સફળ થયો નહીં. દરેક શાળાએ તેની નબળી દૃષ્ટિને કારણે પ્રવેશનો ઇનકાર કર્યો. પરંતુ તેણે અને તેના માતાપિતાએ આશા ગુમાવી નહીં



અને અંતે, રૂષભે પ્રવેશ મેળવ્યો. જોકે, અહીં પણ, રૂષભનો માર્ગ સરળ નહોતો. શાળાના વિદ્યાર્થીઓ તેને વિવિધ રીતે હેરાન કરતા, ધમકી આપતા અને ડરાવતા. જોકે, રૂષભ ખૂબ જ ખંતથી તેના અભ્યાસમાં અડગ રહ્યો. તેણે તેના અભ્યાસને ટેકો આપવા માટે વધારાના વર્ગોમાં પણ હાજરી આપી. આ કારણે, થોડા દિવસોમાં, રૂષભની ગણતરી વર્ગના શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓમાં થઈ ગઈ. રૂષભ કાપસી માટે લેખન અત્યંત મુશ્કેલ હતું કારણ કે તેની આંખો અને કાગળ વચ્ચેનું અંતર ૫ સે.મી.થી વધુ ન હોવું જોઈએ. તે ૫ સેમીથી વધુ જોઈ શકતો ન હતો. તેમ છતાં, તે પોતાના પેપર્સ જાતે લખતો હતો, ક્યારેક તેની આંખોમાં શાહી લાગી જતી હતી. પરંતુ તે પોતાનું કામ કરતો રહ્યો. રૂષભને ૮મા ધોરણમાં ખ્યાલ આવ્યો કે તેની દૃષ્ટિ બગડી ગઈ છે. રૂષભે ક્યારેય આ નબળાઈને પોતાના પર હાવી થવા દીધી નહીં. તેણે આ નબળાઈને પોતાની તાકાતમાં ફેરવી. તેણે HSમાં ૮૫.૬૯%, SSમાં ૮૨.૮૮% અને B.Comમાં ૮૫.૮૯% મેળવ્યા. B.Comમાં તેને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. રૂષભે પોતાના પહેલા પ્રયાસમાં જ CAની પરીક્ષા પાસ કરી, ૨૦૦માંથી ૧૩૦ ગુણ મેળવીને દુનિયાને બતાવી દીધું કે તે કોઈથી ઓછો નથી. રૂષભે પોતાની મહેનત અને દૃઢ નિશ્ચય દ્વારા પોતાના પહેલા પ્રયાસમાં જ પરીક્ષા પાસ કરી, એક એવી પરીક્ષા જે સામાન્ય વિદ્યાર્થીઓ માટે મેળવવી મુશ્કેલ છે. પરીક્ષા દરમિયાન, રૂષભના માતા-પિતા ચાર મહિના સુધી દરરોજ ૧૦-૧૨ કલાક તેની સાથે બેઠા જેથી તેને ભણવામાં કોઈ મુશ્કેલી ન પડે. આજે, રૂષભ CA રૂષભ તરીકે ઓળખાય છે. રૂષભની સફળતા વિશે વાત કરતા, તેના પિતા કહે છે કે રૂષભને બાળપણથી જ દૃષ્ટિની સમસ્યા હતી. તેણે ક્યારેય બ્રેઈલમાં અભ્યાસ કર્યો ન હતો, તેથી તેને અભ્યાસ સામગ્રી જાતે વાંચવી પડતી હતી. રૂષભ હંમેશા ૮૦ ટકાથી વધુ ગુણ મેળવતો હતો. નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડની મદદથી, તેને વાચકો અને લેખકો મળ્યા જેમણે તેને તેના અભ્યાસને સમજવામાં મદદ કરી. CA પરીક્ષા માટેના તેના અંતિમ પ્રયાસમાં, તેણે કોઈ વાચકોનો ઉપયોગ કર્યો ન હતો કારણ કે અમે તેને તેના અભ્યાસમાં મદદ કરી હતી. "રૂષભનું લક્ષ્ય શિક્ષણ વ્યવસાયમાં પ્રવેશવાનું છે. મારો પુત્ર ઈચ્છે છે કે લોકો તેમનામાંથી પ્રેરણા મેળવે, અને અમે ઉમેદવારોને માર્ગદર્શન આપવા માટે તૈયાર છીએ. રૂષભની સફળતાની વાર્તા લાખો લોકો માટે પ્રેરણા છે. જેઓ માને છે કે તેઓ શારીરિક અપંગતાને કારણે પ્રગતિ કરી શકતા નથી તેઓ રૂષભની વાર્તામાંથી પ્રેરણા લઈ શકે છે.

# IAS ગોવિંદ જયસ્વાલ : રિક્ષાચાલકના દીકરાએ IAS અધિકારી બનીને દેશનું ગૌરવ વધાર્યું

(એજન્સી) તા.૧૬

ગોવિંદ જયસ્વાલ ઉત્તર પ્રદેશના વારાણસીના રહેવાસી છે અને તેમના પિતા રિક્ષાચાલક હતા. તેમના પિતા તેમના પરિવારમાં મૂળભૂત જરૂરિયાતોનો એકમાત્ર આધાર હતા. બાળપણમાં, ગોવિંદ એક વખત તે જ વિસ્તારમાં રમતી વખતે એક મિત્રના ઘરે ગયો હતો. તેના મિત્રના પિતાએ તેને અણગમતી નજરે જોયો અને તેને કાઢી મૂક્યો, પૂછ્યું, "તારી હિંમત કેવી રીતે થઈ અમારા ઘરમાં પગ મૂકવાની ?" તેને કાઢી મૂકવાનું એકમાત્ર કારણ એ હતું કે ગોવિંદના પિતા રિક્ષાચાલક હતા, જ્યારે તેના મિત્રના પિતા એક શ્રીમંત પરિવારના હતા.

ગોવિંદ જયસ્વાલ માત્ર ૧૧ વર્ષના હતા જ્યારે તેમના મિત્રના પિતાએ તેમની ગરીબીની મજાક ઉડાવી હતી. નાની ઉંમરે, ગોવિંદ આ વાતો સમજી શક્યો નહીં. પછી એક દિવસ, ગોવિંદે આ બધી વાતો એક વરિષ્ઠ વ્યક્તિ સાથે શેર કરી. તેણે સમજાવ્યું કે તેની પૃષ્ઠભૂમિ નબળી હતી, તેથી જ તેઓએ તેને આ કહ્યું. તેણે એમ પણ કહ્યું કે જ્યારે તે IAS અધિકારી બનશે, ત્યારે તેના પરિવારની પૃષ્ઠભૂમિ પણ મજબૂત બનશે. તે સમયે ગોવિંદે IAS અધિકારી બનવાનું નક્કી કર્યું.

નાનપણથી જ તેના પિતા વિરૂદ્ધ કઠોર શબ્દો ગોવિંદને તીરની જેમ ડંખતા હતા. ગોવિંદ તેના પરિવારને સન્માનજનક જીવન આપવા માંગતો હતો. ગોવિંદે વારાણસીમાં પોતાનું શિક્ષણ મેળવ્યું અને



સરકારી શાળામાંથી ગણિતમાં સ્નાતક થયા. જોકે, તેના સ્નાતક દરમિયાન, વીજળી ૧૪ કલાક જતી રહેતી. વધુમાં, પડોશીઓ જનરેટર ચલાવતા હતા, જેના કારણે ઘણો અવાજ થતો હતો. અભ્યાસ દરમિયાન કોઈ વિક્ષેપ ન પડે તે માટે, ગોવિંદ કાનમાં કપાસ રાખીને અભ્યાસ કરતો.

ગ્રેજ્યુએશનમાં સારા માર્ક્સ મેળવ્યા પછી, ગોવિંદે IAS માટે તૈયારી કરવાનું શરૂ કર્યું. પરંતુ આખા પરિવાર સાથે એક જ રૂમમાં રહેવાથી સિવિલ સર્વિસીસની તૈયારી ખૂબ જ મુશ્કેલ બની ગઈ. IAS અધિકારી બનવાના સ્વપ્નને ધ્યાનમાં રાખીને, ગોવિંદ ૨૦૦૫માં તૈયારી માટે દિલ્હી ગયો. ગોવિંદના શિક્ષણ માટે તેના પિતાએ તેની પૈતૃક જમીન ૩૦,૦૦૦ રૂપિયામાં વેચી દીધી. રિક્ષા ચલાવતી વખતે, ગોવિંદને પગમાં ઈજા થઈ. અયોગ્ય દવાને કારણે તેને ટિટાનસ થયો. જોકે, ગોવિંદ આ વાતથી અજાણ રહ્યો, કારણ કે તેના પિતા ઈચ્છતા હતા કે તેનો દીકરો અધિકારી બને અને પરિવારનું નામ રોશન કરે.

ગોવિંદે આ રિક્ષાચાલકના દીકરા પર લોકોને ગર્વ કરાવવાનો સંકલ્પ કર્યો હતો. દિલ્હીમાં IAS ની તૈયારી કરતી વખતે તેણે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. તેણે બાળકોને પાર્ટ-ટાઈમ ગણિતમાં ટ્યુશન આપવાનું શરૂ કર્યું. ક્યારેક તેની પાસે ખાવા માટે પણ પૈસા નહોતા. એક વાર, ઘરનું ભાડું ચૂકવ્યા પછી, તેની પાસે ફક્ત ૧૫૦ રૂપિયા બચ્યા. આવી સ્થિતિમાં, ગોવિંદ દિવસમાં ફક્ત એક જ વાર ખાવાનું શરૂ કરતો હતો, પરંતુ સમયસર ન ખાવાને કારણે, તેની તબિયત બગડવા લાગી. પરંતુ તે પછી પણ તેણે હાર ન માની અને IASની તૈયારી ચાલુ રાખી.

૨૦૦૬માં ગોવિંદે પહેલી વાર IAS ની પરીક્ષા આપી. તેના પહેલા જ પ્રયાસમાં, ગોવિંદ જયસ્વાલે IAS પરીક્ષામાં ૪૮મો ક્રમ મેળવ્યો. તે હિન્દી માધ્યમ દ્વારા પરીક્ષા આપનારાઓની શ્રેણીમાં ટોપર હતો. તેનું પરિણામ જોઈને ગોવિંદ ખૂબ જ ખુશ થઈ ગયો, ગોવિંદ તેના પિતાને આ ખુશખબર જણાવવાની હિંમત એકઠી કરી શક્યો નહીં. હાલમાં, ગોવિંદ પૂર્વ દિલ્હી વિસ્તારના જિલ્લા મેજિસ્ટ્રેટ છે. IAS ગોવિંદ જયસ્વાલ માને છે કે જો તેમણે ખરાબ દિવસો ન જોયા હોત, તો તેઓ ક્યારેય સફળતા અને જીવનનો અર્થ સમજી શક્યા ન હોત.

# તરણેતરના મેળામાં મોતના કૂવામાં દુર્ઘટના : ૧૦થી વધુ ઈજાગ્રસ્ત

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૧૬

તરણેતર મેળાના બીજા દિવસે બપોરના સમયે મોટી સંખ્યામાં લોકો મેળો માણી રહ્યા હતા ત્યારે અચાનક મોતના કૂવાની રાઈડનો લાકડાનો ભાગ તૂટી પડ્યો હતો. રાઈડ પુરઝડપે ચાલી રહી હતી તે દરમિયાન આ ઘટના બનતા આજુબાજુમાં ઉભેલા અને રાઈડમાં બેઠેલા લોકો ફંગોળાયા હતા. જેમાં નજીકમાં ઉભેલા લોકોને નાની મોટી ઈજાઓ પહોંચી છે. ઈજાગ્રસ્તોમાં મોટાભાગે બાળકો અને મહિલાઓનો સમાવેશ થાય છે. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે થાનગઢ અને સુરેન્દ્રનગરની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતા જ પોલીસ અને સ્થાનિક તંત્ર ઘટના સ્થળે દોડી આવ્યું હતું અને ભીડને કાબુમાં લીધી હતી.


(તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

મોતના કૂવાની રાઈડને તાત્કાલિક બંધ કરાવાના સ્થાને ચાલુ જ રાખવામાં આવી છે. આ દુર્ઘટના બાદ તંત્ર દ્વારા મેળાને આપવામાં આવેલી પરમિશન સામે ગંભીર સવાલો ઉભા થયા છે. ગઈકાલે જ મેળાના પ્રથમ દિવસે રાઈડ સંચાલકોએ પુરતા ડોક્યુમેન્ટ રજૂ ન કર્યા હોવાથી અને SOPનું પાલન ન થયું હોવાથી મોટી રાઈડોને પરમિશન આપવામાં આવી ન હતી. સ્થાનિક ડેપ્યુટી કલેક્ટર અને મામલતદારની ટીમે અભિપ્રાય ન આપતા રાઈડો બંધ રાખવામાં આવી હતી. ત્યારે આજે અચાનક કઈ રીતે પરમિશન આપી દેવામાં આવી તે સૌથી મોટો સવાલ છે.

### જંબુસર કોર્ટનો ચુકાદો
# રૂા.૨૦ લાખના ચેક બાઉન્સ કેસમાં આરોપીને એક વર્ષની સજા

(સંવાદદાતા દ્વારા) જંબુસર, તા.૧૬

જંબુસર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ તથા હાલના ચાલુ નગરપાલિકાના સભ્ય ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ સમીરભાઈ મલેક નેજંબુસર કોર્ટમાં રૂા.૨૦ લાખના ચેક બાઉન્સ કેસની સુનાવણી દરમિયાન આરોપીને દોષિત ઠેરવી બે કેસમાં એક વર્ષની સજા ફટકારવામાં આવી છે. સાથે જ આરોપીને રૂા.૨૦ લાખનું વળતર તથા રૂા.૧૦ હજારનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. મળતી માહિતી મુજબ ફરિયાદીએ વારંવાર માંગણી કરતા પૈસા ચૂકવવામાં ન આવતા ફરિયાદી દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. રૂા.૨૦ લાખના નાણાકીય વ્યવહારમાં આપવામાં આવેલો ચેક બેંકમાં રજૂ કરાતા બાઉન્સ થયો હતો. ત્યારબાદ ફરિયાદી દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. કેસની સુનાવણી દરમિયાન રજૂ થયેલા પુરાવાઓ અને દલીલોને ધ્યાનમાં લઈ જંબુસર કોર્ટ દ્વારા આરોપીને દોષિત ઠેરવી બે કેસ માં એક વર્ષની સજા સંભળાવવામાં આવી છે. આ ઉપરાંત કોર્ટ દ્વારા રૂા.૨૦ લાખનું વળતર ચૂકવવા તેમજ રૂા.૧૦ હજારનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

### સહકારી ક્ષેત્રમાં ભાજપના મેન્ડેટના નામે મનમાની
# પાદરા અને કરજણ APMCમાં ચેરમેનની નિયુક્તિ ન થતાં હેરાનગતિ

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૬

સહકારી ક્ષેત્રે પ્રભુત્વ જમાવવા માટે ભાજપે શરૂ કરેલી મેન્ડેટ પ્રથા માથાનો દુઃખાવો બની હોવાના રાજ્યમાં અનેક કિસ્સા ચર્ચાનો વિષય બન્યા છે. મેન્ડેટના નામે કેટલાક નેતાઓ મનગમતાને હોદ્દા અપાવવાના ખેલ પાડી રહ્યા હોવાથી અને મેન્ડેટને નહિ માનનારાઓની બળવાખોરોમાં ગણતરી કરીને દ્વેષ રાખવામાં આવતો હોવાથી હવે ભાજપમાં જ અસંતોષનો ચરૂ ઉકળવા માંડયો છે.વડોદરા જિલ્લો પણ ભાજપની આવી આંતરિક જૂથ બંધીથી બાકાત રહ્યો નથી. વડોદરા જિલ્લામાં પાદરા તાલુકાની બજાર સમિતિ (એપીએમસી)માં ઓક્ટોબર-૨૦૨૫માં ચૂંટણી થઈ હતી. જેમાં ભાજપના પૂર્વ ધારાસભ્ય દિનુમામાના જૂથે તેમની પેનલ જાહેર કરી મેન્ડેટની માગણી કરી હતી. પરંતુ સામે ભાજપના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ તૈયાર કરેલી પેનલને પક્ષે મેન્ડેટ આપ્યો હતો. પરિણામે દિનુમામા જૂથના તમામ ૧૦ ડિરેક્ટરો ચૂંટાયા હતા. જો કે ત્યારબાદ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા ચેરમેન- વાઈસ ચેરમેનની ચૂંટણી જાહેર કરાતી નથી. જેથી બહુમતી સાથે ચૂંટાયા હોવા છતાં તમામ ડિરેક્ટરો ૧૧ મહિનાથી માત્ર નામના ડિરેક્ટર બની રહ્યા છે. આવી જ સ્થિતિ કરજણ એપીએમસીની છે. જેમાં પાંચ વર્ષની ટર્મમાંથી અઢી વર્ષની ટર્મ પુરી જતાં ચેરમેન-વાઈસ ચેરમેનની બીજી અઢી વર્ષની ટર્મ માટે છ મહિનાથી ચૂંટણી યોજાતી નથી. કાર્યકરોમાં એવી ચર્ચા છે કે, ચોક્કસ વ્યક્તિને ચેરમેન બનાવવાની સામે બળવો થાય તેવી સ્થિતિ હોવાથી પક્ષના સ્થાનિક મોવડીઓ ચેરમેનની ચૂંટણીમાં વિઘ્નો ઉભા કરી રહ્યા છે. ગઈ તા.૨૦મી જુલાઈએ ચૂંટણી જાહેર પણ થઈ હતી. પરંતુ દસ મિનિટ પહેલાં જ જિલ્લા રજિસ્ટ્રારે તેઓ પારિવારિક કારણસર આવી શકે તેમ નહિ હોવાથી ચૂંટણી તાત્કાલિક મુલતવી રાખવાનો આદેશ આપ્યો હતો.

# જૂનાગઢ તાલુકાના ડુંગરપુર ગામેથી નકલી દૂધ સાથે ઈસમ ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)
જૂનાગઢ, તા.૧૬

જૂનાગઢ તાલુકાના ડુંગરપુર ગામે રહેતો ઈકબાલ ચૌહાણ નામનો શખ્સ પોતાના ઘરમાં દૂધ બનાવવાનો પાવડર અને પામોલીન તેલનો ઉપયોગ કરીને બનાવટી દૂધ બનાવી નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરતો હોવાની ચોક્કસ માહિતી જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચને મળી હતી. જે આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમ તથા ફૂડ ઈન્સ્પેક્ટર દ્વારા સંયુક્ત રીતે દરોડો પાડ્યો હતો. ઘટનાસ્થળેથી આરોપી ઈકબાલ ઈબ્રાહિમ ચૌહાણ હાજર મળી આવ્યો હતો. તેના ઘરમાંથી આશરે ૩૫ લીટર બનાવટી દૂધ, પામોલીન તેલના ૧૩ ડબ્બા, સાગર અને અમૂલ બ્રાન્ડના દૂધ બનાવવાના પાવડરના પેકેટો તથા લૂઝ પાવડર સહિત કુલ રૂા.૮૬,૬૪૦ની મત્તાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પકડાયેલા આરોપી છેલ્લા ૪થી ૫ મહિનાથી આ પ્રકારે બનાવટી દૂધ બનાવતો હતો. તે મેંદરડા ખાતે આવેલ મયુર ટ્રેડર્સવાળા મહેશભાઈ પાસેથી પામોલીન તેલ અને દૂધ બનાવવાનો પાવડર ખરીદતો હતો. ત્યારબાદ મિક્સરમાં પામોલીન તેલ, પાવડર અને પાણી મિક્સ કરીને ઘટ્ટ ડુપ્લીકેટ દૂધ તૈયાર કરતો હતો. વધુમાં આરોપી પોતાના ઘરે બનાવેલા આ ડુપ્લીકેટ દૂધને ઓરિજિનલ દૂધ સાથે ભેળવી દેતો હતો અને સવાર-સાંજ થઈને દરરોજ આશરે ૨૦થી ૨૨ કેન એટલે કે, આશરે ૮૦૦ લીટર દૂધ બે પ્રાઈવેટ ડેરીઓમાં વેચતો હતો. જેમાં નાગલપુર ગામે પ્રાઈવેટ ડેરી ચલાવતા ડાયાભાઈ રબારી અને નાંદરખી ગામે પ્રાઈવેટ ડેરી ચલાવતા મીતુલભાઈ પટેલનો સમાવેશ થાય છે.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મ દિવસે અમરેલીના ડોક્ટરો કરશે વિનામૂલ્યે નિદાન

(સંવાદદાતા દ્વારા) અમરેલી, તા.૧૬

દેશભરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિન નિમિત્તે ઉજવાઈ રહેલા "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત વિવિધ પ્રકારના સેવા કાર્યો થનાર છે ત્યારે પ્રદેશ ભાજપના માર્ગદર્શન હેઠળ અમરેલીના યુવા ધારાસભ્ય અને રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા તથા જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સાથે સંકલન કરીને અમરેલી જિલ્લા ભાજપ ડોક્ટર સેલ દ્વારા તા.૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ આવનાર દર્દીઓને વિનામૂલ્યે નિદાન કરી આપવામાં આવશે તેમજ એક્ષરે, સોનોગ્રાફી, લેબોરેટરી વગેરેના ચાર્જમાં ૫૦% રાહત આપવામાં આવશે. અમરેલી શહેરમાં પ્રેક્ટીસ કરતા ૫૦થી વધુઓ ડોક્ટર – હોસ્પિટલ "વન ડે ફ્રી ઓ.પી.ડી." કન્સેપ્ટમાં જોડાઈને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સેવામય બર્થડે વિશ કરશે. સરકાર, સંગઠન અને જનભાગીદારીથી સેવા સંકલ્પ અભિયાન ચાલી રહ્યું છે. તે અંતર્ગત ફ્રી ઓ.પી.ડી. અન્વયે ડોકટરોનું સંકલન અમરેલી જિલ્લા ભાજપ ડોક્ટર સેલ કન્વીનર ડૉ. પિયુષ ગોસાઈ, ડૉ. રાજુ કથિરિયા, પૂર્વ નગર સેવક ડૉ. ચંદેશ ખુંટ દ્વારા કરવામાં આવ્યું છે. પ્રધાન સેવકના જન્મ દિવસ નિમિતે અમરેલીના ડોકટરો દ્વારા રાહત દરે થનાર સેવામય ઉજવણીનો વધુને વધુ લાભ લેવા અમરેલી જિલ્લાના દર્દીઓને અપીલ તેમ મીડિયા ઈન્ચાર્જ વિપુલ ભટ્ટીની અખબારી યાદીમાં જણાવ્યું છે.

### CATના અધિકાર ક્ષેત્રની રેલવે મંત્રાલયની દલીલ કોર્ટે ફગાવી
# ૨૯ વર્ષની કાનૂની લડત બાદ રેલવેના મૃત કર્મચારીના પત્નીને નિવૃત્તિ અને પેન્શનના લાભ આપવા આદેશ

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૬

વડોદરામાં રેલવે કર્મચારીને બરતરફ કરવાના રેલવે મંત્રાલયના નિર્ણયને ૨૯ વર્ષની કાનૂની લડત બાદ ઔદ્યોગિક ન્યાયપંચે ગેરકાયદે ઠેરવી મૃત કર્મચારીના પત્નીને નિવૃત્તિ તેમજ પેન્શનના લાભો ચૂકવવાનો આદેશ કર્યો હતો. ભારતીય ન્યાય પ્રણાલીમાં વિલંબથી મળતો ન્યાય એ ન્યાય ન આપવા બરાબર છે એ કહેવતને ચરિતાર્થ કરતો એક કાનૂની કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગોધરા સ્ટેશન પર રેલવેના આરોગ્ય વિભાગ હેઠળ કાયમી સફાઈ કર્મચારી તરીકે તા.૧૦ મે ૧૯૭૮થી ફરજ બજાવતા હેમાભાઈને વર્ષ ૧૯૯૨માં ૫૧૨ દિવસની ગેરહાજરીના આરોપસર નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા હતા. આ અન્યાયી બરતરફી સામે હેમાભાઈએ શ્રમ મંત્રાલયમાં દાદ માગતા શ્રમ મંત્રાલયે રેફરન્સ મંજૂર કરી ઔદ્યોગિક અદાલતમાં કેસ દાખલ કર્યો હતો. આ અંગેનો કેસ ચાલી જતાં તેમા રેલવે પ્રશાસને પોતાની દલીલોમાં જણાવ્યું હતું કે કર્મચારી વારંવાર ગેરહાજર રહેવાની ટેવ ધરાવતા હતા અને ખાતાકીય તપાસ બાદ જ યોગ્ય પગલાં લેવાયા છે. જ્યારે અરજદારે રજૂઆત કરી હતી કે તેમની ૧૪ વર્ષની સેવાઓને ધ્યાને લીધા વિના સજા કરવામાં આવી છે. દરમિયાનમાં વર્ષ ૨૦૧૩માં અરજદાર હેમાભાઈનું અવસાન થતાં તેમના પત્નીએ કાયદેસરના વારસદાર તરીકે કાનૂની જંગ આગળ ધપાવ્યો હતો. ઔદ્યોગિક ન્યાયપંચે બંને પક્ષોની દલીલો સાંભળી ચુકાદો આપ્યો હતો. અદાલતે ચૂકાદામાં નોંધ્યું હતું કે, માત્ર ગેરહાજરીના ગુના માટે બરતરફીની સજા અત્યંત કઠોર અને અપ્રમાણસર છે. દસ વર્ષથી વધુ સેવા આપનાર કર્મચારીને રીમૂવ કરતી વખતે રેલવે પેન્શન નિયમો મુજબ કોમ્પેનસેશન એલાઉન્સ કે નિવૃત્તિ લાભો અંગે સક્ષમ અધિકારીએ કોઈ વિચારણા કરી નહોતી, જે વૈધાનિક જોગવાઈઓનું ઉલ્લંઘન છે. અદાલતે ૧૩-૧૧-૧૯૯૨થી કર્મચારીની નિવૃત્તિ તારીખ ૧-૦૬-૨૦૧૧ સુધીની સેવાને સળંગ ગણીને તે મુજબ થતા તમામનિવૃત્તિના અને પન્શનના લાભો મૃતક કર્મચારીના પત્નીને ચૂકવવાનો આદેશ કર્યો હતો. અદાલતે અવલોકન કર્યું હતું કે,બરતરફી સમયે રેલવેએ પોતાના જ પેન્શન નિયમની અવગણના કરી છે. આટલી સેવા ધરાવતા કર્મચારીને ૨/૩ ભાગનું ભથ્થું મેળવવાનો અધિકાર રહે છે.

# શામળાજી પોલીસે ભૂલા પડેલા બાળકનું પરિવાર સાથે મિલન કરાવ્યું

(સંવાદદાતા દ્વારા)
મોડાસા, તા.૧૬

અણસોલ ચેકપોસ્ટ નજીક શામળાજી પી.આઈ. એસ.એસ. માલ અને તેમની ટીમ વાહન ચેકિંગની કામગીરીમાં હતી, તે સમયે સાયકલ સાથે એક ૧૧ વર્ષીય બાળક રડતી અને ગભરાયેલી હાલતમાં નજરે પડ્યો હતો. પોલીસે બાળકની નજીક પહોંચી પ્રેમથી ચા-નાસ્તો કરાવી સાંત્વના આપી હતી. બાળકની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, તે રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના ભૂવાલી ગામનો રહેવાસી છે. બાળક સાયકલ લઈને શાળાએ જવાના બદલે પરિવારની જાણ બહાર અંબાજી મંદિર દર્શન કરવા નીકળી પડ્યો હતો પરંતુ રસ્તો ભૂલી જતા અને પૈસા વગર ભૂખ્યો હોવાથી ગભરાઈ ગયો હતો.

બાળકની આપવીતી સાંભળી પોલીસે તાત્કાલિક માનવતા દાખવી રાજસ્થાનની ડૂંગર પોલીસ તેમજ સ્થાનિક લોકોનો સંપર્ક કર્યો હતો. ટૂંક સમયમાં જ બાળકના પરિવારજનોની ભાળ મેળવી તેમનો ટેલિફોનિક સંપર્ક કરીને સમગ્ર ઘટના અંગે માહિતગાર કર્યા હતા. સંદેશો મળતા જ ચિંતાતુર પરિવારજનો તાબડતોડ શામળાજી પોલીસ સ્ટેશન દોડી આવ્યા હતા. પોલીસ સ્ટેશનમાં ગુમ થયેલો પુત્ર હેમખેમ મળી આવતા પિતા કાનારામ ડામોર અને પરિવારજનો બાળકને ભેટી પડ્યા હતા, જેના કારણે ત્યાં ઉપસ્થિત સૌ કોઈની આંખો ભીની થઈ ગઈ હતી.

# જૂનાગઢ ખાતે કારખાનામાંથી કપૂરની ચોરીનો ભેદ ઉકેલાયો

(સંવાદદાતા દ્વારા)
જૂનાગઢ, તા.૧૬

જૂનાગઢના જૂના બાયપાસ રોડ પર હીંગળાજ હોટેલ સામે આવેલ 'અવની ઈન્ડસ્ટ્રીઝ' નામના કારખાનામાંથી ગત તા.૧ સપ્ટેમ્બરથી ૧૨ સપ્ટેમ્બર દરમ્યાન ૧૨૮ કિલોગ્રામ ભીમશેની કપૂરની ચોરીનો બનાવ બન્યો હતો. કારખાનાના માલિક નયનભાઈ સુરેશભાઈ વસાણીએ આ અંગે જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર બી.જી. ચેતરીયા અને તેમની ટીમે તપાસ હાથ ધરી હતી. જેમાં કારખાનામાં જ કામ કરતો આકાશ રમેશભાઈ ક્યાડા જ આ ચોરીમાં સંડોવાયેલ છે અને તે ચોરેલા કપૂર સાથે સરગવાડા નવા બાયપાસ પાસે ઊભો છે. બાતમીના આધારે પોલીસે તુરંત સ્થળ પર પહોંચી તેની અટકાયત કરી પૂછપરછ કરતા તેણે પોતાના જ શેઠના કારખાનામાંથી ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસની કડક પૂછપરછમાં સામે આવ્યું હતું કે તેણે ચોરી કરેલ કપૂર પૈકીનો અમુક જથ્થો બસ સ્ટેશન સામે આવેલ 'ગીરીરાજ અગરબત્તી'ના દિલીપભાઈ સેઠીયાને વેચી દીધો હતો. પોલીસે ૨૭ વર્ષીય આરોપી આકાશ ક્યાડાની અટકાયત કરી તેની પાસેથી કુલ ૧૩૭.૩૦૦ કિલોગ્રામ કપૂર, જેની કિંમત રૂા.૧,૩૩,૯૬૦ થાય છે તે મુદ્દામાલ કબ્જે કર્યો છે.

### આઉટસોર્સિંગ બંધ કરો, લાયકાતને ન્યાય આપોના નારા સાથે દેખાવો
# વડોદરા : GETCO ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ ભરતી વિવાદ, મુખ્ય કચેરી બહાર ઉમેદવારોનું વિરોધ પ્રદર્શન

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૬

વડોદરાના રેસકોર્સ ખાતે આવેલી વીજ કંપનીની મુખ્ય કચેરી બહાર આજે રાજ્યભરમાંથી આવેલા અંદાજે ૨૦૦થી ૩૦૦ ઉમેદવારોએ એકત્ર થઈ વિરોધ પ્રદર્શન કર્યું હતું. ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ ભરતી-૨૦૨૬ સહિતના વિવિધ મુદ્દાઓને લઈને ઉમેદવારોએ ન્યાયની માગ સાથે રજૂઆત કરી હતી. ઉમેદવારોએ લાયકાતને ન્યાય આપવા, આઉટસોર્સિંગ કોન્ટ્રાક્ટ પદ્ધતિ સંપૂર્ણપણે બંધ કરવા અને જેટકોમાં એપ્રેન્ટિસ તરીકે કામગીરી કરી ચૂકેલા ઉમેદવારોનું ભવિષ્ય સુરક્ષિત કરવાની માગ કરી હતી.

સામાજિક કાર્યકરના જણાવ્યા મુજબ સમગ્ર ગુજરાતમાં ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટની ભરતી અંગે અગાઉ ૮ હજાર જગ્યાઓ ભરવાનો વાયદો કરવામાં આવ્યો હતો, જ્યારે હાલમાં માત્ર ૨૭૧ ઉમેદવારોની ભરતી કરવામાં આવી હોવાનો આક્ષેપ છે. વારંવાર રજૂઆતો અને વિરોધ પ્રદર્શન કરવા છતાં ભરતી અંગે યોગ્ય કાર્યવાહી કરવામાં આવતી ન હોવાનો તેમણે દાવો કર્યો હતો. આઉટસોર્સિંગ પદ્ધતિને કારણે લાયક ઉમેદવારોને પૂરતી તકો મળતી ન હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો. આઉટસોર્સિંગના કોન્ટ્રાક્ટ અધિકારીઓ ચલાવી રહ્યા હોવાનું પણ જણાવાયું છે.એક ઉમેદવારે જણાવ્યું હતું કે, જેટકો દ્વારા છેલ્લા ચાર વર્ષથી ભરતી કરવામાં આવી નથી. ઉમેદવારો દ્વારા વારંવાર આંદોલન કરવામાં આવ્યા હોવા છતાં ભરતીના નિમણૂક આદેશ આપવામાં આવતા નથી. અગાઉ ઝોન પ્રમાણે ભરતીના આદેશ આપવામાં આવતા હતા અને પ્રથમ તબક્કામાં ૭૦૦થી ૮૦૦ જેટલા ઉમેદવારોની ભરતી થતી હોવાનો દાવો ઉમેદવારે કર્યો હતો. ઉમેદવારોએ સવાલ ઉઠાવ્યો હતો કે, આ વખતે સમગ્ર ગુજરાત માટે ભરતી પ્રક્રિયા કરવામાં આવી હોવા છતાં માત્ર ૨૭૧ ઉમેદવારોની ભરતી કેમ કરવામાં આવી ? બાકીની જગ્યાઓ ક્યાં ગઈ તે અંગે સ્પષ્ટતા કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. અનેક વીજ મથકોની કામગીરી આઉટસોર્સિંગ એજન્સીઓને સોંપી દેવામાં આવી હોવાનો પણ ઉમેદવારોએ આક્ષેપ કર્યો હતો. ઉમેદવારોએ ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ ભરતી-૨૦૨૬ની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરી મેરીટ યાદી જાહેર કરવાની તથા વ્યવસ્થાપનને વધુ સમય લાગતો હોય તો મેરીટ યાદી પૂર્ણ થાય ત્યાં સુધી સમયમર્યાદા વધારવાની માંગ કરી હતી. સાથે જ આઉટસોર્સિંગ કોન્ટ્રાક્ટ પદ્ધતિ બંધ કરી લાયક ઉમેદવારોને નિયમિત ભરતીમાં તક આપવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી.


(તસવીર :- અતિક શેખ, વડોદરા)

# જૂનાગઢમાં ઓટો કન્સલ્ટન્ટને મોતનો ડર બતાવી કાર-મોબાઈલ લઈ ચાર શખ્સો ફરાર

(સંવાદદાતા દ્વારા)
જૂનાગઢ, તા.૧૬

જૂનાગઢના બાયપાસ રોડ પર ઓટો કન્સલ્ટન્ટના માલિકને ચાર શખ્સોએ ટેસ્ટ ડ્રાઈવના બહાને લઈ જઈ મૃત્યુ નિપજાવવાનો ડર બતાવી કાર અને આઈફોન મોબાઈલ બળજબરીથી લઈ ગયાની ફરિયાદ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે સોયફ મહમદ ચૌહાણએ ૨૫થી ૩૦ વર્ષના ચાર અજાણ્યા શખ્સો વિરૂદ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, તેઓનો ગાડીઓ લે વેચનો વ્યવસાય છે. જેથી સાહેદ તેમના મિત્ર સાથે ફરિયાદીના વાહન લે વેચના સ્થળે આવી ભોગ બનનારના મિત્રના સંપર્કમાં આવેલા અજાણ્યા ૨૦થી ૩૦ વર્ષની ઉંમરના ઈસમોએ ફરિયાદીના વાહનના ડેલાએ આવ્યા હતા. જ્યાં સ્કોર્પીયો ગાડીની ટેસ્ટ ડ્રાઈવ આપવાના બહાને સાહેદને સાથે બેસાડી લઈ જઈ રસ્તામાં તેને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી સાહેદનો આઈફોન મોબાઈલ કિ.રૂા.૨૦,૦૦૦નો બળજબરીથી લઈ અને સ્કોર્પીયો ગાડી નવા બાયપાસ રોડ ઉપર લઈ ગયા હતા. ત્યાંથી વડાલ ગામથી ગાડી પાછી વળાવી માખિયાળા ગામ પાસેના ઓવરબ્રિજ પાસેથી સાહેદને ઉતારી મૂકી ત્યાંથી બીજા બે અજાણયા ઈસમોને બેસાડી સાહેદને ભૂંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી મૃત્યુ નિપજાવવાનો ડર બતાવી સ્કોર્પીયો ગાડી રજી નં.જીજે ૧૧ બીએચ ૦૦૯૮ કિ.રૂા.૭,૦૦,૦૦૦/- તથા આઈફોન મોબાઈલ ફોન કિ.રૂા.૨૦,૦૦૦/- બળજબરી પૂર્વક લઈ ગયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મછાસરા ગામે ખુલ્લી ગટરમાં પડી જતાં માસૂમ બાળકનું મોત

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૧૬

ભરૂચના આમોદ તાલુકાના મછાસરા ગામે ખુલ્લી ગટરમાં પડી જતા ૨ વર્ષીય બાળકનું મોત નિપજવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર મછાસરા ગામમાં રાત્રિના સમયે ખુલ્લી ગટરમાં પડી જવાથી ૨ વર્ષીય વિહાન શૈલેષ રાઠોડનું મોત થયું હોવાની દુઃખદ ઘટના સામે આવી છે. બનાવને પગલે સમગ્ર ગામમાં શોકનો માહોલ છવાયો છે. પ્રાથમિક માહિતી મુજબ, રહેણાંક વિસ્તારમાં ગટરનું ઢાંકણું ખુલ્લું હોવાના કારણે બાળક તેમાં પડી ગયું હોવાની આશંકા છે. ઘટનાની જાણ થતાં પરિવારજનો અને સ્થાનિક લોકોએ બાળકની કલાકો સુધી શોધખોળ હાથ ધરી હતી. અંતે બાળકનો મૃતદેહ ખુલ્લી ગટરમાંથી મળી આવ્યો હતો.બાળકને બચાવવાના પ્રયાસરૂપે તાત્કાલિક રિક્ષામાં લઈ જવામાં આવ્યું હતું. ત્યારબાદ રસ્તામાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે આમોદ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યું હતું.ઘટનાને પગલે પરિવાર પર દુઃખનું આભ તૂટી પડ્યું છે. રહેણાંક વિસ્તારમાં ખુલ્લી ગટર હોવા છતાં ઢાંકણું કેમ ન મૂકાયું ? તેને લઈને ગ્રામજનોમાં સવાલો ઉઠી રહ્યા છે. બનાવનું ચોક્કસ કારણ તપાસ બાદ જ સ્પષ્ટ થશે. તંત્ર દ્વારા ખુલ્લી ગટરોની તપાસ કરી જરૂરી સુરક્ષાત્મક પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.



### બે પ્રાથમિક શાળા, બે આંગણવાડી અને બે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા માંગ
# ભરૂચના વોર્ડ ૧-૨માં સરકારી સુવિધાઓનો અભાવ જાગૃત નાગરિકોની પાલિકા પ્રમુખને રજૂઆત

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૧૬

ભરૂચ શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા વોર્ડ નં.૧ અને ૨માં અંદાજે ૧૦૦ જેટલી સોસાયટીઓ અને ૫૦થી ૬૦ હજારની વસ્તી હોવા છતાં નગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળા, આંગણવાડી કેન્દ્રો તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધા ઉપલબ્ધ ન હોવાનો મુદ્દો ઉઠ્યો છે. આ અંગે જાગૃત નાગરિક અબ્દુલરઝાક યુસુફ કામઠી સહિતના નાગરિકોએ ભરૂચ નગર સેવાસદનના પ્રમુખ દેવેન્દ્રભાઈ વસાવાને લેખિત રજૂઆત કરી તાત્કાલિક સુવિધાઓ શરૂ કરવાની માંગ કરી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ વોર્ડ નં.૧ અને ૨ના બાળકોને સરકારી પ્રાથમિક શિક્ષણ માટે સંતોષી વસાહત સ્કૂલ તેમજ છીપવાડ-ડુંગરી વિસ્તારમાં આવેલી શાળાઓમાં જવું પડે છે. બાયપાસ વિસ્તારથી આશરે બે કિલોમીટર દૂર આવેલા વિસ્તારોમાં સરકારી શાળાની સુવિધા ન હોવાથી ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના બાળકોને મુશ્કેલી પડતી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. નાગરિકોએ બંને વોર્ડમાં બે નગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળા અને નાના બાળકો માટે બે આંગણવાડી કેન્દ્રો શરૂ કરવાની માંગ કરી છે. ઉપરાંત ગર્ભવતી મહિલાઓને રસીકરણ સહિતની પ્રાથમિક આરોગ્ય સેવાઓ માટે બે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો શરૂ કરવાની પણ રજૂઆત કરાઈ છે. રજૂઆતકર્તાના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૯માં પણ સંબંધિત અધિકારીઓ સમક્ષ આ મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા. તેમ છતાં લાંબો સમય વીતી ગયા બાદ પણ સમસ્યાનો ઉકેલ ન આવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. હવે પાલિકા, શિક્ષણ, આરોગ્ય અને આંગણવાડી વિભાગ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરી પશ્ચિમ વિસ્તારના રહેવાસીઓને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની માંગ ઉઠી છે.


(તસવીર : વાહિદ મશહદી ભરૂચ)

### શાળાઓના બાળકોની સુરક્ષા જોખમમાં !
# ભરૂચના છીપવાડ અને અંજુમન સ્કૂલ પાસે સ્પીડ બ્રેકર મૂકવા માંગ

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૧૬

ભરૂચ શહેરના મદીના હોટલ પાસે આવેલી છીપવાડ સ્કૂલ, અંજુમન સ્કૂલ સહિતની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સુરક્ષાનો મુદ્દો સામે આવ્યો છે. શાળાના શરૂ થવાના અને છૂટવાના સમયે મહંમદપુરાથી સ્ટેશન તરફ જવાના માર્ગ પર વાહનો પુરપાટ ઝડપે દોડતા હોવાના કારણે વિદ્યાર્થીઓને અકસ્માતનું જોખમ રહેતું હોવાથી છીપવાડ અને અંજુમન સ્કૂલ પાસે તાત્કાલિક સ્પીડ બ્રેકર મૂકવાની માંગ ઉઠી છે. આ અંગે અબ્દુલરઝાક યુસુફ કામઠી.. નગરસેવક જુબેર પટેલ તથા ઈમરાન પટેલ આ વિસ્તારમાં ચૂંટાયેલી નગર સેવિકાઓ તેમજ અયુબ બાપુ સાદીકભાઈ લવલી અને શહેરના જાગૃત નાગરિકોએ તા.૧૬ સપ્ટેમ્બરે ભરૂચ નગરપાલિકાના ચીફ ઓફિસર હરીશ અગ્રવાલને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ મદીના હોટલ પાસે ત્રણ જેટલી શાળાઓ આવેલી છે અને તેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. સ્કૂલ શરૂ તથા છૂટવાના સમયે આ મુખ્ય માર્ગ પર વાહનોની અવરજવર વધતી હોવાથી વિદ્યાર્થીઓ માટે જોખમ ઊભું થાય છે. અગાઉ નાના-મોટા અકસ્માતોમાં વિદ્યાર્થીઓને ઈજા થઈ હોવાનો પણ રજૂઆતમાં ઉલ્લેખ કરાયો છે. નાગરિકોએ છીપવાડ સ્કૂલ અને અંજુમન સ્કૂલ પાસે બે સ્પીડ બ્રેકર તાત્કાલિક મૂકવાની માંગ કરી છે. સાથે શહેરમાં અન્ય શાળાઓ પાસે સ્પીડ બ્રેકર મૂકવામાં આવ્યા હોવાનો દાખલો પણ રજૂઆતમાં આપવામાં આવ્યો છે.

## શીલ નજીક બાઈક આડે રોઝડું આવતાં આધેડનું મોત

જૂનાગઢ, તા.૧૬

શીલ નજીક દીવરાણા ધાર નજીક મોટર સાયકલ આડે રોઝડુ ઉતરતા આધેડનું મોત નિપજ્યાનો બનાવ બન્યો છે. પ્રાપ્ત વિગત અનુસાર શીલ પોલીસ મથકે દિનેશભાઈ ઉર્ફે દાસારામ નનેરાએ જાહેર કરેલ કે મૃતક રવજીભાઈ ઘેલાભાઈ નનેરાએ જાહેર કરેલ કે ફરિયાદીના ભાઈ રવજીભાઈ નનેરા પોતાની મોટર સાયકલ નં.જીજે-૧૧-સીજે-૬૨૪૭ લઈ માધવપુર ખાતેથી દેશી દવા લઈ પરત કેવદ્રા ગામ ખાતે જતા હતા ત્યારે નુનારડા ગામના પાટીયાથી ચર ગામ વચ્ચે દીવરાણા ધાર નજીક મોટર સાયકલ આડે રોજડુ ઉતરતા અકસ્માત સર્જાયો હતો. જેમાં રવજીભાઈને ગંભીર ઈજાઓ થતા મોત નિપજ્યાનું શીલ પોલીસ મથકે નોંધાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# લાઠીના આસોદરમાં તળાવમાં ૧૦ વર્ષીય બાળકીનું ડૂબી જવાથી કરૂણ મોત

(સંવાદદાતા દ્વારા)
અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના આસોદર ગામે તળાવના પાણીમાં ડૂબી જવાથી માત્ર ૧૦ વર્ષીય બાળકીનું કરુણ મોત નીપજતા પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. મૃતક બાળકીની ઓળખ જેતાબેન અંતરભાઈ ધુલસીંગભાઈ મીનામાં (ઉં.વ.૧૦) તરીકે થઈ છે. બાળકી હાલ આસોદર ગામે દુલાભાઈ વઘાસીયાની વાડીએ પરિવાર સાથે રહેતી હતી અને મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના કઠીવાડા તાલુકાના કાબરીસેલ ગામના પટેલ ફળિયાની વતની હતી. મળતી વિગતો મુજબ, બાળકી તળાવના પાણીમાં પડી જતાં ઊંડા પાણીમાં ડૂબી ગઈ હતી. બનાવની જાણ થતાં પરિવારજનો દ્વારા તેને બચાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ પાણીમાં ડૂબી જવાથી તેનું મોત નીપજ્યું હતું.ઘટનાની જાણ થતાં પરિવાર પર જાણે દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. નાની ઉંમરની બાળકીનું અચાનક મોત થતાં પરિવારજનોમાં કરુણ આક્રંદ ફેલાયો હતો. આ અંગે બાળકીના પિતા અંતરભાઈ ધુલસીંગભાઈ મીનામાં (ઉં.વ.૩૨) દ્વારા બનાવ અંગે લાઠી પોલીસમાં જાણ કરવામાં આવી હતી. પોલીસે ઘટનાની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### મોટી દેવતી ગામ પાસે દીપડાના પંજા દેખાયા હોવાના અહેવાલ

# સાણંદ પંથકમાં એક મહિનામાં બીજી વખત દીપડો દેખાતા ફફડાટ : શ્વાનનું કર્યું મારણ

## વન વિભાગ દ્વારા પાંજરા મૂકવા સાથે સર્ચ શરૂ : દીપડાના ફૂટ પ્રિન્ટ હોવાની શક્યતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

અમદાવાદ જિલ્લાના સાણંદ પંથકમાં એક મહિનામાં બીજી વખત દીપડા દેખાતા ફફડાટ વ્યાપ્યો છે. મોટી દેવતી ગામ રોડ પાસે દીપડાના પંજા દેખાયા હોવાની સ્થાનિક લોકોએ વન વિભાગને જાણ કરી હતી. જંગલ જેવા વિસ્તારમાં ઈંટોના ભઠ્ઠા નજીક એક શ્વાનનું મારણ પણ કરવામાં આવ્યું છે. જે બાદ વન વિભાગે સર્ચ હાથ ધર્યું અને પાંજરા પણ ગોઠવ્યા છે. જુલાઈ અને ઓગસ્ટ, ૨૦૨૬માં પણ અમદાવાદ શહેર અને સાણંદ તાલુકાની આસપાસ દીપડો ફરી રહ્યો હતો.



સાણંદ રેન્જના વન વિભાગના RFO હરેશભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ગઈકાલે ૧૫ સપ્ટેમ્બરના મોટીદેવતી ગામે દીપડો દેખાયો હોવાની માહિતી મળી હતી. જેના આધારે ટીમ દ્વારા ત્યાં તપાસ કરવામાં આવી હતી અને જે પંજાના ફૂટ પ્રિન્ટ મળી આવ્યા છે તે દીપડાના હોવાની પૂરી શક્યતા છે. હરેશ દેસાઈએ વધુમાં જણાવ્યું કે, અમે દીપડાને પકડવા પાંજરા ગોઠવ્યા છે. અગાઉ પણ મોટી દેવતી ગામ પાસે જ દીપડો દેખાયો હોવાના ફૂટ પ્રિન્ટ મળી આવ્યા હતા અને તેની પાછળના ભાગે જ ફરી એકવાર આ ફૂટ પ્રિન્ટ મળી આવ્યા છે. જેથી દીપડો આસપાસમાં હોવાની શક્યતાના પગલે હાલમાં તેને પકડવા માટે કામગીરી કરવામાં આવી રહી છે.

અમદાવાદના પોશ વિસ્તાર એવા ઘુમામાં પણ દીપડાએ દેખા દીધી હતી. ૧૯ જુલાઈએ મોડી રાત્રે શરણદીપ સોસાયટીના એક બંગ્લોઝમાં કોટ કૂદીને દીપડો ઘૂસ્યો હતો. બાદમાં સોસાયટીના કૂતરા દીપડાની પાછળ દોડ્યા હતા. જેના CCTV પણ સામે આવ્યા હતા. અમદાવાદ શહેરના ઘુમા વિસ્તારમાં જુલાઈમાં મહિનામાં દીપડો દેખાયા બાદ ઓગસ્ટ મહિનામાં સાણંદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ફરી એકવાર દીપડો દેખાયો હતો. મોટી દેવતી ગામ નજીક દીપડો દેખાયો હોવાની માહિતી સામે આવતા વન વિભાગની ટીમ દોડતી થઈ હતી. આ વિસ્તારમાં મળી આવેલા ફૂટ પ્રિન્ટ દીપડાના જ હોવાની વનવિભાગે પુષ્ટિ કરી હતી અને પાંજરા પણ ગોઠવ્યા હતા. વન વિભાગ દ્વારા જાહેર કરાયેલા વર્ષ ૨૦૨૩ના રાજ્યવ્યાપી દીપડાની વસ્તી અંદાજ મુજબ ગુજરાતમાં કુલ ૨,૨૯૪ નોંધાયેલા દીપડા છે, જ્યારે હાલમાં અંદાજિત સંખ્યા આશરે ૨,૬૦૦ જેટલી હોવાનું અધિકારીઓનું માનવું છે. અમદાવાદ, ગાંધીનગર, ખેડા, આણંદ, બોટાદ અને પાટણ જિલ્લામાં દીપડાની નોંધાયેલી વસ્તી નથી.

# ફાર્મસીની સરકારી-ગ્રાન્ટેડ કોલેજોની ૫૦૦થી વધુ ખાલી બેઠકો માટે આજથી ખાસ રાઉન્ડ

## મેડિકલમાં પ્રવેશ મળતા ફાર્મસીમાં ૩૧૭ જેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ રદ કરાવ્યો હતો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ ફાર્મસી કોલેજોમાં ૫૦૦ કરતા વધુ બેઠકો ખાલી પડતા હવે ૧૭ સપ્ટેમ્બરથી ખાસ ઓનલાઈન રાઉન્ડની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ધોરણ-૧૨ સાયન્સ પછી વિદ્યાર્થીઓને નીટની પરીક્ષાના આધારે મેડિકલ, આયુર્વેદ, હોમિયોપેથી અને ડેન્ડલ તેમજ ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ મળતો હોય છે. મેડિકલમાં બે રાઉન્ડમાં પ્રવેશ મળવાના લીધે ફાર્મસીમાંથી ૩૧૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ રદ કરાવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ધોરણ-૧૨ સાયન્સ પછીના ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે એડમિશન કમિટી દ્વારા ૩ ઓનલાઈન કોમન રાઉન્ડની કાર્યવાહી પૂર્ણ કરી દીધી છે. ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસીમાં ત્રણ રાઉન્ડ બાદ હાલ સરકારી અને ગ્રાન્ટેડની ઉત્તર તેમજ મધ્ય ગુજરાતની ફાર્મસી કોલેજોમાં ૫૦૦થી વધુ બેઠકો ખાલી પડી છે. ફાર્મસીમાં અગાઉના ત્રણ ઓનલાઈન રાઉન્ડમાં સરકારી અને ખાનગી કોલેજોમાં પ્રવેશ મેળવનારા અનેક વિદ્યાર્થીઓએ નીટના આધારે મેડિકલ-ડેન્ટલમાં પણ ફોર્મ ભર્યું હતું. દરમિયાન, મેડિકલ અને ડેન્ટલમાં બે રાઉન્ડની પ્રવેશ કાર્યવાહીમાં ફાર્મસીના વિદ્યાર્થીઓને પણ મેડિકલ અને ડેન્ટલમાં પ્રવેશ મળી ગયો હતો. જેથી આ વિદ્યાર્થીઓએ તેમના પ્રવેશ ફાર્મસીમાંથી રદ કરાવ્યા હતા. આવા ૩૧૭ જેટલા વિદ્યાર્થીઓએ ફાર્મસીમાંથી પ્રવેશ રદ કરાવ્યા હતા. જેથી આ ખાલી પડેલી બેઠકો ભરવા માટે એડમિશન કમિટી દ્વારા ગુરૂવારથી ખાસ રાઉન્ડની જાહેરાત કરી છે. જેમાં એડમિશન કમિટી દ્વારા જાહેર કરાયેલા નવા પ્રવેશ કાર્યક્રમ મુજબ ગુરૂવારથી સરકારી અને ગ્રાન્ટેડની ખાલી બેઠકો માટે ઓનલાઈન રાઉન્ડ શરૂ થશે. જેમાં વિદ્યાર્થીએ ૨૨મી સુધીમાં કન્સન્ટ આપીને ચોઈસ ફિલિંગ કરવાનું રહેશે. ૨૫મીએ સીટ એલોટમેન્ટ જાહેર કરવામાં આવશે, જ્યારે ૨૯મી સુધી પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે.

### સિવિલ હોસ્પિટલમાં મોટો વિવાદ

# ફ્રી સુવિધા છતાં દર્દીઓના બ્લડ સેમ્પલ ખાનગી લેબમાં મોકલાયાનો આક્ષેપો

## સમગ્ર મામલે ટ્રોમા સેન્ટરમાં ફરજ બજાવતા ડોક્ટરોની ભૂમિકા સામે ગંભીર સવાલો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

એશિયાની સૌથી મોટી ગણાતી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓના બ્લડ ટેસ્ટને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારના લેબોરેટરી ટેસ્ટ તબીબી પ્રોટોકોલ મુજબ નિઃશુલ્ક (ફ્રી) થતા હોવા છતાં દર્દીઓના બ્લડ સેમ્પલ બહારની ખાનગી લેબમાં મોકલવામાં આવી રહ્યા હોવાના સળગતા આક્ષેપો સામે આવ્યા છે. આ સમગ્ર મામલે હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં ફરજ બજાવતા ડોક્ટરોની ભૂમિકા સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે.

મળતી વિગતો અનુસાર, સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલ ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ પાસેથી ખાનગી લેબમાં ટેસ્ટ કરાવવાના નામે નાણાં વસૂલવામાં આવ્યા હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, એક જ દર્દીના બે-બે વખત બ્લડ સેમ્પલ લેવામાં આવ્યા હોવાનો દાવો પણ પીડિત પક્ષ દ્વારા કરાયો છે. સરકારી સુવિધાઓ પર્યાપ્ત હોવા છતાં દર્દીઓને ખાનગી લેબમાં ધકેલીને આર્થિક રીતે હેરાન કરવામાં આવી રહ્યા હોવાની વિગતો પ્રકાશમાં આવી છે.

આ સમગ્ર ગેરરીતિ અને ખાનગી લેબ સાથેના કમિશન સેટિંગની આશંકા સામે પીડિત દર્દી અને તેમના પરિવારજનોએ હોસ્પિટલ પ્રશાસન તેમજ રાજ્યના આરોગ્ય વિભાગ સમક્ષ તટસ્થ અને સઘન તપાસની માંગ કરી છે. ડોક્ટરો અને ખાનગી લેબોરેટરીઓ વચ્ચે કોઈ આંતરિક મિલીભગત છે કે કેમ તે દિશામાં યોગ્ય પગલાં લેવાની માંગ ઉઠી છે. આ વિવાદ સામે આવ્યા બાદ સિવિલ હોસ્પિટલ પ્રશાસન અને ટ્રોમા સેન્ટરના સ્ટાફમાં ભારે ખળભળાટ મચી જવા સાથે તે અંગેની ચર્ચા પણ વ્યાપક બની છે.

# શારદા સ્કૂલને વિદ્યાર્થી ઈજાગ્રસ્ત થવાની ઘટનાના CCTV મુદ્દે ૧૦ હજારનો દંડ કરાયો

## વિદ્યાર્થીને હાથમાં તીક્ષ્ણ વસ્તુ વાગતા ટાંકા લેવા પડ્યા હતા; ઘટના સમયના જ CCTV ફૂટેજ ગાયબ હતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

ભુયંગદેવ ખાતે આવેલી શારદા વિદ્યા મંદિર શાળામાં વિદ્યાર્થી ઈજાગ્રસ્ત થવાની ગંભીર ઘટના બાદ CCTV ફૂટેજ ગાયબ હોવા અંગે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા છે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટની જોગવાઈ હેઠળ શાળા સંચાલકોને રૂા.૧૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.

મળતી વિગતો અનુસાર, ભુયંગદેવ ખાતે સ્વામિ વિવેકાનંદ રોડ પર આવેલી શારદા વિદ્યા મંદિર શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી મયુર દેસાઈને અચાનક હાથના ભાગે તીક્ષ્ણ વસ્તુ વાગતાં ગંભીર ઈજા પહોંચી હતી. ઈજા એટલી ગંભીર હતી કે, તેને તાત્કાલિક સારવાર અર્થે ખસેડીને હાથ પર ટાંકા લેવાની ફરજ પડી હતી. ઘટના કઈ રીતે અને કયા સંજોગોમાં બની તે અંગે ઘાયલ વિદ્યાર્થી પોતે અજાણ હતો. બનાવની સત્યતા જાણવા માટે વિદ્યાર્થીના વાલીઓ દ્વારા શાળા તંત્ર પાસે CCTV ફૂટેજ બતાવવા માટે રજૂઆત કરવામાં આવી હતી. વાલીઓ જ્યારે CCTV ફૂટેજ જોવા માંગતા હતા, ત્યારે શાળા તંત્ર દ્વારા તેમને તરત ફૂટેજ બતાવવાને બદલે અવારનવાર નવી તારીખો અને મુદતો આપવામાં આવી હતી. આખરે લાંબી મુદતો આપ્યા બાદ શાળા દ્વારા એવો જવાબ આપવામાં આવ્યો હતો કે ઘટના બની તે સમયના જ CCTV ફૂટેજ ઉપલબ્ધ નથી. આ ઘટનાના પગલે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા નિરીક્ષકોને શાળાની સરપ્રાઈઝ તપાસ હાથ ધરવા માટે મોકલ્યા હતા. સમગ્ર બાબત અને તપાસ અહેવાલને ધ્યાને રાખી, શિક્ષણ વિભાગના ઠરાવ અનુસાર અને રાઈટ ટુ એજ્યુકેશન એક્ટની જોગવાઈ અનુસાર, અમદાવાદ શહેર પશ્ચિમના જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શારદા વિદ્યા મંદિર સ્કૂલને રૂા.૧૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. દંડની રકમ સત્વરે બે દિવસમાં ચલણથી સરકારી તિજોરીમાં જમા કરાવવા અને શાળામાં હાલ CCTV ફૂટેજ ઉપલબ્ધ છે અને કેમેરા કાર્યરત છે તેના જરૂરી પુરાવા પણ કચેરીમાં રજૂ કરવા આદેશ અપાયો છે.

### ફાયર વિભાગના અધિકારી સામે ACB ટ્રેપ

# ચૂંટણીના માહોલ વચ્ચે મહાપાલિકાના ફાયર વિભાગમાં ACBનો સપાટો

## ફરિયાદના આધારે ACBએ છટકું ગોઠવી ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસરને લાંચ લેતા ઝડપ્યા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર મહાનગર પાલિકાના ફાયર વિભાગમાં લાંચના મામલે એન્ટી કરપ્શન બ્યુરો (ACB)એ કાર્યવાહી કરી છે. ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર રાજેશ પટેલને રૂા.૨૦ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા હોવાની માહિતી સામે આવી છે.

મળતી પ્રાથમિક માહિતી મુજબ, ફાયર વિભાગ સાથે જોડાયેલા કામ માટે લાંચની માંગણી કરવામાં આવી હતી. ફરિયાદના આધારે ACBએ છટકું ગોઠવી ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર રાજેશ પટેલને રૂા.૨૦ હજારની લાંચ સ્વીકારતા ઝડપી પાડ્યા છે. ગાંધીનગર મનપાની ચૂંટણી જાહેર થવાના માહોલ વચ્ચે ફાયર વિભાગમાં ACBની કાર્યવાહીથી વહીવટી તંત્રમાં ચર્ચા તેજ બની છે. જોકે, લાંચ કયા કામ માટે માંગવામાં આવી હતી અને ટ્રેપની સંપૂર્ણ વિગતો અંગે ACBની સત્તાવાર માહિતીની રાહ જોવાઈ રહી છે. આ મામલે ACBએ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે અને વધુ તપાસ હાથ ધરી છે.

### શીલજ હિટ એન્ડ રનનો ચર્ચાસ્પદ અને ભાવુક કેસ

# પતિની નજર સામે નવપરિણીત પત્નીને અડફેટે લેનાર આરોપી આખરે ઝડપાઈ ગયો

## હોસ્પિટલમાં દાખલ આરોપી રજા લીધા વિના ફરાર થઈ ગયો હતો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૬

અમદાવાદના શીલજ કેનાલ રોડ પર ગત ૧૧ સપ્ટેમ્બરના મોડી રાત્રે બેફામ ટુ વ્હીલરની ટક્કરથી એક્સેસ લઈને જતી ૨૯ વર્ષીય નવપરિણીતા નિશી દરજીનું મોત નીપજ્યું હતું. આ ઘટના સંદર્ભે બોપલ પોલીસ સ્ટેશનમાં ટુ વ્હીલર ચાલક સામે ગુનો નોંધાયો હતો. તેવામાં પત્નીના મોત બાદ પતિએ ન્યાયની માગ કરતો ભાવુક વીડિયો સોશિયલ મીડિયામાં શેર કર્યો હતો. આ શીલજ હિટ એન્ડ રન કેસ મામલે બોપલ પોલીસે આરોપી સુનિલ પરમારની રાજસ્થાનના ડુંગરપુરથી ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ ગુનાની તપાસ દરમિયાન પોલીસે સીસીટીવી ફૂટેજ અને સાક્ષીઓના આધારે અકસ્માત સર્જનાર આરોપીની ઓળખ ૧૯ વર્ષીય સુનિલ ઉર્ફે સુણકો ગણેશ પરમાર તરીકે કરી હતી. અકસ્માત બાદ આરોપી સારવાર અર્થે સોલા સિવિલ હોસ્પિટલમાં દાખલ હતો, જ્યાંથી તે ડૉક્ટરની રજા લીધા વિના જ ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ બોપલ પોલીસે ટીમો બનાવીને તપાસ હાથ ધરી હતી અને ફરાર આરોપી સુનિલને તેના વતન રાજસ્થાનના ડુંગરપુર ખાતેથી ઝડપી પાડી આજે(૧૬ સપ્ટેમ્બર) સવારે તેની સત્તાવાર ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, આરોપી સુનિલ મૂળ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાનો નિવાસી છે અને છેલ્લા ૩ વર્ષથી અમદાવાદના થલતેજ વિસ્તારમાં ઘરઘાટી તરીકે કામ કરે છે. ઘટનાની રાત્રે સુનિલ પોતાનું કામ પૂરૂં કરીને મિત્રનું બાઈક લઈને સિગરેટ પીવા નીકળ્યો હતો, જેની પાછળ તેનો મિત્ર જીતેન્દ્ર મીણા પણ સવાર હતો અને તેણે ઉતાવળમાં ફુલ સ્પીડમાં બાઈક હંકાવ્યું હતું. અકસ્માત થયા બાદ આરોપી ૧૦૮ એમ્બ્યુલન્સમાં સોલા સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ થયો હતો. પણ પોતે ખૂબ ડરી ગયો હોવાથી ડૉક્ટરની પરમિશન કે કોઈને જાણ કર્યા વગર જ અધૂરી સારવાર છોડીને પોતાના મિત્રના ઘરે અને ત્યાંથી રાજસ્થાનમાં પોતાના વતન ભાગી ગયો હતો. સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ અમે ફોરેન્સિક તપાસ માટે મોકલી આપ્યા છે. પ્રાથમિક અનુમાન મુજબ, બાઈકની સ્પીડ ૮૦થી ૧૦૦ વચ્ચે હોઈ શકે છે, પરંતુ ચોક્કસ ઝડપ એફએસએલનો રિપોર્ટ આવ્યા બાદ જ કહી શકાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શીલજ ડી.પી.એસ. કેનાલ રોડ પર માધવ અધવેદ કોમ્પ્લેક્સ પાસે ગરબા ક્લાસ પૂર્ણ કરી પતિ-પત્ની અલગ અલગ ટુ-વ્હીલરથી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે બે મહિના પહેલાં જ પરણેલી નવવધૂનો અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ટક્કર એટલી પ્રચંડ હતી કે નવવધૂ વાહન સાથે ૧૦ ફૂટ સુધી ઢસડાઈ હતી. અકસ્માત સર્જી બાઈકચાલક વાહન સ્થળ પર જ મૂકી ફરાર થઈ ગયો હતો. સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. બોપલ ખાતે રહેતા અને વ્યવસાયે કોરિયોગ્રાફર હાર્દિક દરજી હાલ સાયન્સ સિટી ખાતે બ્લૂમિંગ કેમ્પમાં ગરબા ક્લાસ ચલાવે છે. બે મહિના પૂર્વે જ તેમના લગ્ન વસ્ત્રાપુરની નિશી સાથે થયા હતા. ૧૧ સપ્ટેમ્બરે ક્લાસ પૂર્ણ કર્યા બાદ હાર્દિક પોતાના બાઈક પર અને નિશી એક્સેસ પર ઘર તરફ નીકળ્યા હતા. આ દરમિયાન ડી.પી.એસ. કેનાલ રોડ પર માધવ અધવેદ કોમ્પ્લેક્સ પાસે રોડ ક્રોસ કરતી વેળાએ પૂરપાટ ઝડપે આવેલા બાઈકે નિશીના વાહનને અડફેટે લીધું હતું.

# ગુજરાત ભાજપ સંગઠનમાં મોટા ફેરફાર નવા ૧૧ કારોબારી સભ્યોની કરાઈ નિમણૂક

## ૭ જિલ્લાઓના પ્રભારીની પણ નિમણૂક; ઝોનના સહપ્રભારીની જાહેરાત

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત ભાજપ દ્વારા તાજેતરમાં જ સંગઠનને વધુ સુદ્રઢ અને સક્રિય બનાવવાના હેતુથી અગત્યની સંગઠનાત્મક નિમણૂકો કરવામાં આવી છે. ૬ જિલ્લા અને મહાનગરના નવનિયુક્ત પ્રભારીઓની જવાબદારી સોંપવામાં આવી છે, જ્યારે પ્રદેશ કારોબારી સમિતિમાં ૧૧ અનુભવી નેતાઓની નિમણૂક કરવામાં આવી છે. આ ઉપરાંત, પક્ષના કામકાજને ઝોન કક્ષાએ વધુ વેગવંતું બનાવવા માટે સેલ સંકુલ યોજના હેઠળ ચારેય ઝોનમાં સહ-પ્રભારીઓની પણ જાહેરાત કરાઈ છે. જાહેર કરવામાં આવેલી આ યાદી મુજબ તમામ હોદ્દેદારોની નિમણૂક તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવી છે.

જિલ્લા/મહાનગરના નવા નિયુક્ત પ્રભારીઓમાં

આણંદમાં રાજેન્દ્ર ત્રિવેદી (વડોદરા શહેર), નર્મદા ડૉ. મુકેશ રાઠવા (છોટાઉદેપુર), દાહોદ શશિકાંત પંડ્યા (બનાસકાંઠા), ગીર સોમનાથ શરદ લાખાણી (અમરેલી), મહીસાગર વિશાલ ભરવાડ (કર્ણાવતી), ડાંગ શિલ્પેશ દેસાઈ (વલસાડ)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત પ્રદેશ કારોબારીના નવા સભ્યો એટલે કે અન્ય જવાબદારીઓ મળવાને કારણે ખાલી પડેલી જગ્યાઓ પર ૧૧ જેટલા અનુભવી નેતાઓની પ્રદેશ કારોબારી સભ્ય તરીકે નિમણૂક કરાઈ છે. જેમાં રાજેન્દ્ર ત્રિવેદી (વડોદરા શહેર), ડૉ. મુકેશ રાઠવા (છોટાઉદેપુર), શરદ લાખાણી (અમરેલી), કિશોર ગાવિત (ડાંગ), મનીષ પટેલ (કર્ણાવતી), અરૂણાબેન ચૌધરી (ગાંધીનગર જિલ્લો), શિલ્પેશ દેસાઈ (વલસાડ), વિશાલ ભરવાડ (કર્ણાવતી), નંદિતાબેન ઠાકુર (ખેડા), ડૉ. જાનકીબેન આચાર્ય (કર્ણાવતી), કનુભાઈ અરવિંદભાઈ પટેલ (મહેસાણા)

પાર્ટીના કામકાજને વેગ આપવા માટે ચારેય ઝોનમાં સહ-પ્રભારીઓની જાહેરાત કરવામાં આવી છેઃ જેમાં દક્ષિણ ઝોન રાજેશ દેસાઈ (સુરત શહેર), મધ્ય ઝોન રજુભાઈ પટેલ-માસ્તર (કર્ણાવતી), ઉત્તર ઝોન હાર્દિકસિંહ ડોડીયા (અમદાવાદ જિલ્લો), સૌરાષ્ટ્ર ઝોન જાનકીબેન આચાર્ય (કર્ણાવતી)નો સમાવેશ થાય છે.

# અમદાવાદ મ્યુનિ. સંલગ્ન સંસ્થાઓમાં નિવૃત્ત કર્મીઓને કોન્ટ્રાક્ટ પર રાખવા સામે સવાલો

## કોન્ટ્રાક્ટ કર્મીઓને હટાવી તાકીદે નવી ભરતી નહીં કરાય તો આંદોલનની ચીમકી

અમદાવાદ, તા.૧૬

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની સંલગ્ન સંસ્થાઓમાં નિવૃત્ત થયેલા વર્ગ-૧થી ૪ના અધિકારીઓ-કર્મચારીઓને ગેરકાયદેસર કોન્ટ્રાક્ટ બેઝ પર પુનઃનિયુક્તિ આપી યુવાઓના ભવિષ્ય સાથે થતા ખીલવાડ અને ભાજપ શાસકોની નીતિઓ સામે વિરોધ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની સંલગ્ન વિવિધ સંસ્થાઓમાં શાસક ભાજપ પાર્ટી દ્વારા ભ્રષ્ટાચાર અને પોતાના માનીતાઓને સાચવવાની નીતિ પરાકાષ્ઠાએ પહોંચી છે. તેવા આક્ષેપો કરતા અમદાવાદ શહેર કોંગ્રેસના પ્રવક્તા એડવોકેટ અતિક સૈયદે જણાવ્યું છે કે, AMCની વિવિધ સંસ્થાઓ અને વિભાગોમાંથી નિવૃત્ત થઈ ચૂકેલા વર્ગ-૧થી ૪ના અધિકારીઓ અને કર્મચારીઓને નિવૃત્તિ બાદ પણ તગડા પગાર આપી કોન્ટ્રાક્ટ બેઝ પર પુનઃ નોકરી પર રાખવામાં આવી રહ્યા છે. એક તરફ શહેરનો શિક્ષિત યુવાન બેરોજગારીના ખપ્પરમાં હોમાઈ રહ્યો છે, ત્યારે બીજી તરફ ભાજપ શાસકો નિવૃત્ત લોકોને ફરી ગોઠવીને યુવાઓના હક્ક પર તરાપ મારી રહ્યા છે. મળેલી માહિતી મુજબ, AMC દ્વારા કોન્ટ્રાક્ટ બેઝ પર ગેરકાયદેસર રીતે ફરી નિમણૂક આપી ઘણા બધા અધિકારી-કર્મચારીને કાર્યરત કરાયા છે. જેમાં સાબરમતી રિવરફ્રન્ટના ચીફ જનરલ મેનેજર ડેપ્યુટી જનરલ મેનેજર તેમજ SVP હોસ્પિટલમાં સિનીયિર ક્લાર્ક, ક્લિનિકલ સાયકોલોજિસ્ટ હિંમત સિસોદિયા ફાયર ઓફિસર તથા નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજમાં ડીન અને ફાયર ઓફિસરથી લઈને નગરી હોસ્પિટલ, એલ.જી. હોસ્પિટલ, મ્યુનિ. સ્કૂલ બોર્ડ, એન.એચ.એલ મેડિકલ કોલેજ, એમ.જે. લાયબ્રેરી વગેરેમાં જુદી-જુદી પોસ્ટ ઉપર કોન્ટ્રાક્ટ બેઝ પર નિવૃત્ત થયેલ અધિકારી-કર્મચારીઓ ફરજ બજાવી રહેલ છે. તેમણે વધુમાં સવાલો ઉઠાવતા જણાવ્યું છે કે, ગુજરાતમાં- અમદાવાદમાં ભણેલા-ગણેલા અને લાયક યુવાનોની અછત છે કે નિવૃત્ત થઈ ગયેલા લોકોને જ વારંવાર કોન્ટ્રાક્ટ આપવો પડે છે ? વર્ગ-૧થી ૪ની કાયમી જગ્યાઓ બહાર પાડીને નિષ્પક્ષ ભરતી કરવાને બદલે ભાજપ સરકાર પોતાના મળતિયાઓને જ સાચવવા માંગે છે ? એક તરફ યુવાનોને ફિક્સ પ્લે અને કોન્ટ્રાક્ટમાં અલ્પ માનદવેતન આપી શોષણ કરવામાં આવે છે, બીજી તરફ નિવૃત્ત અધિકારીઓને મનસ્વી રીતે બેસાડીને પ્રજાના ટેક્સના પૈસાથી મોટો પગાર આપવામાં આવે છે. ત્યારે શહેર કોંગ્રેસ સમિતિ માંગ કરે છે કે નિવૃત્ત અધિકારીઓ/કર્મચારીઓને તાત્કાલિક અસરથી કોન્ટ્રાક્ટ પરથી દૂર કરવામાં આવે અને વર્ગ-૧થી ૪ની તમામ ખાલી જગ્યાઓ પર બેરોજગાર યુવાનો માટે કાયમી ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવે. જો આ બાબતે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો કોંગ્રેસ પક્ષ યુવાનોના હક્ક માટે ઉગ્ર આંદોલન કરશે. તેમ વધુમાં તેમણે જણાવ્યું છે.

### સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ નહીં

# ખોડિયારનગર પાસે બેકાબૂ કાર રોડના ડિવાઈડર પર ચડી ગઈ

## કારના ચાલકે અચાનક વાહન પરનો કાબૂ ગુમાવી દેતાં સર્જાઈ ઘટના

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં ખોડિયારનગર પાસે બેકાબૂ કાર ડિવાઈડર પર ચડી ગઈ હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી; પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે.

અમદાવાદ શહેરના દક્ષિણ ઝોનમાં આવેલા દાણીલીમડા વિસ્તારમાં ખોડિયારનગર પાસે એક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. પૂરપાટ ઝડપે આવી રહેલી એક કારના ચાલકે અચાનક વાહન પરનો કાબૂ ગુમાવી દેતાં કાર રોડ વચ્ચે આવેલા ડિવાઈડર પર ચડી ગઈ હતી. અકસ્માત એટલો અચાનક સર્જાયો હતો કે આસપાસના વાહનચાલકોમાં થોડીવાર માટે અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી અને કારમાં સવાર લોકો તેમજ માર્ગ પરથી પસાર થતા અન્ય રાહદારીઓનો ચમત્કારિક બચાવ થયો છે.

ઘટના અંગે જાણ થતાં જ પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. કાર કયા કારણોસર બેકાબૂ થઈ તેમાં યંત્રાણાત્મક ખામી હતી કે સ્ટેઅરિંગ લોક થઈ ગયું હતું અથવા ચાલકની બેદરકારી હતી તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### હૂથીના હુમલાથી સઉદી ટેન્શનમાં

# યુદ્ધ જેવી સ્થિતિ વચ્ચે પ્રિન્સ સલમાને ઈજિપ્ત પાસે સમર્થન માગ્યું

(એજન્સી) રિયાધ, તા.૧૬



મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ વચ્ચે સઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને મંગળવારે કાહિરામાં ઈજિપ્તના પ્રમુખ અબ્દેલ ફતાહ અલ-સીસી સાથે મહત્ત્વપૂર્ણ મુલાકાત કરી છે. આ બેઠક એવા સમયે થઈ છે જ્યારે યમનના હૂથી બળવાખોરો દ્વારા સતત કરવામાં આવી રહેલા હુમલાઓને કારણે વૈશ્વિક દરિયાઈ વેપાર માર્ગો ગંભીર રીતે પ્રભાવિત થયા છે અને દુનિયાભરમાં ઓઈલની કિંમતોમાં મોટો ઉછાળો આવ્યો છે. ઈજિપ્તના પ્રમુખ કાર્યાલયે આ કટોકટીભર્યા સમયમાં સઉદી અરેબિયાને સંપૂર્ણ અને અટૂટ

## યમનમાં ફરી ભીષણ લડાઈ શરૂ થવાથી સામાન્ય નાગરિકોના જીવન પર ગંભીર જોખમ ઊભું થયું

સમર્થન જાહેર કર્યું છે.અધિકારીઓના જણાવ્યા મુજબ, ઈરાકમાં ઈરાન સમર્થિત જૂથોના હુમલાને કારણે સઉદી અરેબિયાની ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈન રિપેરિંગ કામ માટે આગામી કેટલાક અઠવાડિયા સુધી બંધ રહે તેવી શક્યતા છે. તેના કારણે વૈશ્વિક બજારમાં દરરોજ લાખો બેરલ ક્રૂડ ઓઈલની ભારે અછત સર્જાી શકે છે. આ તરફ, હૂથી લડાયકોએ લાલ સમુદ્રના મોખા બંદર અને બાબ અલ-મંદેબ સ્ટ્રેટ નજીકના ત્રણ મહત્ત્વપૂર્ણ ટાપુઓ પર કબજો કરીને પોતાની તાકાત વધારી લીધી છે. આ સ્થિતિ વચ્ચે યુકેના વડા પ્રધાનના પ્રવક્તાએ ચેતવણી આપી છે કે હૂથીઓએ તુરંત હુમલા રોકવા જોઈએ, કેમ કે સઉદી અરેબિયા અને યમનને પોતાનું રક્ષણ કરવાનો પૂરો અધિકાર છે.યમનમાં ફરી ભીષણ લડાઈ શરૂ થવાથી સામાન્ય નાગરિકોના જીવન પર ગંભીર જોખમ ઊભું થયું છે. યુએનની શરણાર્થી એજન્સીના રિપોર્ટ મુજબ, ૨૦૦૦થી વધુ યમન નાગરિકો જીબુતી પહોંચી ચૂક્યા છે, જ્યારે ૧ લાખથી વધુ લોકો યમનની અંદર જ વિસ્થાપિત થયા છે. આ વિકટ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સંયુક્ત રાષ્ટ્રના માનવીય બાબતોના પ્રમુખ ટોમ ફ્લેચરે યમનમાં વિસ્થાપિત લોકોની મદદ માટે ૯ મિલિયન ડૉલરનું કટોકટી ફંડ ફાળવવાની જાહેરાત કરી છે.દરમિયાન, અમેરિકન સેનાએ ઈરાન પાસે સમુદ્રમાં એક ડ્રોન જહાજને પકડવાની કોશિશ કરી રહેલી બે ઈરાની બોટ સામે કડક કાર્યવાહી કરી છે. આ તરફ, ઈરાની સરકારી ટીવીએ જણાવ્યું છે કે અમેરિકન અને ઈઝરાયલી હુમલાઓ બાદ સામાન્ય નાગરિકોને તાલીમ આપવા માટે નવી ભરતી ઝુંબેશ શરૂ કરવામાં આવી છે, જેને ‘જાનફદા’ (પોતાનો જીવ કુર્બાન કરનાર) નામ આપવામાં આવ્યું છે. આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે ગાઝામાં ઈઝરાયલી હુમલાઓ ચાલુ છે, જેમાં તાજેતરમાં વધુ લોકોના મોત થયા છે. જોકે, અમેરિકન વિદેશ વિભાગ દ્વારા ઓમાનના માધ્યમથી ઈરાન સાથે યુદ્ધવિરામ બચાવવા અને હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટેના પ્રયાસો પણ ચાલુ છે.

### મહાયુદ્ધના ભણકારાં વચ્ચે

# અમેરિકા-ઈઝરાયલ અને આઠ અરબ દેશોના સૈન્ય પ્રમુખો વચ્ચે ગુપ્ત મીટિંગ

## બેઠકમાં ઈઝરાયલ ઉપરાંત સાઉદી અરેબિયા, યુનાઈટેડ આરબ એમિરેટ્સ, બહેરીન, કુવૈત, કતાર, જોર્ડન અને ઈજીપ્તના ટોચના સૈન્ય કમાન્ડરો પણ જોડાયા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

ઈરાન સાથે ચાલી રહેલા તણાવ અને હૂથી હુમલાઓના વધતા જોખમ વચ્ચે અમેરિકા, ઈઝરાયલ અને 8 અરબ દેશોના સૈન્ય પ્રમુખોની એક અત્યંત મહત્ત્વપૂર્ણ બેઠક જર્મનીમાં યોજાઈ છે. ગત અઠવાડિયે મળેલી આ ગુપ્ત બેઠકમાં મધ્ય પૂર્વમાં સુરક્ષા સહયોગ વધારવા અને વર્તમાન કટોકટી અંગે ચર્ચા કરવામાં આવી હતી.એક મીડિયા રિપોર્ટ મુજબ, આ બેઠકનું આયોજન અમેરિકાના સેન્ટકૉમ કમાન્ડર એડમિરલ બ્રાડ કૂપરે કર્યું હતું. આ બેઠકમાં ઈઝરાયલ ઉપરાંત સાઉદી અરેબિયા, યુનાઈટેડ આરબ એમિરેટ્સ (UAE), બહેરીન, કુવૈત, કતાર, જોર્ડન અને ઈજીપ્તના ટોચના સૈન્ય કમાન્ડરો સામેલ થયા હતા. ખાસ વાત એ છે કે આમાં કેટલાક એવા અરબ દેશો પણ સામેલ હતા, જેમના ઈઝરાયલ સાથે રાજદ્વારી સંબંધો નથી. અમેરિકાએ આ બેઠકમાં સ્પષ્ટ કર્યું છે કે ઈરાની હુમલાઓ છતાં તે મધ્ય પૂર્વમાંથી પોતાની સેના હટાવવાની કોઈ યોજના ધરાવતું નથી.વર્ષ 2020ના અબ્રાહમ કરાર



બાદ ઈઝરાયલ અને અરબ દેશો વચ્ચે સૈન્ય સહયોગ સતત વધી રહ્યો છે. ઈરાન સાથેના સંઘર્ષ દરમિયાન ઈઝરાયલે UAEને આયર્ન ડૉમ સિસ્ટમ અને તેને સંચાલિત કરવા માટે પોતાના કર્મચારીઓ મોકલવાની સાથે રિયલ-ટાઈમ ઈન્ટેલિજન્સ અને સર્વેલન્સ (ISR) જેવી મદદ પણ પૂરી પાડી છે. હાલમાં, હૂથીઓ દ્વારા વધી રહેલા હુમલાઓના પગલે સેન્ટકૉમના માધ્યમથી ઈઝરાયલ અને સાઉદી અરેબિયા વચ્ચે પણ ચર્ચાઓ ચાલી રહી છે કે ઈઝરાયલ કઈ રીતે સાઉદી સૈન્ય ઓપરેશન્સમાં મદદરૂપ બની શકે છે.

# હૂથીઓએ મક્કાને નિશાન બનાવવાનો ઈન્કાર કર્યો, સઉદીના આક્ષેપોને ‘જૂઠ’ ગણાવ્યા

## સુરક્ષા ચિંતાઓને પગલે અમેરિકાએ સઉદી અરેબિયા માટે ‘લેવલ ૩’ ટ્રેવલ એડવાઈઝરી જાહેર કરી

(એજન્સી) તા.૧૬

યમનના હૂથી જૂથે સઉદી અરેબિયાના એ આક્ષેપને સ્પષ્ટપણે ફગાવી દીધો છે કે તેમણે પવિત્ર શહેર મક્કા તરફ ડ્રોન હુમલો કર્યો હતો. હૂથી સંગઠને ભારપૂર્વક જણાવ્યું છે કે, યમન તરફથી પવિત્ર મક્કા શહેર કે અન્ય ઈસ્લામિક પવિત્ર સ્થળોને કોઈ પણ પ્રકારનો ખતરો નથી. બુધવાર, ૧૬ સપ્ટેમ્બરના રોજ હૂથી સૈન્ય પ્રવક્તા યાહ્યા સરીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર નિવેદન આપતા કહ્યું હતું કે, તેમના સૈન્ય ઓપરેશન્સ પવિત્ર સ્થળોથી દૂર આવેલા સાઉદીના તેલ ક્ષેત્રો અને સૈન્ય બેઝને જ નિશાન બનાવે છે. આ ઉપરાંત તેમણે દાવો કર્યો હતો કે, યમનના મારબ ગવર્નરેટ પર સઉદીના F-15 ફાઈટર જેટને સ્થાનિક સ્તરે બનાવાયેલી મિસાઈલ વડે તોડી પાડવામાં આવ્યું છે. હૂથી રાજકીય બ્યુરોના સભ્ય હેઝામ અલ-અસદે પણ મક્કા પર હુમલાના દાવાઓને ‘બકવાસ અને જૂઠ’ ગણાવ્યા હતા. આ અગાઉ સઉદી અરેબિયાએ જાહેરાત કરી હતી કે તેની એર ડિફેન્સ સિસ્ટમે મંગળવાર, ૧૫ સપ્ટેમ્બરની સાંજે મક્કાના દક્ષિણ વિસ્તારમાં એક વિસ્ફોટક ડ્રોનને પવિત્ર શહેરની સીમામાં પ્રવેશ કરે તે પહેલાં જ હવામાં તોડી પાડ્યું હતું. આ ઘટના બાદ ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન (OIC) અને પાકિસ્તાને આ કથિત હુમલાની સખત શબ્દોમાં નિંદા કરી હતી. પાકિસ્તાનના ઉપપ્રધાનમંત્રી અને વિદેશ મંત્રી ઈશાક દારે આ ઘટનાને સઉદીની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન ગણાવી સઉદી અરેબિયા પ્રત્યે પોતાનું સમર્થન જાહેર કર્યું હતું. બીજી તરફ વિસ્તારમાં વધતી જતી અશાંતિ અને ઈરાની ડ્રોન-મિસાઈલ હુમલાના જોખમને ધ્યાનમાં રાખીને યુનાઈટેડ સ્ટેટ્સ (US) સ્ટેટ ડિપાર્ટમેન્ટે ૧૫ સપ્ટેમ્બરે પોતાના નાગરિકો માટે ‘લેવલ ૩ - રીકન્સીડર ટ્રેવલ’ (મુસાફરી પર પુનર્વિચાર કરો) એડવાઈઝરી જારી કરી છે. ખાસ કરીને યમન સરહદ નજીકના વિસ્તારોમાં ન જવાની સલાહ આપવામાં આવી છે. સંયુક્ત રાષ્ટ્ર (UN)ના સહાયક મંત્રી-જનરલ ખાલેદ ખિયારીએ પણ સુરક્ષા પરિષદને ચેતવણી આપી છે કે હૂથી દળો લાલ સમુદ્ર (Red Sea) અને બાબ અલ-મંદબ તરફ આગળ વધી રહ્યા છે, જેનાથી સમગ્ર પ્રદેશની દરિયાઈ અને સૈન્ય સુરક્ષા સામે મોટો ખતરો ઊભો થયો છે.

# ઈઝરાયેલી દળોએ ગર્ભવતી પેલેસ્ટીની મહિલાને દુર્વ્યવહાર અને સુવિધાઓના અભાવ વચ્ચે જેલમાં બાળકને જન્મ આપવા મજબૂર કરી

## ‘આયોજિત આતંકનો આ સિલસિલો આંતરરાષ્ટ્રીય સમુદાયના હસ્તક્ષેપ વિના કેવી રીતે અવિરત ચાલુ રહી શકે ?’

(એજન્સી) તા.૧૬

ઈઝરાયેલી સત્તાવાળાઓ દ્વારા ગર્ભાવસ્થા દરમિયાન અટકાયતમાં લેવામાં આવેલી એક પેલેસ્ટીની મહિલાએ સોમવારે ઈઝરાયેલી જેલમાં એક પુત્રીને જન્મ આપ્યો. પેલેસ્ટીની કમિશન ફોર ડિટેનીઝ એન્ડ એક્સ-ડિટેનીઝ અફેર્સ (અટકાયતીઓ અને પૂર્વ અટકાયતીઓના મામલા માટેનું પંચ) એ જણાવ્યું હતું કે નેબ્લસ ગવર્નરેટના ‘ઈરાક અલ-તાયેહ’ નગરની રહેવાસી ૩૫ વર્ષીય અટકાયતી દાના જોદેહે ‘ડેમોન જેલ’માં પોતાની પુત્રીને જન્મ આપ્યો. પંચે તેના અને તેના નવજાત શિશુના જીવન માટે ઈઝરાયેલી કબજેદાર સત્તાવાળાઓ અને તેમના જેલ વહીવટીતંત્રને સંપૂર્ણપણે જવાબદાર ઠેરવ્યા છે. પંચે વધુમાં જણાવ્યું હતું કે છ મહિનાની વહીવટી અટકાયત ભોગવનાર જોદેહને તેની અટકાયતની મુદત પૂરી થતાં મંગળવારે મુક્ત કરવામાં આવશે અને તેને તથા તેના નવજાત શિશુને હોસ્પિટલમાંથી ચેકપોઈન્ટ પર ખસેડવામાં આવશે. ૩૫ વર્ષીય જોદેહ જ્યારે ગર્ભાવસ્થાના ત્રીજા મહિનામાં હતી ત્યારે આ વર્ષે એપ્રિલમાં ઈઝરાયેલી દળોએ તેને નાબ્લસ સ્થિત તેના ઘરેથી અટકાયતમાં લીધી હતી. ગર્ભાવસ્થા દરમિયાન કોઈપણ આરોપ કે ટ્રાયલ વિના છ મહિનાની વહીવટી અટકાયત ભોગવતી વખતે તેને તેની સ્થિતિ મુજબ જરૂરી તબીબી સારવાર અને પોષણથી વંચિત રાખવામાં આવી હતી. પંચે સ્પષ્ટતા કરી હતી કે ગર્ભવતી હોવા છતાં જોદેહને અટકાયતમાં લેવી, તેને વહીવટી અટકાયત હેઠળ રાખવી અને કોઈપણ સ્વાસ્થ્ય કે તબીબી સંભાળ વિના તેને ગર્ભાવસ્થાની પરિસ્થિતિઓનો સામનો કરવા માટે છોડી દેવી એ આંતરરાષ્ટ્રીય નિયમો અને કાયદાઓનું ઉલ્લંઘન કરતા ગુના સમાન છે. તેણે ઉમેર્યું હતું કે કેદીને જેલની અંદર બાળકને જન્મ આપવા મજબૂર કરવી એ વધુ ગંભીર ગુનો અને તમામ માનવીય મૂલ્યોનું ઉલ્લંઘન છે. પંચે ભારપૂર્વક જણાવ્યું હતું કે જેલની અંદર



તેની ગર્ભાવસ્થા અને બાળકના જન્મની પરિસ્થિતિઓ માટે કબજેદાર સત્તાવાળાઓ અને તેમનું જેલ વહીવટીતંત્ર સંપૂર્ણપણે જવાબદાર છે. ઈઝરાયેલી જેલોમાં જોદેહ એકમાત્ર ગર્ભવતી પેલેસ્ટીની મહિલા નહોતી. મનાર ઈબ્રાહિમ અને અમીના શાહેર અલ-તાવીલ અન્ય બે ગર્ભવતી મહિલાઓ છે જેઓ ‘ડેમોન જેલ’માં ઈઝરાયેલી અત્યાચારનો સામનો કરી રહી છે. બંને મહિલાઓ ગર્ભાવસ્થાના આઠમા મહિનાથી વધુ સમય પસાર કરી ચૂકી છે અને બાળકના જન્મમાં હવે થોડા જ અઠવાડિયા બાકી છે. સોશિયલ મીડિયા પર "ઉશ્કેરણી" કરવાના આરોપસર તેમને વેસ્ટ બેંકમાં આવેલા તેમના ઘરોમાંથી અટકાયતમાં લેવામાં આવી હતી. તેમની શારીરિક સ્થિતિ હોવા છતાં ઈઝરાયેલી સત્તાવાળાઓએ આ મહિલાઓને મુક્ત કરવાનો ઈન્કાર કર્યો છે. ઈબ્રાહિમ અને અલ-તવિલ પણ કેદમાં જન્મ આપે તેવી શક્યતા વધી રહી છે. પેલેસ્ટીની પ્રિઝનર્સ ક્લબે જૂનમાં ખુલાસો કર્યો હતો કે ઓક્ટોબર ૨૦૨૩માં ગાઝા નરસંહારની શરૂઆતથી ઈઝરાયલી અધિકારીઓએ ૭૬૫થી વધુ પેલેસ્ટીની મહિલાઓને અટકાયતમાં લીધી છે, જેમાં છોકરીઓ, વૃદ્ધ મહિલાઓ અને વિવિધ સામાજિક પૃષ્ઠભૂમિ અને વ્યવસાયોની મહિલાઓનો સમાવેશ થાય છે, જેમાં વિદ્યાર્થીઓ, વકીલો, પત્રકારો, કાર્યકરો, શિક્ષકો, ગૃહિણીઓ, ડોકટરો અને પત્નીઓ, બહેનો અને કેદીઓ અને શહીદોની માતાઓનો સમાવેશ થાય છે. કેટલીક મહિલાઓને તેમના પતિઓ સાથે અટકાયતમાં લેવામાં આવી હતી, જેના કારણે તેમના બાળકોને બંને માતા-પિતાની હાજરીથી વંચિત રાખવામાં આવ્યા હતા. અટકાયતમાં લેવાયેલા મોટાભાગની મહિલાઓને કાં તો અપ્રગટ "ગુપ્ત ફાઈલો"ના આધારે વહીવટી અટકાયત હેઠળ રાખવામાં આવી હતી અથવા "ઉશ્કેરણી"ના આરોપો પર રાખવામાં આવી હતી, જે આરોપ નરસંહાર શરૂ થયો ત્યારથી દમન માટે વધુને વધુ મુખ્ય બહાનું તરીકે કામ કરી રહ્યો છે. લગભગ સો પેલેસ્ટીની મહિલાઓ હાલમાં ઈઝરાયેલી બળાત્કાર અને ત્રાસના કોટડીમાં રાખવામાં આવી છે અને તમામ પ્રકારના ભયાનક દુર્વ્યવહારનો ભોગ બની રહી છે. યહૂદી રાજ્યમાં જેલોના પ્રભારી, ઉગ્ર યહૂદી સર્વોપરિતાવાદી બેન-ગ્વિરે તાજેતરમાં જ પોતાના પરિવાર અને જેલ અધિકારીઓ સાથે મહિલા સેલમાં ઘૂસીને કેદીઓને ટોણા મારતા ફિલ્માંકન કર્યું હતું. તેમણે તેમના દુઃખ પર ગર્વ અનુભવ્યો અને તેમને વચન આપ્યું: "હું ઓછામાં ઓછા લઘુત્તમ નીતિનું નેતૃત્વ કરવાનું ચાલુ રાખીશ!" જૌદેહની ડિલિવરીની જાહેરાત કરતા પેલેસ્ટીની કમિશન ઓફ ડિટેનીઝ એન્ડ એક્સ-ડિટેનીઝ અફેર્સે તેના નિવેદનમાં ભાર મૂક્યો હતો કે ઈઝરાયેલીઓ પુરુષ અને સ્ત્રી કેદીઓને દુર્વ્યવહાર અને ત્રાસ આપતી વખતે તેમનામાં કોઈ ભેદ પાડતા નથી અને જૌદેહ સાથેનો વ્યવહાર ઈઝરાયેલીઓ દ્વારા અટકાયત કરાયેલા પેલેસ્ટીનીઓ પ્રત્યે ઈઝરાયેલી બર્બરતાના એક પાસાને દર્શાવે છે. તેણે પૂછ્યું: "આંતરરાષ્ટ્રીય સમુદાય પગલાં લીધા વિના આ સંગઠિત આતંક કેવી રીતે ચાલુ રહી શકે ? શું કબજો રાજ્ય આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને કરારોથી ઉપર રહેશે ?" - પેલેસ્ટીન મુક્ત રહેશે.

# ઘાયલ આરોગ્ય કર્મીને બચાવવા દોડી રહેલા પેલેસ્ટીની કિશોરનું ઈઝરાયેલી હુમલામાં મોત; અમેરિકાની ઈઝરાયેલને ૨.૮ અબજ ડોલરના બોમ્બ વેચવાની યોજના

(એજન્સી) તા.૧૬

શેહાબ ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ ૧૫ વર્ષીય મોહમ્મદ અબ્દુલ રહેમાન અલ-ઝૈનાતી કુર્આન કંઠસ્થ કરવાના વર્ગમાંથી પરત ફરી રહ્યો હતો ત્યારે પ્રથમ હુમલો થયો હતો.

ગાઝા શહેરના શેખ રાદવાન વિસ્તારમાં ઈઝરાયેલના ‘ડબલ-ટેપ’ (એક પછી તરત બીજો) હવાઈ હુમલામાં એક પેલેસ્ટીની કિશોરનું મોત થયું હતું. આ ઘટના એવા સમયે બની જ્યારે અમેરિકી વહીવટીતંત્ર ઈઝરાયેલ માટે ૪૦,૦૦૦ ભારે બોમ્બ સહિત ૨.૮ અબજ ડોલરના શસ્ત્ર પેકેજની તૈયારી કરી રહ્યું હતું.

જ્યારે પેલેસ્ટીનીઓ એક ઘાયલ વ્યક્તિની મદદ માટે ભેગા થયા, ત્યારે તે વિસ્તારમાં બીજો હુમલો થયો, જેમાં મોહમ્મદ અને પેલેસ્ટીની સિવિલ ડિફેન્સના ૨૩ વર્ષીય આરોગ્યકર્મી શેરીફ શાદી ઈબ્રાહિમ લુબ્બાદનું મૃત્યુ થયું.

પેલેસ્ટીની પત્રકાર મોહમ્મદ હાનિયાએ કહ્યું, "તેની સામે જ એક યુવાન પર હુમલો થયો, તેથી તેની સહજ વૃત્તિ તેને યુવાનોના જૂથ સાથે તે વ્યક્તિ તરફ દોરી ગઈ; પરંતુ ત્યાં ફરીથી બોમ્બમારો થયો અને મોહમ્મદ શહીદ થઈ ગયો."

બીજા હુમલાના વીડિયોમાં તે ક્ષણ જોઈ શકાય છે જ્યારે બચાવ કામગીરીને નિશાન બનાવવામાં આવી હતી.

આ ઘટનાને ‘ડબલ-ટેપ’ હુમલો ગણાવવામાં આવ્યો છે. આ શબ્દપ્રયોગ એવા હુમલા માટે વપરાય છે જેમાં પ્રથમ હુમલાના થોડા સમય બાદ તે જ સ્થળે બીજો હુમલો કરવામાં આવે છે, જેનાથી નાગરિકો, બચાવકર્મીઓ અને ઘાયલોને મદદ કરવાનો પ્રયાસ કરનારા અન્ય લોકો માટે જોખમ ઊભું થાય છે.

આ ઘટના એવા સમયે બની જ્યારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું વહીવટીતંત્ર ઈઝરાયેલ માટે ૨.૮ અબજ ડોલરના શસ્ત્ર પેકેજની તૈયારી કરી રહ્યું હતું, જેમાં અહેવાલ મુજબ ૪૦,૦૦૦ ભારે બોમ્બનો સમાવેશ થાય છે. એસોસિએટેડ પ્રેસના જણાવ્યા અનુસાર જેમાં યુએસ અધિકારીઓ અને યોજનાથી વાકેફ વ્યક્તિનો હવાલો આપવામાં આવ્યો છે - આ પેકેજમાં ૯૦૭ કિગ્રા (અથવા ૨,૦૦૦ પાઉન્ડ) વજનના ૨૦,૦૦૦ Mk84 જનરલ-પર્પઝ બોમ્બ અને ૨૦,૦૦૦ BLU-117 હાઈ-એક્સપ્લોઝિવ બોમ્બનો સમાવેશ થાય છે. તેમાં I-



2000 પેનિટ્રેટર વોરહેડ્સનો પણ સમાવેશ થાય છે, જે મજબૂત અથવા ભૂગર્ભ લક્ષ્યોને નિશાન બનાવવા માટે બનાવવામાં આવ્યા છે. કોંગ્રેસને અનૌપચારિક રીતે સૂચિત કરવામાં આવ્યું હોવાના અહેવાલ છે, જ્યારે મોટાભાગનું પેકેજ યુએસ ફોરેન મિલિટરી ફાઈનાન્સિંગ પ્રોગ્રામ દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવશે, જે હેઠળ વોશિંગ્ટન ઈઝરાયેલ દ્વારા અમેરિકન શસ્ત્રો ખરીદવા માટે ભંડોળ પૂરૂં પાડે છે.

દરમિયાન પેલેસ્ટીની સિવિલ ડિફેન્સે જણાવ્યું હતું કે, ગાઝા સિટીની પશ્ચિમમાં વિસ્થાપિત પેલેસ્ટીનીઓને આશ્રય આપતી ઈમારતના ધસી પડવાથી મૃત્યુઆંક આઠ થયો છે.

બચાવ ટીમો કાટમાળ શોધતી વખતે ડઝનબંધ લોકો ગુમ રહ્યા હતા.

ઈમારત તૂટી પડતા પહેલા ઈઝરાયેલી ગોળીબારથી નુકસાન થયું હોવાના અહેવાલ છે. અગાઉના અપડેટમાં સિવિલ ડિફેન્સે જણાવ્યું હતું કે, આ ધસી પડવામાં પાંચ પેલેસ્ટીની માર્યા ગયા હતા.

ગાઝા આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, ૧૧ ઓક્ટોબરના યુદ્ધવિરામ પછી ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલી નરસંહારમાં ૧,૩૭૫ પેલેસ્ટીની માર્યા ગયા હતા અને ઓછામાં ઓછા ૪,૬૮૬ ઘાયલ થયા હતા.

મંત્રાલયના જણાવ્યા અનુસાર પાછલા ૨૪ કલાકમાં ત્રણ લોકોનાં મોત અને ૨૭ ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

# CBSEએ ગલ્ફ અને ઈરાનના વિદ્યાર્થીઓ માટે ધોરણ ૧૨ની ખાસ પુનઃપરીક્ષાની જાહેરાત કરી

## પાત્ર વિદ્યાર્થીઓ ૨૨થી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન ફોર્મ સબમિટ કરી શકશે

(એજન્સી) તા.૧૬

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) એ ગલ્ફ ક્ષેત્રના છ દેશો અને ઈરાનમાં રહેતા પાત્ર વિદ્યાર્થીઓ માટે ધોરણ ૧૨ની ખાસ પરીક્ષાઓ યોજવાની જાહેરાત કરી છે. આ તે વિદ્યાર્થીઓ માટે છે જેમના પેપરો ચાલુ વર્ષની શરૂઆતમાં રદ કરવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ બહાર પાડવામાં આવેલા પરિપત્ર અનુસાર, આ પરીક્ષાઓ ૨૦ શૈક્ષણિક અને ૨૦ કૌશલ્ય આધારિત (સ્કિલ-બેઝ્ડ) મળીને કુલ ૪૦ વિષયો માટે યોજાશે. આ નિર્ણયથી યુએઈ, બહેરીન, કુવૈત, ઓમાન, કતાર, સઉદી અરેબિયા અને ઈરાનના વિદ્યાર્થીઓને રાહત મળશે.

**૨૨ સપ્ટેમ્બરથી ફોર્મ સબમિટ કરવાના રહેશે :** વિદ્યાર્થીઓએ તેમની ઉમેદવારોની સૂચિ (LOC) અથવા પરીક્ષા ફોર્મ ૨૨ સપ્ટેમ્બરથી ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન સબમિટ કરવાના રહેશે. આ પરીક્ષા માટે કોઈ ફોર્મ ફી લેવામાં આવશે નહીં અને સબમિશન માટેની લિંક બોર્ડની અધિકૃત વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવશે. યોગ્ય ફોર્મ ભરાઈ ગયા બાદ પરીક્ષાની તારીખો અને વિગતવાર ટાઈમટેબલ જાહેર કરવામાં આવશે. બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે ફોર્મ જમા કરાવવાની સમયસીમામાં કોઈ વધારો કરવામાં આવશે નહીં.

**કોણ પરીક્ષા આપી શકશે ? :** આ ખાસ પરીક્ષાઓ એવા નિયમિત વિદ્યાર્થીઓ માટે છે જેમણે ૨૦૨૬ની મુખ્ય પરીક્ષા માટે ફોર્મ ભર્યા હતા અને જેઓનું પરિણામ મૂલ્યાંકન યોજના હેઠળ જાહેર કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, સમાન મૂલ્યાંકન પદ્ધતિ હેઠળ પરિણામ મેળવનાર ખાનગી ઉમેદવારો (પ્રાઈવેટ કેન્ડીડેટ્સ) પણ આમાં ભાગ લઈ શકશે. વિદ્યાર્થીઓ આપેલા વિષયોમાંથી પસંદગી કરી શકશે અને આ પરીક્ષામાં મેળવેલા ગુણ આખરી ગણાશે, જે અગાઉના ગુણનું સ્થાન લેશે.

**પાત્રતા માટેના કડક નિયમો :** જે વિદ્યાર્થીઓ કોઈ કારણોસર ૨૦૨૬ની મુખ્ય પરીક્ષામાં ગેરહાજર રહ્યા હતા, તેઓ આ ખાસ પરીક્ષા માટે પાત્ર રહેશે નહીં. બોર્ડે એ પણ સ્પષ્ટ કર્યું છે કે જે વિદ્યાર્થીઓએ મુખ્ય પરીક્ષા આપી નથી, તેઓ નવા નિયમિત કે ખાનગી ઉમેદવાર તરીકે રજીસ્ટ્રેશન



કરાવી શકશે નહીં. વિષય બદલવાની કોઈ છૂટ આપવામાં આવશે નહીં અને જે વિષયોની પરીક્ષા અગાઉ લેવાઈ ચૂકી છે, તેની પરીક્ષા ફરીથી લેવામાં આવશે નહીં. વધુમાં, પરિણામ પછી મળતી પુનઃચકાસણી જેવી સુવિધાઓ આ પરીક્ષા માટે ઉપલબ્ધ રહેશે નહીં.

**હાલના પરીક્ષા કેન્દ્રો યથાવત રહેશે :** આ ખાસ પરીક્ષાઓ માત્ર સૂચિત સાત દેશોમાં જ યોજાશે અને તેના માટે અગાઉના પરીક્ષા કેન્દ્રો જ યથાવત રાખવામાં આવશે. બોર્ડે સંબંધિત દેશોની શાળાઓને આ પરિપત્ર વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા અને ફોર્મ ભરવાની પ્રક્રિયામાં મદદ કરવા સૂચના આપી છે.

**પરીક્ષાઓ શા માટે રદ કરવામાં આવી હતી ? :** માર્ચ મહિનામાં અમેરિકા-ઈઝરાયેલ-ઈરાન સંઘર્ષને કારણે સર્જાયેલી પ્રાદેશિક પરિસ્થિતિઓને લીધે આ સાત દેશોમાં નિર્ધારિત સમયપત્રક મુજબ ધોરણ ૧૨ ની પરીક્ષાઓ યોજી શકાઈ નહોતી. આથી, બોર્ડે ૨૭ માર્ચે વૈકલ્પિક મૂલ્યાંકન યોજના રજૂ કરી હતી. આ યોજના હેઠળ તમામ નિયમિત ઉમેદવારોનું પરિણામ ૧૩ મેના રોજ ભારત અને અન્ય વિદેશી કેન્દ્રોની સાથે જાહેર કરવામાં આવ્યું હતું, અને બાદમાં ખાનગી ઉમેદવારોના પરિણામો પણ આ જ ફ્રેમવર્ક હેઠળ જાહેર કરાયા હતા.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# 'સલામ'ના શબ્દો સામે સત્તાનો સવાલ : શું સરકારી નિષ્પક્ષતા બુશરા બાનો સામેના આવા પગલાંથી નક્કી થશે ?

લોકશાહીમાં સરકારી અધિકારીની ઓળખ તેના ધર્મથી નહીં, પરંતુ તેના બંધારણીય કર્તવ્યથી થવી જોઈએ. પોલીસની વર્દી પહેર્યા પછી અધિકારીનો પ્રથમ ધર્મ કાયદો છે, પ્રથમ ફરજ નાગરિકોની સુરક્ષા છે અને પ્રથમ જવાબદારી બંધારણ પ્રત્યેની નિષ્ઠા છે. પરંતુ પશ્ચિમ બંગાળની IPS અધિકારી બુશરા બાનોના તાજેતરના મામલાએ એક અસ્વસ્થ કરતો સવાલ ઊભો કર્યો છે-શું હવે સરકારી અધિકારી કયા અભિવાદનના શબ્દો બોલે છે તેના આધારે તેની નિષ્પક્ષતા માપવામાં આવશે?

બુશરા બાનો ૨૦૨૧ બેચનાં IPS અધિકારી છે. તેઓ ખડગપુરમાં એડિશનલ એસપી તરીકે ફરજ બજાવી રહ્યાં હતાં. ૧૩ સપ્ટેમ્બરે તેમણે UPSC ઉમેદવારોને પ્રોત્સાહિત કરતો એક વીડિયો મૂક્યો હતો, જેમાં તેમણે પોતાના સિવિલ સર્વિસના સંઘર્ષ અને અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીની રેસિડેન્શિયલ કોચિંગ એકેડેમીની ભૂમિકા વિશે વાત કરી હતી. વીડિયોમાં તેમણે 'અસ્સલામુ અલૈકુમ', 'ઇન્શાઅલ્લાહ' અને 'જઝાકલ્લાહ' જેવા રોજબરોજ વપરાતા ઈસ્લામી અભિવાદન અને અભિવ્યક્તિના શબ્દો વાપર્યા હતા. ત્યારબાદ સોશિયલ મીડિયા પર કેટલાક લોકો દ્વારા આ અંગે વાંધો ઉઠાવવામાં આવ્યો અને 'હિન્દુ લીગલ ફંડ' નામના X હેન્ડલે પશ્ચિમ બંગાળના ગૃહ સચિવને ફરિયાદ કરાઈ હતી.

આ ફરિયાદમાં મુખ્ય વાંધો એવો હતો કે એક સરકારી અધિકારીએ 'જય હિંદ' અથવા 'વંદે માતરમ' જેવા રાષ્ટ્રીય અભિવાદનનો ઉપયોગ કરવો જોઈએ હતો. થોડા જ દિવસોમાં, ૧૪ સપ્ટેમ્બરના સરકારી આદેશથી બુશરા બાનોને ખડગપુરના એડિશનલ એસપી પદેથી રાજ્ય સશસ્ત્ર પોલીસના ડેપ્યુટી કમાન્ડન્ટ તરીકે બદલી કરવામાં આવી. જોકે, મહત્ત્વની બાબત એ છે કે સત્તાવાર બદલીના આદેશમાં આ સોશિયલ મીડિયા વિવાદ કે ફરિયાદને કારણ તરીકે દર્શાવવામાં આવ્યું નથી; આદેશમાં તેને વહીવટી ફેરબદલ અને જાહેર હિતની કાર્યવાહી તરીકે દર્શાવવામાં આવી છે. એટલે બદલી અને ફરિયાદ વચ્ચે સીધો કારણસંબંધ સરકાર તરફથી સત્તાવાર રીતે સ્થાપિત થયો નથી પરંતુ સવાલ અહીંથી જ વધુ ગંભીર બને છે. જો કોઈ અધિકારી સરકારી ફરજ બજાવતી વખતે કાયદો તોડે, પક્ષપાત કરે, સત્તાનો દુરુપયોગ કરે કે શિસ્તભંગ કરે તો તેની સામે કાર્યવાહી થવી જ જોઈએ. પરંતુ કોઈ ભાષા કે અભિવાદન માત્ર એટલા માટે શંકાસ્પદ બની જાય કે તે કોઈ ચોક્કસ ધર્મ સાથે જોડાયેલું છે, તો આપણે વહીવટી નિષ્પક્ષતાની કઈ વ્યાખ્યા ઊભી કરી રહ્યા છીએ?

'અસ્સલામુ અલૈકુમ'નો અર્થ શાંતિની શુભેચ્છા છે. 'ઇન્શાઅલ્લાહ' અને 'જઝાકલ્લાહ' પણ કરોડો લોકોની રોજિંદી ભાષાનો હિસ્સો છે. એમાં મોટાભાગે સામાવાળાની સલામતી અને આશીર્વાદ સમાયેલા છે. ભારતની બહુસાંસ્કૃતિક પરંપરામાં 'નમસ્તે', 'સત શ્રી અકાલ', 'આદાબ', 'રામ રામ' અને 'અસ્સલામુ અલૈકુમ' જેવા અભિવાદનો સાથે-સાથે જીવતા આવ્યા છે. કોઈ શબ્દનું ધાર્મિક મૂળ હોવું અને તેનો ઉપયોગ સરકારી પક્ષપાત સાબિત કરવો-આ બંને એક જ બાબત નથી.

અહીં બંધારણનો અનુચ્છેદ ૧૪ યાદ કરવો જરૂરી છે. કાયદા સમક્ષ સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ લોકશાહી રાજ્યની મૂળભૂત શરત છે. સાથે જ અનુચ્છેદ ૨૫ દરેક વ્યક્તિને અંતરાત્માની સ્વતંત્રતા અને ધર્મના પાલન-પ્રચારની સ્વતંત્રતા આપે છે, જોકે તે જાહેર વ્યવસ્થા, નૈતિકતા અને આરોગ્ય જેવા બંધારણીય નિયંત્રણોને આધીન છે. તેથી સરકારી અધિકારીની ફરજ અને તેની વ્યક્તિગત સાંસ્કૃતિક-ધાર્મિક અભિવ્યક્તિ વચ્ચે સંતુલન જરૂરી છે પરંતુ એ સંતુલન એકસરખા ધોરણથી જ નક્કી થવું જોઈએ.

અહીં સૌથી મોટો ખતરો 'બેવડાં ધોરણો'નો છે. જો એક ધર્મ સાથે જોડાયેલા પ્રતીક કે શબ્દને 'સંસ્કૃતિ' ગણવામાં આવે અને બીજા ધર્મના સામાન્ય શબ્દને 'પક્ષપાત' ગણવામાં આવે તો પ્રશ્ન માત્ર એક અધિકારીનો રહેતો નથી; પ્રશ્ન સમગ્ર વહીવટી વ્યવસ્થાની વિશ્વસનીયતાનો બની જાય છે. આ બેવડાં ધોરણોના જોઈએ એટલા દાખલા મળી જાય છે. તાજેતરમાં જ યુપીના સંભલમાં અનુજ ચૌધરી નામના પોલીસ અધિકારી વર્દી પહેરીને હાથમાં હિંદુ ધર્મનું પ્રતીક ગદા ધારણ કરીને સરેઆમ નીકળ્યા ત્યારે તેમની વિરૂદ્ધ કોઈ કાર્યવાહી કરવામાં ન આવી પરંતુ પ્રમોશન આપવામાં આવ્યું. આવા તો અનેક દાખલા છે કે જેમાં હિંદુ ધર્મના અધિકારીઓનો વાળ પણ વાંકો થતો નથી.

અવશ્ય, સરકારી વર્દી કોઈ વ્યક્તિને પોતાની સત્તાવાર ભૂમિકાનો ઉપયોગ ધાર્મિક પ્રચાર માટે કરવાની છૂટ આપતી નથી. આ સિદ્ધાંત સૌ માટે સમાન હોવો જોઈએ. જો પોલીસ અધિકારી હિંદુ ધાર્મિક પ્રચાર કરે તો પણ એ જ માપદંડ લાગુ થવો જોઈએ; મુસ્લિમ અધિકારી ઈસ્લામી પ્રચાર કરે તો પણ એ જ માપદંડ લાગુ થવો જોઈએ; શીખ, ખ્રિસ્તી કે અન્ય કોઈ અધિકારી માટે પણ એ જ નિયમ હોવો જોઈએ. નિષ્પક્ષતા એટલે એક સમુદાયને ચૂપ કરવો અને બીજા સમુદાયને છૂટ આપવી નહીં-નિષ્પક્ષતા એટલે સૌ માટે સમાન માપદંડ.

બુશરા બાનોનું કારકિર્દીનો બીજું પાસું પણ ધ્યાનમાં લેવા જેવું છે. ઉપલબ્ધ અહેવાલો અનુસાર તેમણે સઉદી અરેબિયામાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કામ કર્યા પછી ભારત પરત આવી સિવિલ સર્વિસની તૈયારી કરી હતી. તેમણે UPSC પરીક્ષા બે વખત પાસ કરી અને આખરે IPSમાં સ્થાન મેળવ્યું. આ સંઘર્ષની ચર્ચા એટલા માટે જરૂરી છે કે દેશના લાખો યુવાનો માટે સરકારી સેવા માત્ર નોકરી નથી, પરંતુ રાષ્ટ્રસેવાનું સ્વપ્ન છે. જો કોઈ અધિકારીના કામ કરતાં તેના નામ, ધર્મ અથવા અભિવાદનના શબ્દો વધારે ચર્ચાનો વિષય બની જાય તો આ સંદેશ યુવાનો સુધી ખોટી રીતે પહોંચે છે.

આ સમગ્ર મામલે સરકાર માટે સૌથી યોગ્ય રસ્તો પારદર્શકતા છે. જો બદલી માત્ર વહીવટી જરૂરિયાત હતી તો સરકારે તે સ્પષ્ટ રીતે જણાવવું જોઈએ. જો કોઈ નિયમનો ભંગ થયો હતો તો કયો નિયમ અને કઈ પ્રક્રિયા હેઠળ કાર્યવાહી થઈ તે જાહેર થવું જોઈએ અને જો કોઈ નિયમનો ભંગ થયો જ નથી તો સોશિયલ મીડિયા દબાણને કારણે અધિકારીઓ સામે કાર્યવાહી થતી હોવાની ધારણા ઊભી ન થાય તે માટે પણ સ્પષ્ટતા જરૂરી છે. કારણ કે લોકશાહીમાં સરકારનું કામ સોશિયલ મીડિયા પરના દરેક આક્રોશને વહીવટી નિર્ણયમાં ફેરવવાનું નથી. સરકારનું કામ કાયદા અને નિયમોના આધારે નિર્ણય લેવાનું છે. ભારતની તાકાત તેની એકરૂપતામાં નહીં, પરંતુ તેની વિવિધતામાં છે. પોલીસની વર્દીનો અર્થ એ નથી કે અધિકારી પોતાની માતૃભાષા, સાંસ્કૃતિક ઓળખ કે રોજિંદા અભિવાદનના શબ્દો ભૂલી જાય. વર્દીનો અર્થ એટલો છે કે ફરજ બજાવતી વખતે કાયદો સૌ માટે સમાન રહે. આથી અંતિમ સવાલ બુશરા બાનો શું બોલ્યાં તેનો નથી. સવાલ એ છે કે રાજ્ય કયા ધોરણથી નિર્ણય લેશે. જો આ ધોરણ બંધારણ છે તો તે દરેક માટે એકસરખું હોવું જોઈએ. જો નિયમ છે, તો તે દરેક અધિકારી પર સમાન રીતે લાગુ થવો જોઈએ અને જો નિષ્પક્ષતા છે તો તેની કસોટી પણ ધર્મ જોઈને બદલાતી ન હોવી જોઈએ કારણ કે લોકશાહીમાં 'જય હિંદ' અને 'અસ્સલામુ અલૈકુમ' વચ્ચે સ્પર્ધા ઊભી કરવી રાષ્ટ્રવાદ નથી; સાચો રાષ્ટ્રવાદ તો એ છે કે બંને શબ્દો બોલનારા નાગરિકને કાયદાની નજરે સમાન ગણવામાં આવે. વહીવટી તંત્રની અસલી તાકાત અધિકારીની જીભ પર કયા શબ્દો છે તેમાં નહીં, પરંતુ તેના હાથમાં રહેલી સત્તાનો ઉપયોગ કેટલો ન્યાયપૂર્ણ છે તેમાં છે.

# "SIR'ના પડકારનો સામનો કરી રહી છે ભારતની લોકશાહી

## જે નાગરિકોને તેમના મતદાન કરવાના અધિકારથી વંચિત રાખવામાં આવ્યા છે, તેઓ તે અધિકારને પાછો મેળવવાની રાહ જોઈ રહ્યા છે. તેમની સંખ્યા કેટલી છે ?

વરિષ્ઠ કોંગ્રેસ નેતા અને પૂર્વ ગૃહમંત્રી પી. ચિદમ્બરમે આપેલા આંકડા મુજબ, અપીલ કર્યા બાદ ૯૧ ટકા લોકોનો ફરીથી મતદાર યાદીમાં પાછો સમાવેશ કરવામાં આવી રહ્યો છે. આ એવા નામો છે જેને હાલમાં ભારે વિવાદાસ્પદ બનેલી પ્રક્રિયા 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' દ્વારા વર્તમાન મતદાર યાદીઓમાંથી રદ કરાયા છે. જો મતદાર યાદીમાંથી દૂર કરાયેલા લગભગ ૧૩ કરોડ નાગરિકોની વિશાળ સંખ્યામાંથી, દાવા અને અપીલોનો નિકાલ થયા બાદ લગભગ ૧૨ કરોડ નાગરિકો ફરીથી મતદાર યાદીમાં સ્થાન મેળવી શકે છે.

**પરંતુ આ દરમિયાન રદ થયેલા આ ૧૨ કરોડ લોકોનું શું થાય?**

પી. ચિદમ્બરમના જણાવ્યા અનુસાર, ભારતના ચૂંટણી પંચે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયા દરમિયાન ૧૩.૩૦ કરોડ નાગરિકોના નામ મતદાર યાદીમાંથી કમી કરીને તેમને 'મતદાન ન કરી શકે તેવા નાગરિકો' બનાવી દીધા છે. કુલ ૧૪ ટકા જેટલા નાગરિકોના નામ કમી કરવામાં આવ્યા છે, જેનો અર્થ એ થાય કે હાલમાં દર ૭ પુખ્ત વયના નાગરિકોમાંથી ૧ નાગરિક મતદાર કમી થઈ ગયો છે. ચિદમ્બરમ કટાક્ષ કરતા કહે છે કે, આપણું બંધારણ એવું સ્પષ્ટ કહે છે કે ૧૮ વર્ષથી વધુ ઉંમરનો દરેક પુખ્ત નાગરિક મતદાર છે, પરંતુ ચૂંટણી પંચ જાણે કે તે બંધારણથી પણ ઉપર હોય એવું વર્તન કરી રહ્યું છે. મતદાર યાદીની 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' પ્રક્રિયામાંથી બહાર આવેલા આંકડાઓ આ ચિંતાને માત્ર રાજકીય નિવેદનબાજી કહીને ફગાવી દેવાનું મુશ્કેલ બનાવે છે. સાર્વજનિક રૂપે ઉપલબ્ધ ડેટા દર્શાવે છે કે, પશ્ચિમ બંગાળમાં SIR પ્રક્રિયા હેઠળ જે લોકોના નામ રદ કરવામાં આવ્યા હતા, તેમના દ્વારા લાખો અપીલ દાખલ કરવામાં આવી હતી. આ હેતુ માટે નિયુક્ત કરાયેલા ન્યાયાધીશો દ્વારા નિકાલ કરાયેલી ૮૨,૭૮૨ અપીલોમાંથી, ૭૫,૪૩૩ અપીલો મંજૂર કરવામાં આવી હતી અને મતદાર યાદીમાં ૯૧ ટકા જેટલા નામ ફરીથી જોડવામાં આવ્યા હતા. જો સુણવણીમાં આવતી દર દસમાંથી નવ અપીલોને કારણે નામ પાછા મુકાતા હોય, તો સવાલ હવે માત્ર એટલો જ નથી કે શું SIR મતદાર યાદી સાફ કરી રહી છે કે નહીં પરંતુ એક વધુ મોટો અને મૂળભૂત સવાલ એ છે કે લોકશાહીની પ્રક્રિયામાંથી કેટલા સાચા મતદારોને બહાર ધકેલવામાં આવી રહ્યા છે, જે મૂળભૂત રીતે તેમનો મૌલિક અધિકાર છે?

**જ્યારે આ નાગરિકો પાછા ફરવા માટે સંઘર્ષ કરી રહ્યા હોય ત્યારે તેમના 'મતદાનના અધિકાર'નું શું?**

આશરે સાત લાખ અપીલો હજુ પણ પડતર છે. એવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે જો આ અપીલોના નિકાલમાં વર્ષો લાગી જાય તો જે નાગરિકોના કેસ પડતર છે તેઓ આ સમયગાળા દરમિયાન યોજાનારી ચૂંટણીઓમાં મતદાન કરવાથી વંચિત રહી શકે છે. મતદાર ભૂતકાળની અસરથી મતદાન કરી શકતા નથી અને લોકશાહીમાં એવી પ્રક્રિયા કે જે જાણીજોઈને એક પણ મતદારને પ્રક્રિયામાંથી બહાર ધકેલી દે છે, તે એક ગુનાહિત કૃત્ય છે.

પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર એસ.વાય. કુરેશીએ ચાલી રહેલી SIR પ્રક્રિયાની ટીકા કરતા કહ્યું છે કે આ પ્રક્રિયા મુખ્યત્વે 'બાકાત રાખવા' પર કેન્દ્રિત છે અને તેણે 'લોકશાહીને ભારે નુકસાન પહોંચાડ્યું છે', તેમજ મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓમાં અવરોધ ઊભો કર્યો છે. એવી કોઈ વ્યવસ્થા કે પ્રક્રિયા નથી જેના દ્વારા ચૂંટણીમાં મતદાન કરતા અટકાવવામાં આવેલા નાગરિક પોતાના એ ગુમાવેલા વોટને પછીથી પાછો મેળવી શકે. મતદાન કરવાનો અધિકાર ત્યારે જ મહત્વનો છે જ્યારે ચૂંટણી યોજાય તે સમયે જ તેનો ઉપયોગ કરી શકાય, જે બાબત મતદારયાદીમાંથી આટલી મોટી સંખ્યામાં નામો કાઢી નાખવાને ખાસ કરીને ચિંતાજનક બનાવે છે. સંશોધક રાહુલ શાસ્ત્રી અને 'ભારત જોડો અભિયાન'ના રાષ્ટ્રીય સંયોજક યોગેન્દ્ર યાદવે આ પ્રક્રિયા (SIR - મતદાર યાદી સુધારણા/પુનરાવર્તન) કેટલા મોટા પાયે થઈ રહી છે તે દર્શાવ્યું છે.

- **પ્રથમ તબક્કામાં (Phase I)** : ૮.૨૧ કરોડની પુખ્ત વયની વસ્તીમાંથી ૬૫.૧ લાખ નામો કાઢી નાખવામાં આવ્યા (ડિલીટ કરાયા), જે કુલ વસ્તીના ૭.૯ ટકા થાય છે.
- **બીજા તબક્કામાં (Phase II)** : ૫૧.૬૦ કરોડની પુખ્ત વયની વસ્તીમાંથી ૬.૫ કરોડ નામો કાઢી નાખવામાં આવ્યા, જે ૧૨.૬ ટકા થાય છે.
- **ત્રીજા તબક્કામાં (Phase III)** : ૩૫.૫ કરોડની પુખ્ત વયની વસ્તીમાંથી ૬.૧ કરોડ નામો કાઢી નાખવામાં આવ્યા, જે ૧૭.૧૮ ટકા થાય છે.

**૨૦૨૫ પૂર્વે ભારતીય ચૂંટણી પંચના અભિયાનનું સૂત્ર હતું, 'કોઈ પણ મતદાર રહી ન જાય'**

**૨૦૨૬ની ભારતીય ચૂંટણી પંચની SIR પ્રક્રિયા હેઠળ ૧૩ કરોડ નાગરિકોના મત આપવાના અધિકાર રદ કરી દેવામાં આવ્યા**

તેમના વિશ્લેષણ મુજબ, SIRના ડ્રાફ્ટ લિસ્ટમાંથી અંદાજે ૧૩.૩૭ કરોડ નામો કાઢી નાખવામાં આવ્યા છે. બાકીના રાજ્યોની ગણતરી અને નવા નામો ઉમેર્યા પછી પણ, આખરી આંકડો ૧૧.૫ કરોડથી વધુ રહેવાની સંભાવના છે.

આ સંખ્યાઓ ઘણી મોટી છે. અને રદ કરાયેલા દરેક નામ પાછળ એક એવો નાગરિક છે જેની પાસે કદાચ આધાર કાર્ડ, પાસપોર્ટ, રેશન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, ઘર, નોકરી અને અસ્તિત્વના દાયકાઓ જૂના પુરાવા હોઈ શકે છે, છતાં પણ તેઓ મતદાન કરી શકતો નથી.

આમાં રહેલી વિડંબના ચૂકી શકાય તેમ નથી, કારણ કે ચૂંટણી પંચના મતદાતા જાગૃતિ અભિયાનોએ નાગરિકોને વારંવાર કહ્યું છે : 'કોઈ પણ મતદાતા છૂટી ન જાય', 'પ્રત્યેક વોટ જરૂરી છે' અને 'દરેક મત મહત્વનો છે.' તેમ છતાં, SIR (સ્ટેટ ઈન્સ્ટિટ્યુશનલ રજિસ્ટર/ચોક્કસ સિસ્ટમ) મોટી સંખ્યામાં નાગરિકો માટે આનાથી તદ્દન વિપરિત પરિણામ લાવવાનું જોખમ ઊભું કરે છે : જે લોકો મતદારો હતા, અથવા મતદારો હોવા જોઈતા હતા, તેમને ચૂંટણી પ્રક્રિયામાંથી બહાર ધકેલી દેવામાં આવી રહ્યા છે અને ત્યારબાદ તેમણે પોતાનો હક પાછો મેળવવા માટે પુરાવાઓ આપવાની ફરજ પડી રહી છે. ચૂંટણી પ્રક્રિયા સર્વસમાવેશક હોવી જોઈએ. સ્વચ્છ મતદાર યાદી બનાવવાના નામે તેને કોઈને બાકાત રાખનારી પ્રક્રિયા બનાવી શકાય નહીં. ચિંતા એ વાતની નથી કે મતદારયાદીમાં ક્યારેય સુધારો ન થવો જોઈએ. સ્વાભાવિક છે કે મૃત્યુ પામેલા મતદારોના નામ હટાવવા જ જોઈએ, એકના એક નામ બે વાર હોય (ડુપ્લિકેટ એન્ટ્રી) તો તે દૂર થવી જોઈએ અને જે લોકો કાયમી ધોરણે અન્ય જગ્યાએ રહેવા જતા રહ્યા છે, તેમના નામ તેમના જૂના સરનામે નોંધાયેલા ન રહેવા જોઈએ.

ચૂંટણીની નિષ્પક્ષતા લોકશાહી માટે મૂળભૂત છે પરંતુ તેટલો જ મહત્વનો તફાવત ભૂલથી નામ ઉમેરાઈ જવું અને ભૂલથી નામ નીકળી જવું વચ્ચેનો છે. કોઈનું નામ ભૂલથી મતદાર યાદીમાં ઉમેરાઈ જવાથી કોઈ સાચા મતદારને મતદાન કરતા અટકાવી શકાતો નથી પરંતુ જો કોઈનું નામ ભૂલથી યાદીમાંથી કાઢી નાખવામાં આવે, તો તે તેને મતદાન કરતા ચોક્કસપણે રોકે છે.

એટલા માટે જ પુરાવા રજૂ કરવાની જવાબદારી અને માહિતી કાઢી નાખવા (ડિલીટ કરવા) અંગેની સુરક્ષાની તકેદારીઓ આટલી બધી મહત્વની છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી વખતે ભારતમાં અંદાજિત ૯૯ કરોડ પુખ્ત વયની વસ્તી સામે આશરે ૯૮ કરોડ નોંધાયેલા મતદારો હતા. જોકે, સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન/ખાસ સઘન સુધારણા કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધીમાં, નોંધાયેલા મતદારોની સંખ્યા ઘટીને આશરે ૮૮ કરોડ થવાનો અંદાજ છે, જ્યારે પુખ્ત વયની વસ્તી વધીને અંદાજે ૧૦૩ કરોડ થવાની ધારણા છે.

**તો પછી આ મતદાનની ઉંમર ધરાવતા નાગરિકો ક્યાં ગયા?**

તેમાંથી કેટલાક લોકો ચોક્કસપણે મૃત્યુ પામ્યા હશે, અન્ય જગ્યાએ સ્થળાંતર કરી ગયા હશે અથવા તો તેમની ડુપ્લિકેટ નોંધણી જોવા મળી હશે. પરંતુ, આ પ્રક્રિયામાં એવા લોકો પણ સામેલ છે કે જેમના નામ સુધારણા પહેલાની મતદારયાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા હતા, તેમજ એવા યુવા મતદારો પણ છે કે જેમના નામ ઉમેરવાના જોઈતા હતા પણ ઉમેરાયા નથી. આ ઉપરાંત, ઘણા નાગરિકોને 'ગેરહાજર' (absent), 'સ્થળાંતરિત' (shifted), 'અનમેપ્ડ' (unmapped - જેનું ચોક્કસ સ્થાન નક્કી ન હોય) અને 'તાર્કિક વિસંગતતા' (logical discrepancy) જેવી શ્રેણીઓમાં ધકેલી દેવામાં આવ્યા છે. આ તમામ શ્રેણીઓમાં વધુ પારદર્શિતા લાવવાની જરૂર છે. 'લોજિકલ ડિસ્ક્રીપન્સી' (તાર્કિક વિસંગતતા) શબ્દ ભલે તકનીકી લાગે પણ જો તેને ઓળખવા અને ઉકેલવા માટે કોઈ સમાન પદ્ધતિ ન હોય, તો તે એક અમલદારશાહીની ગૂંચવણ (અસ્પષ્ટ પ્રક્રિયા) બની જવાનું જોખમ ઊભું કરે છે. એક એવી શ્રેણી, જે નક્કી કરી શકે કે કોઈ નાગરિક મતદાર યાદીમાં રહેશે કે નહીં, તેને મનસ્વી અર્થઘટન (કોઈપણ અધિકારીની પોતાની મરજી) પર છોડી શકાય નહીં.

જ્યારે આ મતદારયાદી સુધારણાની પ્રક્રિયા એવા લોકો સુધી પહોંચે છે જેઓ બિલકુલ અદ્રશ્ય (સામાન્ય) નથી, ત્યારે સમસ્યા વધુ ગંભીર બની જાય છે. અહેવાલો અનુસાર, કર્ણાટકમાં ચાલી રહેલા મતદારયાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનના ભાગરૂપે ચૂંટણી પંચ (ECI) દ્વારા બહાર પાડવામાં આવેલી વિસંગતતા યાદી (ડિસ્ક્રીપન્સી લિસ્ટ) માં ઈન્ફોસિસના સહ-સ્થાપક નંદન નિલેકણીના સમગ્ર પરિવારનો સમાવેશ થયો છે. આ યાદી મુજબ, તેઓને 'Unmapped with last SIR' (છેલ્લા SIR સાથે ન જોડાયેલા) તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. આ યાદીમાં ભારતીય રાજદ્વારી નવદીપ સૂરી, આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા સોમનાથ ભારતી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા ધરમવીર ગાંધી સહિત અન્ય ઘણા મોટા નામો છે. જો આટલો ઉચ્ચ દરજ્જો ધરાવતા નાગરિકોએ પણ પોતાની ઓળખ સાબિત કરવા માટે આગળ આવવું પડતું હોય, તો સામાન્ય મતદારો-ખાસ કરીને જેમની પાસે અપીલ પ્રક્રિયામાંથી પસાર થવા માટે સમય, સંસાધનો અથવા જાગૃતિ નથી-તેમણે કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હશે તેની કલ્પના કરવી અઘરી નથી. અને આ બાબત આપણને ફરીથી ૯૧ ટકાના આંકડા પર લઈ આવે છે. મતદાનના પોતાના અધિકારનો ઉપયોગ કરવા માટે મતદારે મતદાર યાદીમાં પોતાનું નામ ફરીથી સામેલ કરાવવા સંઘર્ષ કરવો ન પડે તે આવશ્યક છે. તેથી જ, બિહારમાં યાદીમાંથી દૂર કરાયેલા ૬૫ લાખ મતદારોની યાદી અને તેમને દૂર કરવાના કારણો જાહેર કરવા અંગે ચૂંટણી પંચને સુપ્રીમ કોર્ટે આપેલો નિર્દેશ મહત્વપૂર્ણ છે. પારદર્શિતા એ પ્રક્રિયાનો જ એક ભાગ હોવો જોઈએ; તે માત્ર પ્રશ્નો ઉઠાવવામાં આવે ત્યારે જ પૂરી પાડવામાં આવતી બાબત ન હોવી જોઈએ. ભારતીય ચૂંટણી પંચે આ પ્રશ્નોના જવાબ આપવા સક્ષમ હોવું જોઈએ.

- કોનું નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યું?
- શા માટે?
- કયા પુરાવાના આધારે?
- આ નામ કાઢી નાખવાની પ્રક્રિયાની ખરાઈ (વેરિફિકેશન) કોણે કરી?
- કોઈ સાચા મતદારનું નામ કેટલી ઝડપથી પાછું ઉમેરી શકાય? અને,

**સૌથી મહત્વનું એ કે, જો નામ પાછું ઉમેરાય તે પહેલાં જ ચૂંટણી યોજાઈ જાય તો શું થાય?**

રાજસ્થાનમાં શહેરી સ્થાનિક સંસ્થાઓની (નગરપાલિકા/મહાનગરપાલિકાની) ચૂંટણીઓ શરૂ થઈ ચૂકી છે અને અન્ય રાજ્યો તેમજ સ્થાનિક સંસ્થાઓમાં પણ ચૂંટણીઓ ચાલુ રહેશે. કાયદેસરના મતદારો બાકાત રહી જાય અને તેમના વગર જ જો ચૂંટણીઓ યોજાય, તો તે એક એવું લોકશાહીનું નુકસાન છે જેને ભવિષ્યમાં ક્યારેય સુધારી કે ભરપાઈ કરી શકાતું નથી. કલ્પના કરો કે તમારે કોઈ નાગરિકને એવું કહેવું પડે કે, તમારું નામ ભૂલથી મતદારયાદીમાંથી કાઢી નાખવામાં આવ્યું હતું, તમારી અપીલ સ્વીકારી લેવામાં આવી છે અને હવે તમારું નામ ફરીથી મતદારયાદીમાં સામેલ કરી દેવાયું છે; પરંતુ કમનસીબે, જ્યારે તમારી અપીલ વિચારાધીન હતી તે દરમિયાન જ ચૂંટણી યોજાઈ ગઈ હોય છે અને તે ગુમાવેલા મતનો કોઈ ઉપાય નથી. તેથી જ SIR અંગેની ચર્ચાને માત્ર ચૂંટણી પંચને લઈને થતી રાજકીય સ્પર્ધા પૂરતી સીમિત રાખી શકાય નહીં. આ બાબત ભારતીય લોકશાહીના મૂળભૂત માળખા સાથે સંકળાયેલી છે. **(સૌ. : ટાઈમ્સ નાઉ ન્યૂઝ.કોમ)**

# નાણામંત્રીનો ફેક વીડિયો બતાવી રોકાણના બહાને વડોદરાના યુવક પાસેથી રૂા.૧૨.૮૦ લાખ પડાવ્યા

## ક્વોન્ટમ AIમાં રૂા.૨૨ હજારના રોકાણથી રોજ રૂા.૭૫ હજાર કમાણીની લાલચ; સઉદીના 'બાદશાહ' સાથે વાત કરાવ્યાનો દાવો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૬

ઓનલાઈન રોકાણમાં ભારે વળતરની લાલચ આપીને છેતરપિંડી કરવાનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. મળતી માહિતી મુજબ, ઠગોએ 'ક્વોન્ટમ AI'માં માત્ર રૂા.૨૨ હજારનું રોકાણ કરવાથી રોજના રૂા.૭૫ હજાર સુધીની કમાણી થઈ શકે છે તેવી લાલચ આપી હતી. આ માટે નાણામંત્રીનો બનાવટી વીડિયો બતાવી રોકાણની વિશ્વસનીયતા ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ મામલામાં ભોગ બનનારને વિશ્વાસમાં લેવા માટે વિદેશી વ્યક્તિઓ સાથે વાતચીત કરાવવામાં આવી હતી. તેમજ સઉદી અરેબિયાના 'બાદશાહ' સાથે વાત કરાવવાનો દાવો કરીને રોકાણને મોટું અને વિશ્વસનીય બતાવવામાં આવ્યું હતું. શરૂઆતમાં નાની રકમથી રોકાણ કરાવ્યા બાદ વધુ નાણાં રોકવા માટે અલગ-અલગ પ્રકારની લાલચ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. આરોપીઓની વાતમાં આવી ગયેલા વ્યક્તિ પાસેથી તબક્કાવાર કુલ રૂા.૧૨.૮૦ લાખ પડાવી લેવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. નાણામંત્રીના નામ અને વીડિયોનો ઉપયોગ કરીને લોકોને વિશ્વાસમાં લેવાની આ રીતમાં બનાવટી અથવા એડિટેડ વીડિયોનો ઉપયોગ થયો હોવાની આશંકા છે. રોકાણની લાલચ આપતી આવી જાહેરાતો અને સોશિયલ મીડિયા પર ફરતા વીડિયો અંગે સાવચેતી રાખવાની જરૂર છે. સાયબર ઠગાઈના કિસ્સાઓમાં સામાન્ય રીતે શરૂઆતમાં નાની રકમનું રોકાણ કરાવી ત્યારબાદ વધુ પૈસા જમા કરાવવા દબાણ કરવામાં આવે છે. તેથી કોઈપણ અજાણી રોકાણ એપ, વેબસાઈટ અથવા વ્યક્તિને પૈસા ટ્રાન્સફર કરતા પહેલાં તેની અધિકૃતતા ચકાસવી જરૂરી છે.

## ગ્રામજનોને જરૂરી સેવા સરળતાથી મળી રહેશે

# ડભોઈ તાલુકાની ગ્રામ પંચાયતોમાં તલાટીઓની નિમણૂક કરવામાં આવી

(સંવાદદાતા દ્વારા) ડભોઈ, તા.૧૬

ડભોઈ તાલુકા પંચાયતના કેટલાક સેજામાં તલાટી કમ મંત્રી તરીકે વરણી કરાઈ છે. ડભોઈ તાલુકા પંચાયતના પુનિયાદ સેજા માટે વિવેક પંચાસરા, ડભોઈ કસ્બામાં હિમાંશુ સેવક, મંડાળા, કાયાવરોહણ ચાર્જમાં પૃથ્વીસિંહ ચૌહાણ, હબીપુરા ફરતિકુઈ ચાર્જમાં ધવલરાજ સિંહ પરમાર, થુવાવી છત્રાલ ચાર્જમાં જયદીપ સિંહ ગોળ, અંગુઠણ રસુલપુરા ચાર્જમાં યજ્ઞેશ રાઠવા, વડજ મોનીકા રાઠવા, સાઠોદ નિમીષા બેન રાઠવા, કુકડ રીના રાઠવા, કુંઢેલ મયુર પટેલ, ભીલાપુર કરણ મોદી, વણાદરા ધરમપુરી ચાર્જમા વિરાજ પારગી, દંગીવાડા પાયલબેન રાઠવા, ઢોલાર સીમળીયા ચાર્જમા દિગંત કુમાર જાની, પણસોલી રક્ષિત વસાવા, ભિલોડીયા કરણેટ ચાર્જમા કેતનકુમાર ચૌધરી, તેનતલાવ રાહુલ ભાઈ તડવી, ચાંણોદ માંડવા ચાર્જમા સાર્થક શ્રીમાળી, કરનાળી સૌરભ પટેલ અને ચનવાડા વિકેશભાઈ રાઠવાની વરણીને પગલે ગ્રામ પંચાયતમાં ગ્રામજનોને જરૂરી સેવા સરળતાથી મળી રહેશે.

## વેડિંગ ઈન્વિટેશનની APK ફાઈલ અને ઓનલાઈન ટાસ્કના નામે

# વડોદરામાં વધુ ત્રણ જણા સાયબર માફિયાઓનો શિકાર બન્યા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૬

શહેરમાં ઓનલાઈન ઠગાઈના એકપછી એક કિસ્સા ચાલુ જ રહ્યા છે. ઠગોની જુદી જુદી તરકીબોમાં વધુ ત્રણ શહેરીજને કુલ રૂા.૭.૬૮ લાખ ગુમાવતાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સુભાનપુરાની હિરાપન્ના સોસાયટીમાં રહેતા અને સોના-ચાંદીના દાગીનાનો વ્યવસાય કરતા ચેતનકુમાર સોનીને ગઈ તા.૧૦મી સપ્ટેમ્બરે ઓટીપી મળતાં તેમણે તપાસ કરી તો બેક્રમાંથી કુલ રૂા.૪.૧૭ લાખ ઉપડી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. ગઈ તા.૧લી સપ્ટેમ્બરે કિલ્લોલભાઈ નામના મિત્રનો મોબાઈલ હેક થયો હતો અને તેમાંથી વેડિંગ ઈન્વિટેશનની એપીકે ફાઈલ પર ક્લિક કરી હતી અને ત્યારબાદ તેમના ખાતામાંથી રકમ ઉપડી જતાં સાયબર સેલને જાણ કરી ફરિયાદ નોંધાવી હતી. બીજા બના માણેજાના ભાથુજી ફળિયામાં રહેતા ઠાકોરભાઈ ભાઈલાલભાઈને કારના ઈએમઆઈ પર પેનલ્ટી લાગતાં તેમણે બેક્ર ખાતાનું સ્ટેટમેન્ટ ચેક કર્યું હતું.જેમાં તેમના ખાતામાંથી તેમની જાણ બહાર ચાર ટ્રાન્જેક્શન કરીને કોઈએ રૂા.૨.૫૧ લાખ ટ્રાન્ફર કર્યાનું જણાઈ આવ્યું હતું. જ્યારે છેલ્લા બનાવમાં ન્યુ વીઆઈપી રોડના અમરનગરમાં રહેતો સૌરભ તેલી મોબાઈલ પર રીલ જોતો હતો ત્યારે પાર્ટ ટાઈમ જોબની લિક્ર આવતાં તેણે ક્લિક કરી તો વોટ્સએપ ખૂલ્યું હતું. સામેની વ્યક્તિએ રોજ રૂા.૩થી ૧૦ હજાર કમાઈ શકો છો તેમ કહી મિન્ત્રા ડિઝાઈન પ્રા.લિ.ના ઓર્ડર તપાસવાના ટાસ્કમાં ૪૦ ટકા સુધી કમિશન મળશે તેવી સ્કીમ સમજાવી હતી.યુવકે રજિસ્ટ્રેશન કરતાં એક એકાઉન્ટ ખોલવામાં આવ્યું હતું.જેમાં યુવક પાસે ડિપોઝિટના રૂપિયા ભરાવીને ટાસ્ક આપવાથી બેલેન્સ દેખાતું હતું. રૂા.એક લાખની ડિપોઝિટ સામે રૂા.૧.૫૩ લાખ બેલેન્સ થવા છતાં ઠગો રકમ આપતા નહતા અને ફીના નામે વધુ રકમ માગતા હોવાથી યુવકે ફરિયાદ કરી છે.

# નડિયાદ કોંકરણ મંદિર નજીક એસટી બસ સાથે બાઈક અથડાતાં યુવકનું મોત

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૧૬

નડિયાદ ઉત્તરસંડા રોડ પર કોંકરણ મંદિર નજીક એસટી બસના પાછળના ટાયરમાં નીચે આવી જતા બાઈક ચાલકનું ગંભીર ઈજા થતાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. મળતી માહિતી મુજબ નડિયાદ મહાલક્ષ્મી સોસાયટીમાં રહેતો હેમીલ મનોજભાઈ પંડ્યા આજે સવારે મોટર સાયકલ પર નોકરીએ જતો હતો. આ દરમિયાન નડિયાદ ઉત્તરસંડા રોડ કોકરણ મંદિર નજીક નડીયાદ- ચકલાસી -વિદ્યાનગર રૂટની એસટી બસ નંબર જીજે ૧૮ ઝેડ ૪૫૬૯ના ખાલી સાઈડના પાછળના ટાયર નીચે કોઈ કારણસર મોટરસાયકલ આવી ગયું હતું, જેથી બાઈક ચાલક હેમીલ પંડ્યા (ઉંમર વર્ષ ૨૧)નું મોઢું ચપટ થઈ જતા ગંભીર ઈજા થતાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. આ અકસ્માત્ર સર્જી એસટીના ડ્રાઈવર કંડક્ટર એસટી બસ મૂકીને નાસી ગયા હતા. આ બનાવ અંગે ચેતક ગોવિંદભાઈ તળપદાની ફરિયાદ આધારે નડિયાદ ટાઉન પોલીસે એસટી બસમાં ચાલક સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......... ગુજરાત ટુડે

# 'સલામ'ના શબ્દો સામે સત્તાનો સવાલ : શું સરકારી નિષ્પક્ષતા બુશરા બાનો સામેના આવા પગલાંથી નક્કી થશે ?

લોકશાહીમાં સરકારી અધિકારીની ઓળખ તેના ધર્મથી નહીં, પરંતુ તેના બંધારણીય કર્તવ્યથી થવી જોઈએ. પોલીસની વર્દી પહેર્યા પછી અધિકારીનો પ્રથમ ધર્મ કાયદો છે, પ્રથમ ફરજ નાગરિકોની સુરક્ષા છે અને પ્રથમ જવાબદારી બંધારણ પ્રત્યેની નિષ્ઠા છે. પરંતુ પશ્ચિમ બંગાળની IPS અધિકારી બુશરા બાનોના તાજેતરના મામલાએ એક અસ્વસ્થ કરતો સવાલ ઊભો કર્યો છે-શું હવે સરકારી અધિકારી કયા અભિવાદનના શબ્દો બોલે છે તેના આધારે તેની નિષ્પક્ષતા માપવામાં આવશે?

બુશરા બાનો ૨૦૨૧ બેચનાં IPS અધિકારી છે. તેઓ ખડગપુરમાં એડિશનલ એસપી તરીકે ફરજ બજાવી રહ્યાં હતાં. ૧૩ સપ્ટેમ્બરે તેમણે UPSC ઉમેદવારોને પ્રોત્સાહિત કરતો એક વીડિયો મૂક્યો હતો, જેમાં તેમણે પોતાના સિવિલ સર્વિસના સંઘર્ષ અને અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીની રેસિડેન્શિયલ કોચિંગ એકેડેમીની ભૂમિકા વિશે વાત કરી હતી. વીડિયોમાં તેમણે 'અસ્સલામુઅલૈકુમ', 'ઈન્શાઅલ્લાહ' અને 'જઝાકલ્લાહ' જેવા રોજબરોજ વપરાતા ઇસ્લામી અભિવાદન અને અભિવ્યક્તિના શબ્દો વાપર્યા હતા. ત્યારબાદ સોશિયલ મીડિયા પર કેટલાક લોકો દ્વારા આ અંગે વાંધો ઉઠાવવામાં આવ્યો અને 'હિન્દુ લીગલ ફંડ' નામના X હેન્ડલે પશ્ચિમ બંગાળના ગૃહ સચિવને ફરિયાદ કરાઈ હતી.

આ ફરિયાદમાં મુખ્ય વાંધો એવો હતો કે એક સરકારી અધિકારીએ 'જય હિંદ' અથવા 'વંદે માતરમ' જેવા રાષ્ટ્રીય અભિવાદનનો ઉપયોગ કરવો જોઈએ હતો. થોડા જ દિવસોમાં, ૧૪ સપ્ટેમ્બરના સરકારી આદેશથી બુશરા બાનોને ખડગપુરના એડિશનલ એસપી પદેથી રાજ્ય સશસ્ત્ર પોલીસના ડેપ્યુટી કમાન્ડન્ટ તરીકે બદલી કરવામાં આવી. જોકે, મહત્ત્વની બાબત એ છે કે સત્તાવાર બદલીના આદેશમાં આ સોશિયલ મીડિયા વિવાદ કે ફરિયાદને કારણ તરીકે દર્શાવવામાં આવ્યું નથી; આદેશમાં તેને વહીવટી ફેરબદલ અને જાહેર હિતની કાર્યવાહી તરીકે દર્શાવવામાં આવી છે. એટલે બદલી અને ફરિયાદ વચ્ચે સીધો કારણસંબંધ સરકાર તરફથી સત્તાવાર રીતે સ્થાપિત થયો નથી પરંતુ સવાલ અહીંથી જ વધુ ગંભીર બને છે. જો કોઈ અધિકારી સરકારી ફરજ બજાવતી વખતે કાયદો તોડે, પક્ષપાત કરે, સત્તાનો દુરુપયોગ કરે કે શિસ્તભંગ કરે તો તેની સામે કાર્યવાહી થવી જ જોઈએ. પરંતુ કોઈ ભાષા કે અભિવાદન માત્ર એટલા માટે શંકાસ્પદ બની જાય કે તે કોઈ ચોક્કસ ધર્મ સાથે જોડાયેલું છે, તો આપણે વહીવટી નિષ્પક્ષતાની કઈ વ્યાખ્યા ઊભી કરી રહ્યા છીએ?

'અસ્સલામુ અલૈકુમ'નો અર્થ શાંતિની શુભેચ્છા છે. 'ઈન્શાઅલ્લાહ' અને 'જઝાકલ્લાહ' પણ કરોડો લોકોની રોજિંદી ભાષાનો હિસ્સો છે. એમાં મોટાભાગે સામાવાળાની સલામતી અને આશીર્વાદ સમાયેલા છે. ભારતની બહુસાંસ્કૃતિક પરંપરામાં 'નમસ્તે', 'સત શ્રી અકાલ', 'આદાબ', 'રામ રામ' અને 'અસ્સલામુ અલૈકુમ' જેવા અભિવાદનો સાથે-સાથે જીવતા આવ્યા છે. કોઈ શબ્દનું ધાર્મિક મૂળ હોવું અને તેનો ઉપયોગ સરકારી પક્ષપાત સાબિત કરવો-આ બંને એક જ બાબત નથી.

અહીં બંધારણનો અનુચ્છેદ ૧૪ યાદ કરવો જરૂરી છે. કાયદા સમક્ષ સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ લોકશાહી રાજ્યની મૂળભૂત શરત છે. સાથે જ અનુચ્છેદ ૨૫ દરેક વ્યક્તિને અંતરાત્માની સ્વતંત્રતા અને ધર્મના પાલન-પ્રચારની સ્વતંત્રતા આપે છે, જોકે તે જાહેર વ્યવસ્થા, નૈતિકતા અને આરોગ્ય જેવા બંધારણીય નિયંત્રણોને આધીન છે. તેથી સરકારી અધિકારીની ફરજ અને તેની વ્યક્તિગત સાંસ્કૃતિક-ધાર્મિક અભિવ્યક્તિ વચ્ચે સંતુલન જરૂરી છે પરંતુ એ સંતુલન એકસરખા ધોરણથી જ નક્કી થવું જોઈએ.

અહીં સૌથી મોટો ખતરો 'બેવડાં ધોરણો'નો છે. જો એક ધર્મ સાથે જોડાયેલા પ્રતીક કે શબ્દને 'સંસ્કૃતિ' ગણવામાં આવે અને બીજા ધર્મના સામાન્ય શબ્દને 'પક્ષપાત' ગણવામાં આવે તો પ્રશ્ન માત્ર એક અધિકારીનો રહેતો નથી; પ્રશ્ન સમગ્ર વહીવટી વ્યવસ્થાની વિશ્વસનીયતાનો બની જાય છે. આ બેવડાં ધોરણોના જોઈએ એટલા દાખલા મળી જાય છે. તાજેતરમાં જ યુપીના સંભલમાં અનુજ ચૌધરી નામના પોલીસ અધિકારી વર્દી પહેરીને હાથમાં હિંદુ ધર્મનું પ્રતીક ગદા ધારણ કરીને સરેઆમ નીકળ્યા ત્યારે તેમની વિરૂદ્ધ કોઈ કાર્યવાહી કરવામાં ન આવી પરંતુ પ્રમોશન આપવામાં આવ્યું. આવા તો અનેક દાખલા છે કે જેમાં હિંદુ ધર્મના અધિકારીઓનો વાળ પણ વાંકો થતો નથી.

અવશ્ય, સરકારી વર્દી કોઈ વ્યક્તિને પોતાની સત્તાવાર ભૂમિકાનો ઉપયોગ ધાર્મિક પ્રચાર માટે કરવાની છૂટ આપતી નથી. આ સિદ્ધાંત સૌ માટે સમાન હોવો જોઈએ. જો પોલીસ અધિકારી હિંદુ ધાર્મિક પ્રચાર કરે તો પણ એ જ માપદંડ લાગુ થવો જોઈએ; મુસ્લિમ અધિકારી ઈસ્લામી પ્રચાર કરે તો પણ એ જ માપદંડ લાગુ થવો જોઈએ; શીખ, ખ્રિસ્તી કે અન્ય કોઈ અધિકારી માટે પણ એ જ નિયમ હોવો જોઈએ. નિષ્પક્ષતા એટલે એક સમુદાયને ચૂપ કરવો અને બીજા સમુદાયને છૂટ આપવી નહીં-નિષ્પક્ષતા એટલે સૌ માટે સમાન માપદંડ.

બુશરા બાનોનું કારકિર્દીનો બીજું પાસું પણ ધ્યાનમાં લેવા જેવું છે. ઉપલબ્ધ અહેવાલો અનુસાર તેમણે સઉદી અરેબિયામાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કામ કર્યા પછી ભારત પરત આવી સિવિલ સર્વિસની તૈયારી કરી હતી. તેમણે UPSC પરીક્ષા બે વખત પાસ કરી અને આખરે IPSમાં સ્થાન મેળવ્યું. આ સંઘર્ષની ચર્ચા એટલા માટે જરૂરી છે કે દેશના લાખો યુવાનો માટે સરકારી સેવા માત્ર નોકરી નથી, પરંતુ રાષ્ટ્રસેવાનું સ્વપ્ન છે. જો કોઈ અધિકારીના કામ કરતાં તેના નામ, ધર્મ અથવા અભિવાદનના શબ્દો વધારે ચર્ચાનો વિષય બની જાય તો આ સંદેશ યુવાનો સુધી ખોટી રીતે પહોંચે છે.

આ સમગ્ર મામલે સરકાર માટે સૌથી યોગ્ય રસ્તો પારદર્શકતા છે. જો બદલી માત્ર વહીવટી જરૂરિયાત હતી તો સરકારે તે સ્પષ્ટ રીતે જણાવવું જોઈએ. જો કોઈ નિયમનો ભંગ થયો હતો તો કયો નિયમ અને કઈ પ્રક્રિયા હેઠળ કાર્યવાહી થઈ તે જાહેર થવું જોઈએ અને જો કોઈ નિયમનો ભંગ થયો જ નથી તો સોશિયલ મીડિયા દબાણને કારણે અધિકારીઓ સામે કાર્યવાહી થતી હોવાની ધારણા ઊભી ન થાય તે માટે પણ સ્પષ્ટતા જરૂરી છે. કારણ કે લોકશાહીમાં સરકારનું કામ સોશિયલ મીડિયા પરના દરેક આક્રોશને વહીવટી નિર્ણયમાં ફેરવવાનું નથી. સરકારનું કામ કાયદા અને નિયમોના આધારે નિર્ણય લેવાનું છે. ભારતની તાકાત તેની એકરૂપતામાં નહીં, પરંતુ તેની વિવિધતામાં છે. પોલીસની વર્દીનો અર્થ એ નથી કે અધિકારી પોતાની માતૃભાષા, સાંસ્કૃતિક ઓળખ કે રોજિંદા અભિવાદનના શબ્દો ભૂલી જાય. વર્દીનો અર્થ એટલો છે કે ફરજ બજાવતી વખતે કાયદો સૌ માટે સમાન રહે. આથી અંતિમ સવાલ બુશરા બાનો શું બોલ્યાં તેનો નથી. સવાલ એ છે કે રાજ્ય કયા ધોરણથી નિર્ણય લેશે. જો આ ધોરણ બંધારણ છે તો તે દરેક માટે એકસરખું હોવું જોઈએ. જો નિયમ છે, તો તે દરેક અધિકારી પર સમાન રીતે લાગુ થવો જોઈએ અને જો નિષ્પક્ષતા છે તો તેની કસોટી પણ ધર્મ જોઈને બદલાતી ન હોવી જોઈએ કારણ કે લોકશાહીમાં 'જય હિંદ' અને 'અસ્સલામુ અલૈકુમ' વચ્ચે સ્પર્ધા ઊભી કરવી રાષ્ટ્રવાદ નથી; સાચો રાષ્ટ્રવાદ તો એ છે કે બંને શબ્દો બોલનારા નાગરિકને કાયદાની નજરે સમાન ગણવામાં આવે. વહીવટી તંત્રની અસલી તાકાત અધિકારીની જીભ પર કયા શબ્દો છે તેમાં નહીં, પરંતુ તેના હાથમાં રહેલી સત્તાનો ઉપયોગ કેટલો ન્યાયપૂર્ણ છે તેમાં છે.

# "'SIR'ના પડકારનો સામનો કરી રહી છે ભારતની લોકશાહી

## જે નાગરિકોને તેમના મતદાન કરવાના અધિકારથી વંચિત રાખવામાં આવ્યા છે, તેઓ તે અધિકારને પાછો મેળવવાની રાહ જોઈ રહ્યા છે. તેમની સંખ્યા કેટલી છે ?

વરિષ્ઠ કોંગ્રેસ નેતા અને પૂર્વ ગૃહમંત્રી પી. ચિદમ્બરમે આપેલા આંકડા મુજબ, અપીલ કર્યા બાદ ૯૧ ટકા લોકોનો ફરીથી મતદાર યાદીમાં પાછો સમાવેશ કરવામાં આવી રહ્યો છે. આ એવા નામો છે જેને હાલમાં ભારે વિવાદાસ્પદ બનેલી પ્રક્રિયા 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' દ્વારા વર્તમાન મતદાર યાદીઓમાંથી રદ કરાયા છે. જો મતદાર યાદીમાંથી દૂર કરાયેલા લગભગ ૧૩ કરોડ નાગરિકોની વિશાળ સંખ્યામાંથી, દાવા અને અપીલોનો નિકાલ થયા બાદ લગભગ ૧૨ કરોડ નાગરિકો ફરીથી મતદાર યાદીમાં સ્થાન મેળવી શકે છે.

**પરંતુ આ દરમિયાન રદ થયેલા આ ૧૨ કરોડ લોકોનું શું થાય?**

પી. ચિદમ્બરમના જણાવ્યા અનુસાર, ભારતના ચૂંટણી પંચે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયા દરમિયાન ૧૩.૩૦ કરોડ નાગરિકોના નામ મતદાર યાદીમાંથી કમી કરીને તેમને 'મતદાન ન કરી શકે તેવા નાગરિકો' બનાવી દીધા છે. કુલ ૧૪ ટકા જેટલા નાગરિકોના નામ કમી કરવામાં આવ્યા છે, જેનો અર્થ એ થાય કે હાલમાં દર ૭ પુખ્ત વયના નાગરિકોમાંથી ૧ નાગરિક મતદાર કમી થઈ ગયો છે. ચિદમ્બરમ કટાક્ષ કરતા કહે છે કે, આપણું બંધારણ એવું સ્પષ્ટ કહે છે કે ૧૮ વર્ષથી વધુ ઉંમરનો દરેક પુખ્ત નાગરિક મતદાર છે, પરંતુ ચૂંટણી પંચ જાણે કે તે બંધારણથી પણ ઉપર હોય એવું વર્તન કરી રહ્યું છે. મતદાર યાદીની 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' પ્રક્રિયામાંથી બહાર આવેલા આંકડાઓ આ ચિંતાને માત્ર રાજકીય નિવેદનબાજી કહીને ફગાવી દેવાનું મુશ્કેલ બનાવે છે. સાર્વજનિક રૂપે ઉપલબ્ધ ડેટા દર્શાવે છે કે, પશ્ચિમ બંગાળમાં SIR પ્રક્રિયા હેઠળ જે લોકોના નામ રદ કરવામાં આવ્યા હતા, તેમના દ્વારા લાખો અપીલ દાખલ કરવામાં આવી હતી. આ હેતુ માટે નિયુક્ત કરાયેલા ન્યાયાધીશો દ્વારા નિકાલ કરાયેલી ૮૨,૭૮૨ અપીલોમાંથી, ૭૫,૪૩૩ અપીલો મંજૂર કરવામાં આવી હતી અને મતદાર યાદીમાં ૯૧ ટકા જેટલા નામ ફરીથી જોડવામાં આવ્યા હતા. જો સુણવણીમાં આવતી દર દસમાંથી નવ અપીલોને કારણે નામ પાછા મુકાતા હોય, તો સવાલ હવે માત્ર એટલો જ નથી કે શું SIR મતદાર યાદી સાફ કરી રહી છે કે નહીં પરંતુ એક વધુ મોટો અને મૂળભૂત સવાલ એ છે કે લોકશાહીની પ્રક્રિયામાંથી કેટલા સાચા મતદારોને બહાર ધકેલવામાં આવી રહ્યા છે, જે મૂળભૂત રીતે તેમનો મૌલિક અધિકાર છે?

**જ્યારે આ નાગરિકો પાછા ફરવા માટે સંઘર્ષ કરી રહ્યા હોય ત્યારે તેમના 'મતદાનના અધિકાર'નું શું?**

આશરે સાત લાખ અપીલો હજુ પણ પડતર છે. એવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે જો આ અપીલોના નિકાલમાં વર્ષો લાગી જાય તો જે નાગરિકોના કેસ પડતર છે તેઓ આ સમયગાળા દરમિયાન યોજાનારી ચૂંટણીઓમાં મતદાન કરવાથી વંચિત રહી શકે છે. મતદાર ભૂતકાળની અસરથી મતદાન કરી શકતા નથી અને લોકશાહીમાં એવી પ્રક્રિયા કે જે જાણીજોઈને એક પણ મતદારને પ્રક્રિયામાંથી બહાર ધકેલી દે છે, તે એક ગુનાહિત કૃત્ય છે.

પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર એસ.વાય. કુરેશીએ ચાલી રહેલી SIR પ્રક્રિયાની ટીકા કરતા કહ્યું છે કે આ પ્રક્રિયા મુખ્યત્વે 'બાકાત રાખવા' પર કેન્દ્રિત છે અને તેણે 'લોકશાહીને ભારે નુકસાન પહોંચાડ્યું છે', તેમજ મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓમાં અવરોધ ઊભો કર્યો છે. એવી કોઈ વ્યવસ્થા કે પ્રક્રિયા નથી જેના દ્વારા ચૂંટણીમાં મતદાન કરતા અટકાવવામાં આવેલા નાગરિક પોતાના એ ગુમાવેલા વોટને પછીથી પાછો મેળવી શકે. મતદાન કરવાનો અધિકાર ત્યારે જ મહત્વનો છે જ્યારે ચૂંટણી યોજાય તે સમયે જ તેનો ઉપયોગ કરી શકાય, જે બાબત મતદારયાદીમાંથી આટલી મોટી સંખ્યામાં નામો કાઢી નાખવાને ખાસ કરીને ચિંતાજનક બનાવે છે. સંશોધક રાહુલ શાસ્ત્રી અને 'ભારત જોડો અભિયાન'ના રાષ્ટ્રીય સંયોજક યોગેન્દ્ર યાદવે આ પ્રક્રિયા (SIR - મતદાર યાદી સુધારણા/પુનરાવર્તન) કેટલા મોટા પાયે થઈ રહી છે તે દર્શાવ્યું છે.

- **પ્રથમ તબક્કામાં (Phase I) :** ૮.૨૧ કરોડની પુખ્ત વયની વસ્તીમાંથી ૬૫.૧ લાખ નામો કાઢી નાખવામાં આવ્યા (ડિલીટ કરાયા), જે કુલ વસ્તીના ૭.૯ ટકા થાય છે.
- **બીજા તબક્કામાં (Phase II) :** ૫૧.૬૦ કરોડની પુખ્ત વયની વસ્તીમાંથી ૬.૫ કરોડ નામો કાઢી નાખવામાં આવ્યા, જે ૧૨.૬ ટકા થાય છે.
- **ત્રીજા તબક્કામાં (Phase III) :** ૩૫.૫ કરોડની પુખ્ત વયની વસ્તીમાંથી ૬.૧ કરોડ નામો કાઢી નાખવામાં આવ્યા, જે ૧૭.૧૮ ટકા થાય છે.

**૨૦૨૫ પૂર્વે ભારતીય ચૂંટણી પંચના અભિયાનનું સૂત્ર હતું, 'કોઈ પણ મતદાર રહી ન જાય'**

**૨૦૨૬ની ભારતીય ચૂંટણી પંચની SIR પ્રક્રિયા હેઠળ ૧૩ કરોડ નાગરિકોના મત આપવાના અધિકાર રદ કરી દેવામાં આવ્યા**

તેમના વિશ્લેષણ મુજબ, SIRના ડ્રાફ્ટ લિસ્ટમાંથી અંદાજે ૧૩.૩૭ કરોડ નામો કાઢી નાખવામાં આવ્યા છે. બાકીના રાજ્યોની ગણતરી અને નવા નામો ઉમેર્યા પછી પણ, આખરી આંકડો ૧૧.૫ કરોડથી વધુ રહેવાની સંભાવના છે.

આ સંખ્યાઓ ઘણી મોટી છે. અને રદ કરાયેલા દરેક નામ પાછળ એક એવો નાગરિક છે જેની પાસે કદાચ આધાર કાર્ડ, પાસપોર્ટ, રેશન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, ઘર, નોકરી અને અસ્તિત્વના દાયકાઓ જૂના પુરાવા હોઈ શકે છે, છતાં પણ તેઓ મતદાન કરી શકતો નથી.

આમાં રહેલી વિડંબના ચૂકી શકાય તેમ નથી, કારણ કે ચૂંટણી પંચના મતદાતા જાગૃતિ અભિયાનોએ નાગરિકોને વારંવાર કહ્યું છે : 'કોઈ પણ મતદાતા છૂટી ન જાય', 'પ્રત્યેક વોટ જરૂરી છે' અને 'દરેક મત મહત્વનો છે.' તેમ છતાં, SIR (સ્ટેટ ઈન્સ્ટિટ્યુશનલ રજિસ્ટર/ચોક્કસ સિસ્ટમ) મોટી સંખ્યામાં નાગરિકો માટે આનાથી તદ્દન વિપરિત પરિણામ લાવવાનું જોખમ ઊભું કરે છે : જે લોકો મતદારો હતા, અથવા મતદારો હોવા જોઈતા હતા, તેમને ચૂંટણી પ્રક્રિયામાંથી બહાર ધકેલી દેવામાં આવી રહ્યા છે અને ત્યારબાદ તેમણે પોતાનો હક પાછો મેળવવા માટે પુરાવાઓ આપવાની ફરજ પડી રહી છે. ચૂંટણી પ્રક્રિયા સર્વસમાવેશક હોવી જોઈએ. સ્વચ્છ મતદાર યાદી બનાવવાના નામે તેને કોઈને બાકાત રાખનારી પ્રક્રિયા બનાવી શકાય નહીં. ચિંતા એ વાતની નથી કે મતદારયાદીમાં ક્યારેય સુધારો ન થવો જોઈએ. સ્વાભાવિક છે કે મૃત્યુ પામેલા મતદારોના નામ હટાવવા જ જોઈએ, એકના એક નામ બે વાર હોય (ડુપ્લિકેટ એન્ટ્રી) તો તે દૂર થવી જોઈએ અને જે લોકો કાયમી ધોરણે અન્ય જગ્યાએ રહેવા જતા રહ્યા છે, તેમના નામ તેમના જૂના સરનામે નોંધાયેલા ન રહેવા જોઈએ.

ચૂંટણીની નિષ્પક્ષતા લોકશાહી માટે મૂળભૂત છે પરંતુ તેટલો જ મહત્વનો તફાવત ભૂલથી નામ ઉમેરાઈ જવું અને ભૂલથી નામ નીકળી જવું વચ્ચેનો છે. કોઈનું નામ ભૂલથી મતદાર યાદીમાં ઉમેરાઈ જવાથી કોઈ સાચા મતદારને મતદાન કરતા અટકાવી શકાતો નથી પરંતુ જો કોઈનું નામ ભૂલથી યાદીમાંથી કાઢી નાખવામાં આવે, તો તે તેને મતદાન કરતા ચોક્કસપણે રોકે છે.

એટલા માટે જ પુરાવા રજૂ કરવાની જવાબદારી અને માહિતી કાઢી નાખવા (ડિલીટ કરવા) અંગેની સુરક્ષાની તકેદારીઓ આટલી બધી મહત્વની છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી વખતે ભારતમાં અંદાજિત ૯૯ કરોડ પુખ્ત વયની વસ્તી સામે આશરે ૯૮ કરોડ નોંધાયેલા મતદારો હતા. જોકે, સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન/ખાસ સઘન સુધારણા કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધીમાં, નોંધાયેલા મતદારોની સંખ્યા ઘટીને આશરે ૮૮ કરોડ થવાનો અંદાજ છે, જ્યારે પુખ્ત વયની વસ્તી વધીને અંદાજે ૧૦૩ કરોડ થવાની ધારણા છે.

**તો પછી આ મતદાનની ઉંમર ધરાવતા નાગરિકો ક્યાં ગયા?**

તેમાંથી કેટલાક લોકો ચોક્કસપણે મૃત્યુ પામ્યા હશે, અન્ય જગ્યાએ સ્થળાંતર કરી ગયા હશે અથવા તો તેમની ડુપ્લિકેટ નોંધણી જોવા મળી હશે. પરંતુ, આ પ્રક્રિયામાં એવા લોકો પણ સામેલ છે કે જેમના નામ સુધારણા પહેલાની મતદારયાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા હતા, તેમજ એવા યુવા મતદારો પણ છે કે જેમના નામ ઉમેરવાના જોઈતા હતા પણ ઉમેરાયા નથી. આ ઉપરાંત, ઘણા નાગરિકોને 'ગેરહાજર' (absent), 'સ્થળાંતરિત' (shifted), 'અનમેપ્ડ' (unmapped - જેનું ચોક્કસ સ્થાન નક્કી ન હોય) અને 'તાર્કિક વિસંગતતા' (logical discrepancy) જેવી શ્રેણીઓમાં ધકેલી દેવામાં આવ્યા છે. આ તમામ શ્રેણીઓમાં વધુ પારદર્શિતા લાવવાની જરૂર છે. 'લોજિકલ ડિસ્ક્રીપન્સી' (તાર્કિક વિસંગતતા) શબ્દ ભલે તકનીકી લાગે પણ જો તેને ઓળખવા અને ઉકેલવા માટે કોઈ સમાન પદ્ધતિ ન હોય, તો તે એક અમલદારશાહીની ગૂંચવણ (અસ્પષ્ટ પ્રક્રિયા) બની જવાનું જોખમ ઊભું કરે છે. એક એવી શ્રેણી, જે નક્કી કરી શકે કે કોઈ નાગરિક મતદાર યાદીમાં રહેશે કે નહીં, તેને મનસ્વી અર્થઘટન (કોઈપણ અધિકારીની પોતાની મરજી) પર છોડી શકાય નહીં.

જ્યારે આ મતદારયાદી સુધારણાની પ્રક્રિયા એવા લોકો સુધી પહોંચે છે જેઓ બિલકુલ અદ્રશ્ય (સામાન્ય) નથી, ત્યારે સમસ્યા વધુ ગંભીર બની જાય છે. અહેવાલો અનુસાર, કર્ણાટકમાં ચાલી રહેલા મતદારયાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનના ભાગરૂપે ચૂંટણી પંચ (ECI) દ્વારા બહાર પાડવામાં આવેલી વિસંગતતા યાદી (ડિસ્ક્રીપન્સી લિસ્ટ) માં ઈન્ફોસિસના સહ-સ્થાપક નંદન નિલેકણીના સમગ્ર પરિવારનો સમાવેશ થયો છે. આ યાદી મુજબ, તેઓને 'Unmapped with last SIR' (છેલ્લા SIR સાથે ન જોડાયેલા) તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. આ યાદીમાં ભારતીય રાજદ્વારી નવદીપ સૂરી, આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા સોમનાથ ભારતી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા ધરમવીર ગાંધી સહિત અન્ય ઘણા મોટા નામો છે. જો આટલો ઉચ્ચ દરજ્જો ધરાવતા નાગરિકોએ પણ પોતાની ઓળખ સાબિત કરવા માટે આગળ આવવું પડતું હોય, તો સામાન્ય મતદારો-ખાસ કરીને જેમની પાસે અપીલ પ્રક્રિયામાંથી પસાર થવા માટે સમય, સંસાધનો અથવા જાગૃતિ નથી-તેમણે કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હશે તેની કલ્પના કરવી અઘરી નથી. અને આ બાબત આપણને ફરીથી ૯૧ ટકાના આંકડા પર લઈ આવે છે. મતદાનના પોતાના અધિકારનો ઉપયોગ કરવા માટે મતદારે મતદાર યાદીમાં પોતાનું નામ ફરીથી સામેલ કરાવવા સંઘર્ષ કરવો ન પડે તે આવશ્યક છે. તેથી જ, બિહારમાં યાદીમાંથી દૂર કરાયેલા ૬૫ લાખ મતદારોની યાદી અને તેમને દૂર કરવાના કારણો જાહેર કરવા અંગે ચૂંટણી પંચને સુપ્રીમ કોર્ટે આપેલો નિર્દેશ મહત્વપૂર્ણ છે. પારદર્શિતા એ પ્રક્રિયાનો જ એક ભાગ હોવો જોઈએ; તે માત્ર પ્રશ્નો ઉઠાવવામાં આવે ત્યારે જ પૂરી પાડવામાં આવતી બાબત ન હોવી જોઈએ. ભારતીય ચૂંટણી પંચે આ પ્રશ્નોના જવાબ આપવા સક્ષમ હોવું જોઈએ.

- કોનું નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યું?
- શા માટે?
- કયા પુરાવાના આધારે?
- આ નામ કાઢી નાખવાની પ્રક્રિયાની ખરાઈ (વેરિફિકેશન) કોણે કરી?
- કોઈ સાચા મતદારનું નામ કેટલી ઝડપથી પાછું ઉમેરી શકાય? અને,

**સૌથી મહત્વનું એ કે, જો નામ પાછું ઉમેરાય તે પહેલાં જ ચૂંટણી યોજાઈ જાય તો શું થાય?**

રાજસ્થાનમાં શહેરી સ્થાનિક સંસ્થાઓની (નગરપાલિકા/મહાનગરપાલિકાની) ચૂંટણીઓ શરૂ થઈ ચૂકી છે અને અન્ય રાજ્યો તેમજ સ્થાનિક સંસ્થાઓમાં પણ ચૂંટણીઓ ચાલુ રહેશે. કાયદેસરના મતદારો બાકાત રહી જાય અને તેમના વગર જ જો ચૂંટણીઓ યોજાય, તો તે એક એવું લોકશાહીનું નુકસાન છે જેને ભવિષ્યમાં ક્યારેય સુધારી કે ભરપાઈ કરી શકાતું નથી. કલ્પના કરો કે તમારે કોઈ નાગરિકને એવું કહેવું પડે કે, તમારું નામ ભૂલથી મતદારયાદીમાંથી કાઢી નાખવામાં આવ્યું હતું, તમારી અપીલ સ્વીકારી લેવામાં આવી છે અને હવે તમારું નામ ફરીથી મતદારયાદીમાં સામેલ કરી દેવાયું છે; પરંતુ કમનસીબે, જ્યારે તમારી અપીલ વિચારાધીન હતી તે દરમિયાન જ ચૂંટણી યોજાઈ ગઈ હોય છે અને તે ગુમાવેલા મતનો કોઈ ઉપાય નથી. તેથી જ SIR અંગેની ચર્ચાને માત્ર ચૂંટણી પંચને લઈને થતી રાજકીય સ્પર્ધા પૂરતી સીમિત રાખી શકાય નહીં. આ બાબત ભારતીય લોકશાહીના મૂળભૂત માળખા સાથે સંકળાયેલી છે. **(સૌ. : ટાઈમ્સ નાઉ ન્યૂઝ.કોમ)**

### મહારાષ્ટ્ર, યુપીથી પંજાબ સુધી ગયા બાદ હવે ગુજરાતનો વારો

# કોકરોચ ચલાવશે સ્કૂલ ઠીક કરો અભિયાન

## કોકરોચ જનતા પાર્ટીનું સ્કૂલ ઠીક કરો અભિયાન દેશભરની સરકારી શાળાઓની વાસ્તવિકતા ઉજાગર કરી રહ્યું છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

દેશભરની સરકારી શાળાઓની વાસ્તવિક સ્થિતિ સામે લાવવા માટે શરૂ કરાયેલું કોકરોચ જનતા પાર્ટી (CJP)નું સ્કૂલ ઠીક કરો અભિયાન હવે ચર્ચાના કેન્દ્રમાં છે. મહારાષ્ટ્રના એક ગામથી શરૂ થયેલી આ અભિયાન હવે અનેક રાજ્યો સુધી પહોંચી ચૂક્યું છે. આ દરમિયાન CJPના સંસ્થાપક અભિજિત દીપકેએ ગુજરાતને લઈને એવો સંકેત આપ્યો છે કે, જેનાથી માનવામાં આવી રહ્યું છે કે આ અભિયાનનો આગામી પડાવ ગુજરાત હોઈ શકે છે. CJPએ આ અભિયાનની શરૂઆત ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ મહારાષ્ટ્રના હિંગોલી જિલ્લાના સંતુક પિંપરી ગામથી કરી હતી. અહીં સ્કૂલમાં શૌચાલયમાં પાણીની વ્યવસ્થા ન હોવી, તૂટેલી બારીઓ અને પૂરતી બેન્ચો ન હોવાની બાબતો સામે આવી હતી. જોકે, બાદમાં ત્યાં રિપેરિંગનું કામ શરૂ થયું અને પહેલીવાર કોમ્પ્યુટર પણ પહોંચ્યું. આ ઉપરાંત મહારાષ્ટ્રના લાતુર જિલ્લામાં પણ આ અભિયાનને લઈને વિવાદો અને પોલીસ કેસ સામે આવ્યા હતા. રાજસ્થાનઃ જયપુરની સરકારી પ્રાથમિક શાળાની જર્જરિત ઈમારતનો મુદ્દો સૌથી વધુ ચર્ચાયો હતો. CJPના નિરીક્ષણ બાદ તંત્ર હરકતમાં આવ્યું અને નવી બિલ્ડીંગ માટે ૧૮ લાખ રૂપિયાની વ્યવસ્થા કરીને જૂની બિલ્ડીંગ પાડી દેવામાં આવી. હરિયાણાઃ ભિવાનીની એક શાળામાં મિડ-ડે મિલના અનાજમાં જીવાત અને ખરાબ શૌચાલય મળ્યા બાદ શિક્ષિકાને સસ્પેન્ડ કરવામાં આવ્યા અને સરકારે ૨૮૧૪ અસુરક્ષિત બિલ્ડીંગને પાડવાનો આદેશ આપ્યો. પશ્ચિમ બંગાળઃ બાંકુડા જિલ્લામાં શાળાઓની સ્થિતિ સામે લાવ્યા બાદ હિંસા અને એક વ્યક્તિના મૃત્યુનો ગંભીર માહોલ પણ સામે આવ્યો હતો. કર્ણાટકઃ બેંગલુરુમાં છતની ખરાબ હાલત અને શિક્ષકોની ઘટ જેવા મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા, ત્યારબાદ મંત્રી સાથે મુલાકાત બાદ રિપેરિંગનું કામ શરૂ થયું હતું. પંજાબઃ અહીં લુધિયાણાની શાળાઓમાં સ્કૂલ ઓફ એમીનેન્સ જેવી જગ્યાએ આધુનિક સુવિધાઓ (સ્વિમિંગ પુલ, AI લેબ) જોઈને CJP ટીમ દ્વારા પ્રશંસા પણ કરવામાં આવી હતી. ઉત્તર પ્રદેશઃ નોઈડામાં શાળાઓના નિરીક્ષણ દરમિયાન ઝલ્ત ટીમ અને પ્રશાસન વચ્ચે ગેટ બંધ રાખવા અને પ્રવેશ ન આપવા બાબતે તણાવ જોવા મળ્યો હતો. CJP પર અગાઉ એવા સવાલો ઉઠ્યા હતા કે તેઓ માત્ર ભાજપ શાસિત રાજ્યોને જ કેમ નિશાન બનાવે છે?

# એડિડાસ દ્વારા ભારતમાં તેના ટેક હબમાં છટણીની પુષ્ટિ; આશરે ૫૦% કર્મચારીઓ પ્રભાવિત થશે

## અહેવાલો અનુસાર એડિડાસ તેના ભારતીય ટેક હબના લગભગ ૫૦% કર્મચારીઓની છટણી કરી રહ્યું છે; પ્રભાવિત થનારાઓમાં સોફ્ટવેર એન્જિનિયરો, ડેટા સાયન્ટિસ્ટ્સ અને ડેટા એન્જિનિયરોનો સમાવેશ થાય છે

(એજન્સી) તા.૧૬

એડિડાસ ગુરૂગ્રામમાં આવેલા તેના ભારતીય ટેક હબમાં લગભગ ૫૦ ટકા કર્મચારીઓની છટણી કરી રહ્યું હોવાના અહેવાલ છે, જેમાં સોફ્ટવેર એન્જિનિયરો, ડેટા સાયન્ટિસ્ટ્સ અને ડેટા એન્જિનિયરો પ્રભાવિત થયા છે. જો કે, એડિડાસે પુષ્ટિ કરી છે કે, તે ભારતમાં તેના ટેક્નોલોજી વિભાગમાં જગ્યાઓ ઘટાડી રહ્યું છે પરંતુ કંપનીએ કેટલા કર્મચારીઓ પ્રભાવિત થયા છે તે અંગે ખુલાસો કર્યો નથી. 'વોકલ્ટ'ને આપેલા નિવેદનમાં એડિડાસે જણાવ્યું છે કે, તેણે ભારતમાં તેના ટેક્નોલોજી વિભાગમાં કેટલીક જગ્યાઓ ઘટાડવાનો 'મુશ્કેલ નિર્ણય' લીધો છે. કંપનીનું કહેવું છે કે, આ પગલું વ્યવસાયની બદલાતી જરૂરિયાતો સાથે તેના ઓપરેટિંગ મોડલને સુસંગત બનાવવાના સતત પ્રયાસોનો એક ભાગ છે. કંપનીએ નિવેદનમાં કહ્યું કે, 'એડિડાસમાં આપેલા અનેક યોગદાન બદલ અમે અમારા સહકર્મીઓનો ખૂબ આભાર માનીએ છીએ. આ સમયગાળા દરમિયાન ટ્રાન્ઝિશન માટે જરૂરી સહાય પૂરી પાડીને પ્રભાવિત સહકર્મીઓને ટેકો આપવા માટે અમે પ્રતિબદ્ધ છીએ. આ ફેરફારોનો ઉદ્દેશ્ય સંસ્થાના અમુક હિસ્સાને સરળ બનાવવાનો, મહત્ત્વપૂર્ણ ક્ષમતાઓને મજબૂત કરવાનો અને બદલાતા વ્યવસાયિક તથા ટેક્નોલોજી વાતાવરણમાં એડિડાસને લાંબા ગાળાની સફળતા માટે તૈયાર કરવાનો છે. આ છટણીથી ગુડગાંવમાં આવેલા એડિડાસના ભારતીય ટેક હબના અંદાજે ૭૦૦ કર્મચારીઓમાંથી ૩૫૦ કે તેથી વધુ કર્મચારીઓ પ્રભાવિત થયા હોવાનું કહેવાય છે. આ સંખ્યા હબના કુલ કર્મચારીઓના લગભગ ૪૫થી ૫૦ ટકા જેટલી છે, જો કે, એડિડાસે આ આંકડાની પુષ્ટિ કરી નથી. પ્રભાવિત ભૂમિકાઓમાં સોફ્ટવેર એન્જિનિયરો, ડેટા સાયન્ટિસ્ટ્સ અને ડેટા એન્જિનિયરોનો સમાવેશ થાય છે.

૧૫ સપ્ટેમ્બરે યોજાયેલી 'ટાઉન હોલ' બેઠક દરમિયાન કર્મચારીઓને આ છટણી વિશે જાણ કરવામાં આવી હતી. પ્રભાવિત કર્મચારીઓને બે જૂથોમાં વહેંચવામાં આવ્યા છે. કેટલાક કર્મચારીઓને તે જ દિવસે છૂટા થવાના પત્રો મળ્યા હતા, જ્યારે બીજા જૂથને ડિસેમ્બર સુધી કંપની સાથે જોડાયેલા રહેવા માટે કહેવામાં આવ્યું છે. તેઓ અન્ય ટેક્નોલોજી હબમાં સાથીદારોને કામ સોંપશે તેવી અપેક્ષા છે, સાથે-સાથે સંસ્થામાં અન્ય ભૂમિકાઓ પણ આપશે.

# માત્ર ૧ ટકાથી ઓછો તફાવત : રાજસ્થાનમાં ભાજપની જીતને ભવ્ય જીતનો જનાદેશ કેમ કહી શકાય નહીં

## રાજસ્થાનની શહેરી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપની સફળતા નોંધપાત્ર છે, જેમાં તેણે કોંગ્રેસની ૩૬૧૩ બેઠકો સામે ૪૧૭૯ વોર્ડ જીત્યા છે, જો કે, આ જીત પર માત્ર ૦.૯૪ ટકાના નજીવા મત-તફાવતની અસર જોવા મળે છે, અગાઉની ચૂંટણીઓની સરખામણીમાં ભાજપે સુધારો કર્યો હોવા છતાં ઘણી સંસ્થાઓ પર નિયંત્રણ હજુ પણ અનિશ્ચિત છે

(એજન્સી) તા.૧૬

સામાન્ય રીતે કાગળ પર જોતા ભાજપે રાજસ્થાનની શહેરી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં જબરદસ્ત જીત મેળવી છે પરંતુ જો બેઠકોની સંખ્યાથી આગળ વધીને જોવામાં આવે, તો પક્ષ જે 'ઐતિહાસિક જીત'નો દાવો કરી રહ્યો છે તે એક ટકાથી પણ ઓછા તફાવત પર આધારિત છે. ભાજપે ૩૦૯ શહેરી સ્થાનિક સંસ્થાઓમાં લડવામાં આવેલા ૧૦,૨૪૪ વોર્ડમાંથી ૪૧૭૯ વોર્ડ જીત્યા, જ્યારે કોંગ્રેસે ૩૬૧૩ વોર્ડ જીત્યા છે. આમ ભાજપ ૫૬૬ વોર્ડની સરસાઈ ધરાવે છે. આ આંકડો સારો લાગે છે પરંતુ જ્યારે તમે તે બેઠકો પાછળના મતોનું વિશ્લેષણ કરો છો ત્યારે ચિત્ર બદલાય છે. ભાજપને ૩૫.૧૮ ટકા અને કોંગ્રેસને ૩૪.૨૪ ટકા મત મળ્યા, જે માત્ર ૦.૯૪ ટકાનો તફાવત દર્શાવે છે. રાજસ્થાન કોંગ્રેસના વડા ગોવિંદસિંહ દોતાસરા દાવો કરે છે કે, સત્તાધારી પક્ષની મત-હિસ્સાની સરસાઈ એક ટકાથી ઓછી છે અને તેઓ આરોપ લગાવે છે કે, વોર્ડના સીમાંકનમાં કરવામાં આવેલી અનિયમિતતાઓ ભાજપની તરફેણમાં રહી હતી. બેઠકો અને મતો વચ્ચેની આ વિસંગતતા જ વાસ્તવિક બાબત છે. ૧ ટકાથી ઓછા મત-તફાવત પર ૫૬૬ વોર્ડની સરસાઈ એ દર્શાવે છે કે, ભાજપે કેટલી કુશળતાપૂર્વક મતોને વોર્ડમાં પરિવર્તિત કર્યા. તેનો અર્થ એ નથી કે ૨૦૨૮ની વિધાનસભા ચૂંટણીના બે વર્ષ પહેલાં મતદારોએ તેમને કોઈ જબરદસ્ત જનાદેશ આપ્યો છે.

**આંકડા શું દર્શાવે છે :** ત્યારબાદ ત્રીજું પરિબળ પણ છે જેને મુખ્ય આંકડાઓ છૂપાવી દે છે. અપક્ષ ઉમેદવારોએ ૨૨૭૩ વોર્ડ જીત્યા, જે કોંગ્રેસની કુલ જીતની અડધાથી વધુ સંખ્યા છે અને રાજ્યના કેટલાક સૌથી પ્રતીકાત્મક મહત્ત્વ ધરાવતા વિસ્તારોમાં ભાજપ નહીં પરંતુ તેઓનું વર્ચસ્વ રહ્યું. મુખ્યમંત્રી ભજનલાલ શર્માના ગૃહનગર ભરતપુરમાં, મ્યુનિસિપલ કોર્પોરેશનની ૬૫માંથી ૩૬ બેઠકો પર અપક્ષ ઉમેદવારો વિજયી થયા હતા, જ્યારે ભાજપને ૨૦ અને કોંગ્રેસને સાત બેઠકો મળી હતી.

**હદીસ બોધ**

રોજી મેળવવાની શ્રેષ્ઠ રીત પોતાનું કામ પોતાની જાતે કરવું તે છે.

(હદીસ બોધ)

**બોધ વચન**

આનંદ એ એક એવી પ્રવૃત્તિ છે, જેને માણ્યા પછી પસ્તાવો કરવો પડતો નથી.

- સોક્રેટિસ

**આજની આરસી**

૧૭ સપ્ટેમ્બર ગુરૂવાર ૨૦૨૬
૪ રબીઉલ આખર હિજરી ૧૪૪૮
ભાદરવા સુદ છઠ્ઠ સંવત ૨૦૮૨
સુબ્હ સાદિક ૫-૦૭
ખત્મે ઝવાલ ૧૨-૩૪
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૨૭
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૪૨

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

- વ્યવસ્થાપક

### મેચ પછી કેપ્ટન શ્રેયસ ઐયરે આપ્યો મોટો સંકેત

# વૈભવ સૂર્યવંશીને પણ ત્રીજી મેચમાં તક મળી શકે છે

**કેપ્ટન શ્રેયસ ઐયરે કહ્યું કે ટીમ ઇચ્છે છે કે બાજુ પર રહેલા ખેલાડીઓ પ્રેક્ટિસ કરે અને પરિસ્થિતિઓનો ઉપયોગ કરે**

નવી દિલ્હી, તા.૧૬

ભારતીય ટીમે અફઘાનિસ્તાન સામે સતત બે મેચ જીતીને સિરીઝ જીતી લીધી છે. ભારતે બીજી મેચમાં એક ફેરફાર કરવો પડ્યો. ઈજાને કારણે સિરીઝમાંથી બહાર થઈ ગયેલા વરુણ ચક્રવર્તીની જગ્યાએ રવિ બિશ્નોઈને ટીમમાં સામેલ કરવામાં આવ્યો. સિરીઝ જીત્યા બાદ, શ્રેયસ ઐયરે કહ્યું કે ત્રીજી અને અંતિમ મેચમાં મોટા ફેરફાર કરી શકે છે. આનાથી બેન્ચ પર રહેલા વૈભવ સૂર્યવંશીને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવાનો માર્ગ ખુલી શકે છે. સંજુ સેમસનની વાપસીનો અર્થ એ થયો કે વૈભવ સૂર્યવંશીને પહેલી બે મેચમાં તક મળી ન હતી. વૈભવે ઈંગ્લેન્ડ શ્રેણીમાં T20 ડેબ્યૂ કર્યું હતું અને ઝિમ્બાબ્વે સામે આખી સિરીઝ રમી હતી. ભારતે અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાયેલી બીજી T20 મેચમાં અફઘાનિસ્તાનને સાત વિકેટથી હરાવ્યું, ૨-૦થી લીડ મેળવી અને સિરીઝ જીતી લીધી. મેચ પછી, કેપ્ટન શ્રેયસ ઐયરે કહ્યું કે ટીમ ઈચ્છે છે કે બાજુ પર રહેલા ખેલાડીઓ પ્રેક્ટિસ કરે અને પરિસ્થિતિઓનો ઉપયોગ કરે. ભારતીય કેપ્ટન શ્રેયસ ઐયરે ત્રીજી T20I માટે પ્લેઈંગ ઈલેવનમાં ફેરફારની શક્યતા વિશે વાત કરતા કહ્યું કે, અમે ચોક્કસપણે ઈચ્છીએ છીએ કે દરેક વ્યક્તિ પીચથી ટેવાઈ જાય અને થોડી પ્રેક્ટિસ કરે, તેથી જે ખેલાડીઓ બહાર બેઠા છે તેમને તક આપવાની આ એક સારી તક હશે. શ્રેયસ ઐયરના નિવેદન મુજબ, વૈભવ સૂર્યવંશીને પણ ત્રીજી મેચમાં તક મળી શકે છે. સંજુ સેમસનના આવ્યા બાદ તે પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર છે. વૈભવ સૂર્યવંશી ઝિમ્બાબ્વે સામેની છેલ્લી T20I સિરીઝમાં રમ્યો હતો, જ્યાં તેને પ્લેયર ઓફ ધ સિરીઝ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો, પરંતુ હજુ સુધી ચાલુ સિરીઝમાં તક મળી નથી. સૂર્યવંશી અને સેમસન હજુ સુધી આંતરરાષ્ટ્રીય સ્તરે સાથે રમ્યા નથી. ઝિમ્બાબ્વે સામે સંજુને બહાર કર્યા પછી તેમને તક મળી. સેમસને બીજી T20Iમાં જોરદાર પ્રદર્શન કર્યું, જેના કારણે તેને બહાર કાઢવાનું મુશ્કેલ બન્યું. તેણે ૨૨ બોલમાં ૫૭ રન બનાવ્યા. અભિષેક શર્મા સાથે મળીને તેણે પાવરપ્લેમાં ૮૨ રન બનાવ્યા. અભિષેક શર્માએ ૧૯ બોલમાં ૩૯ રન બનાવ્યા. અફઘાનિસ્તાન તરફથી રાશિદ ખાન સૌથી સફળ બોલર રહ્યો, તેણે ત્રણ વિકેટ લીધી. ઈશાન કિશને ૨૩ બોલમાં ૩૮ રન બનાવીને ટીમની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી.

# એસપી (SP)નું દલિત મહાસંમેલન આગ્રામાં શા માટે શરૂ થઈ રહ્યું છે ? અખિલેશ યાદવની યોજના વિશે જાણો

**સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે યુપી (UP)ની ચૂંટણી માટે દલિત મતદારોને રીઝવવાના પ્રયાસો શરૂ કર્યા છે, આ પ્રયાસના ભાગરૂપે તેઓ આગ્રામાં દલિત સંમેલન શરૂ કરશે**

(એજન્સી) તા.૧૬

બહુજન સમાજ પાર્ટી (BSP)માં ચાલી રહેલી આંતરિક ઉથલપાથલ અને આગામી યુપી ચૂંટણીને ધ્યાનમાં રાખીને, સમાજવાદી પાર્ટીએ દલિત મતદારો પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ સંદર્ભમાં, એસપી ૧૫ નવેમ્બરે આગરાથી દલિત મહાસંમેલનનું આયોજન કરશે. આ કાર્યક્રમમાં એસપી અધ્યક્ષ અખિલેશ યાદવ પણ ઉપસ્થિત રહેશે. આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં એસપી કાર્યકરો તેમાં ભાગ લેશે. આગરા એ યુપીના દલિત રાજકારણમાં એક મહત્વપૂર્ણ જિલ્લો છે. તેથી જ એસપીએ અહીં દલિત સંમેલન શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આ જિલ્લાને ડૉ. આંબેડકર અને બીએસપીના સ્થાપક કાંશીરામ સાથે ઐતિહાસિક જોડાણ પણ છે. ૧૮ માર્ચ, ૧૯૫૬ના રોજ આગરાની ચકરી પાટ જાટવ બસ્તીમાં જ આંબેડકરે તેમનું છેલ્લું મહત્વનું ભાષણ આપ્યું હતું. તે ભાષણમાં, નાગપુરમાં દીક્ષા સમારોહના થોડા મહિના પહેલા જ તેમણે બૌદ્ધ ધર્મ અંગીકાર કરવાના સંકેત આપ્યા હતા. બીએસપીના સ્થાપક કાંશીરામે ૧૯૭૮માં 'બેકવર્ડ એન્ડ માઈનોરિટી કોમ્યુનિટીઝ એમ્પ્લોઈઝ ફેડરેશન' (BAMCEF - બામસેફ)ની ઔપચારિક સ્થાપના કરી હતી. ઉત્તર પ્રદેશમાં આ સંગઠનનું પ્રથમ એકમ ૧૯૭૮માં આગરામાં સ્થાપિત કરવામાં આવ્યું હતું. બાદમાં, લખનૌમાં પણ એક એકમની સ્થાપના કરવામાં આવી હતી. સમાજવાદી પાર્ટીએ આગરાની પસંદગી કરી કારણ કે ત્યાંનો જાટવ સમુદાય પહેલેથી જ પ્રમાણમાં સંગઠિત, શિક્ષિત અને આર્થિક રીતે મજબૂત હતો. અહીં આંબેડકરવાદી ચેતના પણ ઊંડે સુધી વણાયેલી હતી. કાંશીરામે આ શહેરી, શિક્ષિત દલિત કર્મચારીઓ અને નાના વેપારીઓને બામસેફ (BAMCEF) દ્વારા જોડ્યા હતા. આ આધાર પાછળથી DS-4 અને BSPનો પાયો બન્યો. કાંશીરામે આગરાને ઉત્તર ભારતમાં બહુજન રાજકારણની પ્રારંભિક પ્રયોગશાળા બનાવી હતી. આ પ્રદેશની સામાજિક-આર્થિક સ્થિતિ અને આંબેડકરવાદી પૃષ્ઠભૂમિએ તેમના સંગઠનને મજબૂત પાયો નાખવામાં મદદ કરી હતી. તેથી જ આગરાને આજે પણ દલિત રાજકારણનું કેન્દ્ર માનવામાં આવે છે. આગરા દલિત રાજકારણનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે. આગ્રાને ઉત્તરપ્રદેશમાં દલિત રાજકારણની રાજધાની કહી શકાય કારણ કે અહીં જ દલિત ચેતના, આંબેડકરવાદી આંદોલન અને ચૂંટણીલક્ષી રાજકારણે તેમનો સૌથી ઊંડો અને સંગઠિત આધાર વિકસાવ્યો છે. આ માત્ર વસ્તીના આંકડાની વાત નથી; તે ઈતિહાસ, સામાજિક-આર્થિક પરિસ્થિતિઓ અને રાજકીય પ્રયોગોનું પરિણામ છે. દલિત આંદોલનના લાંબા સમયથી ચાલતા ગઢ સમાન આગ્રામાં ૧૯૫૦ અને ૧૯૬૦ના દાયકાથી જ દલિત સંગઠનો સક્રિય રહ્યા છે. જાટવ સમુદાયે આંબેડકરની પ્રતિમાઓ સ્થાપીને, સરઘસો કાઢીને અને બૌદ્ધ ધર્મ અપનાવીને પોતાની ઓળખ અને અધિકારોનો દાવો રજૂ કર્યો હતો. આ આંદોલન પાછળથી કાંશીરામના 'બામસેફ' (BAMCEF) અને 'બહુજન સમાજ પાર્ટી' (BSP)નો પાયો બન્યું. પશ્ચિમ ઉત્તરપ્રદેશ અને ખાસ કરીને આગ્રા, કાંશીરામ અને માયાવતી બંને માટે એક પ્રયોગશાળા સમાન રહ્યું છે. આગ્રા વિભાગમાં ચાર જિલ્લાઓનો સમાવેશ થાય છેઃ આગ્રા, મથુરા, મૈનપુરી અને ફિરોઝાબાદ. ઈટાવા અને હાથરસ પણ આ જિલ્લાઓની સરહદે આવેલા છે. આ જિલ્લાઓમાં દલિત વસ્તી ૨૦ ટકાથી વધુ છે, જેમાં જાટવ સમુદાય સૌથી મોટી સંખ્યામાં છે અને તેઓ BSPનો મુખ્ય મતદાર આધાર છે. SP (સમાજવાદી પાર્ટી) આ મતબેંકમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહી છે. એક અંદાજ મુજબ, આગ્રામાં લગભગ ૨૩% જાટવ મતદારો છે, જ્યારે મથુરામાં ૨૦%, મૈનપુરીમાં ૨૦%, ફિરોઝાબાદમાં ૧૯%, ઈટાવામાં ૨૫% અને હાથરસમાં લગભગ ૨૪% મતદારો છે. છેલ્લા કેટલાક વર્ષોથી અખિલેશ યાદવની નજર યુપીના દલિત મતદારો પર છે. આ જ કારણ છે કે તેમણે અગાઉ માયાવતી સાથે ગઠબંધન કર્યું હતું, જોકે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં તેમને તેનો કોઈ ખાસ ફાયદો થયો ન હતો. તેમ છતાં, માયાવતી સાથેના તેમના ગઠબંધનને કારણે તેમના પર લાગતા 'દલિત-વિરોધી' હોવાના આરોપો ઓછા થયા છે. અખિલેશ યાદવને ૨૦૨૨ અને ૨૦૨૪ની ચૂંટણીમાં તેનો ફાયદો મળ્યો. આ જ કારણ છે કે અખિલેશ યાદવને હવે વાદળી રંગ પસંદ આવવા લાગ્યો છે અને તેમણે પોતાની પાર્ટીના ગમછાથી લઈને ટી-શર્ટ સુધીની દરેક વસ્તુ વાદળી રંગની કરી દીધી છે. વધુમાં, તેમણે પાર્ટીના દલિત નેતાઓને પ્રાધાન્ય આપવાનું શરૂ કર્યું છે. SPનું આ સંમેલન એવા સમયે યોજાઈ રહ્યું છે જ્યારે BSPમાં સતત ઉથલપાથલ ચાલી રહી છે. આકાશ આનંદ અને ઈશાન આનંદને પક્ષમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. આ ઉપરાંત, પક્ષના યુવા કાર્યકરો નિરાશ છે અને નવા નેતૃત્વની શોધમાં છે. પ્રવીણ યાદવ ૨૧ વર્ષથી પત્રકારત્વના ક્ષેત્રમાં સક્રિય છે. તેઓ ૨૦૦૪માં 'સ્ટાર ન્યૂઝ'માં જોડાયા હતા અને હાલમાં 'એબીપી ન્યૂઝ' (ABP News)માં ઈનપુટ એડિટર તરીકે ફરજ બજાવે છે. તેમણે અસાઈનમેન્ટ હેડ અને ફોરવર્ડ પ્લાનિંગ સહિતના વિવિધ હોદ્દાઓ સંભાળ્યા છે તેમજ ડિજિટલ મીડિયાના વડા તરીકે પણ સેવા આપી છે. ૨૦૨૨માં તેઓ ડિજિટલ મીડિયા ક્ષેત્રે પણ જોડાયા હતા.

# યુપી : ફિરોઝાબાદમાં પોલીસની મારપીટ બાદ દલિત ગર્ભવતી મહિલાનું મોત; છ પોલીસકર્મીઓ સસ્પેન્ડ

**અંજલિ વર્માના પતિ ગૌરવ કુમારના જણાવ્યા અનુસાર રવિવારે રાત્રે લગભગ ૧૧:૪૫ વાગ્યે સબ-ઈન્સ્પેક્ટર ધર્મપાલ સિંહના નેતૃત્વમાં પોલીસની એક ટીમ શિકોહાબાદ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના લભાઉઆ ગામમાં આવેલા દંપતીના ઘરે પહોંચી હતી**

(એજન્સી) તા.૧૬

ફિરોઝાબાદમાં પતિની અટકાયત કરતી વખતે પોલીસે મારપીટ કરી હોવાના પરિવારના આક્ષેપ બાદ ૨૮ વર્ષીય ગર્ભવતી દલિત મહિલાનું મોત નીપજ્યું હતું; આ ઘટનાને પગલે છ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ઉત્તરપ્રદેશના ફિરોઝાબાદમાં ચોરીના કેસમાં પૂછપરછ માટે પતિને લઈ જતી વખતે પોલીસે કથિત રીતે મારપીટ કરતા ૨૮ વર્ષીય ગર્ભવતી દલિત મહિલાનું મોત થયું હતું. બે સબ-ઈન્સ્પેક્ટર સહિત છ પોલીસકર્મીઓને બેદરકારી બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. અંજલિ વર્માના પતિ ગૌરવ કુમારના જણાવ્યા અનુસાર, રવિવારે રાત્રે લગભગ ૧૧:૪૫ વાગ્યે સબ-ઈન્સ્પેક્ટર ધર્મપાલ સિંહના નેતૃત્વમાં પોલીસની એક ટીમ શિકોહાબાદ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના લભાઉઆ ગામમાં આવેલા દંપતીના ઘરે પહોંચી હતી. સ્થાનિક કરિયાણાની દુકાનમાં થયેલી ચોરીના સંબંધમાં પોલીસ તેના પતિ ગૌરવ કુમારની ધરપકડ કરવા ગઈ હતી. પરિવારે આક્ષેપ કર્યો હતો કે અંજલિ, જે લગભગ સાડા આઠ મહિનાની ગર્ભવતી હતી, તેણે અધિકારીઓને વિનંતી કરી હતી કે તેઓ તેના પતિને ન લઈ જાય. તેમણે કહ્યું કે તે દરમિયાન થયેલી ઝપાઝપીમાં તેને પેટના ભાગે ધક્કો મારવામાં આવ્યો અથવા લાત મારવામાં આવી, જેના કારણે તે નીચે પડી ગઈ. ત્યારબાદ પોલીસ ગૌરવને પોતાની સાથે લઈ ગઈ. અહેવાલ મુજબ, આ ઘટના બાદ અંજલિની તબિયત બગડી ગઈ હતી. તેને શિકોહાબાદની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, જ્યાં સોમવારે સવારે તેણે એક પુત્રને જન્મ આપ્યો હતો. પ્રસૂતિ બાદ તેની તબિયત વધુ બગડી હતી અને તેને ફિરોઝાબાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી. નવજાત શિશુની હાલત ગંભીર હતી અને તેને વધુ સારવાર માટે આગ્રાની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યું



હતું. પરિવારે જણાવ્યું હતું કે અંજલિના મૃત્યુની જાણ પોલીસને થયા બાદ ગૌરવને મુક્ત કરવામાં આવ્યો હતો. તેના મૃત્યુને પગલે લભાઉઆમાં વિરોધ પ્રદર્શન શરૂ થયા હતા; ગ્રામજનો પોલીસ સ્ટેશન ખાતે એકઠા થયા હતા અને કથિત રીતે સંડોવાયેલા પોલીસકર્મીઓ સામે કાર્યવાહીની માંગ કરી હતી. સ્થગિત કરવામાં આવેલા કર્મચારીઓમાં સબ-ઈન્સ્પેક્ટર ધર્મપાલ સિંહ અને સત્યપાલ સિંહ, હેડ કોન્સ્ટેબલ મોહન સિંહ અને અરવિંદ કુમાર તથા કોન્સ્ટેબલ ભવતોષ કુમાર અને કુલદીપ કુમારનો સમાવેશ થાય છે. પ્રાથમિક તપાસ બાદ ફિરોઝાબાદના પોલીસ અધિક્ષક આદિત્ય લાંધે દ્વારા આ સ્થગિત કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. નિષ્પક્ષ તપાસ માટે આ મામલો શિકોહાબાદના અધિક પોલીસ અધિક્ષક (ASP) અને IPS અધિકારી જયબિંદ કુમાર ગુપ્તાને સોંપવામાં આવ્યો છે. જોકે, પોલીસે આ આરોપોને નકારી કાઢ્યા હતા. એક સત્તાવાર નિવેદનમાં ફિરોઝાબાદ પોલીસે જણાવ્યું હતું કે, ૧૩ સપ્ટેમ્બરની સાંજે જ્યારે મહિલાના પતિ ગૌરવને પૂછપરછ માટે શિકોહાબાદ પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો હતો, ત્યારે અંજલિ નામની તે મહિલા અને તેના પરિવારના સભ્યો પર કોઈ હુમલો કરવામાં આવ્યો ન હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ગૌરવને કેસ નંબર ૭૨૪/૨૦૨૬ના સંબંધમાં સ્ટેશન લાવવામાં આવ્યો હતો. જનરલ ડાયરીમાં તેની નોંધ કરવામાં આવી હતી અને ૧૪ સપ્ટેમ્બરની સવારે પૂછપરછ બાદ તેને તેના પરિવારને સોંપી દેવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, "આ સમયગાળા દરમિયાન, ગૌરવની ગર્ભવતી પત્ની અંજલિને પ્રસૂતિ માટે તેના પરિવારજનો ઘરેથી હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં બાળકને જન્મ આપતી વખતે તેનું મૃત્યુ થયું હતું." નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "આ કેસમાં કરવામાં આવેલા પોસ્ટમોર્ટમ પરીક્ષણમાં શરીર પર કોઈ બાહ્ય ઈજા જોવા મળી ન હતી." સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અને રાજ્યસભાના સાંસદ રામજીલાલ સુમને શોકગ્રસ્ત પરિવારની મુલાકાત લીધી હતી અને બાદમાં પાર્ટીના કાર્યકરો સાથે શિકોહાબાદ પોલીસ સ્ટેશન ખાતે ધરણાં કર્યા હતા. તેમણે માંગ કરી હતી કે અંજલિના મૃત્યુ માટે કથિત રીતે જવાબદાર પોલીસકર્મીઓ સામે હત્યાનો કેસ નોંધવામાં આવે અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે. આઝાદ સમાજ પાર્ટીના વડા અને સાંસદ ચંદ્રશેખર આઝાદે પણ તપાસ, દોષિતો સામે કાયદેસરની કાર્યવાહી તથા પરિવારને ન્યાય અને આર્થિક સહાયની માંગ કરી હતી. તેમણે કહ્યું હતું કે, "આ માત્ર એક પરિવારની દુર્ઘટના નથી, પરંતુ એવી ઘટના છે જે પોલીસની કામગીરી અંગે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે."

# દલિત ગ્રામીણની આત્મહત્યા મામલે વિરોધ પ્રદર્શન દરમિયાન પંજાબ કોંગ્રેસના નેતાઓની અટકાયત



**સચિન પાયલટ, અમરિંદર સિંહ રાજા વડિંગ અને અન્ય કોંગ્રેસ નેતાઓએ નાણામંત્રી હરપાલ સિંહ ચીમાને હટાવવાની અને નિષ્પક્ષ તપાસની માંગ કરી**

(એજન્સી) તા.૧૬

સંગરુરમાં એક દલિત વ્યક્તિની કથિત આત્મહત્યાના મામલે નાણામંત્રી હરપાલ સિંહ ચીમાને હટાવવાની માંગ સાથે કરવામાં આવેલા વિરોધ પ્રદર્શન દરમિયાન મંગળવારે પોલીસે પંજાબ કોંગ્રેસના પ્રભારી સચિન પાયલટ અને પ્રદેશ અધ્યક્ષ અમરિંદર સિંહ રાજા વડિંગ સહિતના કોંગ્રેસ નેતાઓની અટકાયત કરી હતી. વિરોધ પ્રદર્શન કરનારાઓ દિરબાના રહેવાસી ગુલઝાર સિંહના મૃત્યુની નિષ્પક્ષ તપાસની માંગ કરી રહ્યા હતા, જેમનું ૭ સપ્ટેમ્બરે ઝેર પીવાથી મૃત્યુ થયું હતું. તેમના પરિવારે આરોપ લગાવ્યો છે કે એક દિવસ અગાઉ દિરબામાં યોજાયેલા કાર્યક્રમમાં વિસ્તારમાં ડ્રગ્સના વેચાણ અંગે ચીમાને સવાલ પૂછ્યા બાદ તેમને હેરાન કરવામાં આવ્યા હતા અને જાતિવાદી અપશબ્દો કહેવામાં આવ્યા હતા. કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોએ ચીમાના સત્તાવાર નિવાસસ્થાન તરફ કૂચ કરવાનો અને પોલીસ બેરિકેડ્સ ઓળંગવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે તેમને વિખેરવા માટે વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો. કોંગ્રેસે દાવો કર્યો હતો કે વરિષ્ઠ નેતા કુલજીત નાગરા સહિત અનેક વિરોધ પ્રદર્શનકારીઓ ઘાયલ થયા હતા. આ વિસ્તારમાં પોલીસનો ભારે બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને બાદમાં પાયલટ, વડિંગ, પંજાબ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા પ્રતાપ સિંહ બાજવા અને પક્ષના અનેક કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. કૂચ પહેલાં પંજાબ કોંગ્રેસ મુખ્યાલયની બહાર વિરોધ પ્રદર્શનકારીઓને સંબોધતા પાયલટે સિંહના મૃત્યુના સંજોગોને ઉકેલવામાં નિષ્ફળ રહેવા બદલ આપ (AAP) સરકાર પર આક્ષેપ કર્યો હતો. પાયલટે કહ્યું કે સિંહે ડ્રગ્સની સમસ્યા અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને આરોપ લગાવ્યો હતો કે તેમના પરના દબાણને કારણે તેમણે આત્મહત્યા કરવાનો નિર્ણય લીધો હતો. "અમને ચીમા સાહેબ સાથે કોઈ વ્યક્તિગત દુશ્મનાવટ નથી. પરંતુ તમે હોદ્દા પર બેઠા છો; તમે નાણામંત્રી છો. એક વ્યક્તિ આત્મહત્યા કરે છે અને વીડિયો બનાવીને કહે છે કે 'હું આ વ્યક્તિને કારણે આત્મહત્યા કરી રહ્યો છું'. શું કાયદો એમ નથી કહેતો કે તપાસ થવી જોઈએ, એફઆઈઆર (FIR) નોંધાવી જોઈએ ?" પાયલટે કહ્યું. તેમણે આપ સરકાર પર ચૂંટણીના વચનો પૂરા કરવામાં નિષ્ફળ રહેવાનો આરોપ પણ લગાવ્યો અને દાવો કર્યો કે પંજાબમાં ડ્રગ્સની ઉપલબ્ધતાની સ્થિતિ વધુ ખરાબ થઈ છે. "આજે 'ચિટ્ટા' (સિન્થેટિક ડ્રગ્સ)ની હોમ ડિલિવરી થઈ રહી છે. તમે ફોન કરો છો અને તે દરેક ઘર સુધી પહોંચી રહ્યું છે," તેમણે દાવો કર્યો. પાયલટે કહ્યું કે કોંગ્રેસ આ મુદ્દો ઉઠાવવાનું ચાલુ રાખશે અને સિંહ માટે ન્યાયની માંગ કરશે. "રાહુલ ગાંધીજીએ અમને બધાને કહ્યું છે કે આપણે પંજાબની જનતાના અવાજ બનીને તેમની સાથે સંઘર્ષ કરવો પડશે," તેમણે કહ્યું. પંજાબ રાજ્ય માટે કોંગ્રેસના મહાસચિવ (પ્રભારી) તરીકે નિયુક્ત થયા પછી પાયલોટની પંજાબની આ પ્રથમ મુલાકાત હતી. આ વિરોધ પ્રદર્શનમાં જૂથબંધીનો સામનો કરી રહેલી પંજાબ કોંગ્રેસના અનેક વરિષ્ઠ નેતાઓ પણ એકઠા થયા હતા, જેમાં પૂર્વ મુખ્યમંત્રી અને જલંધરના સાંસદ ચરણજીત સિંહ ચન્ની તથા ગુરદાસપુરના સાંસદ સુખજિંદર સિંહ રંધાવાનો સમાવેશ થાય છે. ૧ જુલાઈના રોજ પાર્ટી હાઈકમાન્ડે વોરિંગને રાજ્ય એકમના પ્રમુખ તરીકે યથાવત રાખવાનો અને ચન્નીને પ્રચાર સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય લીધો ત્યારથી રાજ્ય કોંગ્રેસ આંતરિક મતભેદોનો સામનો કરી રહી છે. ચન્નીના નેતૃત્વમાં નેતાઓના એક જૂથે વોરિંગને પદ પર ચાલુ રાખવાનો વિરોધ કર્યો હતો. જોકે, મંગળવારના વિરોધ પ્રદર્શનમાં સામેલ થયેલા નેતાઓએ કહ્યું હતું કે તેમની તાત્કાલિક પ્રાથમિકતા ૨૦૨૭ની પંજાબ વિધાનસભા ચૂંટણી પહેલાં પાર્ટીને મજબૂત કરવાની છે, જ્યારે નેતૃત્વ અંગેના પ્રશ્નોનો નિર્ણય કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા બાદમાં લેવામાં આવશે.


**સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક** (standard chartered)

**કબજા નોટિસ સ્થાવર મિલકતો માટે**

આથી,નીચે સહી કરનાર સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેન્કના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ નિયમ ૮ (૧) એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ ઉક્ત કાયદાની કલમ ૧૩ (૧૨) સાથે રૂલ ૩ વાંચવું સાથે સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ (એન્ફોર્સમેન્ટ) એક્ટ ૨૦૦૨ હેઠળ દરેક એકાઉન્ટ સામે દર્શાવેલ તારીખે મળેલ સત્તાની રૂએ માંગણી નોટિસ પાઠવી હતી અને દેણદારો આ નોટિસ મળ્યેથી ૬૦ દિવસમાં પરત ચૂકવણી કરવા આહ્વાન કર્યું હતું. દેણદાર-દેણદારો ઉક્ત રકમની પુનઃ ચુકવણીમાં નિષ્ફળ ગયા હોવાથી આ સાથે જ ખાસ કરીને દેણદારો અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે અહીં નીચે વર્ણવેલી સંપત્તિનો ઉક્ત કાયદાની કલમ ૧૩ (૪)ના નિયમ ૮ સાથે વાંચવું હેઠળ દરેક એકાઉન્ટની સામે દર્શાવેલ તારીખે કબજો મેળવી લીધો છે.
ખાસ કરીને દેણદાર/રો અને સામાન્ય રીતે જનતાને આથી ચેતાવણી આપવામાં આવે છે કે તેઓ મિલકત/સંપત્તિઓ સાથે વ્યવહાર ન કરે અને મિલકત/ના સાથે કોઈપણ વ્યવહાર સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકના ચાર્જને આધિન રહેશે. તેના પરની રકમ અને વ્યાજ માટે લોન કરાર. દેણદારોનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ આમંત્રિત કરવામાં આવે છે.

| ક્રમ નં. | લોન એગ્રીમેન્ટ નં. | દેણદારો/સહદેણદારોના નામ | ડિમાન્ડ નોટિસ તારીખ | બાકી નીકળતી રકમ (રૂપિયામાં) | કબજા મેળવેલ તારીખ | સ્થાવર મિલકતોનું વર્ણન |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૫૪૩૯૩૪૧૮ | ૧. ભાવેશ મહેન્દ્રભાઈ ઠક્કર<br>૨. શ્રીમતી મેઘા ભાવેશભાઈ ઠક્કર<br>૩. ચેતનભાઈ મહેન્દ્રભાઈ ઠક્કર<br>૪. શ્રીમતી પ્રવિણાબેન મહેન્દ્રભાઈ ઠક્કર | ૧૩.૦૫.૨૦૨૬ | રૂા.૨૧,૩૪,૪૭૦.૧૪ ૧૦.૦૯.૨૦૨૬ મુજબ | ૧૨.૦૯.૨૦૨૬ | તે તમામ ટાઈટલ અને હિત ધરાવતા મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ગાલા ટાઈપ પ્લોટ નં.૩ ક્ષેત્રફળ ૪૫૬.૦૦ ચો.ફૂટ બરાબર ૪૨.૩૬ ચો.મી. જમીન ધરાવતા પ્લોટ નં.૧૫૫, ૧૫૬, ૧૫૭, ૧૫૮, ૧૫૯ અને ૧૬૦ સ્થિત, કુલ ક્ષેત્રફળ ૫૪૦૦.૦૦ ચો.ફૂટ બરાબર ૫૦૧.૬૬ ચો.મી. મુ. 'અલ્કાપુરી વસાહત', જમીન ધરાવતા રેવન્યુ સર્વે નં. ૧૮૪, ૧૮૭, ૧૮૮ અને ૧૮૯ કુલ ક્ષેત્રફળ ૨૫૩૯૪.૦૦ ચો.મી. સ્થિત અત્રે મોજે ગામ : વિજલપોર, તા. નવસારી, રજિ.જિ. નવસારી અને રજિ. સબ જિ. જલાલપોર : ખુંટો તરફ :<br>પૂર્વ : પ્લોટ નં.૧૫૪<br>પશ્ચિમ : સામાન્ય પેસેજ<br>ઉત્તર : ગાલા ટાઈપ પ્લોટ નં.૨<br>ર/દક્ષિણ : ગાલા ટાઈપ પ્લોટ નં.૪ |
| ૨. | ૫૧૫૫૮૦૦૯ | ૧. શ્રી કલ્પેશ મનહરલાલ નવાબ<br>૨. શ્રીમતી કિરન કલ્પેશ નવાબ<br>૩. શ્રીમતી વિનીતા પરેશ નવાબ<br>૪. શ્રી પરેશ મનહરલાલ નવાબ<br>૫. શ્રી મનહરલાલ નંદસુખલાલ નવાબ<br>૬. શ્રીમતી ભાનુબેન મનહરલાલ નવાબ | ૧૫.૦૪.૨૦૨૬ | રૂા.૧,૦૨,૫૩,૭૨૯.૪૫ ૧૦.૦૯.૨૦૨૬ મુજબ | ૧૨.૦૯.૨૦૨૬ | ૧. તે તમામ ટાઈટલ અને હિત ધરાવતા મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ પ્લોટ નં.૧૩ ક્ષેત્રફળ ૨૧૫ ચો.મી. મા અંબા કૃપા સોસાયટીમાં, સ્થિત ઉત્તર તરફ જમીન ધરાવતા રેવન્યુ સર્વે નં.૪૪/૧ પૈકી, મજુરા, તા. સિટી જિ. સુરત અને ટી.પી. સ્કીમ નં.૬, ફાઈનલ પ્લોટ નં.૨૮/એ, ખુંટો તરફ :<br>પૂર્વ : પ્લોટ નં.૨૧<br>પશ્ચિમ : પ્લોટ નં.૫<br>ઉત્તર : પ્લોટ નં.૧૨<br>દક્ષિણ : પ્લોટ નં.૧૪<br>૨. તે તમામ ટાઈટલ અને હિત ધરાવતા મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ પ્લોટ નં.૧૪ ક્ષેત્રફળ ૨૦૯ ચો.મી. મા અંબા કૃપા સોસાયટીમાં, સ્થિત ઉત્તર તરફ જમીન ધરાવતા રેવન્યુ સર્વે નં.૪૪/૧ પૈકી, મજુરા, તા. સિટી જિ. સુરત અને ટી.પી. સ્કીમ નં.૬, ફાઈનલ પ્લોટ નં.૨૮/એ, ખુંટો તરફ :<br>પૂર્વ : પ્લોટ નં.૨૨<br>પશ્ચિમ : પ્લોટ નં.૫<br>ઉત્તર : પ્લોટ નં.૧૩<br>દક્ષિણ : પ્લોટ નં.૧૫ |
| ૩. | ૫૪૫૦૧૨૫૩ અને ૫૪૪૯૮૮૨૧ | ૧. મિનાક્ષી પ્રવિણ ધીંગરા<br>૨. પ્રવિણકુમાર ચમનલાલ ધીંગરા | ૧૯.૦૬.૨૦૨૬ | રૂા.૪૫,૮૪,૭૯૭.૩૧ લોન એકાઉન્ટ નં.૫૪૫૦૧૨૫૩ માટે અને રૂા. ૧૯,૨૩,૫૪૧.૮૧ લોન એકાઉન્ટ નંબર ૫૪૪૯૮૮૨૧ માટે ૧૦.૦૯.૨૦૨૬ મુજબ | ૧૨.૦૯.૨૦૨૬ | તે તમામ ટાઈટલ અને હિત ધરાવતા મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ફ્લેટ નં.એ/૫૦૪, બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ ૧૨૭૭.૫૦ ચો.ફૂટ બરાબર ૧૧૮.૭૩ ચો.મી. અને તેનું સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ ૨૦૫૧.૦૦ ચો.ફૂટ, પાંચમા માળે બિનવહેંચાયેલ હિસ્સાની જમીન સાથે બિલ્ડિંગ નં.'એ' 'હેપ્પી રેસિડેન્સી', જમીન ધરાવતા રવન્યુ સર્વે નં.૫૫૧ પર બંધાયેલ તેનું રિ-સર્વે નં.૩૪૭ ક્ષેત્રફળ ૧૪,૮૦૦ ચો.મી., ટીપી સ્કીમ નં.૨૯, એફ.પી. નં.૩૩ ક્ષેત્રફળ ૯૬૨૦ ચો.મી., રેવન્યુ સર્વે નં.૫૫૨/૨, તેનું રિ-સર્વે નં.૩૪૯/૧ ક્ષેત્રફળ ૨૨૦૦ ચો.મી., ટી.પી. સ્કીમ નં.૨૯, એફ.પી. નં.૩૪, ક્ષેત્રફળ ૧૪૩૦ ચો.મી., રેવન્યુ સર્વે નં.૫૫૨/૧ તેનું રિ-સર્વે નં.૩૪૯/૨ ક્ષેત્રફળ ૬૦૦૦ ચો.મી., ટી.પી. સ્કીમ નં.૨૯, એફ.પી. નં.૩૫ ક્ષેત્રફળ ૩૯૦૦ ચો.મી. અને રેવન્યુ સર્વે નં.૫૫૨/૩ તેનું રિ-સર્વે નં.૩૪૯/૩ ક્ષેત્રફળ ૩૮૦૦ ચો.મી., ટી.પી. સ્કીમ નં.૨૯, એફ.પી. નં.૩૬ ક્ષેત્રફળ ૨૪૭૧ ચો.મી. કુલ ક્ષેત્રફળ ૧૭૪૨૧ ચો.મી. ગામ : વેસુ, તા. ચોર્યાસી, જિ. સુરત<br>ખુંટો તરફ :<br>પૂર્વ : સોસાયટી રોડ પાસે,<br>પશ્ચિમ : લિફ્ટ પાસે<br>ઉત્તર : ફ્લેટ નં.એ/૫૦૩ પાસે<br>દક્ષિણ : સોસાયટી રોડ તરફ |

સ્થળ : સુરત
તારીખ : ૧૨.૦૯.૨૦૨૬

સહી/-
અધિકૃત ઓફિસર,
વતી, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક

**હદીસ બોધ**

રોજી મેળવવાની શ્રેષ્ઠ રીત પોતાનું કામ પોતાની જાતે કરવું તે છે. (હદીસ બોધ)

**બોધ વચન**

આનંદ એ એક એવી પ્રવૃત્તિ છે, જેને માણ્યા પછી પસ્તાવો કરવો પડતો નથી. - સોક્રટિસ

**આજની આરસી**

૧૭ સપ્ટેમ્બર ગુરૂવાર ૨૦૨૬
૪ રબીઉલ આખર હિજરી ૧૪૪૮
ભાદરવા સુદ છઠ્ઠ સંવત ૨૦૮૨

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫ - ૦ ૭ |
| ખત્મે ઝવાલ | ૧ ૨ - ૩ ૪ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૨૭ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૪૨ |

# ૪૬ વર્ષીય આઈસમ-ઉલ-હક કુરેશી ૨૦૨૬ની એશિયન ગેમ્સમાં પાકિસ્તાનનું પ્રતિનિધિત્વ કરશે

તા.૧૬

પાકિસ્તાન ટેનિસ ફેડરેશન (PTF)ના પ્રમુખ આઈસમ-ઉલ-હક કુરેશી જાપાનના આઈચી-નાગોયામાં યોજાનારી આગામી એશિયન ગેમ્સમાં ડબલ્સ ખેલાડી તરીકે ભાગ લેશે. ભારતનાં રોહન બોપન્ના સાથે યુએસ ઓપન મેન્સ ડબલ્સની ફાઈનલમાં પહોંચી ચૂકેલા ૪૬ વર્ષીય આઈસમે બુધવારે પુષ્ટિ કરી હતી કે તેમણે એશિયન ગેમ્સમાં પાકિસ્તાન માટે મેન્સ ડબલ્સ સ્પર્ધામાં રમવાનો નિર્ણય લીધો છે. તેમણે કહ્યું, 'હા, હું PTFનો પ્રમુખ છું



અને એશિયન ગેમ્સમાં પ્રમુખ તરીકેની મારી ફરજો પણ નિભાવીશ, પરંતુ હું સંપૂર્ણ રીતે ફિટ હોવાથી અને હજુ પણ નિયમિતપણે ટેનિસ રમી રહ્યો હોવાથી મેં ડબલ્સ સ્પર્ધામાં ભાગ લેવાનો નિર્ણય કર્યો છે.' આઈસમ પાકિસ્તાનની તે ટેનિસ ટીમનો હિસ્સો છે જેમાં અનુભવી અકીલ ખાન, મુહમ્મદ શોએબ, મુઝમ્મિલ મુર્તઝા, માહીન આફતાબ અને ઉશ્ના સોહેલનો પણ સમાવેશ થાય છે. પાકિસ્તાન પુરૂષ અને મહિલા બંને સ્પર્ધાઓમાં ભાગ લેશે અને આઈસમે કહ્યું કે એશિયન ગેમ્સ માટે તેમની પાસે અનુભવ અને યુવાનીનું સારું મિશ્રણ છે. આઈસમે જણાવ્યું હતું કે તેમણે ટીમના અન્ય ખેલાડીઓ સાથે પ્રેક્ટિસ કરી છે અને ટીમમાં રહેલા યુવા ખેલાડીઓને મદદ કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કર્યા છે. આઈસમે કહ્યું કે વિવિધ મર્યાદાઓ હોવા છતાં પાકિસ્તાન ટેનિસ આગળ વધી રહ્યું છે અને ઓક્ટોબરમાં તે 'બિલી જીન' મહિલા સ્પર્ધાનું આયોજન કરશે, જેમાં ૧૦ દેશોના ખેલાડીઓ ભાગ લેશે. PTFની ચૂંટણી લડીને ૨૦૨૪માં પ્રમુખ તરીકે ચૂંટાયા તે પહેલાં, આઈસમ ઘણા વર્ષો સુધી આંતરરાષ્ટ્રીય સ્તરે પાકિસ્તાનના ટોચના અને સૌથી જાણીતા ખેલાડી રહ્યા હતા અને તેમણે ગ્રાન્ડ સ્લેમ ડબલ્સ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.

### મેચ પછી કેપ્ટન શ્રેયસ ઐયરે આપ્યો મોટો સંકેત

# વૈભવ સૂર્યવંશીને પણ ત્રીજી મેચમાં તક મળી શકે છે

## કેપ્ટન શ્રેયસ ઐયરે કહ્યું કે ટીમ ઇચ્છે છે કે બાજુ પર રહેલા ખેલાડીઓ પ્રેક્ટિસ કરે અને પરિસ્થિતિઓનો ઉપયોગ કરે

નવી દિલ્હી, તા.૧૬

ભારતીય ટીમે અફઘાનિસ્તાન સામે સતત બે મેચ જીતીને સિરીઝ જીતી લીધી છે. ભારતે બીજી મેચમાં એક ફેરફાર કરવો પડ્યો. ઈજાને કારણે સિરીઝમાંથી બહાર થઈ ગયેલા વરુણ ચક્રવર્તીની જગ્યાએ રવિ બિશ્નોઈને ટીમમાં સામેલ કરવામાં આવ્યો. સિરીઝ જીત્યા બાદ, શ્રેયસ ઐયરે કહ્યું કે ત્રીજી અને અંતિમ મેચમાં મોટા ફેરફાર કરી શકે છે. આનાથી બેન્ચ પર રહેલા વૈભવ સૂર્યવંશીને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવાનો માર્ગ ખુલી શકે છે. સંજુ સેમસનની વાપસીનો અર્થ એ થયો કે વૈભવ સૂર્યવંશીને પહેલી બે મેચમાં તક મળી ન હતી. વૈભવે ઈંગ્લેન્ડ શ્રેણીમાં T20 ડેબ્યૂ કર્યું હતું અને ઝિમ્બાબ્વે સામે આખી સિરીઝ રમી હતી. ભારતે અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાયેલી બીજી T20 મેચમાં અફઘાનિસ્તાનને સાત વિકેટથી હરાવ્યું, ૨-૦થી લીડ મેળવી અને સિરીઝ જીતી લીધી. મેચ પછી, કેપ્ટન શ્રેયસ ઐયરે કહ્યું કે ટીમ ઈચ્છે છે કે બાજુ પર રહેલા ખેલાડીઓ પ્રેક્ટિસ કરે અને પરિસ્થિતિઓનો ઉપયોગ કરે. ભારતીય કેપ્ટન શ્રેયસ ઐયરે ત્રીજી T20I માટે પ્લેઈંગ ઈલેવનમાં ફેરફારની શક્યતા વિશે વાત કરતા કહ્યું કે, અમે ચોક્કસપણે ઈચ્છીએ છીએ કે દરેક વ્યક્તિ પીચથી ટેવાઈ જાય અને થોડી પ્રેક્ટિસ કરે, તેથી જે ખેલાડીઓ બહાર બેઠા છે તેમને તક આપવાની આ એક સારી તક હશે. શ્રેયસ ઐયરના નિવેદન મુજબ, વૈભવ સૂર્યવંશીને પણ ત્રીજી મેચમાં તક મળી શકે છે. સંજુ સેમસનના આવ્યા બાદ તે પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર છે. વૈભવ સૂર્યવંશી ઝિમ્બાબ્વે સામેની છેલ્લી T20I સિરીઝમાં રમ્યો હતો, જ્યાં તેને પ્લેયર ઓફ ધ સિરીઝ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો, પરંતુ હજુ સુધી ચાલુ સિરીઝમાં તક મળી નથી. સૂર્યવંશી અને સેમસન હજુ સુધી આંતરરાષ્ટ્રીય સ્તરે સાથે રમ્યા નથી. ઝિમ્બાબ્વે સામે સંજુને બહાર કર્યા પછી તેમને તક મળી. સેમસને બીજી T20I માં જોરદાર પ્રદર્શન કર્યું, જેના કારણે તેને બહાર કાઢવાનું મુશ્કેલ બન્યું. તેણે ૨૨ બોલમાં ૫૭ રન બનાવ્યા. અભિષેક શર્મા સાથે મળીને તેણે પાવરપ્લેમાં ૮૨ રન બનાવ્યા. અભિષેક શર્માએ ૧૯ બોલમાં ૩૯ રન બનાવ્યા. અફઘાનિસ્તાન તરફથી રાશિદ ખાન સૌથી સફળ બોલર રહ્યો, તેણે ત્રણ વિકેટ લીધી. ઈશાન કિશને ૨૩ બોલમાં ૩૮ રન બનાવીને ટીમની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી.

# એસપી (SP)નું દલિત મહાસંમેલન આગ્રામાં શા માટે શરૂ થઈ રહ્યું છે ? અખિલેશ યાદવની યોજના વિશે જાણો

**સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે યુપી (UP)ની ચૂંટણી માટે દલિત મતદારોને રીઝવવાના પ્રયાસો શરૂ કર્યા છે, આ પ્રયાસના ભાગરૂપે તેઓ આગ્રામાં દલિત સંમેલન શરૂ કરશે**

(એજન્સી) તા.૧૬

બહુજન સમાજ પાર્ટી (BSP)માં ચાલી રહેલી આંતરિક ઉથલપાથલ અને આગામી યુપી ચૂંટણીને ધ્યાનમાં રાખીને, સમાજવાદી પાર્ટીએ દલિત મતદારો પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ સંદર્ભમાં, એસપી ૧૫ નવેમ્બરે આગરાથી દલિત મહાસંમેલનનું આયોજન કરશે. આ કાર્યક્રમમાં એસપી અધ્યક્ષ અખિલેશ યાદવ પણ ઉપસ્થિત રહેશે. આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં એસપી કાર્યકરો તેમાં ભાગ લેશે. આગરા એ યુપીના દલિત રાજકારણમાં એક મહત્વપૂર્ણ જિલ્લો છે. તેથી જ એસપીએ અહીં દલિત સંમેલન શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આ જિલ્લાને ડૉ. આંબેડકર અને બીએસપીના સ્થાપક કાંશીરામ સાથે ઐતિહાસિક જોડાણ પણ છે. ૧૮ માર્ચ, ૧૯૫૬ના રોજ આગરાની ચકરી પાટ જાટવ બસ્તીમાં જ આંબેડકરે તેમનું છેલ્લું મહત્વનું ભાષણ આપ્યું હતું. તે ભાષણમાં, નાગપુરમાં દીક્ષા સમારોહના થોડા મહિના પહેલા જ તેમણે બૌદ્ધ ધર્મ અંગીકાર કરવાના સંકેત આપ્યા હતા. બીએસપીના સ્થાપક કાંશીરામે ૧૯૭૮માં 'બેકવર્ડ એન્ડ માઈનોરિટી કોમ્યુનિટીઝ એમ્પ્લોઈઝ ફેડરેશન' (BAMCEF - બામસેફ)ની ઔપચારિક સ્થાપના કરી હતી. ઉત્તર પ્રદેશમાં આ સંગઠનનું પ્રથમ એકમ ૧૯૭૮માં આગરામાં સ્થાપિત કરવામાં આવ્યું હતું. બાદમાં, લખનૌમાં પણ એક એકમની સ્થાપના કરવામાં આવી હતી. સમાજવાદી પાર્ટીએ આગરાની પસંદગી કરી કારણ કે ત્યાંનો જાટવ સમુદાય પહેલેથી જ પ્રમાણમાં સંગઠિત, શિક્ષિત અને આર્થિક રીતે મજબૂત હતો. અહીં આંબેડકરવાદી ચેતના પણ ઊંડે સુધી વણાયેલી હતી. કાંશીરામે આ શહેરી, શિક્ષિત દલિત કર્મચારીઓ અને નાના વેપારીઓને બામસેફ (BAMCEF) દ્વારા જોડ્યા હતા. આ આધાર પાછળથી DS-4 અને BSPનો પાયો બન્યો. કાંશીરામે આગરાને ઉત્તર ભારતમાં બહુજન રાજકારણની પ્રારંભિક પ્રયોગશાળા બનાવી હતી. આ પ્રદેશની સામાજિક-આર્થિક સ્થિતિ અને આંબેડકરવાદી પૃષ્ઠભૂમિએ તેમના સંગઠનને મજબૂત પાયો નાખવામાં મદદ કરી હતી. તેથી જ આગરાને આજે પણ દલિત રાજકારણનું કેન્દ્ર માનવામાં આવે છે. આગરા દલિત રાજકારણનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે. આગ્રાને ઉત્તરપ્રદેશમાં દલિત રાજકારણની રાજધાની કહી શકાય કારણ કે અહીં જ દલિત ચેતના, આંબેડકરવાદી આંદોલન અને ચૂંટણીલક્ષી રાજકારણે તેમનો સૌથી ઊંડો અને સંગઠિત આધાર વિકસાવ્યો છે. આ માત્ર વસ્તીના આંકડાની વાત નથી; તે ઈતિહાસ, સામાજિક-આર્થિક પરિસ્થિતિઓ અને રાજકીય પ્રયોગોનું પરિણામ છે. દલિત આંદોલનના લાંબા સમયથી ચાલતા ગઢ સમાન આગ્રામાં ૧૯૫૦ અને ૧૯૬૦ના દાયકાથી જ દલિત સંગઠનો સક્રિય રહ્યા છે. જાટવ સમુદાયે આંબેડકરની પ્રતિમાઓ સ્થાપીને, સરઘસો કાઢીને અને બૌદ્ધ ધર્મ અપનાવીને પોતાની ઓળખ અને અધિકારોનો દાવો રજૂ કર્યો હતો. આ આંદોલન પાછળથી કાંશીરામના 'બામસેફ' (BAMCEF) અને 'બહુજન સમાજ પાર્ટી' (BSP)નો પાયો બન્યું. પશ્ચિમ ઉત્તરપ્રદેશ અને ખાસ કરીને આગ્રા, કાંશીરામ અને માયાવતી બંને માટે એક પ્રયોગશાળા સમાન રહ્યું છે. આગ્રા વિભાગમાં ચાર જિલ્લાઓનો સમાવેશ થાય છેઃ આગ્રા, મથુરા, મૈનપુરી અને ફિરોઝાબાદ. ઈટાવા અને હાથરસ પણ આ જિલ્લાઓની સરહદે આવેલા છે. આ જિલ્લાઓમાં દલિત વસ્તી ૨૦ ટકાથી વધુ છે, જેમાં જાટવ સમુદાય સૌથી મોટી સંખ્યામાં છે અને તેઓ BSPનો મુખ્ય મતદાર આધાર છે. SP (સમાજવાદી પાર્ટી) આ મતબેંકમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહી છે. એક અંદાજ મુજબ, આગ્રામાં લગભગ ૨૩% જાટવ મતદારો છે, જ્યારે મથુરામાં ૨૦%, મૈનપુરીમાં ૨૦%, ફિરોઝાબાદમાં ૧૯%, ઈટાવામાં ૨૫% અને હાથરસમાં લગભગ ૨૪% મતદારો છે. છેલ્લા કેટલાક વર્ષોથી અખિલેશ યાદવની નજર યુપીના દલિત મતદારો પર છે. આ જ કારણ છે કે તેમણે અગાઉ માયાવતી સાથે ગઠબંધન કર્યું હતું, જોકે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં તેમને તેનો કોઈ ખાસ ફાયદો થયો ન હતો. તેમ છતાં, માયાવતી સાથેના તેમના ગઠબંધનને કારણે તેમના પર લાગતા 'દલિત-વિરોધી' હોવાના આરોપો ઓછા થયા છે. અખિલેશ યાદવને ૨૦૨૨ અને ૨૦૨૪ની ચૂંટણીમાં તેનો ફાયદો મળ્યો. આ જ કારણ છે કે અખિલેશ યાદવને હવે વાદળી રંગ પસંદ આવવા લાગ્યો છે અને તેમણે પોતાની પાર્ટીના ગમછાથી લઈને ટી-શર્ટ સુધીની દરેક વસ્તુ વાદળી રંગની કરી દીધી છે. વધુમાં, તેમણે પાર્ટીના દલિત નેતાઓને પ્રાધાન્ય આપવાનું શરૂ કર્યું છે. SPનું આ સંમેલન એવા સમયે યોજાઈ રહ્યું છે જ્યારે BSPમાં સતત ઉથલપાથલ ચાલી રહી છે. આકાશ આનંદ અને ઈશાન આનંદને પક્ષમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. આ ઉપરાંત, પક્ષના યુવા કાર્યકરો નિરાશ છે અને નવા નેતૃત્વની શોધમાં છે. પ્રવીણ યાદવ ૨૧ વર્ષથી પત્રકારત્વના ક્ષેત્રમાં સક્રિય છે. તેઓ ૨૦૦૪માં 'સ્ટાર ન્યૂઝ'માં જોડાયા હતા અને હાલમાં 'એબીપી ન્યૂઝ' (ABP News)માં ઈનપુટ એડિટર તરીકે ફરજ બજાવે છે. તેમણે અસાઈનમેન્ટ હેડ અને ફોરવર્ડ પ્લાનિંગ સહિતના વિવિધ હોદ્દાઓ સંભાળ્યા છે તેમજ ડિજિટલ મીડિયાના વડા તરીકે પણ સેવા આપી છે. ૨૦૨૨માં તેઓ ડિજિટલ મીડિયા ક્ષેત્રે પણ જોડાયા હતા.

# યુપી : ફિરોઝાબાદમાં પોલીસની મારપીટ બાદ દલિત ગર્ભવતી મહિલાનું મોત; છ પોલીસકર્મીઓ સસ્પેન્ડ

**અંજલિ વર્માના પતિ ગૌરવ કુમારના જણાવ્યા અનુસાર રવિવારે રાત્રે લગભગ ૧૧:૪૫ વાગ્યે સબ-ઈન્સ્પેક્ટર ધર્મપાલ સિંહના નેતૃત્વમાં પોલીસની એક ટીમ શિકોહાબાદ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના લભાઉઆ ગામમાં આવેલા દંપતીના ઘરે પહોંચી હતી**

(એજન્સી) તા.૧૬

ફિરોઝાબાદમાં પતિની અટકાયત કરતી વખતે પોલીસે મારપીટ કરી હોવાના પરિવારના આક્ષેપ બાદ ૨૮ વર્ષીય ગર્ભવતી દલિત મહિલાનું મોત નીપજ્યું હતું; આ ઘટનાને પગલે છ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ઉત્તરપ્રદેશના ફિરોઝાબાદમાં ચોરીના કેસમાં પૂછપરછ માટે પતિને લઈ જતી વખતે પોલીસે કથિત રીતે મારપીટ કરતા ૨૮ વર્ષીય ગર્ભવતી દલિત મહિલાનું મોત થયું હતું. બે સબ-ઈન્સ્પેક્ટર સહિત છ પોલીસકર્મીઓને બેદરકારી બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. અંજલિ વર્માના પતિ ગૌરવ કુમારના જણાવ્યા અનુસાર, રવિવારે રાત્રે લગભગ ૧૧:૪૫ વાગ્યે સબ-ઈન્સ્પેક્ટર ધર્મપાલ સિંહના નેતૃત્વમાં પોલીસની એક ટીમ શિકોહાબાદ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના લભાઉઆ ગામમાં આવેલા દંપતીના ઘરે પહોંચી હતી. સ્થાનિક કરિયાણાની દુકાનમાં થયેલી ચોરીના સંબંધમાં



પોલીસ તેના પતિ ગૌરવ કુમારની ધરપકડ કરવા ગઈ હતી. પરિવારે આક્ષેપ કર્યો હતો કે અંજલિ, જે લગભગ સાડા આઠ મહિનાની ગર્ભવતી હતી, તેણે અધિકારીઓને વિનંતી કરી હતી કે તેઓ તેના પતિને ન લઈ જાય. તેમણે કહ્યું કે તે દરમિયાન થયેલી ઝપાઝપીમાં તેને પેટના ભાગે ધક્કો મારવામાં આવ્યો અથવા લાત મારવામાં આવી, જેના કારણે તે નીચે પડી ગઈ. ત્યારબાદ પોલીસ ગૌરવને પોતાની સાથે લઈ ગઈ. અહેવાલ મુજબ, આ ઘટના બાદ અંજલિની તબિયત બગડી ગઈ હતી. તેને શિકોહાબાદની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, જ્યાં સોમવારે સવારે તેણે એક પુત્રને જન્મ આપ્યો હતો. પ્રસૂતિ બાદ તેની તબિયત વધુ બગડી હતી અને તેને ફિરોઝાબાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી. નવજાત શિશુની હાલત ગંભીર હતી અને તેને વધુ સારવાર માટે આગ્રાની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યું હતું. પરિવારે જણાવ્યું હતું કે અંજલિના મૃત્યુની જાણ પોલીસને થયા બાદ ગૌરવને મુક્ત કરવામાં આવ્યો હતો. તેના મૃત્યુને પગલે લભાઉઆમાં વિરોધ પ્રદર્શન શરૂ થયા હતા; ગ્રામજનો પોલીસ સ્ટેશન ખાતે એકઠા થયા હતા અને કથિત રીતે સંડોવાયેલા પોલીસકર્મીઓ સામે કાર્યવાહીની માંગ કરી હતી. સ્થગિત કરવામાં આવેલા કર્મચારીઓમાં સબ-ઈન્સ્પેક્ટર ધર્મપાલ સિંહ અને સત્યપાલ સિંહ, હેડ કોન્સ્ટેબલ મોહન સિંહ અને અરવિંદ કુમાર તથા કોન્સ્ટેબલ ભવતોષ કુમાર અને કુલદીપ કુમારનો સમાવેશ થાય છે. પ્રાથમિક તપાસ બાદ ફિરોઝાબાદના પોલીસ અધિક્ષક આદિત્ય લાંધે દ્વારા આ સ્થગિત કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. નિષ્પક્ષ તપાસ માટે આ મામલો શિકોહાબાદના અધિક પોલીસ અધિક્ષક (ASP) અને IPS અધિકારી જયબિંદ કુમાર ગુપ્તાને સોંપવામાં આવ્યો છે. જોકે, પોલીસે આ આરોપોને નકારી કાઢ્યા હતા. એક સત્તાવાર નિવેદનમાં ફિરોઝાબાદ પોલીસે જણાવ્યું હતું કે, ૧૩ સપ્ટેમ્બરની સાંજે જ્યારે મહિલાના પતિ ગૌરવને પૂછપરછ માટે શિકોહાબાદ પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો હતો, ત્યારે અંજલિ નામની તે મહિલા અને તેના પરિવારના સભ્યો પર કોઈ હુમલો કરવામાં આવ્યો ન હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ગૌરવને કેસ નંબર ૭૨૪/૨૦૨૬ના સંબંધમાં સ્ટેશન લાવવામાં આવ્યો હતો. જનરલ ડાયરીમાં તેની નોંધ કરવામાં આવી હતી અને ૧૪ સપ્ટેમ્બરની સવારે પૂછપરછ બાદ તેને તેના પરિવારને સોંપી દેવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, "આ સમયગાળા દરમિયાન, ગૌરવની ગર્ભવતી પત્ની અંજલિને પ્રસૂતિ માટે તેના પરિવારજનો ઘરેથી હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં બાળકને જન્મ આપતી વખતે તેનું મૃત્યુ થયું હતું." નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "આ કેસમાં કરવામાં આવેલા પોસ્ટમોર્ટમ પરીક્ષણમાં શરીર પર કોઈ બાહ્ય ઈજા જોવા મળી ન હતી." સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અને રાજ્યસભાના સાંસદ રામજીલાલ સુમને શોકગ્રસ્ત પરિવારની મુલાકાત લીધી હતી અને બાદમાં પાર્ટીના કાર્યકરો સાથે શિકોહાબાદ પોલીસ સ્ટેશન ખાતે ધરણાં કર્યા હતા. તેમણે માંગ કરી હતી કે અંજલિના મૃત્યુ માટે કથિત રીતે જવાબદાર પોલીસકર્મીઓ સામે હત્યાનો કેસ નોંધવામાં આવે અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે. આઝાદ સમાજ પાર્ટીના વડા અને સાંસદ ચંદ્રશેખર આઝાદે પણ તપાસ, દોષિતો સામે કાયદેસરની કાર્યવાહી તથા પરિવારને ન્યાય અને આર્થિક સહાયની માંગ કરી હતી. તેમણે કહ્યું હતું કે, "આ માત્ર એક પરિવારની દુર્ઘટના નથી, પરંતુ એવી ઘટના છે જે પોલીસની કામગીરી અંગે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે."

# દલિત ગ્રામીણની આત્મહત્યા મામલે વિરોધ પ્રદર્શન દરમિયાન પંજાબ કોંગ્રેસના નેતાઓની અટકાયત



**સચિન પાયલટ, અમરિંદર સિંહ રાજા વડિંગ અને અન્ય કોંગ્રેસ નેતાઓએ નાણામંત્રી હરપાલ સિંહ ચીમાને હટાવવાની અને નિષ્પક્ષ તપાસની માંગ કરી**

(એજન્સી) તા.૧૬

સંગરુરમાં એક દલિત વ્યક્તિની કથિત આત્મહત્યાના મામલે નાણામંત્રી હરપાલ સિંહ ચીમાને હટાવવાની માંગ સાથે કરવામાં આવેલા વિરોધ પ્રદર્શન દરમિયાન મંગળવારે પોલીસે પંજાબ કોંગ્રેસના પ્રભારી સચિન પાયલટ અને પ્રદેશ અધ્યક્ષ અમરિંદર સિંહ રાજા વડિંગ સહિતના કોંગ્રેસ નેતાઓની અટકાયત કરી હતી. વિરોધ પ્રદર્શન કરનારાઓ દિરબાના રહેવાસી ગુલઝાર સિંહના મૃત્યુની નિષ્પક્ષ તપાસની માંગ કરી રહ્યા હતા, જેમનું ૭ સપ્ટેમ્બરે ઝેર પીવાથી મૃત્યુ થયું હતું. તેમના પરિવારે આરોપ લગાવ્યો છે કે એક દિવસ અગાઉ દિરબામાં યોજાયેલા કાર્યક્રમમાં વિસ્તારમાં ડ્રગ્સના વેચાણ અંગે ચીમાને સવાલ પૂછ્યા બાદ તેમને હેરાન કરવામાં આવ્યા હતા અને જાતિવાદી અપશબ્દો કહેવામાં આવ્યા હતા. કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોએ ચીમાના સત્તાવાર નિવાસસ્થાન તરફ કૂચ કરવાનો અને પોલીસ બેરિકેડ્સ ઓળંગવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે તેમને વિખેરવા માટે વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો. કોંગ્રેસે દાવો કર્યો હતો કે વરિષ્ઠ નેતા કુલજીત નાગરા સહિત અનેક વિરોધ પ્રદર્શનકારીઓ ઘાયલ થયા હતા. આ વિસ્તારમાં પોલીસનો ભારે બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને બાદમાં પાયલટ, વડિંગ, પંજાબ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા પ્રતાપ સિંહ બાજવા અને પક્ષના અનેક કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. કૂચ પહેલાં પંજાબ કોંગ્રેસ મુખ્યાલયની બહાર વિરોધ પ્રદર્શનકારીઓને સંબોધતા પાયલટે સિંહના મૃત્યુના સંજોગોને ઉકેલવામાં નિષ્ફળ રહેવા બદલ આપ (AAP) સરકાર પર આક્ષેપ કર્યો હતો. પાયલટે કહ્યું કે સિંહે ડ્રગ્સની સમસ્યા અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને આરોપ લગાવ્યો હતો કે તેમના પરના દબાણને કારણે તેમણે આત્મહત્યા કરવાનો નિર્ણય લીધો હતો. "અમને ચીમા સાહેબ સાથે કોઈ વ્યક્તિગત દુશ્મનાવટ નથી. પરંતુ તમે હોદ્દા પર બેઠા છો; તમે નાણામંત્રી છો. એક વ્યક્તિ આત્મહત્યા કરે છે અને વીડિયો બનાવીને કહે છે કે 'હું આ વ્યક્તિને કારણે આત્મહત્યા કરી રહ્યો છું'. શું કાયદો એમ નથી કહેતો કે તપાસ થવી જોઈએ, એફઆઈઆર (FIR) નોંધાવી જોઈએ ?" પાયલટે કહ્યું. તેમણે આપ સરકાર પર ચૂંટણીના વચનો પૂરા કરવામાં નિષ્ફળ રહેવાનો આરોપ પણ લગાવ્યો અને દાવો કર્યો કે પંજાબમાં ડ્રગ્સની ઉપલબ્ધતાની સ્થિતિ વધુ ખરાબ થઈ છે. "આજે 'ચિટ્ટા' (સિન્થેટિક ડ્રગ્સ)ની હોમ ડિલિવરી થઈ રહી છે. તમે ફોન કરો છો અને તે દરેક ઘર સુધી પહોંચી રહ્યું છે," તેમણે દાવો કર્યો. પાયલટે કહ્યું કે કોંગ્રેસ આ મુદ્દો ઉઠાવવાનું ચાલુ રાખશે અને સિંહ માટે ન્યાયની માંગ કરશે. "રાહુલ ગાંધીજીએ અમને બધાને કહ્યું છે કે આપણે પંજાબની જનતાના અવાજ બનીને તેમની સાથે સંઘર્ષ કરવો પડશે," તેમણે કહ્યું. પંજાબ રાજ્ય માટે કોંગ્રેસના મહાસચિવ (પ્રભારી) તરીકે નિયુક્ત થયા પછી પાયલોટની પંજાબની આ પ્રથમ મુલાકાત હતી. આ વિરોધ પ્રદર્શનમાં જૂથબંધીનો સામનો કરી રહેલી પંજાબ કોંગ્રેસના અનેક વરિષ્ઠ નેતાઓ પણ એકઠા થયા હતા, જેમાં પૂર્વ મુખ્યમંત્રી અને જલંધરના સાંસદ ચરણજીત સિંહ ચન્ની તથા ગુરદાસપુરના સાંસદ સુખજિંદર સિંહ રંધાવાનો સમાવેશ થાય છે. ૧ જુલાઈના રોજ પાર્ટી હાઈકમાન્ડે વોરિંગને રાજ્ય એકમના પ્રમુખ તરીકે યથાવત રાખવાનો અને ચન્નીને પ્રચાર સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય લીધો ત્યારથી રાજ્ય કોંગ્રેસ આંતરિક મતભેદોનો સામનો કરી રહી છે. ચન્નીના નેતૃત્વમાં નેતાઓના એક જૂથે વોરિંગને પદ પર ચાલુ રાખવાનો વિરોધ કર્યો હતો. જોકે, મંગળવારના વિરોધ પ્રદર્શનમાં સામેલ થયેલા નેતાઓએ કહ્યું હતું કે તેમની તાત્કાલિક પ્રાથમિકતા ૨૦૨૭ની પંજાબ વિધાનસભા ચૂંટણી પહેલાં પાર્ટીને મજબૂત કરવાની છે, જ્યારે નેતૃત્વ અંગેના પ્રશ્નોનો નિર્ણય કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા બાદમાં લેવામાં આવશે.


**સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક**

**કબજા નોટિસ સ્થાવર મિલકતો માટે**

આથી,નીચે સહી કરનાર સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેન્કના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ નિયમ ૮ (૧) એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ ઉક્ત કાયદાની કલમ ૧૩ (૧૨) સાથે રૂલ ૩ વાંચવું સાથે સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ (એન્ફોર્સમેન્ટ) એક્ટ ૨૦૦૨ હેઠળ દરેક એકાઉન્ટ સામે દર્શાવેલ તારીખે મળેલ સત્તાની રૂએ માંગણી નોટિસ પાઠવી હતી અને દેણદારો આ નોટિસ મળ્યેથી ૬૦ દિવસમાં પરત ચૂકવણી કરવા આહ્વાન કર્યું હતું. દેણદાર-દેણદારો ઉક્ત રકમની પુનઃ ચુકવણીમાં નિષ્ફળ ગયા હોવાથી આ સાથે જ ખાસ કરીને દેણદારો અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે અહીં નીચે વર્ણવેલી સંપત્તિનો ઉક્ત કાયદાની કલમ ૧૩ (૪)ના નિયમ ૮ સાથે વાંચવું હેઠળ દરેક એકાઉન્ટની સામે દર્શાવેલ તારીખે કબજો મેળવી લીધો છે.
ખાસ કરીને દેણદાર/રો અને સામાન્ય રીતે જનતાને આથી ચેતાવણી આપવામાં આવે છે કે તેઓ મિલકત/સંપત્તિઓ સાથે વ્યવહાર ન કરે અને મિલકત/ના સાથે કોઈપણ વ્યવહાર સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકના ચાર્જને આધિન રહેશે. તેના પરની રકમ અને વ્યાજ માટે લોન કરાર. દેણદારોનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ આમંત્રિત કરવામાં આવે છે.

| ક્રમ નં. | લોન એગ્રીમેન્ટ નં. | દેણદારો/સહદેણદારોના નામ | ડિમાન્ડ નોટિસ તારીખ | બાકી નીકળતી રકમ (રૂપિયામાં) | કબજા મેળવેલ તારીખ | સ્થાવર મિલકતોનું વર્ણન |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૫૪૩૯૩૪૧૮ | ૧. ભાવેશ મહેન્દ્રભાઈ ઠક્કર<br>૨. શ્રીમતી મેઘા ભાવેશભાઈ ઠક્કર<br>૩. ચેતનભાઈ મહેન્દ્રભાઈ ઠક્કર<br>૪. શ્રીમતી પ્રવિણાબેન મહેન્દ્રભાઈ ઠક્કર | ૧૩.૦૫.૨૦૨૬ | રૂા.૨૧,૩૪,૪૭૦.૧૪ ૧૦.૦૯.૨૦૨૬ મુજબ | ૧૨.૦૯.૨૦૨૬ | તે તમામ ટાઈટલ અને હિત ધરાવતા મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ગાલા ટાઈપ પ્લોટ નં.૩ ક્ષેત્રફળ ૪૫૬.૦૦ ચો.ફૂટ બરાબર ૪૨.૩૬ ચો.મી. જમીન ધરાવતા પ્લોટ નં.૧૫૫, ૧૫૬, ૧૫૭, ૧૫૮, ૧૫૯ અને ૧૬૦ સ્થિત, કુલ ક્ષેત્રફળ ૫૪૦૦.૦૦ ચો.ફૂટ બરાબર ૫૦૧.૬૬ ચો.મી. મુ. 'અલ્કાપુરી વસાહત', જમીન ધરાવતા રેવન્યુ સર્વે નં. ૧૮૪, ૧૮૭, ૧૮૮ અને ૧૮૯ કુલ ક્ષેત્રફળ ૨૫૩૯૪.૦૦ ચો.મી. સ્થિત અત્રે મોજે ગામ : વિજલપોર, તા. નવસારી, રજિ.જિ. નવસારી અને રજિ. સબ જિ. જલાલપોર : ખુંટો તરફ :<br>પૂર્વ : પ્લોટ નં.૧૫૪<br>પશ્ચિમ : સામાન્ય પેસેજ<br>ઉત્તર : ગાલા ટાઈપ પ્લોટ નં.૨<br>૨/દક્ષિણ : ગાલા ટાઈપ પ્લોટ નં.૪ |
| ૨. | ૫૧૫૫૮૦૦૯ | ૧. શ્રી કલ્પેશ મનહરલાલ નવાબ<br>૨. શ્રીમતી કિરન કલ્પેશ નવાબ<br>૩. શ્રીમતી વિનીતા પરેશ નવાબ<br>૪. શ્રી પરેશ મનહરલાલ નવાબ<br>૫. શ્રી મનહરલાલ નંદસુખલાલ નવાબ<br>૬. શ્રીમતી ભાનુબેન મનહરલાલ નવાબ | ૧૫.૦૪.૨૦૨૬ | રૂા.૧,૦૨,૫૩,૭૨૯.૪૫ ૧૦.૦૯.૨૦૨૬ મુજબ | ૧૨.૦૯.૨૦૨૬ | ૧. તે તમામ ટાઈટલ અને હિત ધરાવતા મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ પ્લોટ નં.૧૩ ક્ષેત્રફળ ૨૧૫ ચો.મી. મા અંબા કૃપા સોસાયટીમાં, સ્થિત ઉત્તર તરફ જમીન ધરાવતા રેવન્યુ સર્વે નં.૪૪/૧ પૈકી, મજુરા, તા. સિટી જિ. સુરત અને ટી.પી. સ્કીમ નં.૬, ફાઈનલ પ્લોટ નં.૨૮/એ, ખુંટો તરફ :<br>પૂર્વ : પ્લોટ નં.૨૧<br>પશ્ચિમ : પ્લોટ નં.૫<br>ઉત્તર : પ્લોટ નં.૧૨<br>દક્ષિણ : પ્લોટ નં.૧૪<br>૨. તે તમામ ટાઈટલ અને હિત ધરાવતા મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ પ્લોટ નં.૧૪ ક્ષેત્રફળ ૨૦૯ ચો.મી. મા અંબા કૃપા સોસાયટીમાં, સ્થિત ઉત્તર તરફ જમીન ધરાવતા રેવન્યુ સર્વે નં.૪૪/૧ પૈકી, મજુરા, તા. સિટી જિ. સુરત અને ટી.પી. સ્કીમ નં.૬, ફાઈનલ પ્લોટ નં.૨૮/એ, ખુંટો તરફ :<br>પૂર્વ : પ્લોટ નં.૨૨<br>પશ્ચિમ : પ્લોટ નં.૫<br>ઉત્તર : પ્લોટ નં.૧૩<br>દક્ષિણ : પ્લોટ નં.૧૫ |
| ૩. | ૫૪૫૦૧૨૫૩ અને ૫૪૪૯૮૮૨૧ | ૧. મિનાક્ષી પ્રવિણ ધીંગરા<br>૨. પ્રવિણકુમાર ચમનલાલ ધીંગરા | ૧૯.૦૬.૨૦૨૬ | રૂા.૪૫,૮૪,૭૯૭.૩૧ લોન એકાઉન્ટ નં.૫૪૫૦૧૨૫૩ માટે અને રૂા. ૧૯,૨૩,૫૪૧.૮૧ લોન એકાઉન્ટ નંબર ૫૪૪૯૮૮૨૧ માટે ૧૦.૦૯.૨૦૨૬ મુજબ | ૧૨.૦૯.૨૦૨૬ | તે તમામ ટાઈટલ અને હિત ધરાવતા મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ફલેટ નં.એ/૫૦૪, બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ ૧૨૭૭.૫૦ ચો.ફૂટ બરાબર ૧૧૮.૭૩ ચો.મી. અને તેનું સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ ૨૦૫૧.૦૦ ચો.ફૂટ, પાંચમા માળે બિનવહેંચાયેલ હિસ્સાની જમીન સાથે બિલ્ડિંગ નં.'એ' 'હેપ્પી રેસિડેન્સી', જમીન ધરાવતા રવન્યુ સર્વે નં.૫૫૧ પર બંધાયેલ તેનું રિ-સર્વે નં.૩૪૭ ક્ષેત્રફળ ૧૪,૮૦૦ ચો.મી., ટીપી સ્કીમ નં.૨૯, એફ.પી. નં.૩૩ ક્ષેત્રફળ ૯૬૨૦ ચો.મી., રેવન્યુ સર્વે નં.૫૫૨/૨, તેનું રિ-સર્વે નં.૩૪૯/૧ ક્ષેત્રફળ ૨૨૦૦ ચો.મી., ટી.પી. સ્કીમ નં.૨૯, એફ.પી. નં.૩૪, ક્ષેત્રફળ ૧૪૩૦ ચો.મી., રેવન્યુ સર્વે નં.૫૫૨/૧ તેનું રિ-સર્વે નં.૩૪૯/૨ ક્ષેત્રફળ ૬૦૦૦ ચો.મી., ટી.પી. સ્કીમ નં.૨૯, એફ.પી. નં.૩૫ ક્ષેત્રફળ ૩૯૦૦ ચો.મી. અને રેવન્યુ સર્વે નં.૫૫૨/૩ તેનું રિ-સર્વે નં.૩૪૯/૩ ક્ષેત્રફળ ૩૮૦૦ ચો.મી., ટી.પી. સ્કીમ નં.૨૯, એફ.પી. નં.૩૬ ક્ષેત્રફળ ૨૪૭૧ ચો.મી. કુલ ક્ષેત્રફળ ૧૭૪૨૧ ચો.મી. ગામ : વેસુ, તા. ચોર્યાસી, જિ. સુરત<br>ખુંટો તરફ :<br>પૂર્વ : સોસાયટી રોડ પાસે,<br>પશ્ચિમ : લિફ્ટ પાસે<br>ઉત્તર : ફલેટ નં.એ/૫૦૩ પાસે<br>દક્ષિણ : સોસાયટી રોડ તરફ |

સ્થળ : સુરત
તારીખ : ૧૨.૦૯.૨૦૨૬

સહી/-
અધિકૃત ઓફિસર,
વતી, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક

# જ્યાં ધર્મની કોઈ દીવાલો કે અવરોધ નથી : Ila (ઈલા) ફાઉન્ડેશન દરેક મનુષ્યને આરોગ્યસેવા આપવા માત્ર માનવતાના ધોરણે કામગીરી આગળ વધારી રહ્યું છે

**“આપણે મનુષ્યોએ પોતાને અલગ-અલગ વિભાગમાં વહેંચી નાખ્યા છે. મુસ્લિમો મસ્જિદમાં જાય છે, હિંદુઓ મંદિરમાં જાય છે, ખ્રિસ્તીઓ ચર્ચમાં જાય છે અને શીખો ગુરૂદ્વારામાં જાય છે. પરંતુ મનુષ્યો માટે, આપણા સૌ માટે, જ્યાં આપણે માત્ર મનુષ્ય તરીકે જઈ શકીએ એવી જગ્યાઓ ક્યાં છે ?”**

(એજન્સી) તા.૧૬

કેરળના કુટ્ટિપુરમની મારી મુસાફરી માત્ર મેં નક્કી કરેલી એક સામાન્ય યાત્રા નહોતી. આ યાત્રા પોતાની સાથે લાગણી અને જીવનના એક પરિવર્તનનો ઊંડો અનુભવ લઈને આવી હતી. આ મહિનાની શરૂઆતમાં હું તિરૂવનંતપુરમ જવા માટે વિમાનમાં બેઠી. આખરે હું આભાર અને ઉત્સુકતા સાથે હું મોહમ્મદ નજીબ કુટ્ટિપુરમને મળવા અને તેઓ જે અદ્ભુત કાર્ય કરી રહ્યા છે તેના માટે વ્યક્તિગત રીતે તેમનો આભાર માનવા આવી હતી. તિરૂરમાં રેલવે સ્ટેશનથી હું સીધી તેમના ઘરે ગઈ હતી, પરંતુ તેમની મુલાકાત બીજા દિવસે સવારે જ થઈ. મને કહેવામાં આવ્યું હતું કે નજીબકા સમયની બાબતમાં અત્યંત શિસ્તબદ્ધ વ્યક્તિ છે. અને ખરેખર, તેમાં કોઈ અપવાદ નહોતો. તે સવારે હું માત્ર નજીબકાને મળવાની નહોતી. હું એક એવા સ્વપ્નથી પરિચિત થવાની હતી, જેને તેમણે દૃઢ વિશ્વાસ અને હેતુ સાથે શરૂ થયું હતું - Ila ફાઉન્ડેશન.

મેં તેમને પહેલો પ્રશ્ન કદાચ સૌથી સ્વાભાવિક જ પૂછ્યો :

“Ila શા માટે ?”

આસપાસના લોકો પ્રેમથી જેમને નજીબકા કહે છે, તેમણે જવાબ આપતાં પહેલાં થોડી ક્ષણ માટે વિરામ લીધો. તેમણે કહ્યું કે “જીવન પોતે એક પાઠ છે, આ સફરમાં આપણે શાળામાં જઈએ છીએ, નોકરી શોધીએ છીએ, લગ્ન કરીએ છીએ, બાળકો ઉછેરીએ છીએ, પછી તેમના શિક્ષણ અને ઘર બનાવવામાં ધ્યાન આપીએ છીએ. આપણું મોટાભાગનું જીવન આ જવાબદારીઓ નિભાવવામાં પસાર થઈ જાય છે. પરંતુ ત્યાર પછી શું ? જ્યારે આ બધી જવાબદારીઓ પૂરી થઈ જાય ત્યારે આગળ શું ? આ વિચારથી મને આ જવાબદારીઓથી આગળ કંઈક કરવાનો પ્રેરણાબળ મળ્યું. મારી મુલાકાત દરમિયાન Ila ફાઉન્ડેશનના સ્થાપક અને સ્વયંસેવકો સાથે થયેલી વાતચીતમાંથી કેટલાક અંશો અહીં રજૂ કરું છું.

**સાજિદા એ. ઝુબૈર (એસ.એ.ઝેડ.): Ila શું છે ?**

નજીબકા : Ila એટલે પાન. તેનું નામ ‘કીડી અને પાન’ની એક લોકકથા પરથી આવ્યું છે. Ila એટલે શ્વાસ લેવાની જગ્યા. આપણે મનુષ્યો જીવનના પ્રથમ શ્વાસની ઉજવણી કરીએ છીએ અને અંતિમ શ્વાસ પર શોક વ્યક્ત કરીએ છીએ. પરંતુ આ બે ક્ષણોની વચ્ચે આપણે દરરોજ, દરેક ક્ષણે શ્વાસ લઈએ છીએ. છતાં ભાગ્યે જ આપણે થોભીને એ શ્વાસ વિશે વિચારીએ છીએ. આપણે તેને સ્વાભાવિક માની લઈએ છીએ. Ila એવી જગ્યા છે જ્યાં આપણે થોભી શકીએ - શ્વાસ લઈ શકીએ, વિચાર કરી શકીએ અને માત્ર ‘હોઈ’ શકીએ. આપણે મનુષ્યોએ પોતાને અલગ-અલગ વિભાગમાં વહેંચી નાખ્યા છે. મુસ્લિમો મસ્જિદમાં જાય છે, હિંદુઓ મંદિરમાં જાય છે, ખ્રિસ્તીઓ ચર્ચમાં જાય છે અને શીખો ગરૂદ્વારામાં જાય છે. પરંતુ માત્ર મનુષ્યો માટે, આપણા સૌ માટે, જ્યાં આપણે માત્ર મનુષ્ય તરીકે જઈ શકીએ એવી જગ્યાઓ ક્યાં છે ? Ila એ જ જગ્યા છે. તે દરેકની છે. એટલા માટે Ilaને કોઈ દરવાજા નથી. તે દરેક માટે ખુલ્લી છે. Ila ફાઉન્ડેશનમાં મનુષ્યો વચ્ચે ભેદ પાડતા કોઈ વિભાગો નથી.

**એસ.એ.ઝેડ. : Ilaની પેલિયેટિવ કેર પહેલ અન્ય આવા કેન્દ્રોથી કેવી રીતે અલગ છે ?**

નજીબકા : મને લાગ્યું કે ઘણા કેન્દ્રોમાં પેલિયેટિવ કેર આપવામાં જે રીત અપનાવવામાં આવતી હતી તેમાં બહુ ઓછો બદલાવ કે વિકાસ થયો હતો. ઘણા કેન્દ્રો જ્યાંથી શરૂ થયા હતા ત્યાં જ અટકી ગયા હતા. મુખ્ય ધ્યાન દવાઓ, ઈન્જેક્શન, કેથેટર બદલવા અને અન્ય તબીબી સહાય પર હતું. પરંતુ Ilaની કલ્પના માત્ર તબીબી સારવારથી આગળની હતી. અમે ભાવનાત્મક સહાય પણ આપવા માગતા હતા -એવી જગ્યા ઊભી કરવી માગતા હતા જ્યાં લોકોની વાત સાંભળવામાં આવે, તેમની કાળજી લેવામાં આવે અને તેમને મહત્વ આપવામાં આવે.

**એસ.એ.ઝેડ. : Ilaને અન્ય સંસ્થાઓથી શું અલગ બનાવે છે ? Ilaમાં સ્વયંસેવક હોવાનો અર્થ શું છે ?**

અહીં આવનાર દરેક સ્વયંસેવકને સૌથી પહેલાં એક વાત સમજાવવામાં આવે છેઃ કોઈપણ વસ્તુ કરતાં પહેલાં આપણે મનુષ્ય છીએ. મનુષ્ય તરીકે કેવી રીતે જીવવું અને વર્તવું તે શીખવું એ અહીં યોગદાન આપવા આવનાર દરેક વ્યક્તિને આપવામાં આવતો પહેલો પાઠ છે. અમારા સ્વયંસેવકો અલગ-અલગ ધર્મ, જાતિ, વંશ અને માન્યતાઓમાંથી આવે છે. પરંતુ આપણે સૌ પ્રથમ મનુષ્ય છીએ—આ સમજણ જ આપણને એકસાથે જોડે છે અને આપણને એક પરિવાર બનાવે છે. આ જ કારણ છે કે Ilaમાં સામાન્ય પ્રકારનું કોઈ પદક્રમ નથી. અમારી પાસે બોર્ડ સભ્યો, પ્રમુખ કે સચિવ નથી. અમારી પાસે માત્ર સ્વયંસેવકો છે. અમે એક જ હેતુમાં વિશ્વાસ રાખીએ છીએ અને તેથી સાથે મળીને કામ કરીએ છીએ. આપણે સમજવું જોઈએ કે આપણને મળેલું સ્વાસ્થ્ય જીવનના સૌથી મોટા આશીર્વાદોમાંનું એક છે. જ્યારે આપણે આ વાતને ખરેખર સમજીએ, ત્યારે જેમને પોતાના સ્વાસ્થ્ય સાથે સંઘર્ષ કરવો પડી રહ્યો છે તેમની મદદ માટે આગળ વધવાની જવાબદારી આપણામાં જાગવી જોઈએ. Ilaમાં અમે પોતાને માત્ર મનુષ્ય તરીકે જોવાનો પ્રયાસ કરીએ છીએ અને જેમની અમે કાળજી લઈએ છીએ તેમને પણ એ જ રીતે જોઈએ છીએ. Ila ફાઉન્ડેશન માત્ર પીડિતોની સંભાળ રાખવા માટે નથી; આ પ્રક્રિયામાં આપણા સૌને થોડા વધુ માનવીય બનાવવા માટે પણ છે.

**એસ.એ.ઝેડ. : આ જ વિચાર સાથે Ila આગામી પેઢીને તૈયાર કરવા માટે શું કરી રહ્યું છે ?**

**નજીબકા :** અમારી એક મહત્વપૂર્ણ પહેલ સીઈઈપી – કેપિટલ એક્સપ્લોરેશન એન્ડ એન્હાન્સમેન્ટ પ્રોગ્રામ છે, જે આઠમા ધોરણથી આગળના બાળકો સાથે શરૂ થાય છે. અમે બાળકોને કેટલાક મૂળભૂત પ્રશ્નો પોતાને પૂછવા માટે પ્રોત્સાહિત કરીએ છીએઃ

હું કોણ છું ?

હું શું કરી શકું છું ?

મારા જીવનમાં હું શું પ્રાપ્ત કરવા માગું છું ?

અમે તેમને પોતાની શક્તિઓ શોધવા, જીવનમાં હેતુની ભાવના વિકસાવવા અને પોતાના જીવન માટે એક મિશન નક્કી કરવા માટે તાલીમ આપીએ છીએ. તેના કરતાં પણ વધુ મહત્વનું એ છે કે જીવનમાં અનિવાર્ય રીતે આવનારા પડકારોનો સામનો કેવી રીતે કરવો અને તેમને કેવી રીતે પાર કરવા તે સમજવામાં અમે તેમની મદદ કરીએ છીએ. અમે વિદ્યાર્થિનીઓની તાલીમ પર પણ વિશેષ ધ્યાન આપીએ છીએ. અત્યાર સુધીમાં ૨૪ તાલીમ સત્રો યોજાઈ ચૂક્યાં છે. આ બાળકો આગામી દસ વર્ષમાં સમાજના વિવિધ ક્ષેત્રોનો ભાગ બનશે. કેટલાક રાજકારણમાં જશે, કેટલાક વ્યવસાયિક ક્ષેત્રોમાં, શિક્ષક બનશે અથવા અન્ય ભૂમિકાઓ નિભાવશે. તેઓ જ્યાં પણ જશે, Ilaને આશા છે કે તેઓ અહીં શીખેલા મૂલ્યો પોતાની સાથે લઈ જશે અને સમાજમાં સકારાત્મક તથા કરૂણાસભર પરિવર્તન લાવવામાં યોગદાન આપશે. અમારૂં સ્વપ્ન માત્ર બાળકોને સફળ કારકિર્દી માટે તૈયાર કરવાનું નથી. અમારું સ્વપ્ન એવા મનુષ્યોનું ઘડતર કરવાનું છે, જેઓ જીવન તેમને જ્યાં પણ લઈ જાય ત્યાં અર્થપૂર્ણ પરિવર્તન લાવી શકે.



**એસ.એ.ઝેડ. : Ila પાછળના વિચાર સાથેના તમારા જોડાણને તમે કેવી રીતે વર્ણવશો ?**

સુલ્ફિકાર, સ્વયંસેવક, Ila ફાઉન્ડેશનઃ નજીબકા મારા બાળપણના મિત્ર છે અને મારા માટે મોટા ભાઈ સમાન છે. હું તેમને ઘણા વર્ષોથી ઓળખું છું. તેઓ પ્રવાસી સ્વભાવના છે. ઉત્તર ભારતમાં, ખાસ કરીને ગામડાઓમાં તેમણે કરેલી મુસાફરી દરમિયાન જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચવામાં અને સામાજિક સેવા કરવામાં ઘણો સમય વિતાવ્યો. ૨૫ વર્ષથી વધુ સમય સુધી આ મુસાફરીઓ તેમના જીવનનો એક ભાગ બની રહી. આ અનુભવો અને રસ્તામાં મળેલા લોકો દ્વારા જ Ila ફાઉન્ડેશનનો વિચાર ધીમે ધીમે આકાર પામ્યો. પરંતુ Ila માત્ર એક ચેરિટી કે લોકોને સહાય પૂરી પાડતી જગ્યા કરતાં ઘણું વધારે છે. તે આરોગ્ય સંબંધિત પડકારોનો સામનો કરી રહેલા લોકોને સંભાળ અને કરૂણા આપે છે, પરંતુ તેનો હેતુ માત્ર બીમાર લોકો પૂરતો મર્યાદિત નથી. Ila સ્વસ્થ લોકો માટે પણ એક જગ્યા છે. એવી જગ્યા જ્યાં તેઓ પોતાની અંદર જોઈ શકે અને પોતાના આંતરિક સ્વભાવને શુદ્ધ કરવા તરફ આગળ વધી શકે. આપણે સૌ આપણા આત્માની પોતાની બીમારીઓ લઈને ફરીએ છીએ - અહંકાર, ઈર્ષ્યા, ગુસ્સો અને આવી ઘણી નકારાત્મક લાગણીઓ. Ila લોકોને પોતાની અંદરની આ બાબતોને ઓળખવા અને તેને દૂર કરવાનો પ્રયાસ કરવા પ્રોત્સાહિત કરે છે. મારા માટે, Ilaને અલગ બનાવતી આ જ વાત છે. તે માત્ર વ્યક્તિની શારીરિક પીડાની સંભાળ રાખવા વિશે નથી; તે લોકોને વધુ સારા મનુષ્ય બનવામાં મદદ કરવા વિશે પણ છે.

**એસ.એ.ઝેડ. : Ila ફાઉન્ડેશન કેવા પ્રકારની સંભાળ અને સહાય પૂરી પાડે છે ?**

ફાસિના, પેલિયેટિવ કેર સ્વયંસેવકોનું સંકલન કરનારઃ Ila વિવિધ પ્રકારની આરોગ્ય જરૂરિયાતો ધરાવતા લોકોને સહાય પૂરી પાડે છે. ડ્રગ બેંક ખાસ કરીને માનસિક આરોગ્ય સંબંધિત દર્દીઓ માટે દવાઓ ઉપલબ્ધ કરાવે છે. પુનર્વસન સહાયની જરૂરિયાત ધરાવતા લોકોની નોંધણી કરવામાં આવે છે અને તેમને જરૂરી દવાઓ આપવામાં આવે છે. અમારી પાસે ૧૦ મશીનો ધરાવતું ડાયાલિસિસ યુનિટ પણ છે, જે બે શિફ્ટમાં ચાલે છે. હાલમાં ૩૪ દર્દીઓ Ila દ્વારા ડાયાલિસિસની સારવાર મેળવી રહ્યા છે. અમારો પેલિયેટિવ કેર કાર્યક્રમ ફાઉન્ડેશનની દિવાલોની બહાર પણ પહોંચે છે. અમારી પાસે ચાર હોમ-કેર યુનિટ છે, જે દર ૧૫ દિવસે દર્દીઓના ઘરે જાય છે. આ મુલાકાત દરમિયાન તેમના મહત્વપૂર્ણ શારીરિક માપદંડો તપાસવામાં આવે છે, ઘાના ડ્રેસિંગ કરવામાં આવે છે અને અન્ય તબીબી જરૂરિયાતોનું ધ્યાન રાખવામાં આવે છે. પરંતુ તબીબી સંભાળ તો અમે જે કરીએ છીએ તેનો માત્ર એક ભાગ છે. એટલું જ મહત્વનું છે તેમની સાથે સમય વિતાવવો, તેમની બાજુમાં બેસવું, તેમની વાત સાંભળવી અને તેમને ભાવનાત્મક તથા નૈતિક સહારો આપવો. ક્યારેક માત્ર એટલું જાણવું કે “તમારી સાથે કોઈ છે” પણ પીડામાંથી પસાર થઈ રહેલી વ્યક્તિ માટે ઘણો મોટો ફરક પેદા કરી શકે છે. Ila ફાઉન્ડેશનની મારી મુલાકાત દરમિયાન મને તેની એક હોમ-કેર યુનિટ સાથે જવાની તક મળી. અમે સવારે ૯ વાગ્યે નીકળ્યા. એક ઘરથી બીજા ઘરે જતા અમે એવા પરિવારોને મળ્યા, જેઓ અપાર મુશ્કેલીઓનો સામનો કરવા છતાં આશાને પકડીને બેઠા હતા અને જીવન પ્રત્યે આશ્ચર્યજનક રીતે સકારાત્મક હતા. મને સૌથી વધુ જે વાત સ્પર્શી ગઈ તે એ હતી કે ઘણા લોકો Ila વિશે માત્ર તબીબી સંભાળ આપતી સંસ્થા તરીકે વાત કરતા નહોતા, પરંતુ તમામ પ્રયત્નો છતાં અંતે તેમના પગની હલનચલન જતી રહી. ત્યારબાદ શાબિરી ગિરીશે Ila ફાઉન્ડેશનમાં પેલિયેટિવ કેર માટે નોંધણી કરાવી. Ilaની સંભાળ શરૂ થઈ ત્યારે તેમને માત્ર તબીબી સહાય જ નહીં, પરંતુ તેનાથી આગળનું કંઈક મળ્યું. તેમને મળેલા ભાવનાત્મક અને નૈતિક સહારે ધીમે ધીમે તેમનો આત્મવિશ્વાસ પાછો લાવવામાં અને જીવનને નવી આશા સાથે જોવામાં મદદ કરી. સમય જતાં Ilaએ તેમને ઈલેક્ટ્રિક વ્હીલચેર પૂરી પાડી અને તેમના ઘરની બાજુમાં એક નાની દુકાન શરૂ કરવામાં પણ મદદ કરી. આજે શાબિરી ગિરીશે એવી સ્વતંત્રતાનો એક અંશ ફરીથી મેળવ્યો છે, જે એક સમયે લગભગ અશક્ય લાગતી હતી. તેમની સફર માત્ર શારીરિક મર્યાદાઓને પાર કરવાની કહાની નથી; તે ગૌરવ, સંઘર્ષશીલતા અને જીવન જ્યારે બધું છીનવી લેતું લાગે ત્યારે કોઈનો સહારો મળવાની શક્તિની કહાની પણ છે. તેઓ અને તેમનો પરિવાર આજે Ila પ્રત્યે ખૂબ આભારી છે. હવે તેઓ માત્ર Ilaની સહાય મેળવનારા લોકો બનીને રહેવા માગતા નથી. તેઓ ફાઉન્ડેશન સાથે જોડાયેલા રહીને સ્વયંસેવક તરીકે યોગદાન આપવા માગે છે અને પોતાની સફર દ્વારા આવી જ મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહેલા અન્ય લોકોને પ્રેરણા આપવા ઈચ્છે છે. મને Ilaના વિશેષ જરૂરિયાત ધરાવતા કેટલાક લાભાર્થીઓ સાથે પણ થોડો સમય વિતાવવાની તક મળી. અમે સાથે ગાયાં, રમતો રમ્યાં અને હાસ્યની કેટલીક ક્ષણો વહેંચી. તેમણે મને એટલી હૂંફ અને નિર્દોષતા સાથે પોતાના વર્તુળમાં સ્વીકારી કે એ થોડા કલાકો દરમિયાન કોઈ પ્રકારનો ભેદ જણાતો જ નહોતો - માત્ર સાથે હોવાનો સરળ આનંદ હતો. બાળકોમાંથી એકે હસતાં મને કહ્યું : “અમને અહીં દર અઠવાડિયે આવવું ખૂબ ગમે છે. મંગળવારની આ પ્રવૃત્તિઓ માટે અમે આતુરતાથી રાહ જોઈએ છીએ.” તે શબ્દોમાં રહેલો ઉત્સાહ Ila તેમના માટે શું અર્થ ધરાવે છે તે કોઈપણ સમજૂતી કરતાં વધુ સારી રીતે કહી રહ્યો હતો. આ બાળકો માટે મંગળવાર અઠવાડિયાનો માત્ર બીજો દિવસ નથી. તે એવો દિવસ છે જેની તેઓ આતુરતાથી રાહ જુએ છે - મિત્રતા, રમતો, હાસ્ય અને પોતાના હોવાની લાગણીનો દિવસ. અને એ જ ક્ષણે મને સમજાયું કે Ila ફાઉન્ડેશન ખરેખર મુક્તપણે શ્વાસ લેવાની જગ્યા છે. કદાચ Ilaના કાર્યનું સૌથી શક્તિશાળી પાસું પણ આ જ છે - જે લોકો એક સમયે સહાયની જરૂરિયાત ધરાવતા હતા, તેમનામાં એવો પરિવર્તન લાવવું કે તેઓ પોતે જ બીજા લોકો માટે શક્તિ અને સહારો બનવા માગે. જો તમે કેરળમાં હો, તો તમારી યાત્રાના કાર્યક્રમમાં Ila ફાઉન્ડેશનની મુલાકાત ચોક્કસ સામેલ કરવા જેવી છે.

Ila ફાઉન્ડેશનના મોહમ્મદ નજીબ

**(- સાજિદા એ. ઝુબૈર)**

# યુપી : ફિરોઝાબાદમાં પોલીસની કથિત લાત બાદ ગર્ભવતી મહિલાનું મોત

(એજન્સી) તા.૧૬

ફિરોઝાબાદના શિકોહાબાદ વિસ્તારમાં ચોરીના શંકાસ્પદ આરોપીની ધરપકડ કરવા આવેલા પોલીસકર્મીઓએ તેની ગર્ભવતી પત્નીને કથિત રીતે લાત મારી હતી, જેના પગલે બે સબ-ઈન્સ્પેક્ટર સહિત છ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, તેમ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. પરિવારના જણાવ્યા અનુસાર, રવિવારે રાત્રે લગભગ ૧૧:૪૫ વાગ્યે સબ-ઈન્સ્પેક્ટર ધર્મપાલ સિંહ પોલીસની ટીમ સાથે ગૌરવની ધરપકડ કરવા માટે લાભાઉઆ ગામમાં તેના ઘરે પહોંચ્યા હતા. ગૌરવ સામે ચોરીના કેસમાં કાર્યવાહી કરવાની હતી. પરિવારે આક્ષેપ કર્યો હતો કે જ્યારે ગૌરવની ૨૮ વર્ષીય ગર્ભવતી પત્ની અંજલિએ પોલીસને તેના પતિને ન લઈ જવાની વિનંતી



કરી, ત્યારે સિંહે તેના પેટમાં લાત મારી, જેના કારણે તે નીચે પડી ગઈ હતી.

પોલીસ ૩૨ વર્ષીય ગૌરવને લઈ ગઈ તે પછી અંજલિની તબિયત બગડી હતી અને તેને શિકોહાબાદની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં સોમવારે સવારે તેણે એક પુત્રને જન્મ આપ્યો હતો, તેમ પરિવારે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે તેના મૃત્યુ બાદ ગ્રામજનોએ પોલીસ સ્ટેશનમાં હોબાળો મચાવ્યો હતો અને પોલીસની કાર્યવાહી પર સવાલો ઉઠાવ્યા હતા. નવજાત બાળકની હાલત પણ ગંભીર છે અને તેને આગ્રા રિફર કરવામાં આવ્યો છે, તેમ પરિવારે જણાવ્યું હતું.

એડિશનલ સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (સિટી) રવિ શંકર પ્રસાદે જણાવ્યું હતું કે સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ આદિત્ય લાંઘેએ બેદરકારી બદલ સબ-ઈન્સ્પેક્ટર ધર્મપાલ સિંહ અને સત્યપાલ સિંહ, હેડ કોન્સ્ટેબલ મોહન સિંહ અને અરવિંદ કુમાર તથા કોન્સ્ટેબલ ભવતોષ કુમાર અને કુલદીપ કુમારને સોમવારે તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યા હતા. તેમણે કહ્યું કે મહિલાનું પોસ્ટમોર્ટમ મોડી રાત્રે કરવામાં આવ્યું હતું અને તે જ રાત્રે તેના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. આ પ્રક્રિયા દરમિયાન પોલીસનો મોટો કાફલો તૈનાત કરવામાં આવ્યો હતો.

## એઆઈનો વિકાસ ધીમો કરવાના યુએસ કંપનીઓના દાવાથી ચીન ભડક્યું

# એઆઈ પર નિયંત્રણ વૈશ્વિક ટેક ઈનોવેશનથી ચીનને બહાર રાખવાનું કાવતરું : જિનપિંગ

**અમેરિકા એઆઈ પર ઈજારાશાહી જાળવી રાખવા માંગે છે, તેની માનસિકતા હજુ કોલ્ડ વોર જેવી : ચીનનો વળતો પ્રહાર**

(એજન્સી) બૈજિંગ, તા.૧૬

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ડેવલપમેન્ટને લઈને અમેરિકા અને ચીન આમનેસામને છે. અમેરિકામાં એન્થ્રોપિકના સીઈઓ ડેરિયો એમોડ્સે કરેલી ટિપ્પણીમાં ચેતવણી આપી છે કે ચીનની આગેવાની હેઠળનું એઆઈ ફક્ત અમેરિકા જ નહીં આખા વિશ્વને જોખમમાં મૂકી શકે છે. તેની સામે ચીને પણ વળતો પ્રહાર કરતાં જણાવ્યું છે કે આ એઆઈ સેક્ટરમાં અમેરિકાના ઠંડા યુદ્ધની માનસિકતા છે. એમોડોઈએ આગાહી કરી છે કે એઆઈ એજન્ટ્સના સ્વાર્મ આગામી છથી બાર મહિનામાં ઈન્ટરનેટને ટેક ઓવર કરી શકે છે, સિવાય કે રિસર્ચરો તેના ડેવલપમેન્ટની સ્પીડ ઘટાડે. તેમણે જણાવ્યું હતું કે એઆઈની વૈશ્વિક ઝડપે ચીન સાથે સહયોગ સાધવાની જરુર પડશે. તેમણે ચીન દ્વારા બનાવવામાં આવતી અત્યાધુનિક એઆઈ ચિપ્સ અને ચિપમેકિંગ ઈક્વિપમેન્ટ પર પ્રતિબંધ મૂકવા જણાવ્યું હતું જેથી અમેરિકાની એઆઈ મોરચે સ્પર્ધાત્મક ધાર જળવાઈ શકે.ચીનના વિદેશ મંત્રાલયે આના સંદર્ભમાં જણાવ્યું હતું કે એઆઈના મોરચે બધા



જ પક્ષકારોએ જોડે બેસીને કામ કરવાની જરુર છે. કોઈપણ પ્રકારના ડરની પૂર્વધારણા બાંધીને તેની સામે ઝેરી પ્રચાર ફેલાવવાથી વૈશ્વિક એઆઈ ગવર્નન્સની પ્રક્રિયા જ અવરોધાશે, જે કોઈના હિતમાં નહી હોય. ચીનના ગ્લોબલ ટાઈમ્સે જણાવ્યું હતું કે એમોડેઇનો લેખ ઉપરથી તો જાણે ગ્લોબલ એઆઈ સિક્રિટી પરનો લાગે છે, પરંતુ તેની પાછળ ચીનને અંકુશમાં રાખવાના પ્રયત્નો સીધા દેખાઈ આવે છે. આ લેખ જાણે એઆઈના સેક્ટરમાં કોલ્ડ વોરના સમયની પ્લેબૂક જ લાગે છે.એમોડેઇનો આ લેખ એફબીઆઈ, સાઈબરસિક્યોરિટી એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સિક્યોરિટી એજન્સીએ ગયા સપ્તાહે જણાવ્યું હતું કે ચાઈનીઝ એઆઈ ડેવપરો આક્રમક રીતે અને ગેરકાયદેસરર રીતે અમેરિકાના કેટલાક અત્યાધુનિક અને એડવાન્સ્ડ એઆઈ મોડેલ્સ જેવા કે એન્થ્રોપિકની ક્લોડ અને ઓપન એઆઈની ચેટજીપીટી જેવા આબેહૂબ પણ સસ્તા એઆઈ મોડેલ્સ બનાવી રહ્યા છે. એક રીતે આ સીધી નકલ છે.ચીનના વાણિજ્ય મંત્રાલયે અમેરિકાના દાવાને ફગાવી દેતા આધાર વગરનો ગણાવ્યો હતો અને જણાવ્યું હતું કે કેટલીય એઆઈ કંપનીઓ ડિસ્ટિલેશનનો ઉપયોગ કરે છે તેમા કશું નવું નથી. તેમણે જણાવ્યું હતું કે અમેરિકા એઆઈ ઉદ્યોગમાં તેની ઈજારાશાહી સુનિશ્ચિત રાખવા આ બધું કરી રહ્યુ છે. ચીન અને અમેરિકા બંનેએ તે સુનિશ્ચિત કરવું જોઈએ કે બંનેમાંથી કોઈપણ એકબીજા સામે ટેક ચોકપોઈન્ટ ન સ્થાપે, એમ એશિયા સોસાયટી પોલિસી ઈન્સ્ટિટયુટ સેન્ટર ફોર ચાઈના એનાલિસિસના લિઝી લીએ જણાવ્યું હતું. જિનપિંગ સપ્ટેમ્બરમાં અમેરિકાની મુલાકાતે જવાના છે ત્યારે એઆઈનો મુદ્દો અત્યંત મહત્ત્વનો બની રહે તેવી સંભાવના છે.

# બિહારની સરકારી વકીલ પેનલમાં ઉચ્ચ જાતિઓનું વર્ચસ્વ-૧૧૯માંથી ૯૭ સવર્ણ; દલિત-મુસ્લિમ પ્રતિનિધિત્વ અંગે સવાલ ઉઠયા

**બિહારના નવા સરકારી વકીલ પેનલમાં જાતિ સમીકરણો અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે. ૧૧૯ વકીલોમાંથી ૯૭ ઉચ્ચ જાતિના છે, જેમાં ફક્ત બે મુસ્લિમ અને ત્રણ દલિત છે. મહિલા વકીલોને પણ અવગણવામાં આવી છે**

(એજન્સી) તા.૧૬

બિહારમાં કાયદા અધિકારીઓની તાજેતરની નિમણૂકોમાંથી દલિતો, મુસ્લિમો, મહિલાઓ અને ચોક્કસ જાતિઓને લગભગ સંપૂર્ણપણે બાકાત રાખવામાં આવી છે. અગાઉ, જિલ્લા મેજિસ્ટ્રેટ (DM), પોલીસ અધિક્ષક (SP) અને અન્ય વહીવટી અધિકારીઓના ક્ષેત્રીય પોસ્ટિંગમાં મુસ્લિમો અને ચોક્કસ જાતિઓ સાથે સમાન વર્તન જોવા મળતું હતું. પૂર્વ મુખ્યમંત્રી નીતિશ કુમારના કાર્યકાળના ઉત્તરાર્ધમાં આવી સરકારી નિમણૂકો અને પોસ્ટિંગમાં ભાજપનો પ્રભાવ સ્પષ્ટ હતો. હવે, કાયદા અધિકારીઓની નિમણૂકમાં ભાજપનો પ્રભાવ વધુ ઊંડો થયો છે, જેમાં JDU નેતાઓ પેનલમાં પોતાનામાંથી કેટલાકને મૂકવા સુધી મર્યાદિત છે. જ્યારે સમ્રાટ ચૌધરી ભારતીય જનતા પાર્ટીમાંથી બિહારના પ્રથમ મુખ્યમંત્રી બન્યા, ત્યારે નીતિશ કુમારના કાર્યકાળ દરમિયાન એડવોકેટ જનરલ પીકે શાહીને સ્થાને એસડી સંજયને નિયુક્ત કરવામાં આવ્યા. હવે, નવા એડવોકેટ જનરલ દ્વારા રચાયેલી બિન-સત્તાવાર પેનલો અંગે ગંભીર પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. રસપ્રદ વાત એ છે કે, સ્થાનિક મીડિયા આ મુદ્દા પર સંપૂર્ણપણે મૌન હોવાનું જણાય છે, જોકે સોશિયલ મીડિયા પર ચોક્કસપણે વિરોધ થઈ રહ્યો છે. પટના હાઈકોર્ટના ઘણા વકીલોનો આરોપ છે કે સરકારી પેનલમાં વકીલોને અનુભવ અને સારી પ્રેક્ટિસ પૂરી પાડવાને બદલે ચોક્કસ પક્ષનું પ્રતિનિધિત્વ કરનારાઓને અનુભવ કે પૂરતું કાનૂની જ્ઞાન ન હોવા છતાં હોદ્દા આપવામાં આવ્યા છે. કેટલાક વકીલોની દલીલ છે કે જ્યારે સરકાર આ પેનલમાં અનામત આપતી નથી, ત્યારે અનામતની જોગવાઈઓનું સન્માન કરવું જોઈતું હતું. તેમનો દલીલ છે કે, આ અનામતની સમીક્ષા માટે હિમાયત કરવાના પ્રયાસનો એક ભાગ છે.

એક વરિષ્ઠ વકીલે ફેસબુક લાઈવ પર જણાવ્યું હતું કે, ૧૧૯ સરકારી વકીલોની પેનલમાં, ૯૭ વકીલો ઉચ્ચ જાતિના છે. તેવી જ રીતે, નિયુક્ત ૧૬ વધારાના એડવોકેટ જનરલોમાં, અનુસૂચિત જાતિ અથવા મુસ્લિમ સમુદાયમાંથી એક પણ વકીલ નથી. એવું પણ જાણવા મળ્યું છે કે, પ્રતિનિધિત્વ કરતી અન્ય જાતિઓમાં પણ સરકાર દ્વારા માલિકીની ગણાતી બે જાતિઓનું વર્ચસ્વ છે, જેમ કે કુર્મી અને કુશવાહ. સમગ્ર પેનલમાં ફક્ત ત્રણ વકીલો દલિત સમુદાયના છે. મુસ્લિમોની વાત કરીએ તો, તાજેતરમાં જાહેર કરાયેલી યાદી પરથી સ્પષ્ટ થાય છે કે, તેમના પર કેટલી હદ સુધી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તાજેતરમાં સરકારે ૫૬



કાયદા અધિકારીઓના રાજીનામા સ્વીકાર્યા છે. જે છ વધારાના એડવોકેટ જનરલોના રાજીનામા સ્વીકારવામાં આવ્યા હતા તેમાંથી બે મુસ્લિમ વકીલ હતા, પરંતુ હવે નિયુક્ત કરાયેલા ૧૬ વધારાના એડવોકેટ જનરલોમાં એક પણ મુસ્લિમ નથી. સુપ્રીમ કોર્ટ માટે બિહાર સરકાર દ્વારા નિયુક્ત કરાયેલા બે એડવોકેટ જનરલોમાં એક પણ મુસ્લિમ કે દલિતનો સમાવેશ થતો નથી.

બિહારના એડવોકેટ જનરલ દ્વારા જાહેર કરાયેલી યાદીમાં ૪૦ સ્ટેન્ડિંગ કાઉન્સેલ પદોમાં કોઈપણ મુસ્લિમનો સમાવેશ કરવામાં આવ્યો નથી, જ્યારે અગાઉ બે મુસ્લિમ હતા. અગાઉ, રાજ્યપાલ નેતા તરીકે બે મુસ્લિમ હતા, પરંતુ આ વખતે ફક્ત એક જ છે. સરકારી વકીલો (GA) તરીકે ત્રેવીસ વકીલોની નિમણૂક કરવામાં આવી છે, જેમાં એક મુસ્લિમનો સમાવેશ થાય છે. કુલ મળીને, આ પેનલમાં ફક્ત બે મુસ્લિમોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે અગાઉ આઠ હતો. હાઈકોર્ટના વકીલ સરોજ કુમાર કહે છે કે, નવી યાદીમાં બે પ્રકારના લોકોનો સમાવેશ થાય છે. એક તો એવા લોકો છે જેઓ પોતે અથવા તેમના માતા-પિતા પાર્ટીના ધ્વજ ફરકાવતા હતા અથવા પોસ્ટર લગાવતા હતા. તેમનું કહેવું છે કે, આમાં વિદ્વાન વકીલોની પેનલ હોવી જોઈએ, પરંતુ એવું નથી. તેઓ આ મામલે બિહારના એડવોકેટ જનરલ પ્રત્યે નિરાશા વ્યક્ત કરે છે. તેમણે કહ્યું કે, નવા એડવોકેટ જનરલે એક સક્ષમ ટીમ બનાવવાની વાત કરી હતી, પરંતુ તેમની ટીમમાં એવા લોકોનો સમાવેશ થાય છે જેમણે તેમના જીવનમાં એક પણ ચૂંટણી જીતી ન હોય.

બીજું, આ યાદીમાં ૨૦૧૪, ૨૦૧૫ અને ૨૦૧૬માં નોંધાયેલા વકીલોનો સમાવેશ થાય છે, જ્યારે ૨૦૦૧-૨૦૦૨ કે તે પહેલાં નોંધાયેલા વકીલોની અવગણના કરવામાં આવી છે. તેઓ પૂછે છે, ‘શું એડવોકેટ જનરલ માને છે કે, વધુ અનુભવી અને લાયક વકીલો મૂર્ખ છે ?’ તેમણે કહ્યું કે, આ પેનલમાં મહિલાઓનું પૂરતું પ્રતિનિધિત્વ નથી અને અનામત ક્વોટાને ધ્યાનમાં લેવામાં આવ્યો નથી. તેમના મતે, દલિતો, જેઓ તેમની જોરદાર હિમાયત માટે જાણીતા છે, તેમનામાં પણ પ્રતિનિધિત્વનો અભાવ છે. OBC અને SC/ST કેસોમાં પણ ઉચ્ચ જાતિના વ્યક્તિઓને સરકારી વકીલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

પટણા હાઈકોર્ટના વરિષ્ઠ વકીલ પ્રેમ કુમાર પાસવાને કેન્દ્રીય મંત્રી અને એલજેપી (રામ વિલાસ)ના પ્રમુખ ચિરાગ પાસવાન અને હિન્દુસ્તાની મોરચાના આશ્રયદાતા જીતન રામ માંઝીને ટાંકીને કહ્યું કે, તેમણે તેમની સરકાર દ્વારા નિયુક્ત એડવોકેટ જનરલ દ્વારા દલિતો પર થઈ રહેલા અન્યાયની તપાસ કરવી જોઈએ.

તેમણે માંગ કરી કે ચિરાગ પાસવાન અને જીતન રામ માંઝી સરકારી પેનલમાં એસસી, એસટી અને ઓબીસી સમુદાયોનું યોગ્ય પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવા માટે એડવોકેટ જનરલને સૂચના આપે. તેમણે કહ્યું કે, અનામતની સમીક્ષા કરવાની વાત કરતા જીતન રામ માંઝીએ તપાસ કરવી જોઈએ કે કેવી રીતે દલિતો અને પછાત સમુદાયોને વકીલાત જેવા ક્ષેત્રમાં પણ પ્રતિનિધિત્વ આપવામાં આવતું નથી. તેઓ કહે છે, હાઈકોર્ટના વકીલ મમતા પાંડે એવો દાવો કરવામાં આવે છે કે, બિહાર સરકારે અન્યત્ર મહિલાઓને ૩૫% સુધી અનામત આપી છે, પરંતુ સરકારી પેનલોમાં મહિલાઓને પૂરતું પ્રતિનિધિત્વ આપવામાં આવતું નથી. અન્ય એક વકીલ, શિખા પાંડે દલીલ કરે છે કે, ન્યાય સાથે સંકળાયેલી મહિલાઓને ન્યાય મળી રહ્યો નથી અને તેમને સરકારી પેનલોમાં યોગ્ય સ્થાન આપવામાં આવતું નથી. મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીની આગેવાની હેઠળની નવી સરકારના એડવોકેટ જનરલ દ્વારા નિયુક્ત વકીલોની ટીમનો વિરોધ ફક્ત હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો અને મહિલાઓએ જ કર્યો નથી. વરિષ્ઠ વકીલ અવધેશ કુમાર પાંડેએ પેનલમાં તેમનું નામ સ્ટેન્ડિંગ કાઉન્સેલ તરીકે જોયું, જોકે તેઓ દાવો કરે છે કે તેમણે પહેલાથી જ એડિશનલ એડવોકેટ જનરલના પદ માટે તેમની સંમતિ રજૂ કરી દીધી છે. તેથી, તેમણે આ પદ પર જોડાવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો છે. વરિષ્ઠ વકીલ પ્રદીપ કુમાર કહે છે કે તેમને પટના હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરવાનો ૫૦ વર્ષનો અનુભવ છે, પરંતુ રાજ્ય કાયદા અધિકારીઓ માટેના નિયમોને અવગણીને તેમના નામ પર તેમના કેસમાં વિચાર કરવામાં આવ્યો ન હતો.

## કેન્દ્ર સરકારની લાલ આંખ બાદ મેટા ઝુક્યું

# ચાઈલ્ડ અબ્યુઝ કન્ટેન્ટની હવે સીધી પોલીસ ફરિયાદ થશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર બાળકોની ઓનલાઈન સુરક્ષા સુનિશ્ચિત કરવા અને હાનિકારક કન્ટેન્ટ પર લગામ કસવા કેન્દ્ર સરકારના કડક વલણ બાદ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની પેરન્ટ કંપની મેટા એ મોટો નિર્ણય લીધો છે. મેટાએ સ્પષ્ટ ખાતરી આપી છે કે તે બાળ યૌન શોષણ અને બાળકોની સુરક્ષા સાથે જોડાયેલા તમામ સંવેદનશીલ કેસો સીધા ભારતીય કાયદા અમલીકરણ એજન્સીઓને રિપોર્ટ કરશે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય ના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, મેટાએ આ સંદર્ભે મંત્રાલયને સત્તાવાર પત્ર પાઠવીને જાણ કરી છે. સરકાર અન્ય તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ સાથે પણ સતત સંપર્કમાં છે, જેથી બાળકો સાથે જોડાયેલ હાનિકારક કન્ટેન્ટ સમયસર ઓળખીને તાત્કાલિક હટાવી શકાય. સરકારે ચેતવણી આપી છે કે બાળકોની ઓનલાઈન સુરક્ષામાં બેદરકારી દાખવનાર કોઈપણ પ્લેટફોર્મ સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. મેટા સામે તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ પર પેઈડ એડવર્ટાઈઝમેન્ટ્સ દ્વારા બાળ યૌન શોષણ સંબંધિત સામગ્રી અને એપ્સને પ્રમોટ કરવાના આક્ષેપો બાદ તપાસનો ગાળિયો કસાયો હતો. નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (NCPCR)એ આ મામલે મેટા ઈન્ડિયાના વરિષ્ઠ અધિકારીઓને સમન્સ પાઠવી ખુલાસો માંગ્યો હતો. Tech Transparency Projectના તાજેતરના એક સંશોધન રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો કે મેટા પ્લેટફોર્મ પર ૩૦૦થી વધુ પેઈડ એડ્સ ચાલી રહી




હતી, જેમાં AI દ્વારા વિકૃત કરાયેલી બાળકોની અશ્લીલ છબીઓ સામેલ હતી. આ રિપોર્ટ સામે આવ્યા બાદ મેટાએ મોટા પાયે જાહેરાતો હટાવી લીધી હતી. ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં કંપનીએ વૈશ્વિક સ્તરે બાળ શોષણ સાથે જોડાયેલા લગભગ ૪૦ લાખ એકાઉન્ટ્સ અને ૩.૬ કરોડ કન્ટેન્ટ પોસ્ટ્સ હટાવી દીધા હતા. આ ઘટનાક્રમ વચ્ચે, સોમવારે મેટાએ કેરળના મુખ્યમંત્રી વી. ડી. સતીશન KSEB અધિકારીઓ સાથે ડાન્સ કરતા દર્શાવતો એક વાયરલ AI ડીપફેક વીડિયો ભારતમાં પ્રતિબંધિત કરી દીધો હતો. ભારતમાં બ્લોક કરાયો તે પહેલાં આ વીડિયોને ૧.૭૮ કરોડથી વધુ વ્યુઝ મળ્યા હતા, જ્યારે અગાઉ મેટાએ આવા વીડિયો દૂર થવા પાછળ "ટેકનિકલ ખામી"નું કારણ આપ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે

# મહુવામાં આજે ૬૨૩ વયોવૃદ્ધજનોને રૂા.૫૯.૩૮ લાખની સાધન સહાયનું નિઃશુલ્ક વિતરણ કરાશે

ભાવનગર, તા.૧૬

ભાવનગર જિલ્લાના મહુવા ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે ભારત સરકારની રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત વરિષ્ઠ નાગરિકોને સહાયક સાધનોના નિઃશુલ્ક વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ મહુવા સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિરમાં યોજનારા આ કેમ્પમાં ૬૨૩ વયોવૃદ્ધજનોને કુલ રૂા.૫૯,૩૮,૬૫૦ના ખર્ચે ૩,૪૧૨ સહાયક સાધનોનું વિતરણ કરવામાં આવશે. કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગના રાજ્ય મંત્રી તથા ભાવનગરના સાંસદ નિમુબેન જયંતિભાઈ બાંભણિયાના માર્ગદર્શન હેઠળ આ સેવાકીય પહેલ હાથ ધરવામાં આવી છે. જેમાં ૭૯ વ્હીલચેર, ૫૦૪ ચાલવાની લાકડીઓ, ૬૧૨ શ્રવણયંત્રો, ૭૪ કૃત્રિમ દાંત, ૪૨૯ કમરનાં પટ્ટા, ૧,૦૫૦ ઘૂંટણના સપોર્ટ, ૪૦ ખભાના સપોર્ટ, ૯૦ વોકર, ૨૮૦ સીટ કુશન અને ૧૯૪ કોમોડ સ્ટૂલ વરિષ્ઠ નાગરિકોને આપવામાં આવશે.

ALIMCO દ્વારા ભાવનગર જિલ્લાના તમામ તાલુકાઓમાં ઓળખ અને નોંધણીની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ભાવનગર જિલ્લામાં કુલ-૮,૦૯૧ વરિષ્ઠ નાગરિકોની ઓળખ કરવામાં આવી છે. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ અશોકભાઈ લાધવા, ધારાસભ્ય શિવાભાઈ ગોહિલ, તાલુકા પંચાયત પ્રમુખ નીતાબેન, મહુવા નગરપાલિકા પ્રમુખ મિતલબેન, પ્રાંત અધિકારી ALIMCO ગુજરાતના ઈન્ચાર્જ મુદુલ અવસ્થી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

આરોગ્ય વિભાગ શાળા સંચાલકો સામે નતમસ્તક !

# પીપી સવાણી ફૂડ પોઈઝનિંગ પ્રકરણમાં શાળા સંચાલકોને નોટિસની સાથે એક લાખનો દંડ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૬

શહેરનાં છેવાડે આવેલ અબ્રામા વિસ્તારમાં પીપી સવાણી સ્કુલમાં અભ્યાસ કરતાં ૨૨૦૦ પૈકી ૧૦૦ જેટલા બાળકોને ગત શનિવારની રાત્રે હોસ્ટેલમાં જમ્યા બાદ ફુડ પોઈઝનિંગની અસર થતાં ભારે ચકચાર મચી જવા પામી હતી. ૮૮ જેટલા વિદ્યાર્થીઓને તાત્કાલિક સારવાર અર્થે પીપી સવાણી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જે પૈકી ૧૨ વિદ્યાર્થીઓને સઘન સારવાર માટે દાખલ કરવાની ફરજ પડી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને શાળા સંચાલકો દ્વારા સુરત મનપાનાં આરોગ્ય વિભાગને જાણ કરવાને બદલે રવિવાર સુધી રાહ જોવામાં આવી હતી અને આ દરમિયાન કેન્ટીનમાં રહેલા ખાદ્ય પદાર્થોનો પણ નાશ કરી દેવામાં આવ્યો હોવાનાં આક્ષેપો ઉઠવા પામ્યા હતા. બીજી તરફ સમગ્ર ઘટના અંગે શહેરભરમાં હોબાળો ફાટી નીકળ્યો હતો અને રવિવારનાં રોજ મનપાનાં આરોગ્ય વિભાગનાં કર્મચારીઓ દ્વારા આનન ફાનનમાં પીપી સવાણી હોસ્ટેલની કેન્ટીનમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. કેન્ટીનમાં સ્વચ્છતા અને હાઈજેનિક માંડીને ખાદ્ય પદાર્થોનાં ૧૦ નમુના લેબોરેટરી મોકલવામાં આવ્યા હતા. અલબત્ત, સમગ્ર ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને આરોગ્ય વિભાગ દ્વારા પીપીસવાણી શાળાનાં વહીવટી તંત્રને નોટિસ પાઠવીને એક લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જો કે, આશ્ચર્યની વાત છે કે, સામાન્ય ઘટનામાં પથી ૨૫ હજાર રૂપિયાનો દંડની કાર્યવાહી કરનાર આરોગ્ય વિભાગ દ્વારા પ્રેસનોટ સાથે ફોટા જાહેર કરવામાં આવતાં હોય છે પરંતુ આ ઘટનામાં આરોગ્ય વિભાગ દ્વારા કુલડીમાં ગોળ ભાંગવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનાં આક્ષેપો પણ ઉઠવા પામ્યા છે.

પોલીસે ૮ લેપટોપ અને ૮ મોબાઈલ ફોન મળી કુલ રૂા.૫.૭૩ લાખની મત્તા કબજે કરી

# સુરત : ટ્રેનમાં માત્ર નિંદ્રાધીન મુસાફરોનો સામાન ચોરી કરતો રીઢો ચોર ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૬

સુરત રેલવે પોલીસે અલગ-અલગ ટ્રેનોમાં મુસાફરોની ઊંઘનો લાભ ઉઠાવી કિંમતી લેપટોપ અને મોબાઈલ ફોનની ચોરી કરતા એક આરોપીને પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી અલગ-અલગ કંપનીના ૮ લેપટોપ અને ૮ મોબાઈલ ફોન મળી કુલ રૂા.૫.૭૩ લાખની કિંમતનો મુદ્દામાલ કબજે કરી ચોરીના ત્રણ ગુનાઓનો ભેદ ઉકેલ્યો છે.

### વાપીથી સુરત વચ્ચે ટ્રેનોમાં ચોરી કરનાર આરોપી ઝડપાયો

રેલવે પોલીસે સુરત રેલવે સ્ટેશનના પાર્કિંગ વિસ્તારમાંથી વાપી રેલવે પોલીસ સ્ટેશનના મોબાઈલ ચોરીના ગુનામાં ત્રણ મહિનાથી વોન્ટેડ આરોપી રાધેશ્યામ ઉર્ફે ડોક્ટર સુનીલ સોનવણેને ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસે આરોપીની તલાશી લેતાં તેની થેલીમાંથી અલગ-અલગ કંપનીના ૮ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. પોલીસની પૂછપરછ દરમિયાન આરોપીએ છેલ્લા આશરે આઠ મહિનામાં વાપી, ઉધના, સુરત અને નવસારી રેલવે સ્ટેશન ઉપરાંત વાપીથી સુરત વચ્ચે ટ્રેનોમાં મુસાફરી દરમિયાન કુલ ૧૩ મોબાઈલ ફોન ચોરી કર્યાની કબૂલાત કરી હતી.

સુરત રેલવે પોલીસ સ્ટેશનના પીઆઈ જે.બી. મીઠાપરાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફ તથા આરપીએફ ક્રાઈમ બ્રાંચની ટીમે સુરત રેલવે સ્ટેશન પર સીસીટીવી કેમેરાની ઝીણવટભરી તપાસ શરૂ કરી હતી. દરમિયાન પ્લેટફોર્મ નં.૨/૩ પર પેટ્રોલિંગ કરતી ટીમે વોચ ગોઠવી આરોપી પ્રશાંત અજય ઝા (રહે - કૃપા સોસાયટી, દીપદર્શન સ્કૂલ સામે, ડિંડોલી)ને ઝડપી પાડ્યો હતો. તેની પાસે રહેલી બેગની તપાસ કરતાં બે લેપટોપ અને એક મોબાઈલ ફોન મળી રૂા.૨.૯૦ લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે કડક પૂછપરછ કરતાં આરોપીએ અલગ-અલગ ટ્રેનોમાં મુસાફરી કરતા મુસાફરોની ઊંઘનો લાભ લઈ લેપટોપ, મોબાઈલ ફોન અને બેગ ચોરી કર્યાની કબૂલાત કરી હતી.વધુ તપાસમાં તેના ઘરે પાસેથી અલગ-અલગ કંપનીના કુલ ૮ લેપટોપ અને ૮ મોબાઈલ ફોન મળી રૂા.૫,૭૩,૦૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.આ સાથે જ પોલીસે સુરત રેલવે પોલીસ સ્ટેશનના બે તથા નંદુરબાર રેલવે પોલીસ સ્ટેશનના એક મળી કુલ ત્રણ ગુનાઓ ડિટેક્ટ કરવામાં આવ્યા છે.

# સચિન જીઆઈડીસી પોલીસે ઝારખંડમાં જે મહિલાની હત્યા થઈ હતી તેને સુરતમાં જીવતી શોધી કાઢી

૧૪ દિવસ પહેલાં જ રાંચીમાં પતિ સહિત સાસરિયાં સામે મહિલાની હત્યાની ફરિયાદ નોંધાવી હતી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૬

ઝારખંડના રાંચી જિલ્લામાં મહિલાની હત્યા કરી તેની લાશ સંતાડી દેવામાં આવી હોવાના આક્ષેપ સાથે નોંધાયેલા ચકચારી ગુનામાં નાટકીય વળાંક આવ્યો છે. જે મહિલાની હત્યા થઈ હોવાનું માની ઝારખંડના ખેલારી પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો હતો તે મહિલા સુરતના જીઆઈડીસી સચિન વિસ્તારમાંથી જીવતી મળી આવતાં પોલીસ તપાસમાં ખળભળાટ મચી ગયો છે. સચિન જીઆઈડીસી પોલીસે બાતમીના આધારે મહિલાને શોધી કાઢી ઝારખંડના હત્યાના ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો હતો.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ઝારખંડના રાંચી જિલ્લાના ખેલારી પોલીસ મથકમાં ગત ૨જી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ગુનો નોંધાયો હતો. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ફરિયાદીની પુત્રી પિંકી દેવી ઉર્ફે વિણા દેવીની તેના પતિ સામુ બંધુ મહતો તથા સાસરી પક્ષના અન્ય આરોપીઓએ ભેગા મળી હત્યા કરી હતી. ત્યારબાદ તેની લાશ સંતાડી દીધી હતી. ઝારખંડમાં હત્યાનો ગુનો નોંધાયા બાદ તેની તપાસ ચાલી રહી હતી. દરમિયાન સચિન જીઆઈડીસી પોલીસને બાતમી મળી હતી કે ઝારખંડમાં જે મહિલાની હત્યા થઈ હોવાનું જણાવાયું છે તે સુરતમાં હોવાની શક્યતા છે. બાતમીને આધારે સર્વેલન્સ ટીમે તપાસ હાથ ધરી હતી. પોલીસની તપાસમાં વિણી દેવી ઉર્ફે વિણા દેવી (ઉ.વ.૩૯, રહે. રાજુભાઈની ચાલ, શિવાંજલી સોસાયટી, સચિન જીઆઈડીસી) સુરત મળી આવી હતી. મહિલા જીવતી મળી આવતાં ઝારખંડમાં નોંધાયેલા હત્યાના ગુનાની સમગ્ર હકીકત સામે નવો પ્રશ્ન ઊભો થયો છે. જે મહિલાને મૃત માનીને હત્યા અને લાશ સંતાડવા અંગે ગુનો નોંધાયો હતો તે સુરતમાં સલામત મળી આવતાં હવે ઝારખંડ પોલીસની તપાસમાં પણ મહત્ત્વનો વળાંક આવશે.

# પાલીતાણા તાલુકાના નવાગામમાં બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યાં

(સંવાદદાતા દ્વારા) પાલીતાણા, તા.૧૬

પાલીતાણાના નવાગામ (બડેલી) ગામના વતની અને હાલ પાલીતાણાના જામવાળી રોડ પર આંબેડકર સોસાયટીમાં રહેતા જીતેશભાઈશ ભીખાભાઈ ગોહિલે પાલીતાણા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે, દોઢ મહિનાના સમયગાળા દરમિયાન અજાણ્યા શખસોએ તેઓના નવાગામ ખાતે આવેલા બંધ મકાનના તાળા-નકુચા તોડી મકાનમાં પ્રવેશ કરી કબાટમાં રાખેલો સોનાનો હાર, સોનાની સર, ૩ વિર્ટી, કડિયું, ઝુલા, નખલી, ચેઈન, ચૂંક (કિ.રૂા.૪૩,૦૫૦), ચાંદીનો ઝુંડો, છડા, છ વિર્ટી, કંદોરો, તુલસી ક્યારો, ગાય, ૯૩૯૦) તેમજ અભરાઈ ઉપરથી મૂર્તિ (કિ.રૂા. તાંબા પિતળ અને કાંસાના વાસણો ધાતુના બેડા, થાળીઓ, જગ, ગ્લાસ, લોટા (કિ.રૂા.૧૦,૦૦૦) મળી કુલ રૂા.૬૨,૪૧૦નો સર સામાનની ચોરી કરી નાસી છૂટયા હતા. આ મામલે પાલીતાણા રૂરલ પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

### અવસાન નોંધ

**નડિયાદ**

નડિયાદ શહેરમાં બારકોસિયા રોડ પર આવેલ શાલીમાર સોસાયટીમાં રહેતા મુસ્લિમ અગ્રણી તથા જાણીતા વહેપારી હબીબભાઈ આર. બાવદીન ઉ.વ.૬૮ જન્નતનશીન થયા છે. તેઓ સમાજની જુદી જુદી સંસ્થાઓમાં ટ્રસ્ટી તરીકે સેવા આપતા હતા. તેમની દફનવિધિમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતાં.

# સાયલા-ચોટીલા હાઈવે પર બે જુદા-જુદા અકસ્માતમાં ૩ વ્યક્તિનાં મોત



(સંવાદદાતા દ્વારા) સુરેન્દ્રનગર, તા.૧૬

સાયલા-ચોટીલા હાઈવે પર ૨ જુદા અકસ્માતોમાં ૩ લોકોના મોત થયા છે. વણકી ગામે ST બસ અને બાઈક વચ્ચે અકસ્માતમાં મોરવાડ ગામના વિક્રમ કાંજીયા અને જગદીશ દેવીપૂજકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. જ્યારે ડોળીયા ગામ પાસે ૨ બાઈક અથડાતા લીંબડીના રમીલાબેન રાઠોડનું પણ મોત થયું. બંને બનાવમાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વણકી ગામે બાઈકચાલકનું નિયંત્રણ છૂટતાં અથવા અચાનક બાઈક એસટી બસ પાછળ ઘસી જતાં બે યુવાનોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજયા હતા. આ દુર્ઘટનામાં મૃત્યુ પામનાર યુવાનોમાં વિક્રમ કાંજીયા અને જગદીશ દેવીપૂજકનો સમાવેશ થાય છે, જેઓ મૂળ ચુડા તાલુકાના મોરવાડ ગામના રહેવાસી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આ જ હાઈવે પર આવેલા ડોળીયા ગામના ઓવરબ્રિજ પાસે બીજો એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં સામસામે બે બાઈક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. જેમાં બાઈક પર સવાર રમીલાબેન રાઠોડ નામની મહિલાનું મોત નીપજ્યું હતું. મૃતક રમીલાબેન લીંબડી ગામના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. બનાવની જાણ થતાં જ સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી અને તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે નજીકની હોસ્પિટલ ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. પોલીસે આ બંને ગંભીર અકસ્માતો અંગે ગુનો નોંધીને કાયદેસરની વધુ તપાસ શરૂ કરી છે.

# વાપીની કેબીએસ કોલેજની વિદ્યાર્થિનીઓનું આંતર-કોલેજ કરાટે સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન

(સંવાદદાતા દ્વારા) વાપી, તા.૧૬

વાપી સ્થિત ચણોદ કોલોની કેબીએસ કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજમાં વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે રમત ક્ષેત્રનુ પણ વિશેષ જ્ઞાન અને તાલીમ પૂરી પાડવામાં આવે છે. ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વલસાડની શાહ એન.એચ. કોમર્સ કોલેજ ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU), સુરત દ્વારા આયોજિત આંતર-કોલેજ કરાટે સ્પર્ધા (મહિલા વિભાગ)માં સદર કોલેજના વિદ્યાર્થીઓએ મેડલ જીતીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. M.Com. Part-1ની વિદ્યાર્થિની સોનલ ચૌરસિયાએ શાનદાર પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. જ્યારે F.Y.B.C.A.ની વિદ્યાર્થિની અનીતા ભગતે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. દરેક વિદ્યાર્થિનીઓને તાલીમ તેમજ માર્ગદર્શન રમત-ગમતના મદદનીશ પ્રાધ્યાપક ડૉ. મયુર


(તસવીર : શકીલ સૈયદ, વાપી)

પટેલ તેમજ રમતના સહાયક રોહિત સિંહ દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓની આ સિદ્ધિ અને કોલેજનું નામ રોશન કરવા બદલ કોલેજના આચાર્ય ડૉ.પૂનમ બી. ચૌહાણ, મેનેજમેન્ટ, અધ્યાપકો અને અન્ય વિદ્યાર્થીઓ દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી. આચાર્યએ બંને મેડલ વિજેતાઓને તેમના નોંધપાત્ર પ્રદર્શન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# સુરેન્દ્રનગરના વોર્ડ નં.૧૦માં ઊભરાતા ગટરના પાણીથી રહીશો ત્રાહિમામ્

(સંવાદદાતા દ્વારા) સુરેન્દ્રનગર,તા.૧૬

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા વોર્ડ નંબર ૧૦માં પ્રાથમિક સુવિધાઓના અભાવના કારણે સ્થાનિક રહીશો ત્રાહિમામ્ પોકારી ઊઠ્યા છે. નોંધનીય છે કે, આ વોર્ડ વિસ્તાર સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિખિલભાઈ ચાંપાનેરીનો વિસ્તાર છે છતાં પણ તંત્રની બેદરકારી સામે આવી રહી છે. સ્થાનિક રહીશ વિજય પ્રજાપતિના જણાવ્યા અનુસાર છેલ્લા ઘણા સમયથી શેરી નંબર ૧૬, રામેશ્વર મંદિર પાસે અને જૈન ઉપાશ્રયની બિલકુલ બાજુમાં ગટરના દૂષિત પાણી રસ્તા પર ફરી વળ્યા છે. જેના કારણે અહીંથી પસાર થતાં રાહદારીઓ, વાહનચાલકો અને ધાર્મિક સ્થળે જતા શ્રદ્ધાળુઓને ભારે દુર્ગંધ અને ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે. આ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટેના નાળા પણ કેટલીક જગ્યાઓએ બંધ કરી દેવાયા છે. પરિણામે ગટરો સંપૂર્ણપણે બ્લોક થઈ જાય છે અને દૂષિત પાણી સીધા રસ્તાઓ પર ઉભરાઈ રહ્યા છે.

# ભેસ્તાનમાં બંધ મકાનમાંથી ૧.૯૬ લાખના દાગીનાની ચોરી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૬

સુરત શહેરના ભેસ્તાનનાં પાંજરાપોળની પાછળ આવેલી સાઈનાથ રેસીડેન્સીના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી રોકડા ૨૫ હજાર અને સોનાના દાગીના મળી કુલ રૂપિયા ૧.૯૬ લાખના મત્તાનો હાથફેરો કરી ફરાર થઈ ગયા હતા.પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર, ભેસ્તાનનાં પાંજરાપોળની પાછળ આવેલી સાઈનાથ રેસીડેન્સીમા રેહતા અને નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા મોહમદ પરવેઝ મોહમદ નિસાર સૈયદના બંધ મકાનમાં ગત તા.૬ સપ્ટેમ્બરથી ૧૫ સપ્ટેમ્બરના સમયગાળા દરમિયાન તસ્કરો ત્રાટક્યા હતા. મુખ્ય દરવાજાનું લોક તોડી અંદર ઘુસેલા તસ્કરોએ બેડરૂમની તિજોરી તોડી રોકડા ૨૫ હજાર અને દાગીના મળી કુલ રૂપિયા ૧,૯૬,૭૧૦ના મત્તાની ચોરી કરી નાસી ગયા હતા. આ બનાવ અંગે પરવેઝે ભેસ્તાન પોલીસ મથકમા ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# વડોદરામાં પીર હઝરત ફખરૂદ્દીન અલ-મારૂફ અમીરમીયા રિફાઈ (રહે.)ના ૧૮૬ ઉર્સની દબદબાભેર ઉજવણી

## ભાઈચારો અને એકતાનો સંદેશ આપતા દરેક જાતિ-ધર્મના યુવાનોને વ્યસનથી દૂર રહેવાની સલાહ આપતા સૈયદ કમાલુદ્દીન રિફાઈ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૬

વડોદરા શહેરના દાંડિયા બજાર વિસ્તારમાં આવેલી ખાનકાહે-આલિયા રિફાઈયા ખાતે પીર હઝરત સૈયદ કમાલુદ્દીન અલ-મારૂફ અમીરમિયા રિફાઈ (રહે.) સાહેબના ઉર્સ-શરીફની ઉજવણી કરવામાં આવી હતી. ઉર્સ પ્રસંગે વિવિધ જાતિ-ધર્મના લોકોની ઉપસ્થિતિ વચ્ચે દેશની એકતા, ભાઈચારો અને માનવતાનો સંદેશ આપવામાં આવ્યો હતો. ઉર્સ પ્રસંગે સજ્જાદનશીન પીર અલ્હાજ સૈયદ કમાલુદ્દીન મઝહરુલ્લાહ રિફાઈ સાહેબે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, દેશમાં ભાઈચારો અને એકતા બની રહે તે માટે દરેક વ્યક્તિએ પરસ્પર પ્રેમ અને સદભાવનાથી રહેવું જોઈએ. તેમણે ખાસ કરીને યુવાનોને ગૂટકા જેવા વ્યસનથી દૂર રહેવાની સલાહ આપી હતી. સૈયદ મોઈનુદ્દીન રિફાઈ (નૈયર બાબા), મૌલાના સૈયદ હિસામુદ્દીન રિફાઈ તેમજ ખાસ અકિદતમંદોની ઉપસ્થિતિમાં વિશાળ મેદનીને સંબોધન કરતા સૈયદ કમાલુદ્દીન રિફાઈ સાહેબે જણાવ્યું કે, માનવતાના કલ્યાણ માટે ઈશ્વરે


(તસવીર : અતિક શેખ, વડોદરા)

આપેલા અમૂલ્ય માનવજીવનને સાર્થક બનાવવા માટે તમામ લોકોએ પરસ્પર પ્રેમ, સહકાર અને સદભાવનાની ભાવના સાથે માનવતાની અખંડ જ્યોત પ્રજ્વલિત રાખવી જોઈએ. ઉર્સ પ્રસંગે ભારત દેશ વિકાસની દિશામાં સતત આગળ વધે અને વિશ્વમાં દેશનું નામ ઊંચું રહે તેવી શુભકામનાઓ પણ વ્યક્ત કરવામાં આવી હતી. ખાનકાહે-આલિયા રિફાઈયા સાથે જોડાયેલા પીર અલ્હાજ સૈયદ કમાલુદ્દીન મઝહરુલ્લાહ રિફાઈ સાહેબ દ્વારા દેશ અને સમાજમાં શાંતિ, ભાઈચારો તથા માનવતાના સંદેશને આગળ વધારવા પર ભાર મૂકાયો હતો. ઉર્સ નિમિત્તે વિવિધ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, પારસી સહિત વિવિધ સમાજના શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહી ભાગ લીધો હતો. ખાનકાહે-આલિયા રીફાઈયાના સજ્જાજડા પર અલ્હાજ સૈયદ કમાલુદ્દીન મઝહરૂલ્લાહ રિફાઈ ની ઝેરે સદારતમાં યોજાયેલ કુરાનખ્વાની, ઝીક્ર રિફાઈયા, સંદલમાલી, સીઝરા શરીફ, મિલાદ શરીફ, ઝર્બ સાથે રાતિબે રિફાઈ ના જલસા ઉપરાંત મહેફિલે સમા - કવ્વાલીના કાર્યક્રમ સાથે ઉર્સ શરીફની ઉજવણી સંપન્ન થઈ હતી. મિલાદ શરીફ પ્રસંગે પયગંબર હઝરત મોહમ્મદ (સ.અ.વ) સાહેબના બાલ મુબારકની ઝિયારત કરાવવામાં આવી હતી. આ સાથે દુઆઓ બાદ ઉર્સની ઉજવણી સંપન્ન થઈ હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન પોલીસ તંત્ર અને જિલ્લા પ્રશાસન તરફથી પણ સહયોગ મળ્યો હોવાનું ખાનકાહે રિફાઈયાના સૂત્રોએ જણાવ્યું હતું.

# નડિયાદ ખાતે માતૃછાયા આશ્રમના ગેટ બહારથી નવજાત શિશુ મળ્યું

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૧૬

નડિયાદમાં માતૃછાયા અનાથ આશ્રમના મુખ્ય દરવાજા બહાર આજે વહેલી સવારે નવજાત શિશુ મળી આવતાં ચકચાર મચી હતી. અજાણી વ્યક્તિ આશરે બે કલાકના નવજાત બાળકને ગંદા કપડામાં લપેટી આશ્રમના ગેટની જમણી બાજુ માટીમાં મૂકીને જતી રહી હતી. બાળકને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ,આજે સવારે આશરે ૬ વાગ્યે માતૃછાયા અનાથ આશ્રમના રસોઈયા બહેન ફરજ પર આવતાં મુખ્ય દરવાજા બહાર માટીમાં પડેલું નવજાત શિશુ નજરે પડ્યું હતું. તેમણે તાત્કાલિક સંસ્થાના ડાયરેક્ટર સિસ્ટર મનીષાબેનને તથા અધિક્ષક સંદિપ પરમારને જાણ કરી હતી. ખુલ્લામાં


(તસવીર : આરીફ મલેક, નડિયાદ)

પડેલા બાળકને શ્વાસ લેવામાં તકલીફ જણાતાં સંસ્થા દ્વારા તાત્કાલિક ૧૦૮ની મદદ લેવામાં આવી હતી. નવજાત શિશુને નડિયાદ સિવિલ હોસ્પિટલના બાળકોના વિભાગમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યું છે. હાલમાં બાળકની તબિયત સ્વસ્થ હોવાનું જણાવાયું છે.ઘટનાની જાણ નડિયાદ પશ્ચિમ પોલીસ સ્ટેશન, બાળ કલ્યાણ સમિતિ નડિયાદ તથા જિલ્લા બાળ સુરક્ષા અધિકારી મહેશભાઈ પટેલને કરવામાં આવી હતી. જિલ્લા બાળ સુરક્ષા અધિકારી સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી અંગે માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર મામલે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

પાંચમા માળે લાગેલી આગ પર કાબૂ મેળવવા ફાયરની ૨૨ ગાડીઓએ ભારે જહેમત ઉઠાવી

# સારોલીમાં સાલાસાર ટેક્સટાઈલ માર્કેટમાં ભીષણ આગથી અફરાતફરી મચી

## એક જ અઠવાડિયામાં ટેક્સટાઈલ માર્કેટમાં આગ લાગવાની બીજી ઘટનાથી વેપારીઓ ચિંતિત

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૬

સુરત શહેરના સરોલી વિસ્તારમાં આવેલી શ્યામ સંગીની માર્કેટમાં હાલમાં જ ભીષણ આગ લાગવાની ઘટના બની હતી. ત્યારે આજ વિસ્તારની વધુ એક સાલાસાર ટેક્સટાઈલ માર્કેટમાં આગ લાગતાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. માર્કેટમાં હાજર વેપારીઓ, કારીગરો સહિતના લોકોમાં આગની જાણ થતાં ભાગદોડ મચી ગઈ હતી.

સારોલી ખાતે આવેલી સાલાસાર ટેક્સટાઈલ માર્કેટના પાંચમા માળે આગ લાગવાનો કોલ સુરત ફાયર વિભાગને મળતા જ તંત્ર એલર્ટ થઈ ગયું હતું. આગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ફાયર વિભાગની અલગ-અલગ ૧૦ ફાયર સ્ટેશન પરથી આશરે ૨૨ ફાયર ગાડીઓ સાથે ફાયર જવાનોનો કાફલો ઘટનાસ્થળે રવાના કરવામાં આવ્યો હતો. આગ લાગ્યા બાદ માર્કેટના ઉપરના માળેથી ધુમાડાના ગોટેગોટા નીકળતા નજરે પડ્યા હતા. જેના કારણે આસપાસના વિસ્તારમાં પણ ચિંતા ફેલાઈ હતી. ફાયર બ્રિગેડના જવાનોએ ઘટનાસ્થળે પહોંચીને આગને કાબૂમાં લેવાની કામગીરી શરૂ કરી હતી. આગ કયા કારણોસર લાગી અને તેની ચોક્કસ તીવ્રતા કેટલી હતી તે અંગેની વિગતો તપાસ બાદ જ સ્પષ્ટ થશે. આગને કારણે માર્કેટમાં કેટલું નુકસાન થયું છે તે અંગે પણ હાલ ચોક્કસ માહિતી સામે આવી નથી. આગ સંપૂર્ણપણે કાબૂમાં આવ્યા બાદ ફાયર વિભાગ તથા સંબંધિત તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવશે અને ત્યારબાદ જ નુકસાનનો અંદાજ સ્પષ્ટ થશે. બીજી બાજુ ટેક્સટાઈલ માર્કેટમાં વારંવાર આગની ઘટનાઓ સામે આવતી હોવાને પગલે વેપારીઓમાં ફરી એક વખત ચિંતાનું વાતાવરણ જોવા મળ્યું હતું. ફાયર અધિકારીઓ અને જવાનો દ્વારા સતત પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવવા માટે ભારે મહેનત કરવામાં આવી હતી. પ્રાથમિક અનુમાન મુજબ આ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું માનવામાં આવી રહ્યું છે. રાહતની વાત એ છે કે, હાલ આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી કે કોઈ વ્યક્તિ ફસાયા હોવાના સમાચાર નથી. જોકે, એક જ અઠવાડિયામાં ટેક્સટાઈલ માર્કેટમાં આગ લાગવાની આ બીજી ઘટના હોવાથી વેપારીઓમાં ચિંતાનું વાતાવરણ જોવા મળ્યું હતું.

# સુરતના ડેપ્યુટી મેયર સુધાકર ચૌધરી સરકારી ગાડીમાં વતનની યાત્રાએ જતા વિવાદ સર્જાયો

## ૩૦૦ કિલોમીટર દૂર સરકારી વાહનનો ઉપયોગ અને જોરદાર એન્ટ્રીનો વીડિયો વાયરલ થતાં સવાલો ઊઠ્યા

### ચૌધરીના જાણભેદુએ જ વીડિયો વાયરલ કર્યો

ડિંડોલીનાં કોર્પોરેટર અને ડેપ્યુટી મેયર સુધાકર ચૌધરી ભલે ઉતાવળ હોવાને કારણે પોતાનાં વતન સરકારી ગાડીમાં પહોંચ્યા હોય પરંતુ સરકારી ગાડીમાં તેમની એન્ટ્રીથી માંડીને તેમની આગતા-સ્વાગતા અને અભિવાદનનો વીડિયો ગામનાં કોઈ વતની દ્વારા ઉતારવામાં આવ્યો હતો. હવે, આ વીડિયો સુરતનાં સોશિયલ મીડિયામાં વાયરલ થતાં તેમની સામે ગંભીર આક્ષેપો ઉઠવા પામ્યા છે. આ સમગ્ર ઘટનામાં તેમનાં જ કોઈ હિતશત્રુ દ્વારા ગામનો વીડિયો છેક સુરત સુધી વાયરલ કરવામાં આવ્યો હોવાની ચર્ચાએ પણ જોર પકડયું છે.

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૬

સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર સુધાકર ચૌધરી વધુ એક વખત વિવાદનું કેન્દ્ર બન્યા છે. હાલમાં જ પોતાનાં વતન જલગાંવની મુલાકાત દરમિયાન સુધાકર ચૌધરી દ્વારા સરકારી ગાડીનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાને કારણે ચર્ચાનો દૌર શરૂ થયો છે. ગામમાં એન્ટ્રી કરતાં જ તેઓની ગાડીમાંથી નીકળતો સાયરનનો અવાજ ગામવાસીઓમાં ભલે તેમના માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો હોય પરંતુ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સરકારી રૂપિયાનાં ધુમાડા અંગે સુધાકર ચૌધરી સામે સુરતીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અલબત્ત, સુધાકર ચૌધરી દ્વારા આ ઘટના અંગે સરકારી નિયમોનું પાલન કરવાની સાથે-સાથે મેયર અને ફાયર વિભાગને જાણ કરવામાં આવી હોવાનું જણાવવામાં આવ્યું હતું.

સુરત મહાનગરપાલિકાના વોર્ડ નં.૨૭ (ડિંડોલી-દક્ષિણ)ના કોર્પોરેટર અને હાલમાં ડેપ્યુટી મેયર સુધાકર લોટનભાઈ ચૌધરી હાલમાં જ જલગાંવ ખાતે અમલનેરમાં આવેલ પોતાનાં વતન કડમસર ખાતે પહોંચ્યા હતા. ગામમાં આવેલ મંદિરનાં એક દિવસીય કાર્યક્રમમાં પહોંચેલા સુધાકર ચૌધરીનું ગ્રામજનો દ્વારા ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું, તેઓ ગામના મંદિરમાં મહાદેવના આશીર્વાદ લીધા બાદ ગ્રામજનોએ તેમનું અભિવાદન પણ કર્યું હતું. જો કે, આ સમગ્ર ધાર્મિક કાર્યક્રમ દરમિયાન તેઓ દ્વારા સરકારી ગાડીનો ઉપયોગ કરવામાં આવતાં વિવાદનો મધપુડો છંછેડાયો છે. સુરતથી અંદાજે ૩૦૦ કિલોમીટર દૂર આવેલ તેમના ગામ સુધી તેઓ સરકારી ગાડીમાં પહોંચ્યા હતા અને ગામમાં પહોંચતાં જ તેઓની ગાડીમાંથી સાયરનનો અવાજ ગુંજી ઉઠ્યો હતો. સમગ્ર ઘટનાનો વીડિયો હવે સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સરકારી રૂપિયાનાં વેડફાટ અંગે સુધાકર ચૌધરીની ટીકા પણ થઈ રહી છે. બીજી તરફ સમગ્ર ઘટના અંગે સ્પષ્ટતા કરતાં તેઓએ જણાવ્યું હતું કે, તેઓ શહેરનાં ડેપ્યુટી મેયર હોવાને કારણે કોઈપણ પ્રકારના નિયમમાં બાંધછોડ કર્યા વિના મેયર સહિત મનપાનાં ફાયર વિભાગને જાણ કરવાની સાથે જરૂરી ચાર્જની ભરપાઈ પણ કરવામાં આવી છે. બીજી તરફ ૧૮થી ૨૦ રૂપિયામાં બજારમાં મળતી ઈનોવા કારનો મનપાનાં ચોપડે સરકારી ભાવ ચારથી પાંચ રૂપિયા જેટલો હોવાને કારણે સરકારી રૂપિયા પર સુધાકર ચૌધરી દ્વારા ગામમાં વટ પાડવામાં આવ્યા હોવાનાં આક્ષેપો પણ ઉઠવા પામ્યા છે.


**નામ બદલેલ છે**

જૂનું નામ :- નુસરતફાતેમા સલમાન ભોરણચા

નવું નામ :- નુસરતફાતીમા સલમાન ભોરણીયા

એડ્રેસ :- ૪૧, નાનો સેલીયાવાસ, ખડીયાસણ, તા- સિદ્ધપુર, ડી- પાટણ- ગુજરાત-૩૮૪૨૯૦

**નામ બદલેલ છે.**

મારૂ જુનું નામ- દિનેશભાઇ ચંપકલાલ પંચાલ હતું જે બદલીને

નવું નામ- પંચાલ દિનેશકુમાર ચંપકલાલ રાખેલ છે જેની સર્વેએ નોંધ લેવી.

લી.પંચાલ દિનેશકુમાર ચંપકલાલ

સરનામું:- નવી વસાહત, આદિવાસી ફળીયુ, માતિએડ, સજોદ, તા. અંકલેશ્વર, જી. ભરૂચ- ૩૯૩૦૨૦

**Chang of Name**

Old Name
BHORANIYA GULAMHEDER YUSUF
New Name
BHORANIYA GULAMHAIDAR ISAB
Add : Balapirvas
At - Haidarpura, Ta.Saraswati
Dist - Patan-384285

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY OLD NAME FROM **TADHAWALA ZASIR ABBAS ALLI** TO NEW NAME **PATEL JASIR ABBASBHAI** &I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.

ADD:- PACHLI KHADKI, PO.DEVLA, JAMBUSAR, BHARUCH, PIN.392040.

યુવતીની છેડતીના કેસમાં ગુજરાત હાઈકોર્ટનો આદેશ

# માત્ર ૭૦ વર્ષની ઉંમરના આધારે આગોતરા જામીન ન આપી શકાય

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

ગુજરાત હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં સ્પષ્ટ કર્યું છે કે મહિલાઓની સતામણી અને છેડતીના ગંભીર કેસોમાં આરોપીની ઉંમર માત્ર રાહત મેળવવાનું સાધન ન બની શકે. અદાલતે ૨૧ વર્ષીય યુવતીની છેડતી કરવા અને અશ્લીલ માંગણીઓ કરવાના કેસમાં સંડોવાયેલા ૭૦ વર્ષીય વૃદ્ધ આરોપીની આગોતરા જામીન અરજી ફગાવી દીધી છે.

ન્યાયાધીશ સંજીવ જે. ઠાકર દ્વારા આ અરજી પર સુનાવણી કરવામાં આવી હતી. અરજદારના વકીલે રજૂઆત કરી હતી કે આરોપી ૭૦ વર્ષની વયના વૃદ્ધ અને અશક્ત છે. બંને પરિવારો વચ્ચે અગાઉથી જમીન વિવાદ ચાલી રહ્યો છે અને આ કેસ સંપૂર્ણપણે બનાવટી તથા ખોટી વાર્તા ઊભી કરીને કરવામાં આવ્યો છે. વકીલે એવું પણ જણાવ્યું હતું કે આ ફરિયાદ આરોપીની પત્ની દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદનો વળતો જવાબ છે, કારણ કે ઘટનાના દિવસે ફરિયાદીના પરિવારજનોએ તેમના ઘર પર હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. આ ઉપરાંત આરોપી ઘટનાસ્થળે હાજર ન હોવાનો દાવો પણ કરવામાં આવ્યો હતો. બીજી બાજુ, રાજ્ય સરકાર અને ફરિયાદી પક્ષે અરજીનો સખત વિરોધ કરતા જણાવ્યું હતું કે આરોપીએ અગાઉ પણ યુવતીની છેડતી કરી હતી અને તે બદલ માફી પણ માંગી લીધી હતી. પરંતુ ત્યારબાદ ગત ૩૧ જુલાઈના રોજ જ્યારે યુવતી ઘરમાં એકાંતમાં હતી, ત્યારે આરોપીએ ફરીથી તેની સાથે ગેરવર્તણૂક કરી અશ્લીલ માંગણીઓ કરી હતી. તપાસ દરમિયાન એકત્રિત કરાયેલા પુરાવાઓ અને સાક્ષીઓના નિવેદનો આવા આક્ષેપોને સમર્થન આપે છે. મામલાની ગંભીરતાને ધ્યાનમાં લેતા હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે, તપાસ દરમિયાન સામે આવેલી ઘટનાઓનો ક્રમ અને પુરાવાઓની અવગણના કરી શકાય નહીં. અદાલતે સ્વીકાર્યું કે આરોપીની ૭૦ વર્ષની ઉંમર એક મહત્ત્વનું પરિબળ છે, પરંતુ માત્ર ઉંમરના આધાર પર તપાસમાં પ્રાથમિક દૃષ્ટિએ સાચા જણાતા ગંભીર આરોપોમાં આગોતરા જામીન મંજૂર કરી શકાય નહીં. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે હાલમાં ઉપલબ્ધ સામગ્રી કાયદેસરની તપાસ માટે પૂરતી છે, અને આ કેસમાં કોઈ અંતિમ અભિનય વ્યક્ત કર્યા વગર અદાલતે આરોપીની આગોતરા જામીન અરજી રદ કરી દીધી છે.

રાજ્યના કુલ ૪.૫૮ લાખ ઉમેદવારોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે

# રાજ્યભરમાં ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા CCE પરીક્ષાનો પ્રારંભ : કોમ્પ્યુ. બેઝ પરીક્ષા

## અમદાવાદમાં ૧૭ સેન્ટર પર એક લાખની થશે કસોટી : ૨૯મી સુધી ચાલશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યોજાનારી CCE પરીક્ષાનો આજથી પ્રારંભ થઈ ગયો છે. રાજ્યભરમાં આગામી ૨૯ સપ્ટેમ્બર સુધી CCEની પરીક્ષા ચાલવાની છે, જેમાં રાજ્યભરમાંથી કુલ ૪.૫૮ લાખ ઉમેદવારોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી અત્યાર સુધીમાં ૩.૮૨ લાખ એટલે કે આશરે ૮૩ ટકા ઉમેદવારોએ કોલ લેટર ડાઉનલોડ કરી લીધા છે. દરરોજ અંદાજે ૩૦ હજારથી ૩૬ હજાર ઉમેદવારો પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. અમદાવાદમાં પણ પરીક્ષા માટે ૧૭ કેન્દ્રો પર વ્યવસ્થા કરવામાં આવી છે, જ્યાં આગામી ૨૯ સપ્ટેમ્બર સુધીમાં આશરે ૧ લાખ ઉમેદવારો પરીક્ષા આપશે.

પરીક્ષાની ગુપ્તતા અને સુરક્ષા જળવાઈ રહે તે માટે સેન્ટરવાઈઝ પરીક્ષા કેન્દ્રોની ચોક્કસ માહિતી જાહેર કરવામાં આવી નથી. અગાઉથી કોઈ ઉમેદવાર કે અન્ય વ્યક્તિ દ્વારા પરીક્ષા કેન્દ્રની રેકી ન થઈ શકે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સામાન્ય રીતે કોમ્પ્યુટર લેબની ક્ષમતા પ્રમાણે એક કેન્દ્રમાં ૧૦૦થી ૪૦૦ ઉમેદવારો પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

CCEની પ્રિલિમ પરીક્ષા ૧૫૦ માર્કસની હોય છે અને ઉમેદવારોને ૨ કલાકનો સમય આપવામાં આવે છે. જેમાં ખોટા જવાબ માટે ૦.૨૫ માર્ક્સનું નેગેટિવ માર્કિંગ પણ છે. CCEની પરીક્ષામાં સામાન્ય જ્ઞાન, ગુજરાતી અને અંગ્રેજી ભાષા, તર્કશક્તિ અને ગણિતીય ક્ષમતા સહિતના વિષયોને આવરી લેતા પ્રશ્નો પૂછવામાં આવતા હોય છે. પ્રશ્નપત્રમાં સામાન્ય રીતે ગુજરાતના ઈતિહાસ, ભૂગોળ, બંધારણ, વર્તમાન પ્રવાહો, સામાન્ય વિજ્ઞાન સહિતના મુદ્દાઓનો પણ કરવામાં આવ્યો છે. પરીક્ષા કમ્પ્યુટર આધારિત જ લેવામાં આવી રહી છે. પરીક્ષા સેન્ટર પર ઉમેદવારોના અસલ ડોક્યુમેન્ટની ચકાસણી કરીને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

ઉમેદવાર રાહુલ સોલંકીએ જણાવ્યું કે, છેલ્લા ત્રણ વર્ષથી પરીક્ષાની તૈયારીઓ કરૂં છું. આ વખતે આશા છે કે CCEની પરીક્ષા પાસ થઈ જશે. રિઝનિંગ, અંગ્રેજી અને ગુજરાતી પર આ વખતે સૌથી વધુ ભાર મૂક્યો છે. કારણ કે કમ્પ્યુટર વગર પરીક્ષા લેવામાં આવે ત્યારે પેપર લીક થવાનો ડર રહેતો હોય છે. ઉમેદવાર પ્રિયાંશીએ કહ્યું કે, હું છેલ્લા એક વર્ષથી CCEની પ્રિલિમ માટેની પરીક્ષાની તૈયારી કરી રહી છું. બીકોમ પછી સરકારી પરીક્ષાની તૈયારીઓ શરૂ કરી દીધી હતી. અંગ્રેજી સારૂં હોવાથી રિઝનિંગ પર સૌથી વધારે ફોકસ કર્યું છે. ટાઈમ મેનેજમેન્ટ જો સારો હોય તો સમયસર પરીક્ષા પૂર્ણ થઈ શકે. નિયમો કડક કરી દેવામાં આવતા પેપર લીક થવાનો ડર ઓછો થઈ ગયો છે.

દર્દીઓ તથા મેડિકલ સ્ટાફ વગેરેની સુરક્ષાને લઈ નિર્ણય

# સુરક્ષા મુદ્દે શારદાબેન હોસ્પિટલની જૂની જર્જરિત બિલ્ડિંગ ખાલી કરાશે

## ૫૦૦ બેડની ક્ષમતા ઘટીને ૩૦૭ થઈ; બ્લડ બેંક અને સિટી સ્કેન સહિતની સેવાઓ બંધ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

અમદાવાદની શારદાબેન હોસ્પિટલની જૂની બિલ્ડિંગ જર્જરિત બનતાં દર્દીઓ અને મેડિકલ સ્ટાફની સુરક્ષા માટે તેને ખાલી કરી હોસ્પિટલના વિભાગોને કેમ્પસની અન્ય બિલ્ડિંગમાં ખસેડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદ મહાનગરપાલિકા સંચાલિત આ હોસ્પિટલ પૂર્વ અમદાવાદના ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માટે મહત્વપૂર્ણ આરોગ્યસેવા કેન્દ્ર છે. શિફ્ટિંગની પ્રક્રિયાને કારણે હોસ્પિટલની બેડ ક્ષમતા, ઓપરેશન થિયેટર અને કેટલીક તબીબી સેવાઓ પર અસર પડી છે.

અગાઉ શારદાબેન હોસ્પિટલમાં ૫૦૦ બેડની ક્ષમતા હતી, પરંતુ હાલ ઉપલબ્ધ બેડની સંખ્યા ઘટીને ૩૦૭ થઈ છે. આ ઉપરાંત અગાઉ કાર્યરત ૧૨ ઓપરેશન થિયેટરમાંથી હવે માત્ર ૭ ઓપરેશન થિયેટર ચાલુ રાખવામાં આવશે. પરિણામે આયોજનબદ્ધ સર્જરી માટે દર્દીઓને વધુ રાહ જોવી પડી શકે છે. હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓની સંખ્યા અને ઉપલબ્ધ સુવિધાઓ વચ્ચેનું સંતુલન જાળવવું તંત્ર માટે મહત્ત્વપૂર્ણ પડકાર બની શકે છે. જર્જરિત બિલ્ડિંગ અને વિભાગોના સ્થળાંતરને કારણે હોસ્પિટલમાં હાલ પૂરતી બ્લડ બેંક, સીટી સ્કેન તથા એક્સ-રે મશીનની સેવાઓ બંધ કરવામાં આવી છે. આ સેવાઓ ઉપલબ્ધ ન હોવાથી ઈમરજન્સીમાં આવતા દર્દીઓને અન્ય સરકારી અથવા મ્યુનિસિપલ હોસ્પિટલમાં રિફર કરવાની જરૂર પડી શકે છે. ખાસ કરીને તાત્કાલિક નિદાન અને સારવારની જરૂરિયાત ધરાવતા દર્દીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા સુનિશ્ચિત કરવી જરૂરી બનશે.

હોસ્પિટલ કેમ્પસમાં આવેલી બોયઝ હોસ્ટેલની બિલ્ડિંગ પણ જર્જરિત હાલતમાં હોવાનું સામે આવ્યું છે. જોકે, વૈકલ્પિક બિલ્ડિંગની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી વિદ્યાર્થીઓએ હાલની ઈમારતમાં રહેવું પડશે. આ સ્થિતિમાં વિદ્યાર્થીઓની સુરક્ષા માટે તંત્ર દ્વારા જરૂરી તપાસ અને સલામતીના પગલાં લેવાની જરૂરિયાત ઊભી થઈ છે. શારદાબેન હોસ્પિટલની સેવાઓમાં ઘટાડો થતાં પૂર્વ અમદાવાદના દર્દીઓ માટે સારવાર મેળવવામાં મુશ્કેલી ઊભી થઈ શકે છે. ખાસ કરીને ઓછા ખર્ચે સરકારી આરોગ્યસેવા પર નિર્ભર દર્દીઓ માટે નજીકમાં યોગ્ય વિકલ્પ ઉપલબ્ધ કરાવવો મહત્ત્વપૂર્ણ છે. હોસ્પિટલની નવી વ્યવસ્થા દરમિયાન દર્દીઓને સારવાર, તપાસ અને સર્જરીની સેવાઓમાં અનાવશ્યક વિલંબ ન થાય તે માટે તંત્રની કામગીરી નિર્ણાયક રહેશે.

CATના અધિકાર ક્ષેત્રની રેલવે મંત્રાલયની દલીલ કોર્ટે ફગાવી

# ૨૯ વર્ષની કાનૂની લડત બાદ રેલવેના મૃત કર્મચારીના પત્નીને નિવૃત્તિ અને પેન્શનના લાભ આપવા આદેશ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

વડોદરામાં રેલવે કર્મચારીને બરતરફ કરવાના રેલવે મંત્રાલયના નિર્ણયને ૨૯ વર્ષની કાનૂની લડત બાદ ઔદ્યોગિક ન્યાયપંચે ગેરકાયદે ઠેરવી મૃત કર્મચારીના પત્નીને નિવૃત્તિ તેમજ પેન્શનના લાભો ચૂકવવાનો આદેશ કર્યો હતો. ભારતીય ન્યાય પ્રણાલીમાં વિલંબથી મળતો ન્યાય એ ન્યાય ન આપવા બરાબર છે એ કહેવતને ચરિતાર્થ કરતો એક કાનૂની કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગોધરા સ્ટેશન પર રેલવેના આરોગ્ય વિભાગ હેઠળ કાયમી સફાઈ કર્મચારી તરીકે તા.૧૦ મે ૧૯૭૮થી ફરજ બજાવતા હેમાભાઈને વર્ષ ૧૯૯૨માં ૫૧૨ દિવસની ગેરહાજરીના આરોપસર નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા હતા. આ અન્યાયી બરતરફી સામે હેમાભાઈએ શ્રમ મંત્રાલયમાં દાદ માગતા શ્રમ મંત્રાલયે રેફરન્સ મંજૂર કરી ઔદ્યોગિક અદાલતમાં કેસ દાખલ કર્યો હતો. આ અંગેનો કેસ ચાલી જતાં તેમા રેલવે પ્રશાસને પોતાની દલીલોમાં જણાવ્યું હતું કે કર્મચારી વારંવાર ગેરહાજર રહેવાની ટેવ ધરાવતા હતા અને ખાતાકીય તપાસ બાદ જ યોગ્ય પગલાં લેવાયા છે. જ્યારે અરજદારે રજૂઆત કરી હતી કે તેમની ૧૪ વર્ષની સેવાઓને ધ્યાને લીધા વિના સજા કરવામાં આવી છે. દરમિયાનમાં વર્ષ ૨૦૧૩માં અરજદાર હેમાભાઈનું અવસાન થતાં તેમના પત્નીએ કાયદેસરના વારસદાર તરીકે કાનૂની જંગ આગળ ધપાવ્યો હતો. ઔદ્યોગિક ન્યાયપંચે બંને પક્ષોની દલીલો સાંભળી ચુકાદો આપ્યો હતો. અદાલતે ચૂકાદામાં નોંધ્યું હતું કે, માત્ર ગેરહાજરીના ગુના માટે બરતરફીની સજા અત્યંત કઠોર અને અપ્રમાણસર છે. દસ વર્ષથી વધુ સેવા આપનાર કર્મચારીને રીમૂવ કરતી વખતે રેલવે પેન્શન નિયમો મુજબ કોમ્પેનસેશન એલાઉન્સ કે નિવૃત્તિ લાભો અંગે સક્ષમ અધિકારીએ કોઈ વિચારણા કરી નહોતી, જે વૈધાનિક જોગવાઈઓનું ઉલ્લંઘન છે. અદાલતે ૧૩-૧૧-૧૯૯૨થી કર્મચારીની નિવૃત્તિ તારીખ ૧-૦૬-૨૦૧૧ સુધીની સેવાને સળંગ ગણીને તે મુજબ થતા તમામનિવૃત્તિના અને પન્શનના લાભો મૃતક કર્મચારીના પત્નીને ચૂકવવાનો આદેશ કર્યો હતો. અદાલતે અવલોકન કર્યું હતું કે,બરતરફી સમયે રેલવેએ પોતાના જ પેન્શન નિયમની અવગણના કરી છે. આટલી સેવા ધરાવતા કર્મચારીને ૨/૩ ભાગનું ભથ્થું મેળવવાનો અધિકાર રહે છે.

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં બેરોકટોક દારૂનો વેપલો !

# એક જ દિવસમાં પૂર્વ વિસ્તારમાં વિવિધ પાંચ સ્થળેથી દારૂનો જથ્થો ઝડપાયો : ૩ મહિલા પકડાઈ

## એસ.પી. રિંગરોડ પરથી કન્ટેનર ઝડપાયું; જથ્થા અંગે તપાસ શરૂ



(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં વધી રહેલી દારૂની હેરાફેરી સામે પોલીસની વિવિધ એજન્સીઓએ લાલ આંખ કરી છે. ૧૫ સપ્ટેમ્બરે એક જ દિવસમાં શહેરના વટવા, રામોલ, દરિયાપુર, ઓઢવ, એસપી રિંગરોડ સહિતના વિસ્તારોમાં ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને પીસીબી જેવી એજન્સીઓ દ્વારા દરોડો પાડીને દારૂનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. સીટીએમ એક્સપ્રેસ વે પાસેથી વટવા વિસ્તારમાં મહિલા બુટલેગરોને દારૂ સપ્લાય કરવા આવેલી દાહોદની ત્રણ મહિલાને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડી છે.

ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે, સીટીએમ ચાર રસ્તા એક્સપ્રેસ હાઈવે પાસે ત્રણ મહિલા વિદેશી દારૂનો જથ્થો લઈને ઊભી છે અને રિક્ષાથી દારૂ ડિલિવરી કરવા જવાની છે. જેના આધારે એક થેલા સાથે ઉભેલી ત્રણ મહિલાની પૂછપરછ કરતા મૂળ દાહોદના રહેવાસી હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેમની પાસે રહેલા થેલામાં તપાસ કરતા અલગ-અલગ દારૂની ૪૯૦ બોટલો મળી આવી હતી. પોલીસે ત્રણેયની પૂછપરછ કરતા જણાવ્યું હતું કે, દારૂનો જથ્થો મધ્યપ્રદેશ બોર્ડરના માંડલીક ગામના દારૂના ઠેકા પરથી લાવી અને વટવા વિસ્તારમાં રહેતી રેસા, સુશીલા અને મનીષા નામની ત્રણ મહિલાને દારૂનો જથ્થો આપવા આવ્યા હતા. પોલીસે તમામની ધરપકડ કરી છે. ઝોન ૮ ડીસીપીની એલસીબીની ટીમને બાતમી મળી હતી કે, વટવા વિસ્તારમાં ઘોડાસર સ્મૃતિ મંદિર રોડ પર આલોક બંગલોની સામે કેનાલ પર એક યુવક જ્યુપિટર વાહન પર દારૂનો જથ્થો લઈને ઊભો છે. જેથી એલસીબીની ટીમ દ્વારા ત્યાં દરોડો પાડી યુવકને ઝડપી લેવામાં આવ્યો હતો. જેનું નામ પૂછતાં રામેન્દ્ર દુબે હોવાનું જણાવ્યું હતું. યુવક પાસેથી અલગ-અલગ વિદેશી દારૂના ક્વાર્ટર અને બોટલ મળી આવી હતી. જે તમામ મુદ્દામાલ પોલીસે જપ્ત કરી આરોપીની ધરપકડ કરી હતી. ઝોન-૪ ડીસીપીની એલસીબીની ટીમને બાતમી મળી હતી કે, દરિયાપુર વિસ્તારમાં સલાટવાડા ખાતે રહેતો ઈમરાન ઉર્ફે હનુડી નામના શખ્સ દ્વારા તેના ઘરમાં વિદેશી દારૂનો જથ્થો રાખવામાં આવ્યો છે. જેના આધારે એલસીબીની ટીમ દ્વારા તેના ઘરમાં તપાસ કરતા પલંગ નીચેથી એક પ્લાસ્ટિકની થેલી મળી આવી હતી, જેમાં તપાસ કરતા અલગ-અલગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. જે બાબતે તેની પૂછપરછ કરતા જણાવ્યું હતું કે, પોતે આ વિદેશી દારૂનો જથ્થો વેચાણ માટે લાવ્યો હતો. જેથી એલસીબીની ટીમે વિદેશી દારૂનો જથ્થો ઝડપી આરોપીની ધરપકડ કરી છે.

ઓઢવ પોલીસને બાતમી મળી હતી કે, એસપી રિંગરોડ પર કાકા ભાજીપાવની પાછળ શ્રેયા રેસીડેન્સીના એક મકાનમાં રવિ ઉર્ફે ઉંદરડી વાઘેલા નામના યુવક દ્વારા દારૂ રાખવામાં આવ્યો છે. જેના આધારે પોલીસ દ્વારા દરૂડો પાડવામાં આવ્યો હતો. ઘરમાં મધુબેન કન્નાડી નામની મહિલા મળી આવી હતી. પોલીસે ઘરમાં તપાસ કરતા ત્રણ મોટા વાદળી કલરના ડ્રમ મળી આવ્યા હતા. એ ડ્રમમાં તપાસ કરતા ઉપર સફેદ કલરનો પાવડર ભરેલો હતો. જે હટાવીને તપાસ કરતા અલગ અલગ વિદેશી દારૂના ક્વાર્ટર મળી આવ્યા હતા. પોલીસે આ બાબતે મહિલાની પૂછપરછ કરતા તેણે જણાવ્યું કે, એસપી રિંગરોડના વન સેન્ટરમાં નોકરી સમયે ત્યાં કામ કરતા રવિ વાઘેલા સાથે મુલાકાત થઈ હતી. પોતે કેમિકલનું કામ કરતો હતો અને ઘરમાં કેમિકલનો સામાન મુકશે તેના બદલામાં પૈસા આપશે એવું કહ્યું હતું, જેથી તેણે સામાન મૂકવાની હા પાડી હતી. ચાર દિવસ પહેલા રવિ આ પ્લાસ્ટિકના ડ્રમ ઘરે મૂકી ગયો હતો. આજે લેવા આવવાનો હતો, પરંતુ પોલીસ આવવાની હતી જે જોઈને ભાગી ગયો હતો. ડ્રમમાં શું હતું તે અંગે તેમને કોઈપણ પ્રકારની જાણ નથી, જેથી પોલીસે દારૂનો જથ્થો જપ્ત કરી લીધો હતો.

પોલીસ કમિશનરની પીસીબીની ટીમને મળી હતી કે, શહેરના એસપી રિંગરોડ પર વૈષ્ણોદેવી સર્કલ નજીકથી એક કન્ટેનર પસાર થવાનું છે, જેમાં મોટા પ્રમાણમાં બિયરનો જથ્થો લઈ જવામાં આવ્યો છે. પીસીબીની ટીમે વોચ ગોઠવી હતી અને બાતમીવાળું કન્ટેનર આવતા પોલીસે તેને રોક્યું હતું. કન્ટેનર ખોલીને તપાસ કરતા પ્લાસ્ટિકથી ઢાંકેલી હાલતમાં બિયરની પેટીઓ મળી આવી હતી. પોલીસે તમામ મુદ્દામાલ કબજે કર્યો હતો જેમાં ૪૩૯ બીયરની પેટીઓ હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે આ અંગે તપાસ કરતા દિલ્હીથી પ્લાસ્ટિક મેટની ખોટી બિલ્ટી બનાવી સાચા તરીકે ઉપયોગ કરી કન્ટેનરમાં વિદેશી દારૂનો જથ્થો ગુજરાતમાં મોકલવામાં આવ્યો હતો. દારૂનો જથ્થો ક્યાં મોકલવાનો હતો અને કોને મોકલવાનો હતો તે સમગ્ર મામલે હાલ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

અમરેલીના આંબરડી ગામે બની કરૂણાંતિકા

# ખેતરમાં લગાવેલ 'ઝટકા મશીન'નો જીવલેણ ઝટકો : ભાઈ-બહેનનાં મોત

## ભાઈને કરંટ લાગેલો જોઈ તેને બચાવવા ગયેલી નાની બહેન પણ મોતને ભેટી !

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૧૬

લાઠીના આંબરડી ગામે વાડીમાં ખેત મજૂરી કરતા ૨૧ વર્ષીય ભાઈ અને ૧૬ વર્ષીય બહેનના કરૂણ મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું.

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના આંબરડી ગામે વાડીમાં લગાવવામાં આવેલા ઈલેક્ટ્રિક ઝટકા મશીનનો કરંટ બે નિર્દોષ ભાઈ-બહેન માટે જીવલેણ સાબિત થયો હતો. તા.૧૫ સપ્ટેમ્બરના રોજ સવારે બનેલી આ કરૂણ ઘટનામાં રાજુભાઈ કચરાભાઈ ભાભોર (ઉ.વ.૨૧) અને તેમની નાની બહેન લક્ષ્મીબહેન કચરાભાઈ ભાભોર (ઉ.વ.૧૬)ના મોત થયા હતા.

મળતી વિગતો મુજબ, બંને ભાઈ-બહેન આંબરડી ગામે ભુપતભાઈ વીરજીભાઈ ગજેરાની વાડીમાં ભાગિયું રાખી ખેત મજૂરી કરતા હતા. દરમિયાન રાજુભાઈ વાડીમાં લગાવવામાં આવેલા ઈલેક્ટ્રિક ઝટકા મશીનનો વાયર લેવા જતા કરંટની ઝપેટમાં આવી ગયા હતા. ભાઈને કરંટ લાગેલો જોઈ તેને બચાવવા નાની બહેન લક્ષ્મીબહેન પણ ઝટકા મશીનનો વાયર કાઢવા જતા તેણીને પણ વીજ કરંટ લાગ્યો હતો. ઘટનામાં બંને ભાઈ-બહેનના મોત નીપજ્યા હતા. ખેતરોમાં પાક અને પશુધનની સુરક્ષા માટે લગાવવામાં આવતા ઝટકા મશીન જો યોગ્ય તકેદારી વગર જીવલેણ બની જાય તો તેની કિંમત આખરે માનવજીવન ચૂકવે છે.આ ઘટનાએ એક પરિવારના બે સંતાનો છીનવી લીધા છે, ત્યારે માત્ર અકસ્માત ગણીને મામલો પૂરો ન થાય તેવો સવાલ પણ ઉઠી રહ્યો છે.હવે સમગ્ર મામલે પોલીસ તપાસમાં ઝટકા મશીનમાં કરંટ કેવી રીતે ફેલાયો, મશીન અને વાયરનું ઈન્સ્ટોલેશન યોગ્ય હતું કે નહીં, સુરક્ષાની કોઈ વ્યવસ્થા કરવામાં આવી હતી કે નહીં તેમજ કોઈની બેદરકારી રહી હતી કે કેમ તે સહિતના મુદ્દાઓની તપાસ થવી જરૂરી છે. બંને મૃતકો ખેત મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. એક જ ઘટનામાં ભાઈ-બહેનના મોતથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. તેથી ઘટનાની નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ કરી જો કોઈની બેદરકારી કે કસૂર સામે આવે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે, તેવી લાગણી પરિવારજનો અને સ્થાનિકોમાં વ્યક્ત થઈ રહી છે. આંબરડીની કરૂણ ઘટનાએ જવાબદારીઓ અને સુરક્ષા વ્યવસ્થાને લઈને ગંભીર સવાલો ઊભા કર્યા છે.

# સાયખા ગામના યુવાનને લૂંટીને મર્ડર કરનાર આરોપી ૧૩ વર્ષે બિહારથી ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

વાગરા, તા.૧૬

ભરૂચ જિલ્લામાં વર્ષોથી પોલીસ માટે માથાનો દુખાવો બનેલો અને મોસ્ટ વોન્ટેડ ટોપ દશની યાદીમાં સામેલ લૂંટ વિથ મર્ડરના ગુનાનો આરોપી આખરે કાયદાના સકંજામાં આવી ગયો હતો. છેલ્લા તેર વર્ષથી પોલીસને ચકમો આપી ફરાર રહેતા આરોપીને ભરૂચ જિલ્લા પેરોલ ફર્લો સ્કવોડની ટીમે બિહારના ગોપાલગંજ જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાંથી દબોચી લીધો હતો.

ભરૂચ જિલ્લા પોલીસ વડાની કડક સૂચના અને પેરોલ ફર્લો સ્કવોડના પી.એસ.આઈ. આર.એસ.ચાવડાના માર્ગદર્શન હેઠળ લિસ્ટેડ આરોપીઓને પકડવા માટે વિશેષ પેટ્રોલિંગ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે ઓપરેશન હાથ ધરાયું હતું. બાતમી મળતાં જ ટીમે બિહારના લાંમીચોર-જગતોલી વિસ્તારમાં વોચ ગોઠવી અને ફિલ્મી ઢબે દરોડો પાડી આરોપીને ઝડપી લીધો હતો. વાગરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા લૂંટ વિથ મર્ડરના ગંભીર ગુનામાં છેલ્લા તેર વર્ષથી ફરાર આરોપી સામે ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. અનેક વખત પોલીસને હાથતાળી આપનાર આરોપી આખરે પેરોલ ફર્લો સ્કવોડની સચોટ બાતમી અને સતત દેખરેખના કારણે ઝડપાઈ જવા પામ્યો હતો. ધરપકડ બાદ તેને કાયદેસરની કાર્યવાહી માટે ભરૂચ લાવવામાં આવ્યો હતો.

# પનામામાં યોજાયેલ ICAની ચૂંટણીમાં IFFCO અધ્યક્ષ દિલીપ સંઘાણી ICA ગ્લોબલ બોર્ડના ડિરેક્ટર તરીકે ચૂંટાયા

## ભારતીય સહકારી આંદોલનને મળી મોટી વૈશ્વિક સિદ્ધિ

અમદાવાદ, તા.૧૬

આંતરરાષ્ટ્રીય સહકારી આંદોલન માટે એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિરૂપે IFFCO (ઈફકો)ના અધ્યક્ષ દિલીપ સંઘાણીની ઈન્ટરનેશનલ કો-ઓપરેટિવ એલાયન્સ (ICA)ના ગ્લોબલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ડિરેક્ટર તરીકે પસંદગી થઈ છે.

દિલીપ સંઘાણીને વિજેતા જાહેર કરવામાં આવતાં જ પનામા સિટીમાં ઉપસ્થિત ભારતીય સહકારી પ્રતિનિધિમંડળના સભ્યોમાં ઉત્સાહ અને ગૌરવની લાગણી છવાઈ ગઈ. ICAની મહાસભામાં થયેલી ચૂંટણીમાં સંઘાણીની જીતને ભારતના વિશાળ સહકારી આંદોલન માટે ગૌરવપૂર્ણ ક્ષણ માનવામાં આવી રહી છે. આ સિદ્ધિ વૈશ્વિક સહકારી જગતમાં ભારતની વધી રહેલી ભૂમિકા, પ્રભાવ અને નેતૃત્વને વધુ મજબૂત બનાવે છે.

દિલીપ સંઘાણી લાંબા સમયથી સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલા છે અને ખેડૂતો, ગ્રામ્ય અર્થવ્યવસ્થા તથા સહકારી સંસ્થાઓના સશક્તિકરણ માટે સતત કાર્ય કરતા આવ્યા છે. હાલમાં તેઓ IFFCO અને GUJCOMASOLના અધ્યક્ષ છે અને વિવિધ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સહકારી સંસ્થાઓમાં મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવી ચૂક્યા છે. ICA વિશ્વનું અગ્રણી વૈશ્વિક સહકારી સંગઠન છે, જે વિવિધ દેશો અને પ્રદેશોની સહકારી સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરે છે. ICAના ગ્લોબલ બોર્ડમાં ભારતનું પ્રતિનિધિત્વ ભારતીય સહકારી આંદોલનના અવાજને આંતરરાષ્ટ્રીય મંચ પર વધુ મજબૂત બનાવશે.

દિલીપ સંઘાણીએ જણાવ્યું કે, તેઓ ભારતના સહકારી આંદોલનની ભાવના, અનુભવ અને દૃષ્ટિકોણને વૈશ્વિક મંચ પર અસરકારક રીતે રજૂ કરવા તેમજ સમગ્ર વિશ્વમાં સહકારિતાને વધુ મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે.


**ધી કોમી કન્ઝયુમર્સ કો.ઓ.સો.લિ.**

**નોટિસ**

આથી સોસાયટીના તમામ સભાસદ સાહેબોને જણાવવાનું કે, સોસાયટીની વાર્ષિક સાધારણ સભા **તા.૨૭-૯-૨૬ને રવિવારના રોજ સવારે ૧૧:૩૦** વાગે સોસાયટીની ઓફિસ કસાઈ ચાલ અમદાવાદમાં એજન્ડાના કામો સારૂં મળશે તો તમામ સભાસદોએ સમયસર પધારવા નમ્ર વિનંતી.

તા.ક. ઉમેદવારી કરવાની અને હિસાબો જોવાની **તા.૨૧-૯-૨૬થી તા.૨૨-૯-૨૬** સુધી રહેશે.

**નોંધ તા.૨૭-૯-૨૬**ના રોજ સવારે **૧૧:૩૦** વાગે મિટીંગ નોનકોરમ થશે તો અડધા કલાક પછી કોરમ ગણી મીટિંગનું કામકામ થશે અને તે કાયદેસર ગણાશે.

**તા.૧૭/૯/૨૬**
**અમદાવાદ**

**મોહંમદઅલી**
**એમ.એ. બીએડ**
**ચેરમેન**

# લક્ષદ્વીપમાં 'બુલડોઝર રાજ' : અગત્તીમાં તોડફોડની કાર્યવાહી સામે વિરોધ પ્રદર્શન

**મિલકતોના માલિકો પાસેથી જવાબ મેળવવાની સમયમર્યાદા પૂરી થાય તે પહેલાં જ લક્ષદ્વીપ વહીવટીતંત્ર દ્વારા અગત્તીમાં ઈમારતો તોડી પાડવાની કાર્યવાહીને કારણે વિરોધ થયો છે અને ટાપુઓ પર 'બુલડોઝર રાજ'નો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે**

(એજન્સી) તા.૧૬

લક્ષદ્વીપ વહીવટીતંત્રે નોટિસના જવાબ માટે માલિકોને આપેલી સમયમર્યાદા પૂરી થાય તે પહેલાં જ ભારે મશીનરીનો ઉપયોગ કરીને અગત્તીમાં નિર્માણાધીન અનેક ઈમારતો તોડી પાડી હતી. આ પગલાને કારણે વિરોધ પ્રદર્શનો થયા અને સ્થાનિક રાજકીય નેતાઓની અટકાયત કરવામાં આવી છે. સોમવારે અગત્તીના દક્ષિણ ભાગમાં મહેસૂલ વિભાગના અધિકારીઓ દ્વારા જેસીબી (JCB) મશીનોનો ઉપયોગ કરીને લગભગ ચાર ઈમારતો (તેમના પાયા સહિત) તોડી પાડવામાં આવી હતી. વહીવટીતંત્રે આ કાર્યવાહી માટેનું કારણ એ જણાવ્યું હતું કે બાંધકામ માટે જમીનનો ઉપયોગ બદલવાની પરવાનગી લેવામાં આવી ન હતી. અહેવાલો અનુસાર, ૧૦ સપ્ટેમ્બરના રોજ 'સ્ટોપ મેમો' (બાંધકામ અટકાવવાની નોટિસ) તૈયાર કરવામાં આવ્યો હતો અને તે શુક્રવારે સાંજે જ ઈમારતના માલિકોને સોંપવામાં આવ્યો હતો. માલિકોનું કહેવું હતું કે તેમને ખુલાસો રજૂ કરવા અને કાનૂની ઉપાયો માટે સાત દિવસનો સમય આપવામાં આવ્યો હતો. જોકે, સમયમર્યાદા પૂરી થાય તે પહેલાં જ તોડફોડની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હતી. આ કાર્યવાહી સામે સ્થાનિક રહેવાસીઓ અને રાજકીય નેતાઓએ વિરોધ નોંધાવ્યો હતો. તેમણે આક્ષેપ કર્યો હતો કે માલિકો જવાબ આપે અથવા કોર્ટનો સંપર્ક કરે તે પહેલાં જ વહીવટીતંત્રે એકતરફી રીતે તોડફોડની કાર્યવાહી હાથ ધરી હતી. આ કાર્યવાહીનો વિરોધ કરવા સ્થળ પર પહોંચેલા એનસીપી (NCP)ના મહાસચિવ ઓ.પી. જબ્બાર અને કોંગ્રેસના નેતા એમ.આઈ. દિલશાદની પોલીસે અટકાયત કરી હતી અને બાદમાં તેમને મુક્ત કરવામાં આવ્યા હતા. ઓ.પી. જબ્બારે એક વીડિયોમાં આક્ષેપ કર્યો હતો કે ડેપ્યુટી મિનિસ્ટર અને અન્ય અધિકારીઓ કાયદાને પડકારી રહ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે ૧૦ સપ્ટેમ્બરની તારીખવાળી નોટિસ જાણીજોઈને ૧૨ સપ્ટેમ્બર, શુક્રવારે આપવામાં આવી હતી, જેથી અસરગ્રસ્તો માટે સપ્તાહના અંતે કોર્ટનો સંપર્ક કરવો મુશ્કેલ બને. જબ્બારે વધુમાં આક્ષેપ કર્યો હતો કે નોટિસમાં જવાબ રજૂ કરવા માટે સાત દિવસની છૂટ આપવામાં આવી હોવા છતાં, અધિકારીઓએ સમયમર્યાદા પૂરી થાય તે પહેલાં જ તોડફોડ શરૂ કરી દીધી હતી. એનસીપીએ તોડફોડની કાર્યવાહીની નિંદા કરી છે. પક્ષના નેતાઓએ તેને "લોકોની જમીન હડપવાનો પ્રયાસ" ગણાવ્યો અને ભારપૂર્વક કહ્યું કે ટાપુવાસીઓને પરેશાન કરીને લક્ષદ્વીપ પર શાસન કરવાનો કોઈને અધિકાર નથી. પક્ષે જણાવ્યું હતું કે તેઓ આ મામલે કાનૂની કાર્યવાહી કરશે. લક્ષદ્વીપ પોલીસ મુખ્યાલય ખાતે પોલીસ અધિક્ષકને મળ્યા બાદ, એનસીપી (NCP) નેતાઓએ પક્ષના નેતાઓની ધરપકડ અને તોડફોડની કાર્યવાહી (ડિમોલિશન) સામે વિરોધ પ્રદર્શન કરવાની જાહેરાત કરી છે. પક્ષના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પર પોસ્ટ કરાયેલા એક વીડિયો અનુસાર, રાજ્ય સચિવ સાજીદા બેગમે કહ્યું કે અગત્તીની ઘટના દર્શાવે છે કે વહીવટીતંત્ર અને પોલીસને લોકોના મૂળભૂત અધિકારોની પરવા નથી. તેમણે કહ્યું, "જો વહીવટીતંત્ર આજે તેમની ઈમારતો તોડી શકે છે, તો તે આવતીકાલે આપણી ઈમારતો પણ તોડી શકે છે. જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી અમે અમારો સંઘર્ષ ચાલુ રાખીશું." નેશનલ યુથ કોંગ્રેસના લક્ષદ્વીપના નેતા જુનૈદ વી.આઈ.એ વહીવટકર્તા (એડમિનિસ્ટ્રેટર) પર લક્ષદ્વીપમાં "બુલડોઝર રાજ" લાવવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે કાયદેસર રીતે બાંધવામાં આવેલી ઈમારતો તોડી પાડવાની કાર્યવાહીની નિંદા કરી અને તેને "ગેરકાયદેસર તથા સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનું ઉલ્લંઘન" ગણાવ્યું છે. જુનૈદે એવો પણ આરોપ લગાવ્યો કે અગત્તીના સ્ટેશન હાઉસ ઓફિસરે વિરોધ કરી રહેલા રાજકારણીઓ સાથે ગુનેગારો જેવું વર્તન કર્યું હતું અને તેમણે સ્ટેશન હાઉસ ઓફિસર અમીર બિન મુહમ્મદ સામે વિભાગીય તપાસની માંગ કરી હતી. ભારતનો સૌથી નાનો કેન્દ્રશાસિત પ્રદેશ લક્ષદ્વીપ, અરબી સમુદ્રમાં કેરળના કિનારા નજીક આવેલા ૩૬ પરવાળાના ટાપુઓનો સમૂહ છે. અહીંની મોટાભાગની વસ્તી મુસ્લિમ છે અને અર્થતંત્ર પરંપરાગત રીતે માછીમારી, નાળિયેરની ખેતી અને મર્યાદિત પ્રવાસન પર આધારિત છે; આ પ્રદેશ લાંબા સમયથી તેની વિશિષ્ટ સાંસ્કૃતિક પરંપરાઓ અને નાજુક દરિયાઈ ઈકોસિસ્ટમ સાથે ગાઢ રીતે જોડાયેલો રહ્યો છે. તેની રાજધાની કવરત્તી છે અને તેના માત્ર ૧૦ ટાપુઓ પર માનવ વસવાટ છે. ૨૦૨૧માં જ્યારે ભાજપના નેતા અને કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટકર્તા પ્રફુલ ખોડા પટેલે પ્રસ્તાવિત નિયમો અને વહીવટી પગલાં લીધા ત્યારે લક્ષદ્વીપને લગતો વિવાદ વધ્યો હતો. ટીકાકારોએ વહીવટીતંત્ર પર સાંસ્કૃતિક સંવેદનશીલતાનો અભાવ ધરાવતી નીતિઓ લાદવાનો, સ્થાનિક સ્વાયત્તતાને નબળી પાડવાનો અને ટાપુવાસીઓના હિતોને બદલે પ્રવાસન-આધારિત વિકાસને પ્રાથમિકતા આપવાનો આરોપ મૂક્યો છે. ૨૦૨૫માં, લક્ષદ્વીપ વહીવટીતંત્રે અગત્તીમાં લગભગ ૧૩ ઈમારતો તોડી પાડી હતી - જેમાં પંચાયત કાર્યાલય, સરકારી કચેરીઓ, ગોદામો, પોસ્ટ ઓફિસ, બંદર કાર્યાલય અને પેસેન્જર લાઉન્જનો સમાવેશ થાય છે, જેનું કારણ સિટી-સેન્ટર કોમ્પ્લેક્સ અને અન્ય મોટા પાયે વિકાસ પ્રોજેક્ટ્સ માટે જગ્યા બનાવવાનું જણાવવામાં આવ્યું હતું.



૧૦૦% ટેરિફની ધમકી પર ભારતનું નિવેદન

# 'અમેરિકાએ જે કરવું હોય કરે, અમે રશિયા પાસેથી ઓઈલ ખરીદતા રહીશું'

**સાંસદોએ ભારતનું નામ અલગથી ઉમેરીને તેના પર સીધો ૧૦૦ ટકા પ્રતિબંધ કે ટેરિફ લાદવાની ભલામણ કરી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ (કાચું ઓઈલ) ખરીદતા દેશો પર ૧૦૦ ટકા ટેરિફ લાદવા માટે અમેરિકા કાયદો બનાવવાની પ્રક્રિયા ઝડપી બનાવી રહ્યું છે. જોકે, અમેરિકાની આ ખુલ્લી ધમકી અને દબાણ છતાં ભારતે પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું છે. ભારતે જાહેરાત કરી છે કે અમેરિકા ભલે ગમે તેટલા કડક નિયમો લાવે, ભારત પોતાના દેશવાસીઓના હિત માટે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું ચાલુ જ રાખશે અને કોઈ પણ દબાણ સામે ઝૂકશે નહીં.ઐતિહાસિક વારસો જુઓભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે ભારત પોતાની ઊર્જા જરૂરિયાતો સાથે જોડાયેલા તમામ નિર્ણયો પોતાના ૧૪૦ કરોડ નાગરિકોના હિતોને ધ્યાનમાં રાખીને જ લે છે. ભારત સરકાર આ નીતિ પર આગળ પણ અડગ રહેશે અને અમેરિકાના ટેરિફથી પોતાની ઓઈલ ખરીદીની નીતિમાં કોઈ ફેરફાર કરશે નહીં. અમેરિકામાં આ કાયદાને 'લિન્ડસે ગ્રેહામ સેંક્શનિંગ રશિયા એન્ડ ઈરાન બિલ' નામ આપવામાં આવ્યું છે. અમેરિકન સેનેટમાં ૮૬-૧૧ની ભારે બહુમતીથી આ બિલ પસાર થઈ ચૂક્યું છે અને ગુરુવારે તેને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ (નિચલા ગૃહ)માં વોટિંગ માટે લાવવામાં આવશે. આ બિલનો મુખ્ય હેતુ રશિયા પાસેથી સૌથી વધુ ઓઈલ ખરીદતા ભારત અને ચીન જેવા દેશો પર ૧૦૦ ટકા ટેરિફ ઠોકી બેસાડવાનો છે. ઐતિહાસિક વારસો જુઓરિપોર્ટ્સ મુજબ, કેટલાક અમેરિકી સાંસદોએ માંગ કરી છે કે બિલમાં રશિયા પાસેથી ઓઈલ ખરીદતા ટોચના ૧૦ દેશોના નામો સ્પષ્ટપણે લખવામાં આવે. આ યાદીમાં ભારત, ચીન, તુર્કી, અઝરબૈજાન, હંગેરી, યુએઈ અને સિંગાપોર જેવા દેશોનો સમાવેશ થાય છે. સાંસદોએ ભારતનું નામ અલગથી ઉમેરીને તેના પર સીધો ૧૦૦ ટકા પ્રતિબંધ કે ટેરિફ લાદવાની ભલામણ કરી છે. અમેરિકા એવો દાવો કરી રહ્યું છે કે ભારત રશિયા પાસેથી ઓઈલ ખરીદીને યુક્રેન યુદ્ધમાં રશિયાને આર્થિક મદદ પૂરી પાડી રહ્યું છે. આ જ બહાને અમેરિકાએ ગયા વર્ષે પણ ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો હતો. આમ છતાં, ભારતે તે સમયે પણ સ્પષ્ટ કર્યું હતું કે દેશના રાષ્ટ્રીય હિત અને ઊર્જા સુરક્ષા માટે જે જરૂરી હશે તે તમામ પગલાં ભારત ભરતું જ રહેશે.



# હીટવેવ (લૂ) : લાંબા ઉનાળાને કારણે ભારતને વાર્ષિક રૂા.૧૭.૧ લાખ કરોડનું જંગી નુકસાન

(એજન્સી) તા.૧૬

મે મહિનાની એક સવારે ૧૧:૩૦ વાગ્યે ગાઝિયાબાદમાં ૫૦૦ કામદારો ધરાવતી બાંધકામ સાઈટ પર શાંતિ છવાઈ જાય છે. કામ પૂરું થઈ ગયું હોવાને કારણે નહીં પરંતુ ટીનના શેડ નીચેનો છાંયડો જ બેસવા માટે એકમાત્ર સુરક્ષિત જગ્યા બની રહે છે. ફોરમેન પાણી વહેંચે છે. દિવસની મજૂરીમાં પહેલેથી જ કાપ મૂકવામાં આવ્યો છે. સાઈટ સુપરવાઈઝર કહે છે, '42°Cથી વધુ તાપમાન હોય ત્યારે ઉત્પાદકતા અડધી થઈ જાય છે. કાં તો અમે કામ અટકાવીએ છીએ અથવા માણસોને હોસ્પિટલ મોકલવા પડે છે.'



આ ભારતની સૌથી ખર્ચાળ આપત્તિ છે અને તેનું કોઈ નામ નથી. ૨૦૨૪માં ગરમીને કારણે ભારતને અંદાજે રૂા.૧૭.૧ લાખ કરોડની આવકનું નુકસાન થયું. આ જીડીપી (GDP)ના ૪.૫% છે, જે એક દાયકામાં ચક્રવાત અને પૂરને કારણે થતા નુકસાન કરતાં પણ વધુ છે. તેમ છતાં 'નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ' (રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન કાયદો) હેઠળ ગરમીને હજુ સુધી 'આપત્તિ' તરીકે સૂચિબદ્ધ કરવામાં આવી નથી. હવે આ સ્થિતિ બદલવાનો સમય આવી ગયો છે.

**હવામાનથી લઈને હિસાબી નોંધ સુધી :**

છેલ્લા ૨૦ વર્ષોથી અમે આપત્તિઓનું મોડેલિંગ (અભ્યાસ અને વિશ્લેષણ) કરી રહ્યા છીએ. ઓડિશામાં ચક્રવાતઃ દર ૧૦૦ વર્ષે એકવાર થતું નુકસાન. આસામમાં પૂરઃ સ્થળાંતર + રાહત કાર્ય. દિલ્હીમાં ભૂકંપઃ બિલ્ડિંગ કોડ્સ (બાંધકામના નિયમો). ગરમી આ મોડેલને તોડી નાખે છે કારણ કે, આપણે તેની ગણતરી કરતા નથી. ચક્રવાતની જેમ ગરમી કોઈ ચોક્કસ બિંદુએ જમીન સાથે અથડાતી નથી (લેન્ડફોલ કરતી નથી) પરંતુ તે સ્થિર થઈ જાય છે. ખેડૂતો અને કામદારો માટે જોખમનો સમયગાળો હવે બે મહિનાનો રહ્યો નથી. દિલ્હી-એનસીઆર (NCR)માં તે હવે ૫થી ૬ મહિનાનો છે અને તેની કિંમત (આર્થિક બોજ) દરેક જગ્યાએ દેખાઈ રહી છે. આરબીઆઈએ ચેતવણી આપી છે કે, ૨૦૩૦ સુધીમાં અતિશય ગરમી જીડીપીમાં ૪.૫%નો ઘટાડો કરી શકે છે. ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO)નું અનુમાન છે કે, ૨૦૩૦ સુધીમાં ભારત ૩૫ મિલિયન (૩.૫ કરોડ) પૂર્ણ-સમયની નોકરીઓ ગુમાવશે. ક્લાઈમેટ ઈકોનોમિસ્ટ ડૉ.અરૂણિમા મલિક કહે છે, 'જીડીપીમાં ૪.૫%નું નુકસાન એ હવે માત્ર અનુમાન નથી. જો આપણે કંઈ નહીં કરીએ, તો તે પહેલેથી જ આપણા મૂળભૂત આર્થિક માળખામાં (બેઝલાઈનમાં) સામેલ થઈ ચૂક્યું છે.'

મહારાષ્ટ્રમાં અમે એ બાબતનું મોડેલિંગ કર્યું કે જ્યારે એપ્રિલ-મે મહિનામાં તાપમાન ૫ દિવસ વધુ માટે 40°Cથી ઉપર જાય છે ત્યારે સોયાબીન અને કપાસના પાક પર શું અસર થાય છે. તેનાથી ઉત્પાદનમાં ૮-૧૨%નો ઘટાડો થાય છે. જો આને રાષ્ટ્રીય સ્તરે ગણવામાં આવે તો ECIUનો આંકડો સામે આવે છેઃ રૂા.૬.૩ લાખ કરોડનું કૃષિ ઉત્પાદન જોખમમાં છે પરંતુ મોટું નુકસાન તો અદૃશ્ય છે. ECIUના ૨૦૨૪ના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, ભારતીય ખેત-મજૂરોએ હવે ગરમીના તણાવ (heat stress)ને કારણે વર્ષના ૮૧ કામકાજના દિવસો ગુમાવવા પડે છે. એટલે કે ૨.૫ મહિનાની મજૂરી ગુમાવવી પડે છે. પાક વીમામાં કરા પડવા અને દુષ્કાળનો સમાવેશ થાય છે પરંતુ તેમાં 'ગરમીને કારણે ગુમાવેલા કામકાજના દિવસો'નો સમાવેશ થતો નથી. તેથી આ નુકસાન ખેડૂતે જ ભોગવવું પડે છે.

ગાઝિયાબાદની વાત કરીએ તો ભારતીય હવામાન વિભાગ (IMD)ના ડેટા દર્શાવે છે કે, 'ભેજવાળી ગરમી' (humid heat) વાળા દિવસો વધી રહ્યા છે. જે દિવસોમાં તાપમાન 45°C જેવું અનુભવાય છે, ત્યારે ૧૦૦૦ મજૂરો ધરાવતી સાઈટ પર ૪૦૦ માનવ-કલાક (man-hours)નું નુકસાન થાય છે. ૯૦ દિવસમાં આ આંકડો ૩૬,૦૦૦ કલાકનો થાય છે. રૂા.૫૦૦-૬૦૦ની દૈનિક મજૂરી મેળવતા મજૂર માટે, મે-જૂન મહિનામાં આ રૂા.૧૨૦૦-રૂા.૧૫૦૦ની ઓછી આવક સમાન છે. સમગ્ર NCR (રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર) માટે આ ગણતરી કરો. ચક્રવાત માટે ચોક્કસ પ્રોટોકોલ હોય છે, જ્યારે ગરમી માટે માત્ર સલાહ-સૂચનો હોય છે. તેનું જોખમ સરકારના નહીં પણ પરિવારોના આર્થિક બોજ (બેલેન્સ શીટ) પર હોય છે.

સૌથી વધુ અસરગ્રસ્ત લોકો કોઈના પગારદાર કર્મચારી નથી હોતા. ૭ રાજ્યોમાં ૩૩૦૦ મહિલાઓ પર કરવામાં આવેલા MSSRFના ૨૦૨૫ના સર્વેક્ષણમાં જાણવા મળ્યું કે ૯૭% મહિલાઓએ એપ્રિલ-જૂન દરમિયાન આવકમાં ઘટાડો નોંધાવ્યો હતો. સરેરાશ નુકસાન રૂા.૧૫૦૦થી વધુ હતું. SEWAના ૨૦૨૩ના સર્વેક્ષણમાં જાણવા મળ્યું કે ૮૨% સ્વ-રોજગાર ધરાવતી મહિલાઓએ કહ્યું કે, ગરમીને કારણે તેમની કામ કરવાની ક્ષમતા ઘટી છે. ગુજરાત અને રાજસ્થાનમાં પતરાંના છાપરાંવાળા ઘરોમાં ઘરની અંદરનું તાપમાન 50°Cને વટાવી જાય છે. ઉત્પાદનમાં ૩૦-૪૦%નો ઘટાડો થાય છે. SEWAના મીરાબાઈ નાગરાજન કહે છે, અમારા સભ્યો માટે ગરમી એ માત્ર તાપમાનનો વિષય નથી, તે મજૂરી કે આવકનો વિષય છે. વરસાદ માટે આપણને જે સુરક્ષા મળે છે તેવી જ સુરક્ષા ગરમી માટે પણ જોઈએ છે - એટલે કે કામ ન હોય તો પણ વેતન મળે.' સ્વાસ્થ્ય પાછળનો ખર્ચ પણ વધે છે. ગંભીર હીટસ્ટ્રોકના ઈલાજ માટે દર્દી દીઠ રૂા.૧-૨ લાખનો ખર્ચ થાય છે. આ ખર્ચ ચૂકવવા માટે ૪૦% શહેરી અને ૬૦% ગ્રામીણ પરિવારોએ દેવું કરવું પડે છે અથવા પોતાની સંપત્તિ વેચવી પડે છે.

# રાજસ્થાન નગર નિગમની ચૂંટણીના સંકેતો શું છે : ભાજપના શહેરી મતદારોમાં તિરાડ ?

**રાજસ્થાનના દસ નગર નિગમોમાંથી ચારમાં ભાજપે બહુમતી મેળવી, મુખ્યમંત્રી ભજન લાલ શર્મા સહિત ભાજપના અગ્રણી નેતાઓના ગઢ પર કોંગ્રેસ અને અપક્ષોનું પ્રભુત્વ હતું, ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મત હિસ્સામાં થોડો તફાવત છે**

(એજન્સી) તા.૧૬

રાજસ્થાન શહેરી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી, પરંતુ પરિણામોનું વિગતવાર વિશ્લેષણ દર્શાવે છે કે આ જીત કોંગ્રેસ પર નિર્ણાયક જીત નથી. ૧૦,૦૦૦થી વધુ વોર્ડના પરિણામોમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મત હિસ્સાનો તફાવત માત્ર ૦.૯૪ ટકા હતો. મોટી સંખ્યામાં અપક્ષ ઉમેદવારોની સફળતાએ બંને મુખ્ય પક્ષો માટે સ્થાનિક સ્તરે અસંતોષ અને બળવાના પડકારને ઉજાગર કર્યો છે. ઉચ્ચ જાતિના મતદારો પણ ભાજપથી દૂર થઈ ગયા છે. રાજસ્થાનમાં ૩૦૯ શહેરી સ્થાનિક સંસ્થાઓ માટે મતદાન ૯ અને ૧૧ સપ્ટેમ્બરના રોજ યોજાયું હતું. અત્યાર સુધી જાહેર થયેલા ૧૦,૨૩૫ વોર્ડના પરિણામોમાં, ભાજપે ૪,૧૭૯ વોર્ડ જીત્યા છે, જ્યારે કોંગ્રેસે ૩,૬૧૩ વોર્ડ જીત્યા છે. અપક્ષ ઉમેદવારોએ ૨,૨૭૩ વોર્ડ જીત્યા છે. EVM સંબંધિત ખામીઓને કારણે નવ વોર્ડના પરિણામો અટકાવી દેવામાં આવ્યા છે. જાહેર કરાયેલા વોર્ડમાં ભાજપનો હિસ્સો આશરે ૪૦.૮ ટકા હતો, જ્યારે કોંગ્રેસનો હિસ્સો ૩૫.૩ ટકા હતો. ૨૦૧૯-૨૧ના અગાઉના નાગરિક ચૂંટણી ચક્રમાં, ભાજપે ૭,૪૭૪ વોર્ડમાંથી ૨,૬૬૬ અથવા આશરે ૩૫.૭ ટકા જીત મેળવી હતી. આ ભાજપના વોર્ડ હિસ્સામાં આશરે પાંચ ટકાનો વધારો દર્શાવે છે. તેનાથી વિપરીત, કોંગ્રેસનો હિસ્સો ૪૦.૭ ટકાથી ઘટીને ૩૫.૩ ટકા થયો. જોકે, કુલ પડેલા મતોની દ્રષ્ટિએ, બંને પક્ષો વચ્ચેનો તફાવત ખૂબ જ ઓછો હતો. ઈન્ડિયન એક્સપ્રેસ અનુસાર, ભાજપને ૩૫.૧૯ ટકા મત મળ્યા, જ્યારે કોંગ્રેસને ૩૪.૨૫ ટકા મત મળ્યા. અપક્ષોનો મત હિસ્સો ૨૭.૩૮ ટકા હતો. આનો અર્થ એ થયો કે વોર્ડ જીતમાં ભાજપની નોંધપાત્ર લીડ હતી, પરંતુ કુલ મતોમાં બે મુખ્ય પક્ષો વચ્ચેનો તફાવત એક ટકાથી ઓછો હતો. ૧૦ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાંથી, ભાજપે ફક્ત ચારમાં બહુમતી મેળવી. પરિણામોનું એક મહત્વપૂર્ણ પાસું મ્યુનિસિપલ કોર્પોરેશનોનું પ્રદર્શન છે. રાજસ્થાનના ૧૦ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાંથી, ભાજપે ફક્ત ચારમાં બહુમતી મેળવી, જ્યારે કોંગ્રેસે એકમાં બહુમતી મેળવી. બાકીના મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં, બોર્ડ બનાવવામાં અપક્ષો અથવા નાના પક્ષોની ભૂમિકા મહત્વપૂર્ણ બની. ભાજપે જયપુર, કોટા, ઉદયપુર અને ભીલવાડા જેવી શહેરી સ્થાનિક સંસ્થાઓમાં સ્પષ્ટ બહુમતી મેળવી. જોકે, રાજ્યભરના ઘણા રાજકીય રીતે મહત્વપૂર્ણ શહેરોમાં ચિત્ર અલગ હતું. શહેરમાં ઉચ્ચ જાતિના મતદારો ભાજપથી નિરાશ દેખાય છે. સૌથી વધુ ચર્ચાસ્પદ પરિણામો મુખ્યમંત્રી ભજનલાલ શર્માના ગૃહ મતવિસ્તાર ભરતપુરના છે. ૬૫ સભ્યોના નગર નિગમમાં અપક્ષોએ ૩૬ વોર્ડ જીત્યા. ભાજપે ૨૦માં જીત મેળવી, જ્યારે કોંગ્રેસે માત્ર સાતમાં જીત મેળવી. આમ, અપક્ષોએ એકલા બહુમતીનો આંકડો પાર કર્યો. ભરતપુરમાં અપક્ષ ઉમેદવારોનું મજબૂત પ્રદર્શન મહત્વપૂર્ણ છે કારણ કે અહીંના સ્થાનિક રાજકારણમાં પક્ષના પ્રતીકો કરતાં ઉમેદવારોનો વ્યક્તિગત પ્રભાવ વધુ મહત્વપૂર્ણ રહ્યો છે. ઈન્ડિયા ટુડે સાથે વાત કરતા, રાજસ્થાન બ્યુરો ચીફ શરત કુમારે કહ્યું કે ભરતપુરને ફક્ત ભાજપ વિરુદ્ધ કોંગ્રેસના દૃષ્ટિકોણથી જોવું યોગ્ય રહેશે નહીં. જોકે, ટિકિટ વિતરણ અંગે બંને મુખ્ય પક્ષોમાં અસંતોષ અને નકારાયેલા ઉમેદવારો અપક્ષ તરીકે ચૂંટણી લડી રહ્યા હોવાના અહેવાલો ચૂંટણી પહેલા સામે આવ્યા હતા. આ અસર અનેક મ્યુનિસિપલ સંસ્થાઓના પરિણામોમાં દેખાઈ હતી. ભાજપ પ્રદેશ પ્રમુખ મદન રાઠોડ સાથે સંકળાયેલા રાજકીય મતવિસ્તાર પાલીમાં પણ પાર્ટીને પરાજયનો સામનો કરવો પડ્યો. કોંગ્રેસે ૬૫ માંથી ૨૯ વોર્ડ જીત્યા, જ્યારે ભાજપે ૨૧ જીત્યા અને અપક્ષોએ ૧૫ જીત્યા. અજમેરમાં, કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી, તેણે ૮૦ વોર્ડમાંથી ૩૭ વોર્ડ જીત્યા. ભાજપે ૩૨ અને અપક્ષોએ ૧૧ વોર્ડ જીત્યા. અજમેરને લાંબા સમયથી ભાજપ અને RSSનો મજબૂત પ્રભાવ ધરાવતો વિસ્તાર માનવામાં આવે છે. બિકાનેરમાં કોંગ્રેસની જીત અને કરણી સેનાની ભૂમિકાબિકાનેરમાં, કોંગ્રેસે ૮૦માંથી ૪૨ વોર્ડ જીતીને બહુમતી મેળવી. ભાજપ ઘણો પાછળ રહી ગયો. બિકાનેર કેન્દ્રીય મંત્રી અર્જુન રામ મેઘવાલના રાજકીય મતવિસ્તાર સાથે સંકળાયેલું છે અને અગાઉ ભાજપનો ગઢ રહ્યું છે. ચૂંટણી પહેલાં, શ્રી રાજપૂત કરણી સેનાએ યુજીસીના ૨૦૨૬ના જાતિ-સમાનતા નિયમો સામે પ્રચાર કર્યો હતો. સંગઠને ભાજપ વિરુદ્ધ મતદાન કરવાની પણ અપીલ કરી હતી. ચૂંટણી પછી, કરણી સેનાના નેતા મહિપાલ સિંહ મકરાણાએ દાવો કર્યો હતો કે તેમના સ્વરણ ન્યાય મંચે ૧,૫૦૦થી વધુ સ્વતંત્ર ઉમેદવારોને ટેકો આપ્યો હતો, જેના કારણે બિકાનેરમાં ભાજપની હાર થઈ હતી. જોકે, દલિત મતદારોએ પણ ભાજપને ટેકો આપ્યો ન હતો. જોકે, ભાજપે આ દાવાને ફગાવી દીધો હતો અને કહ્યું હતું કે રાજસ્થાનમાં સ્થાનિક ચૂંટણીઓમાં અપક્ષોએ સતત મજબૂત પ્રદર્શન કર્યું છે. તેથી, પરિણામોને ફક્ત કરણી સેનાના પ્રચારને આભારી ગણવા અયોગ્ય રહેશે. રસ્તા, ગટર, પાણી ભરાવા અને કચરો પણ ચૂંટણીના મુદ્દાઓ બન્યાઃ શહેરી સંસ્થાઓની ચૂંટણીમાં સ્થાનિક નાગરિક મુદ્દાઓએ પણ ભૂમિકા ભજવી હતી. ચૂંટણી દરમિયાન તૂટેલા રસ્તાઓ, પાણી ભરાવા, ગટરો, કચરો અને મ્યુનિસિપલ સેવાઓ અંગેની ફરિયાદો મુખ્ય મુદ્દાઓ બન્યા. ચૂંટણીઓ ચોમાસા દરમિયાન યોજાઈ હતી, જેના કારણે રસ્તા અને ડ્રેનેજના મુદ્દાઓ વધુ સ્પષ્ટ બન્યા. સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં, મતદારો વિધાનસભા કે લોકસભાની ચૂંટણીઓ કરતાં તેમના વોર્ડ, રસ્તાઓ, ગટરો અને સ્થાનિક કાઉન્સિલરના પ્રદર્શનનું વધુ સીધું મૂલ્યાંકન કરી શકે છે. ઈન્ડિયન એક્સપ્રેસે આને ભજન લાલ શર્મા સરકાર સામે સંભવિત સ્થાનિક અસંતોષના સંકેત તરીકે પણ જોયું. તેના વિશ્લેષણ મુજબ, સરકાર પર નિર્ણયોમાં વિલંબ કરવાનો અને ઘણા મુદ્દાઓ પર મોડો જવાબ આપવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. જો કે, આ રાજકીય વિશ્લેષણ છે, ચૂંટણી પંચ દ્વારા માન્ય કરાયેલા ચૂંટણી કારણો નથી. CJP અને શિક્ષણનો મુદ્દો પણ ચર્ચામાં આવ્યો. રાજસ્થાનમાં, કોકરોચ જનતા પાર્ટી (CJP)એ સરકારી શાળાઓની સ્થિતિને ઉજાગર કરવા માટે "સ્કૂલ થીક કરો" ઝુંબેશ શરૂ કરી. આ ઝુંબેશમાં નબળી શાળા માળખાગત સુવિધાઓ અને શિક્ષણ અંગે પ્રશ્નો ઉભા થયા. જયપુરના બાગરુમાં CJP પ્રતિનિધિમંડળ પર થયેલા હુમલા બાદ, સરકારે શાળાઓ માટે માળખાગત સુવિધાઓ સંબંધિત પગલાંની જાહેરાત કરી અને મુખ્યમંત્રી કાર્યાલયે શાળા માટે રૂા.૧૮ લાખની જાહેરાત કરી. આ ઘટનાઓને ચૂંટણી વાતાવરણમાં શિક્ષણ અને સ્થાનિક શાસન સંબંધિત મુદ્દાઓના સંદર્ભમાં પણ જોવામાં આવી હતી. ઈન્ડિયા ટુડેના વિશ્લેષણમાં રાજકીય પ્રતિનિધિત્વ અંગે OBC સમુદાયોમાં અસંતોષની પણ ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને, કુમાવત-કુંભાર-પ્રજાપત જૂથોના કેટલાક ઉમેદવારોએ અપક્ષ તરીકે ચૂંટણી લડી અને જીતી. જાટ અને ગુર્જર સંગઠનોએ પણ ચૂંટણી પહેલાં રાજસ્થાન OBC કમિશનના સર્વે સામે વાંધો ઉઠાવ્યો હતો. આ સંગઠનોએ આરોપ લગાવ્યો હતો કે સરકારે રાજકીય પ્રતિનિધિત્વ સંબંધિત સંપૂર્ણ ડેટા જાહેર કર્યો નથી. સરકાર અને વિવિધ સંગઠનોના દાવાઓ વચ્ચે આ મુદ્દો રાજકીય ચર્ચા બની ગયો. આ ચૂંટણીઓનું એક મહત્વપૂર્ણ પાસું એ છે કે ભાજપના ઘણા ગઢમાં અસંતોષ દેખાતો હતો, પરંતુ કોંગ્રેસને તેનો સીધો ફાયદો થયો ન હતો. કોંગ્રેસે ચૂંટણીમાં વોર્ડ સીમાંકન અંગે પણ પ્રશ્નો ઉઠાવ્યા. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ગોવિંદ સિંહ દોતાસારાએ આરોપ લગાવ્યો કે ભાજપની તરફેણમાં વોર્ડનું પુનર્ગઠન કરવામાં આવ્યું હતું. તેમણે દાવો કર્યો કે જો આ કથિત "એકતરફી" સીમાંકન ન થયું હોત, તો કોંગ્રેસ ભાજપ કરતાં ૧,૫૦૦ વધુ વોર્ડ જીતી શકી હોત. ઈન્ડિયન એક્સપ્રેસ અનુસાર, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે અનામત બેઠકોમાં કોંગ્રેસે ભાજપ કરતાં વધુ બેઠકો જીતી હતી. અખબારે આ વાત કોંગ્રેસ દ્વારા ભાજપ વિરુદ્ધ રજૂ કરવામાં આવી રહેલા દલિત વિરોધી રાજકીય કથા અને કેટલીક તાજેતરની ઘટનાઓના સંદર્ભમાં મૂકી. જોકે, રાજસ્થાનમાં દલિત મતદારોના રાજ્યવ્યાપી વલણનો આ નિર્ણાયક પુરાવો ગણી શકાય નહીં, કારણ કે ઉમેદવારો, વોર્ડ સીમાંકન અને સ્થાનિક સમીકરણો સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઈન્ડિયન એક્સપ્રેસે આ પરિણામોને ભજનલાલ શર્મા સરકારના કાર્યકાળ દરમિયાન ઉભરતા સંભવિત એન્ટિ-ઈન્કમ્બન્સીના સંકેતો તરીકે જોયા. ઈન્ડિયા ટુડેના વિશ્લેષણમાં આને ભાજપના પરંપરાગત શહેરી સમર્થન આધારમાં સ્થાનિક તિરાડો સાથે જોડવામાં આવ્યું છે. બંને વિશ્લેષણોએ એ પણ રેખાંકિત કર્યું છે કે આ ચૂંટણીઓએ હજુ સુધી રાજ્યના રાજકીય પરિદૃશ્યનું સાચું સ્વરૂપ જાહેર કર્યું નથી. મતદારોમાં કાયમી રાજકીય પુનર્ગઠન થશે એવું તારણ કાઢવું અકાળ ગણાશે.




મ્યુનિ. કોર્પોરેશનની ચૂંટણીઓના પરિણામો બાદની સ્થિતિ

# રાજસ્થાનમાં હોર્સ ટ્રેડિંગના ડરથી અધધધ... ૧૦ હજાર વિજેતાઓને હોટેલમાં બંધ કરાયા

**પરબતસરમાં ભાજપના ઉમેદવારને એક, રિયાંબાડીમાં કોંગ્રેસના ઉમેદવારને પણ માત્ર એક જ મત મળ્યો**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

રાજસ્થાનમાં મ્યુનિ. કોર્પોરેશન, નગર પંચાયતની ચૂંટણીઓ યોજાઇ હતી, જેના પરિણામો જાહેર થયા બાદ હવે હોર્સ ટ્રેડિંગના મામલા સામે આવી રહ્યા છે. એવામાં આશરે ૧૦ હજાર જેટલા વિજેતા ઉમેદવારોને હાલ હોટેલો અને રિસોર્ટમાં બંધ રખાયા છે. જ્યારે કેટલાક ઉમેદવારને તો માત્ર એક જ મત મળ્યો છે તેની પણ હાલ ભારે ચર્ચા ચાલી રહી છે.રાજસ્થાનના અજમેર, અલવર, ભરતપુર, બિકાનેર, જયપુર, જોધપુર, કોટા, પાલી, ઉદયપુર સહિતના કોર્પોરેશનમાં ચૂંટણીઓ યોજાઇ હતી. ચૂંટણી પરિણામો સોમવારે જાહેર કરવામાં આવ્યા હતા. જે બાદથી જ કોંગ્રેસ, ભાજપ, અપક્ષ સહિતના આશરે દસ હજાર કરતા વધુ વિજેતા ઉમેદવારો કે કાઉન્સેલર્સ વિવિધ હોટેલો અને રિસોર્ટમાં અલગ અલગ જગ્યાએ બંધ છે. જનતાએ આ નેતાઓ પર ભરોસો કરીને તેમને મત આપ્યા છે જોકે ભાજપ, કોંગ્રેસને પોતાના જ આ નેતાઓ પર ભરોસો નથી તેથી તેમને અન્ય જગ્યાએ લઇ જવામાં આવ્યા છે.પરિસ્થિતિ એટલી કફોડી છે કે જેવી ચૂંટણી પૂર્ણ થઇ અને પરિણામો જાહેર થયા કે તે સાથે જ વિજેતા ઉમેદવારોના મોબાઇલ લઇ લેવામાં આવ્યા અને તેમને સીધા હોટેલ કે રિસોર્ટમાં પહોંચાડી દેવામાં આવ્યા હતા. એટલુ જ નહીં કાઉન્ટિંગ બાદ તેમને વિજેતા જાહેર થયાનું સર્ટિફિકેટ લેવા માટે પણ નહોતા જવા દેવાયા. એજન્ટો દ્વારા આ સર્ટિફિકેટ લેવામા આવ્યા હતા. રાજસ્થાનમાં હાલ ભાજપની સરકાર છે એવામાં આ ચૂંટણીમાં એક બેઠકના પરિણામ ભારે ચર્ચામાં છે કેમ કે ભાજપના એક ઉમેદવારને માત્ર એક જ મત મળ્યો છે. ડીડવાના-કુચામન જિલ્લાના પરબતસર નગરપાલિકાના વોર્ડ નંબર ૧૩ના ભાજપના ઉમેદવાર કૈલાશચંદને માત્ર એક જ મત મળ્યો છે. આ પરબતસર નગરપાલિકામાં કુલ ૨૫ વોર્ડ છે જેમાંથી કોંગ્રેસે ૧૩ વોર્ડ જીતીને બહુમત મેળવી હતી. એવી જ રીતે નાગોર જિલ્લાના રિયાંબાડી નગરપાલિકામાં વોર્ડ ૧૫થી કોંગ્રેસના ઉમેદવાર મઝીદ મોહમ્મદને પણ માત્ર એક જ મત મળ્યો હતો.



# અમરેલી : આંબરડીમાં 'ઝટકા મશીન'નો જીવલેણ ઝટકો : બે નિર્દોષ ભાઈ-બહેનનાં મોતથી અરેરાટી

## ભાઈને કરંટ લાગેલો જોઈ તેને બચાવવા ગયેલી નાની બહેન પણ મોતને ભેટી

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૧૬

લાઠીના આંબરડી ગામે વાડીમાં ખેત મજૂરી કરતા ૨૧ વર્ષીય ભાઈ અને ૧૬ વર્ષીય બહેનના કરૂણ મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું.

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના આંબરડી ગામે વાડીમાં લગાવવામાં આવેલા ઈલેક્ટ્રિક ઝટકા મશીનનો કરંટ બે નિર્દોષ ભાઈ-બહેન માટે જીવલેણ સાબિત થયો હતો. તા.૧૫ સપ્ટેમ્બરના રોજ સવારે બનેલી આ કરૂણ ઘટનામાં રાજુભાઈ કચરાભાઈ ભાભોર (ઉ.વ.૨૧) અને તેમની નાની બહેન લક્ષ્મીબહેન કચરાભાઈ ભાભોર (ઉ.વ.૧૬)ના મોત થયા હતા.

મળતી વિગતો મુજબ, બંને ભાઈ-બહેન આંબરડી ગામે ભુપતભાઈ વીરજીભાઈ ગજેરાની વાડીમાં ભાગિયું રાખી ખેત મજૂરી કરતા હતા. દરમિયાન રાજુભાઈ વાડીમાં લગાવવામાં આવેલા ઈલેક્ટ્રિક ઝટકા મશીનનો વાયર લેવા જતા કરંટની ઝપેટમાં આવી ગયા હતા. ભાઈને કરંટ લાગેલો જોઈ તેને બચાવવા નાની બહેન લક્ષ્મીબહેન પણ ઝટકા મશીનનો વાયર કાઢવા જતા તેણીને પણ વીજ કરંટ લાગ્યો હતો. ઘટનામાં બંને ભાઈ-બહેનના મોત નીપજ્યા હતા.

ખેતરોમાં પાક અને પશુધનની સુરક્ષા માટે લગાવવામાં આવતા ઝટકા મશીન જો યોગ્ય તકેદારી વગર જીવલેણ બની જાય તો તેની કિંમત આખરે માનવજીવન ચૂકવે છે.આ ઘટનાએ એક પરિવારના બે સંતાનો છીનવી લીધા છે, ત્યારે માત્ર અકસ્માત ગણીને મામલો પૂરો ન થાય તેવો સવાલ પણ ઉઠી રહ્યો છે.હવે સમગ્ર મામલે પોલીસ તપાસમાં ઝટકા મશીનમાં કરંટ કેવી રીતે ફેલાયો, મશીન અને વાયરનું ઈન્સ્ટોલેશન યોગ્ય હતું કે નહીં, સુરક્ષાની કોઈ વ્યવસ્થા કરવામાં આવી હતી કે નહીં તેમજ કોઈની બેદરકારી રહી હતી કે કેમ તે સહિતના મુદ્દાઓની તપાસ થવી જરૂરી છે. બંને મૃતકો ખેત મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. એક જ ઘટનામાં ભાઈ-બહેનના મોતથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. તેથી ઘટનાની નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ કરી જો કોઈની બેદરકારી કે કસૂર સામે આવે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે, તેવી લાગણી પરિવારજનો અને સ્થાનિકોમાં વ્યક્ત થઈ રહી છે. આંબરડીની કરૂણ ઘટનાએ જવાબદારીઓ અને સુરક્ષા વ્યવસ્થાને લઈને ગંભીર સવાલો ઊભા કર્યા છે.

### ખેડૂતોએ મળેલી નોટિસનો વિરોધ કર્યો

# રતનાલ-ચુબડકના ખેડૂતો દ્વારા ગુજરાત વોટર ઈન્ફ્રા.ને આવેદનપત્ર અપાયું

(સંવાદદાતા દ્વારા) અંજાર, તા.૧૬

આજે રતનાલ ચુબડકના ખેડૂતો દ્વારા ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ અંજારના સિનિયર મેનેજરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

જેમાં જણાવાયું છે કે, વર્ષ ૨૦૧૮માં વરસાદ ન થતાં અછતની પરિસ્થિતિનું નિર્માણ થવાની સંભાવના હતી. તે સમયના સ્વ. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ભૂજ કલેક્ટર કચેરી મધ્યે મિટિંગ બોલાવી આગામી સમયમાં કચ્છ વિસ્તારમાં પાણીની અછત ઉત્પન્ન ન થાય તે કામે તત્કાલીન પગલાં લેવાની સૂચના આપેલ જે અનુસંધાને કલેક્ટર તથા મેનેજર ઓફ વોટર ઈન્ફ્રા. લિમિટેડને સૂચના આપી પાણીની પાઈપલાઈનનું કામ હાથ ધરવામાં આવેલ જે પાઈપલાઈન અનુસંધાને જે જમીનમાંથી પાઈપલાઈન પસાર થતી હોય ત્યાં વળતરના મુદ્દે ખેડૂતોએ પાઈપલાઈનની કામગીરી અટકાવેલ જે બાબતે નાયબ કલેક્ટર અંજારની કચેરીએ નર્મદાના અધિકારી અને ભારતીય



(તસવીર : દિનેશ દૈયા, અંજાર)

કિસાન સંઘ તાલુકાની ટીમ સાથે મળીને બેઠક કરેલ.

આ બેઠકમાં ચર્ચા વિચારણા કરીને નાયબ કલેક્ટર અંજારની અધ્યક્ષતાને સ્થાને ખેડૂતોના વળતર અંગે ઠરાવ કરવામાં આવેલ.

ખેડૂતોને આપવામાં આવેલ રકમની બાબતે આવેલ નોટિસ તદ્દન ગેર વ્યાજબી છે.

પાણીની અછત ઊભી ના થાય એટલા માટે જરૂરી જણાતા વર્ષ ૨૦૧૮ની અછતનો હોવાથી અમો ખેડૂતોએ સહાનુભૂતિના ધોરણે અમો ખેડૂતોએ વળતર ઓછી હોવા છતાં પણ બધા ખેડૂતોએ લાઈન નાખવામાં આપેલ. આ કામે આવેલ વળતર રિકવરીની આપેલ નોટિસ રદ કરી તેનો સ્પષ્ટ અભિપ્રાય સહિતનો લેખિત એન.ઓ.સી આપવામાં આવે કે જે રકમ ખરેખર સાચી જ છે કોઈપણ પ્રકારે પરત કરવાની થતી નથી એવી અમો તમામ ખેડૂતોની આપને અરજ છે અને આ બાબતને સમયસર નિકાલ નહીં થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરીને ન્યાયની લડત કરવાની ફરજ પડશે.

# વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે હિંમતનગરમાં સેવા-સંકલ્પ યાત્રા યોજાઈ

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે હિંમતનગર ખાતે સેવા-સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રામાં ગુજરાત રાજ્યના મહેસૂલ મંત્રી સંજયસિંહ મહીડા વિશેષ ઉપસ્થિત રહી બાઈક રેલીમાં જોડાયા હતા.સેવા-સંકલ્પ યાત્રાનો પ્રારંભ હિંમતનગર સ્થિત ઉમિયા પરિવાર ખાતેથી કરવામાં આવ્યો હતો. બાઈક રેલીના સ્વરૂપમાં યાત્રા આગળ વધી હતી. યાત્રા દરમિયાન વિવિધ સ્થળોએ સ્થાનિક નાગરિકો અને કાર્યકર્તાઓ દ્વારા ઉત્સાહભેર જોડાઈ સેવા-સંકલ્પનો સંદેશ આપવામાં આવ્યો હતો.

યાત્રાના ભાગરૂપે મોતીપુરા ખાતે મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજી પર્યાવરણની જાળવણી અને હરિયાળી વધારવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.આગળ વધેલી સેવા-સંકલ્પ યાત્રા નવાનગર ખાતે પહોંચી હતી, જ્યાં કળશ યાત્રાનું



(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ યાત્રા દેરોલ મુકામે પહોંચી હતી, જ્યાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.આ પ્રસંગે સાબરકાંઠા-અરવલ્લી સાંસદ શોભનાબેન બારૈયા, પૂર્વ સાંસદ કિરીટભાઈ સોલંકી, હિંમતનગરના ધારાસભ્ય વિનેન્દ્રસિંહ ડી. ઝાલા, પ્રદેશ મહિલા મોરચા મહામંત્રી જાનવીબેન વ્યાસ, જિલ્લા મહામંત્રી બીપીનભાઈ ઓઝા, પરિમલભાઈ દેસાઈ, નગરપાલિકા પ્રમુખ અરૂણાબેન કડિયા, નગરપાલિકા ઉપપ્રમુખ ગોપાલસિંહ રાઠોડ, રવિન્દ્રસિંહ પરમાર, કુલદીપભાઈ પાઠક, હિતેન્દ્રભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ નરેશભાઈ પરમાર, પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાના ઉપપ્રમુખ ભગાભાઈ પરમાર, શ્રેયાંસ બારોટ, ભગીરથસિંહ ઝાલા, રાજુભાઈ પંચાલ, જયેશભાઈ પટેલ, ભારતસિંહ ઝાલા, ગીરીશભાઈ પટેલ, પૃથ્વીસિંહ રાઠોડ સહિતના આગેવાનો, કાર્યકર્તાઓ તથા સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### ડિવિઝનલ રેલવે મેનેજરને કરાઈ રજૂઆત

# દાહોદ-વલસાડ-દાહોદ ઈન્ટરસિટી ટ્રેનને પાલેજ અને કોસંબા સ્ટોપેજ આપવા માંગણી

(સંવાદદાતા દ્વારા)

પાલેજ, તા.૧૬

વેસ્ટર્ન રેલવે પેસેન્જર એન્ડ પાસ હોલ્ડર વેલફેર એસોસિએશન, વડોદરાના પ્રમુખ મોહમ્મદ હબીબ લોખંડવાલા દ્વારા વડોદરા મંડળના મંડળ રેલ પ્રબંધક (DRM)ને એક પત્ર પાઠવીને ગાડી સંખ્યા ૧૯૦૧૧/૧૯૦૧૨ (દાહોદ-વલસાડ-દાહોદ) ઈન્ટરસિટી એક્સપ્રેસ ટ્રેનને પાલેજ અને કોસંબા સ્ટેશનો પર બંને દિશામાં (અપ એન્ડ ડાઉન) સ્ટોપેજ આપવાની માંગ કરવામાં આવી છે.

એસોસિએશન દ્વારા રજૂઆત કરતા જણાવાયું છે કે, આ ટ્રેન સંપૂર્ણપણે ગુજરાત રાજ્યની અંદર ચાલતી એક અત્યંત મહત્ત્વપૂર્ણ ટ્રેન છે. પરંતુ પાલેજ અને કોસંબા ખાતે સ્ટોપેજ ન હોવાને કારણે સ્થાનિક મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. રજૂઆતમાં મુખ્યત્વે નીચે મુજબના મુદ્દાઓ પર ધ્યાન દોરવામાં આવ્યું છે :

પાલેજ અને કોસંબા માત્ર બે સ્ટેશન નથી, પરંતુ તેમની ૧૦ થી ૧૫ કિલોમીટરની ત્રિજ્યામાં આવતા અનેક ગામડાઓના ગ્રામજનો આ સ્ટેશનો પર નિર્ભર છે. સ્ટોપેજ ના હોવાથી વિશાળ ગ્રામીણ જનતા આ સુવિધાથી વંચિત છે. આપણા દેશનું ભવિષ્ય એવા વિદ્યાર્થીઓ, જેઓ નાના સ્ટેશનો અને ગામડાઓમાંથી ભરૂચ, સુરત કે વડોદરા જેવા મોટા શહેરોમાં અભ્યાસ અર્થે જાય છે, તેઓ સમયસર પોતાના કોલેજ કે શિક્ષણ સંસ્થા સુધી પહોંચી શકતા નથી.રોજગારી માટે દરરોજ મુસાફરી કરતા નાના વેપારીઓ, શ્રમિકો અને પાસ હોલ્ડર (MST) મુસાફરો માટે આ ઈન્ટરસિટી ટ્રેન જીવાદોરી સમાન છે. સ્ટોપેજ ના હોવાને કારણે તેમને મોંઘા વૈકલ્પિક સાધનોનો ઉપયોગ કરવો પડે છે.

એસોસિએશને માંગ કરી છે કે, જાહેર હિત, વિદ્યાર્થીઓના ભવિષ્ય અને દૈનિક મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને ગાડી સંખ્યા ૧૯૦૧૧/૧૯૦૧૨નો પાલેજ અને કોસંબા સ્ટેશનો પર ૨ મિનિટનો પ્રાયોગિક સ્ટોપેજની માંગણી ઉઠી છે.

### અગાઉ સગીરાની છેડતી બાબતે આ જીમ વિવાદમાં આવ્યો હતો

# વડોદરામાં જીમના સંચાલક સામે માહિતી છૂપાવવા બદલ ગુનો નોંધાયો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

વડોદરાના વાસણા રોડ વિસ્તારમાં સગીરાની છેડતી બાબતે ચર્ચાસ્પદ બનેલા મિડ સિટી જીમના સંચાલક સામે કર્મચારીઓની માહિતી છૂપાવવા બદલ જાહેરનામાના ભંગનો ગુનો નોંધાયો છે.પ્રાપ્ત વિગતો અનુસાર, વાસણા રોડના જલધારા એપાર્ટમેન્ટમાં આવેલા મિડ સીટી જીમમાં જન્માષ્ટમીના દિવસે વર્કઆઉટ કરવા ગયેલી સગીર વયની વિદ્યાર્થીનીને જીમ ટ્રેનર દ્વારા ઊંચાઈ માપવાના નામે કેબિનમાં બોલાવી અભદ્ર છેડછાડ કરતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી અને પોલીસે ટ્રેનરની અટકાયત પણ કરી હતી. ઉપરોક્ત બનાવવા બાદ અકોટા પોલીસ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન મીડ સિટી જીમમાં કર્મચારીઓના રજિસ્ટ્રેશન બાબતે તપાસ કરવામાં આવતા ધાર્મિક પુરોહિત નામના એક કર્મચારીનું રજિસ્ટ્રેશન નહીં કરાયું હોવાનું અને પોલીસને જાણ નહીં કરાઈ હોવાની વિગતો જાણવા મળી હતી. જેથી પોલીસ કમિશનરના જાહેરનામાના ભંગ બદલ જીમના સંચાલક મેહુલ ચંદ્રકાંતભાઈ સોલંકી (અયોધ્યા ટાઉનશીપ, સોમનાથ નગર પાસે, તરસાલી) સામે ગુનો નોંધી અટકાયત કરવામાં આવી હતી.

# વડોદરા રેલવે સ્ટેશનના પાર્સલ વિભાગ પાસે પાર્કિંગના નામે વસૂલાત કરવાનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

વડોદરા રેલવે સ્ટેશનના પાર્સલ વિભાગ પાસે પાર્કિંગ કરનાર મહિલા પાસેથી પૈસાની વસૂલાત કરવામાં આવી હોવાનો મહિલાના પતિએ આક્ષેપ કરી તપાસની માગણી કરી છે.

વડોદરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૭ નજીક આવેલા પાર્સલ વિભાગ પાસે મોપેડ પાર્કિંગને લઈને વિવાદ સર્જાયો છે. પાર્સલની પૂછપરછ માટે મોપેડ લઈને પહોંચેલી એક મહિલાના પતિએ આક્ષેપ કર્યો હતો કે, મોપેડ પાર્ક કરવા માટે તેમની પત્ની પાસેથી રૂા.૧૦૦ અથવા રૂા.૫૦૦ની માગણી કરવામાં આવી હતી. અંતે એમણે રૂા.૧૦૦ ઓનલાઈન ચૂકવ્યા હતા.

મહિલાના પતિના જણાવ્યા મુજબ જે સ્થળે મોપેડ પાર્ક કરવામાં આવ્યું હતું ત્યાં 'નો પાર્કિંગ'નું કોઈ બોર્ડ કે સ્પષ્ટ સૂચના લગાવવામાં આવી ન હતી. તેમ છતાં પાર્કિંગના નામે રૂપિયા વસૂલવામાં આવતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. પાર્સલની સામાન્ય પૂછપરછ માટે આવેલા મુસાફરો પાસેથી આ રીતે નાણાં વસૂલવામાં આવતા હોય તો રેલવે તંત્ર દ્વારા તેની તપાસ કરવી જોઈએ તેવી માંગ પણ ઊઠી છે.

# સરથાણામાં જ્વેલર્સ સાથે ૬૬૦ ગ્રામ સોનાની ઠગાઈ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૬

સુરત શહેરના સરથાણાનાં વિસ્તારમાં આવેલા યોગી જ્વેલર્સના માલિક પાસેથી દાગીના બનાવી આપવાના બહાને બંગાળી કારીગરે ૬૫૯.૮૮૭ ગ્રામ ૨૪ કેરેટ શુદ્ધ સોનું લીધા બાદ રફુચક્કર થઈ ગયો હતો.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર, સરથાણા વ્રજચોકસ ઈન્ફિનિટી પાર્ક એપાર્ટમેન્ટમાં રહેતા ૩૮ વર્ષિય સંદિપભાઈ સવજીભાઈ લીંબાણી યોગીચોક પાસે યોગી જ્વેલર્સના નામથી ધંધો કરે છે. તેમની પાસેથી ગત એપ્રિલ મહિનામાં મહિધરપુરા, જદાખાડીમાં રહેતો બીલ્ટુ બલરામ સામંતા નામના બંગાળી કારીગરે પોતે સોનાના વેપારી તરીકે ઓળખ આપી વિશ્વાસમાં લઈ સોનાના ઘાટ બનાવી આપવાના બહાને ૬૫૯.૮૮૭ ગ્રામ ૨૪ કેરેટ શુદ્ધ સોનું લઈ ગયો હતો ત્યારબાદ સોનાના ઘાટ બનાવી નહિ આપી કે સોનું પરત નહી આપી રફુચક્કર થઈ ગયો હતો. સંદિપભાઈને પોતાની સાથે છેતરપિંડી કરવામાં આવી હોવાનો ખ્યાલ આવતા સરથાણા પોલીસમાં તેની સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### મહિલાના પતિની ધરપકડ કરતી પોલીસ

# વડોદરાના ગોરવામાં વહુ પર એસિડ નાખનાર સાસુ ફરાર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

વડોદરાના ગોરવા વિસ્તારમાં પરિણીતા સાથે કામ બાબતે બોલાચાલી કરી ઉશ્કેરાયેલી સાસુએ તેના પર એસિડ નાખી દીધું હોવાના બનેલા બનાવમાં પરિણીતાના પતિની ધરપકડ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગોરવાના સહયોગ ગાર્ડન પાસે રહેતી પરિણીતા સાથે વારંવાર તકરાર કરી પજવણી કરતી સાસુએ એસિડ આપી બાથરૂમ સાફ કરવા કહેતાં પરિણીતાએ તેને એસિડની એલર્જી હોવાથી ઈન્કાર કર્યો હતો. જેથી રોષે ભરાયેલી સાસુએ તેના મોંઢા અને ગળાના ભાગે એસિડ નાંખ્યો હતો. આ બનાવ અંગે પરિણીતા પર ત્રાસ ગુજારવા બદલ તેમજ એસિડ નાંખી ઈજા પહોંચાડવા બદલ સાસુ ઉપરાંત સસરા, પરિણીતાના પતિ અને બે નણંદ સામે ગુનો નોંધાયો હતો. જેમાં પરિણીતાના પતિ પિયુષ ગણપતભાઈ દૂધરેજીયા (રાધાકૃષ્ણ સોસાયટી, ગોરવા)ની ગોરવા પોલીસે ધરપકડ કરી છે.

# સાયખા ગામના યુવાનને લૂંટીને મર્ડર કરનાર આરોપી ૧૩ વર્ષે બિહારથી ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) વાગરા, તા.૧૬

ભરૂચ જિલ્લામાં વર્ષોથી પોલીસ માટે માથાનો દુખાવો બનેલો અને મોસ્ટ વોન્ટેડ ટોપ દશની યાદીમાં સામેલ લૂંટ વિથ મર્ડરના ગુનાનો આરોપી આખરે કાયદાના સકંજામાં આવી ગયો હતો. છેલ્લા તેર વર્ષથી પોલીસને ચકમો આપી ફરાર રહેતા આરોપીને ભરૂચ જિલ્લા પેરોલ ફર્લો સ્કવોડની ટીમે બિહારના ગોપાલગંજ જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાંથી દબોચી લીધો હતો.

ભરૂચ જિલ્લા પોલીસ વડાની કડક સૂચના અને પેરોલ ફર્લો સ્કવોડના પી.એસ.આઈ. આર.એસ.ચાવડાના માર્ગદર્શન હેઠળ લિસ્ટેડ આરોપીઓને પકડવા માટે વિશેષ પેટ્રોલિંગ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે ઓપરેશન હાથ ધરાયું હતું. બાતમી મળતાં જ ટીમે બિહારના લાંમીચોર-જગતોલી વિસ્તારમાં વોચ ગોઠવી અને ફિલ્મી ઢબે દરોડો પાડી આરોપીને ઝડપી લીધો હતો. વાગરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા લૂંટ વિથ મર્ડરના ગંભીર ગુનામાં છેલ્લા તેર વર્ષથી ફરાર આરોપી સામે ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. અનેક વખત પોલીસને હાથતાળી આપનાર આરોપી આખરે પેરોલ ફર્લો સ્કવોડની સચોટ બાતમી અને સતત દેખરેખના કારણે ઝડપાઈ જવા પામ્યો હતો. ધરપકડ બાદ તેને કાયદેસરની કાર્યવાહી માટે ભરૂચ લાવવામાં આવ્યો હતો.

# આમોદના સમની ગામ પાસે ટ્રક પાછળ અથડાતાં બાઈકચાલકનું મોત

(સંવાદદાતા દ્વારા)

વાગરા, તા.૧૬

આમોદના સમની ગામ પાસે નેશનલ હાઈવે પર ચાલી રહેલ ટ્રક પાછળ બાઈક અથડાતા બાઈક ચાલકનું મોત નિપજવા પામ્યું હતું. નિણમ ગામના નિશાંત પિનાકીન પટેલ બાઈક લઈને પસાર થઈ રહ્યા હતા. દરમિયાન સમની-તણછા ગામ વચ્ચે નેશનલ હાઈવે પર તેઓ આગળ જઈ રહેલા ટ્રકના પાછળના ભાગે ભટકાયા હતા. અકસ્મતમાં નિશાંત પટેલને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે આમોદ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે. ૨૨ વર્ષના યુવકના અકાળે મોતથી પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

# યુવતીની છેડતીના કેસમાં ગુજરાત હાઈકોર્ટનો મોટો આદેશ : માત્ર ૭૦ વર્ષની ઉંમરના આધારે આગોતરા જામીન ન આપી શકાય

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

ગુજરાત હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં સ્પષ્ટ કર્યું છે કે મહિલાઓની સતામણી અને છેડતીના ગંભીર કેસોમાં આરોપીની ઉંમર માત્ર રાહત મેળવવાનું સાધન ન બની શકે. અદાલતે ૨૧ વર્ષીય યુવતીની છેડતી કરવા અને અશ્લીલ માંગણીઓ કરવાના કેસમાં સંડોવાયેલા ૭૦ વર્ષીય વૃદ્ધ આરોપીની આગોતરા જામીન અરજી ફગાવી દીધી છે.

ન્યાયાધીશ સંજીવ જે. ઠાકર દ્વારા આ અરજી પર સુનાવણી કરવામાં આવી હતી. અરજદારના વકીલે રજૂઆત કરી હતી કે આરોપી ૭૦ વર્ષની વયના વૃદ્ધ અને અશક્ત છે. બંને પરિવારો વચ્ચે અગાઉથી જમીન વિવાદ ચાલી રહ્યો છે અને આ કેસ સંપૂર્ણપણે બનાવટી તથા ખોટી વાર્તા ઊભી કરીને કરવામાં આવ્યો છે. વકીલે એવું પણ જણાવ્યું હતું કે આ ફરિયાદ આરોપીની પત્ની દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદનો વળતો જવાબ છે, કારણ કે ઘટનાના દિવસે ફરિયાદીના પરિવારજનોએ તેમના ઘર પર હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. આ ઉપરાંત આરોપી ઘટનાસ્થળે હાજર ન હોવાનો દાવો પણ કરવામાં આવ્યો હતો. બીજી બાજુ, રાજ્ય સરકાર અને ફરિયાદી પક્ષે અરજીનો સખત વિરોધ કરતા જણાવ્યું હતું કે આરોપીએ અગાઉ પણ યુવતીની છેડતી કરી હતી અને તે બદલ માફી પણ માંગી લીધી હતી. પરંતુ ત્યારબાદ ગત ૩૧ જુલાઈના રોજ જ્યારે યુવતી ઘરમાં એકાંતમાં હતી, ત્યારે આરોપીએ ફરીથી તેની સાથે ગેરવર્તણૂક કરી અશ્લીલ માંગણીઓ કરી હતી. તપાસ દરમિયાન એકત્રિત કરાયેલા પુરાવાઓ અને સાક્ષીઓના નિવેદનો આવા આક્ષેપોને સમર્થન આપે છે. મામલાની ગંભીરતાને ધ્યાનમાં લેતા હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે, તપાસ દરમિયાન સામે આવેલી ઘટનાઓનો ક્રમ અને પુરાવાઓની અવગણના કરી શકાય નહીં. અદાલતે સ્વીકાર્યું કે આરોપીની ૭૦ વર્ષની ઉંમર એક મહત્ત્વનું પરિબળ છે, પરંતુ માત્ર ઉંમરના આધાર પર તપાસમાં પ્રાથમિક દૃષ્ટિએ સાચા જણાતા ગંભીર આરોપોમાં આગોતરા જામીન મંજૂર કરી શકાય નહીં. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે હાલમાં ઉપલબ્ધ સામગ્રી કાયદેસરની તપાસ માટે પૂરતી છે, અને આ કેસમાં કોઈ અંતિમ અભિનય વ્યક્ત કર્યા વગર અદાલતે આરોપીની આગોતરા જામીન અરજી રદ કરી દીધી છે.

# અડાજણના વેપારી સાથે મિલકતના નામે રૂા.૪૯ લાખની ઠગાઈ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૬

સુરત શહેરના અડાજણ રોડ વિસ્તારમાં રહેતા વેપારી પાસેથી પાંચ જણાએ ૪૯ લાખ ઉછીના લઈ તેની સામે સિક્યુરિટી પેટે સાટાખત કરી આપેલ કતારગામની મિલ્કત બારોબાર અન્ય પાર્ટીને વેચાણ કરી મિલ્કતનો કબજા નહિ આપી કે પૈસા પરત નહીં આપી છેતરપિંડી કરનાર પાંચ ટોળકી સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર, અડાજણ એલ.પી.સવાણી રોડ, કેપીટલ સ્ટેટસ ખાતે રહેતા અને વેપાર ધંધા સાથે સંકળાયેલા ૩૯ વર્ષિય ધર્મેશભાઈ વિઠ્ઠલભાઈ ધામેલીયા પાસેથી ઓક્ટોબર મહિનામાં નિસાર અહમદ અબ્દુલ રહીમ શેખ, વિશાલ ભરત અખાડે, કુણાલ વસંત શેઠ (રહે. પારસ સોસાયટી કતારગામ), મો.ઈમરાન નઝીર અહેમદ કુરેશી અને અરબારા નિશાર અહમદ શેખએ ધંધા માટે રૂપિયા ૪૯ લાખ ઉછીના લીધા હતા. જેની સામે ટોળકીએ સિક્યુરિટી પેટે ધર્મેશભાઈને કતારગામ વિશ્રામનગર સોસાયટીમાં આવેલ મિલ્કતના સાટાખત કરી આપ્યા હતા. ધર્મેશભાઈએ ત્રણ મહિના પછી સાટાખત રદ કરવાનું કહેતા આરોપીઓ ગલ્લાતલ્લા કરવા લાગ્યા હતા. આરોપીઓએ મિલ્કતનો કબજા વગરના સાટાખત આધારે વેચાણ કયો છે હોવાનું જાણતા હોવા છતાંયે મિલ્કતનો દસ્તાવેજ કરી આપવો નહીં પડે તે માટે જાણી જોઈને અરબાઝ નિશારને દસ્તાવેજ કરી આપ્યો હતો અને ધર્મેશભાઈને તેમના પૈસા પરત નહી આપી કે મિલ્કતનો દસ્તાવેજ કરી નહી આપી છેતરપિંડી કરી હતી. બનાવ અંગે ચોકબજાર પોલીસે ધર્મેશભાઈની ફરિયાદને આધારે ટોળકી સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# સચિનમાં સ્ક્રેપના વેપારીને સુપરવાઈઝરે રૂા. ૬૪.૩૬ લાખનો ચૂનો ચોપડ્યો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૬

સુરતના સચિનના હોજીવાલા રોડ ખાતે આવેલી કુંવર એન્ટરપ્રાઈઝ નામની ફર્મના નામે સ્ક્રેપનો ધંધો કરતા વેપારીને તેના સુપરવાઈઝરે ૬૪.૩૬ લાખનો ચુનો ચોપડ્યો છે.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર, ડિંડોલી કરાડવા રોડ, સાંઈવિલા રેસીડેન્સીમાં રહેતા ૩૭ વર્ષિય વિકાસ કુંવરબહાદુર સીંગ સચીનના હોજીવાલા રોડ નં.૬ પર ખાતે કુંવર એન્ટરપ્રાઈઝ ફર્મના નામથી સ્ક્રેપનો ધંધો કરે છે. તેમની કંપનીમાં સુપરવાઈઝર તરીકે ચંદ્રપ્રતાપસિંગ ઉર્ફે સાનું દધીચ સિંગ (રહે. સ્કાય એવન્યુ, ડિંડોલી) સુપરવાઈઝર તરીકે નોકરી કરતો હતો. શરૂઆતમાં વિકાસભાઈનો વિશ્વાસ કેળવ્યા બાદ ચંદ્રપ્રતાપસિંગએ ગત ૧લી જાન્યુઆરી ૨૦૨૪થી ૩૧ ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન પરિવારના સભ્યો સાથે મળી સ્ક્રેપ-વેસ્ટના પુઠ્ઠાના જથ્થાનું વજન કરી તેની સ્લીપ-રસીદ બનાવી હતી. અલગ-અલગ પાર્ટીઓના નામે મેન્યુઅલી ખોટી અને બનાવટી કાંટા સ્લીપો તૈયાર કરી વાસ્તવિક માલ કરતાં રેકર્ડ પર વધુ સ્ટોક દર્શાવવામાં આવ્યો હતો. ત્યારબાદ આ બનાવટી રેકર્ડના આધારે ફર્મના કરન્ટ એકાઉન્ટમાંથી તેમની પત્ની, પિતા દધીચસિંગ અને નંદનીસીંગ હરિકેશસીંગ (રહે. નાસીક, મહારાષ્ટ્ર)ના બેંક ખાતાઓમાં ટુકડે-ટુકડે કરી કુલ રૂપિયા ૬૪,૩૬,૫૨૯ ટ્રાન્સફર કરી અંગત ઉપયોગમાં લીધા હતા. આ ઉપરાતં ચંદ્રપ્રતાપસિંગએ શેઠ વિકાસને ખબર ન પડે તે માટે ફર્મના હિસાબી રેકર્ડનો નાશ કર્યો હતો. બનાવ અંગે સચીન પોલીસે વિકાસ કુંવરની ફરિયાદને આધારે સુપરવાઈઝર ચંદ્રપ્રતાપસિંગ ઉર્ફે સાનું સહિત ચારેય સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

### ૩ ગંભીર ઈજાગ્રસ્ત નડિયાદ સિવિલમાં રિફર

# કઠલાલમાં હડકાયા શ્વાનનો આતંક, ૧૫ લોકોને બચકાં ભર્યા

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૬

કઠલાલ શહેરમાં હડકાયા શ્વાનના હુમલાની એક પછી એક ઘટનાઓ સામે આવતાં ફફડાટ ફેલાયો હતો. શહેરના અલગ-અલગ વિસ્તારોમાં શ્વાને ૧૫ જેટલા લોકોને બચકાં ભરતાં તમામને સારવાર માટે કઠલાલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડાયા હતા. જેમાંથી ગંભીર ઈજાઓ ધરાવતા ૩ દર્દીઓને વધુ સારવાર માટે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં રીફર કરાયા હોવાનું જાણવા મળ્યુ છે. સૂત્રોથી મળતી માહિતી મુજબ કઠલાલ શહેરમાં ગઈકાલે બપોરે આશરે ૪ વાગ્યાના અરસામાં હડકાયા થયેલ એક શ્વાને અચાનક લોકોને નિશાન બનાવવાનું શરૂ કર્યું હતું. ઈજાગ્રસ્તોના જણાવ્યા મુજબ હુમલાની શરૂઆત હિમ્મતપુરા વિસ્તારમાંથી થઈ હતી અને ત્યારબાદ શ્વાને શહેરના અન્ય વિસ્તારોમાં પણ લોકોને કરડ્યા હતા. લોકો પોતાના કામકાજ અર્થે બહાર હતા અથવા ઘરની બહાર હાજર હતા ત્યારે શ્વાન અચાનક પાછળથી આવીને હુમલો કરતો હોવાનું ઈજાગ્રસ્તોએ જણાવ્યું હતું. આ ઘટનામાં ૧૫ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું સામે આવ્યું છે.એક ઈજાગ્રસ્તે જણાવ્યું હતું કે શ્વાને મોઢાના ભાગે બચકું ભર્યા બાદ લાંબા સમય સુધી છોડ્યું નહોતું. અન્ય લોકોને પણ શરીરના અલગ-અલગ ભાગે ઈજાઓ થઈ હતી. સામૂહિક આરોગ્ય કેન્દ્રના તબીબો દ્વારા તાત્કાલિક સારવાર શરૂ કરી ૧૭થી ૧૮ ઈજાગ્રસ્તોની યાદી તૈયાર કરવામાં આવી હતી. તમામને જરૂરી તબીબી સારવાર સાથે એન્ટી-રેબીઝ વેક્સિન (ARV) અને ટીટેનસ (TT)ના ઈન્જેક્શન આપવામાં આવ્યા હતા. તેમાંથી ૩ દર્દીઓની ઈજાઓ ગંભીર અને નાજુક જણાતાં તેમને વધુ તથા વિશેષ સારવાર માટે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા.

# 'પુરાવા વિનાનું ચારિત્ર્ય હનન' : દિશા સાલિયાન કેસ પર આદિત્ય ઠાકરેએ મૌન તોડ્યું

## ૬ વર્ષથી થઈ રહેલા પાયાવિહોણા આરોપો સામે શિવસેના (UBT) નેતાએ કરી સ્પષ્ટતા; કહ્યું- મેં દિશાને ક્યારેય જોઈ કે મળી પણ નથી

(એજન્સી) મુંબઈ, તા.૧૬

દિવંગત દિશા સાલિયાનના મૃત્યુ કેસમાં પોતાનું નામ સતત ઘસડાતા શિવસેના (UBT)ના નેતા આદિત્ય ઠાકરેએ બુધવારે મૌન તોડ્યું છે. તેમણે આ તમામ દાવાઓને ફગાવતા સ્પષ્ટ કર્યું હતું કે, તેઓ દિશા સાલિયાનને ક્યારેય મળ્યા પણ નથી કે તેમને ઓળખતા પણ નથી. આ કેસમાં છેલ્લા છ વર્ષથી કોઈ પણ પુરાવા વગર તેમનું નામ જોડીને રાજકીય સ્વાર્થ માટે તેમનું ચારિત્ર્ય હનન કરવાનું એક 'સુનિયોજિત અને સતત સ્મીયર કેમ્પેઈન' (બદનામીનું અભિયાન) ચલાવવામાં આવી રહ્યું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટ શેર કરતા આદિત્ય ઠાકરેએ જણાવ્યું હતું કે, 'અફવાઓથી દૂર રહીને આપણે સત્ય સમજવાની જરૂર છે. મેં દિશા સાલિયાનને ક્યારેય જોઈ કે મળી નથી.' તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ટીવી ચેનલોની મોટેથી થતી ચર્ચાઓ અને મીડિયા ટ્રાયલ સત્ય બદલી શકતી નથી. હાઈકોર્ટના આદેશ બાદ હવે સીબીઆઈ (CBI) દ્વારા થઈ રહેલી તપાસને કોઈ પણ રાજકીય અને દ્વેષપૂર્ણ વિક્ષેપ વગર આગળ વધવા દેવી જોઈએ. આ સ્પષ્ટતા એવા સમયે આવી છે જ્યારે એક દિવસ પહેલા જ દિશા સાલિયાનના પિતા સતીશ સાલિયાને મીડિયા સામે દાવો કર્યો હતો કે, તેમણે CBI સમક્ષ આદિત્ય ઠાકરે, બોલિવૂડ કલાકારો દિનો મોરિયા, સૂરજ પંચોલી અને કેટલાક પોલીસ અધિકારીઓના નામ આપ્યા છે. દિશાના પિતાની ફરિયાદના આધારે મુંબઈ હાઈકોર્ટના આદેશ પછી CBI દ્વારા આ કેસમાં નવી એફઆઈઆર (FIR) નોંધવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ૮ જૂન ૨૦૨૦ના રોજ દિશા સાલિયાનનું મૃત્યુ થયું હતું, જેને અગાઉની તપાસમાં અકસ્માતે થયેલું મૃત્યુ ગણાવીને કોઈ ષડયંત્ર ન હોવાનું તારણ કાઢવામાં આવ્યું હતું. સીબીઆઈએ સ્પષ્ટ કર્યું છે કે, FIRમાં નામ દાખલ થવાનો અર્થ એ નથી કે તે તમામ વ્યક્તિઓ આરોપી છે. હાઈકોર્ટના નિર્દેશ મુજબ જ્યાં સુધી તપાસ અધિકારીને કોઈ મજબૂત શંકાસ્પદ પુરાવા ન મળે ત્યાં સુધી કોઈને આરોપી માનવામાં આવશે નહીં. બીજી તરફ આદિત્ય ઠાકરેએ ભારપૂર્વક કહ્યું છે કે, આવા રાજકીય હુમલાઓથી તેઓ ડરશે નહીં અને સત્ય માટે લડતા રહેશે.

# વિદેશીઓને મકાન ભાડે આપતા મકાનમાલિકોએ પોલીસને જાણ કરવી અને વિગતોની ચકાસણી કરવી ફરજિયાત : કર્ણાટક હાઈકોર્ટનો આદેશ

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૧૬

નશીલા પદાર્થોના નેટવર્ક સાથે જોડાયેલા વિદેશી નાગરિકો દ્વારા વિઝાની મુદત પૂર્ણ થયા પછી પણ ભારતમાં રહેવાની બાબતને દેશ સામેનું 'પરોક્ષ યુદ્ધ' ગણાવતા કર્ણાટક હાઈકોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે તમામ મકાનમાલિકોને આદેશ આપ્યો છે કે, જો તેઓ કોઈ પણ વિદેશી નાગરિકને પોતાનું મકાન ભાડે આપે છે, તો સ્થાનિક પોલીસને તેમની ઉપસ્થિતિ અંગે તરત જાણ કરવાની રહેશે. આ ઉપરાંત હાઈકોર્ટે મકાનમાલિકોને સ્પષ્ટ સૂચના આપી છે કે તેમણે ભાડૂઆત તરીકે રહેતા વિદેશી નાગરિકોના પાસપોર્ટની નકલ, વિઝાની સમયમર્યાદા તેમજ બેંગ્લુરૂમાં તેમની કોલેજ અથવા કામના સ્થળની સંપૂર્ણ માહિતી અને દસ્તાવેજો એકત્ર કરવાના રહેશે. જસ્ટિસ વી. શ્રીશાનંદની સિંગલ બેન્ચે બેંગ્લુરૂના મકાનમાલિક અશ્વથનારાયણ રેડ્ડી સામે હેન્નુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIR રદ કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો. આ મકાનમાલિકે કોંગો, સુદાન અને કેમેરૂનના ૧૨ વિદેશી નાગરિકોને પોતાના મકાનો ભાડે આપ્યા હતા, જેમના વિઝાની મુદત પૂર્ણ થઈ ચૂકી હતી. કોર્ટે અવલોકન કર્યું હતું કે, દેશની આંતરિક સુરક્ષાને જોખમમાં મુકતી બાબતોમાં હાઈકોર્ટ કોઈ હસ્તક્ષેપ કરશે નહીં. ચુકાદા દરમિયાન જસ્ટિસ શ્રીશાનંદે નોંધ્યું હતું કે, અન્ય વિદેશી દેશોમાં કડક નિયમો હોય છે અને વિઝા પૂર્ણ થયા પછી કોઈ એક દિવસ પણ રહી શકતું નથી પરંતુ

**વિઝા પૂરા થયા પછી પણ વિદેશીઓનું રહેવું દેશ વિરૂદ્ધ પરોક્ષ યુદ્ધ સમાન; હાઈકોર્ટે બેંગ્લુરૂના મકાનમાલિક સામેની FIR રદ કરવાનો અસ્વીકાર કર્યો**

ભારતમાં વિઝાની મુદત પૂરી થયા પછી પણ રહેવા અંગે યોગ્ય નિયમનનો અભાવ જોવા મળે છે. ઘણા વિદેશીઓ સ્ટુડન્ટ વિઝા પર ભારત આવે છે અને વિઝા પૂરા થયા પછી પણ પાછા ફરતા નથી. વધુ ભાડું મેળવવાની લાલચમાં મકાનમાલિકો પણ મૌન રહે છે, જે અત્યંત ખોટું છે. કોર્ટે વધુમાં ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આવા મોટા ભાગના વિદેશીઓ ૨૦થી ૩૦ વર્ષની વયજૂથના હોય છે અને વિદ્યાર્થીના બહાના હેઠળ દેશના યુવાનોને બરબાદ કરવાનું કામ કરે છે. તેમાંના મોટાભાગના લોકો ડ્રગ્સ પેડલિંગ (નશીલા પદાર્થોના કાળા કારોબાર)માં સામેલ હોય છે, જેના કારણે શાળાના નાના બાળકો પણ નશાની લતમાં ફસાઈ રહ્યા છે. ભારતમાં વિશ્વના સૌથી વધુ યુવાનો છે, ત્યારે ડ્રગ્સ સપ્લાયરો દેશ સામે પરોક્ષ યુદ્ધ છેડી રહ્યા છે અને પોતાના યુવાનોનું રક્ષણ કરવું એ આપણી પ્રાથમિક જવાબદારી છે. હાઈકોર્ટે પોલીસને આ કેસમાં અરજદાર મકાનમાલિક અને તેના વિદેશી ભાડૂઆતો અંગેની સંપૂર્ણ તપાસ કરી સરકારી વકીલને કડક રિપોર્ટ સોંપવા આદેશ આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, આવી બાબતોમાં હવેથી તમામ જવાબદારી મિલકત માલિકોની જ રહેશે.

# અરૂણાચલ પ્રદેશ : CBIએ કથિત FCRA ઉલ્લંઘન બદલ સામાજિક કાર્યકર્તા સામે કેસ દાખલ કર્યો

## અરૂણાચલ પ્રદેશમાં સિયાંગ નદી પર પ્રસ્તાવિત ૧૨,૫૦૦ MW સિયાંગ અપર મલ્ટીપર્પઝ પ્રોજેક્ટ (SUMP) સામે ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોમાં સામાજિક કાર્યકર્તા ભાનુ તાતક એક અગ્રણી વ્યક્તિ છે. CBIએ હવે આરોપ લગાવ્યો છે કે, તાતકને તેમના સંશોધન પ્રોજેક્ટ્સ માટે વિવિધ વિદેશી સંસ્થાઓ અને વ્યક્તિઓ પાસેથી સીધા તેમના વ્યક્તિગત બચત ખાતામાં રૂા.૧૭.૬ લાખથી વધુ રકમ મળી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)એ અરૂણાચલ પ્રદેશના વકીલ અને સામાજિક કાર્યકર્તા ભાનુ તટક સામે કથિત રીતે વિદેશી ભંડોળ મેળવવા બદલ કેસ દાખલ કર્યો છે. એવો આરોપ છે કે, તેમણે ફરજિયાત નોંધણી પ્રમાણપત્ર મેળવ્યા વિના સંશોધન પ્રોજેક્ટ્સ માટે વિદેશી ભંડોળ મેળવ્યું હતું, જે ફોરેન કોન્ટ્રીબ્યુશન (રેગ્યુલેશન) એક્ટ (FCRA)નું ઉલ્લંઘન છે.

સિયાંગ ઈન્ડિજેન્સિયસ ફાર્મર્સ ફોરમ (SIFF)ના કાનૂની સલાહકાર અને નાગરિક સમાજ સંગઠન દિબાંગ રેઝિસ્ટન્સના સંયોજક, તાટક, અરૂણાચલ પ્રદેશમાં સિયાંગ નદી પર પ્રસ્તાવિત ૧૨,૫૦૦ મેગાવોટના સિયાંગ અપર મલ્ટીપર્પઝ પ્રોજેક્ટ (SUMP) સામે ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોમાં એક અગ્રણી વ્યક્તિ છે. તેમણે દિબાંગ નદી પર પ્રસ્તાવિત ૨,૮૮૦ મેગાવોટના પાવર પ્રોજેક્ટ સામે પણ વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કર્યું છે.

રાજ્ય અને કેન્દ્ર સરકારો ૧૨,૦૦૦ મેગાવોટના સિયાંગ અપર મલ્ટીપર્પઝ પ્રોજેક્ટ (SUMP) માટે દબાણ કરી રહી છે, પરંતુ સ્થાનિક સમુદાયો અને SIFFએ વારંવાર તેનો વિરોધ કર્યો છે.

સ્ક્રોલના અહેવાલ મુજબ, CBI FIRમાં જણાવાયું છે કે, તાટકને ૨૦૨૨ અને ૨૦૨૫ વચ્ચે તેમના સંશોધન પ્રોજેક્ટ્સ માટે 'વિવિધ વિદેશી સંસ્થાઓ અને વ્યક્તિઓ' પાસેથી સીધા તેમના વ્યક્તિગત બચત બેંક ખાતામાં રૂા.૧૭.૬ લાખથી વધુ રકમ પ્રાપ્ત થઈ હોવાનું કહેવાય છે.

આ વિદેશી સંગઠનોમાં ફિલિપાઈન્સ સ્થિત એશિયા ઈન્ડિજેન્સિયસ પીપલ્સ નેટવર્ક ઓન એક્સટ્રેક્ટિવ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એનર્જી અને ઈન્ડિજેન્સિયસ પીપલ્સ રાઈટ્સ ઈન્ટરનેશનલ, આયર્લેન્ડ સ્થિત ફ્રન્ટ લાઈન અને યુનાઈટેડ કિંગડમ સ્થિત હ્યુમન રાઈટ્સ રિસોર્સ સેન્ટરનો સમાવેશ થતો હોવાનું કહેવાય છે.

સીબીઆઈએ એવો પણ દાવો કર્યો હતો કે, તાટક ક્યારેય આવકવેરા રિટર્ન ફાઈલ કરતા નથી અને તેમને કથિત રીતે મળેલા વિદેશી ભંડોળનો કોઈ સત્તાવાર રેકોર્ડમાં ઉલ્લેખ નથી. વધુમાં, અહેવાલ મુજબ, સીબીઆઈએ આરોપ લગાવ્યો હતો કે, આ ભંડોળનો ઉપયોગ અરૂણાચલ પ્રદેશમાં 'બંધ વિરોધી વિરોધ પ્રદર્શનોનું આયોજન કરવા અને તેને ટકાવી રાખવા' માટે થઈ રહ્યો હતો, 'જે દેશના આર્થિક અને વ્યૂહાત્મક હિતોને પ્રતિકૂળ અસર કરી રહ્યા હતા.'

સિયાંગ જિલ્લાના ગ્રામજનો ૨૦૨૪થી SUMP અને પ્રોજેક્ટને અમલમાં મૂકવા માટે પ્રદેશમાં સશસ્ત્ર દળોની તૈનાતી સામે વિરોધ કરી રહ્યા છે. ગયા વર્ષે મે મહિનામાં ધરણા દરમિયાન, વિરોધીઓએ લશ્કરને ગામમાં પ્રવેશતા અટકાવવા માટે એક લટકતો પુલ પણ બાળી નાખ્યો હતો.

સ્થાનિક સમુદાયોની માંગણીઓ સતત સ્પષ્ટ રહી છેઃ તેઓ પ્રદેશમાં બંધ ઈચ્છતા નથી. આના ઘણા કારણો છે, જેમાંથી સૌથી મુખ્ય એ છે કે બંધ ઘરો, ગામડાઓ અને ખેતીની જમીનને ડૂબી જશે-જે તેમના અસ્તિત્વ માટે ગંભીર ખતરો છે.

ડિસેમ્બર ૨૦૨૪માં થયેલા વિરોધ પ્રદર્શનો દરમિયાન, તાટકએ ધ વાયરને જણાવ્યું હતું કે, સ્થાનિક સમુદાયોની સંમતિ વિરૂદ્ધ, ડેમ પ્રોજેક્ટના પૂર્વ-શક્યતા અહેવાલ માટે રાજ્ય સરકાર અને અધિકારીઓ દ્વારા કરવામાં આવી રહેલ સર્વે 'ગેરબંધારણીય અને અનૈતિક' હતો.

સપ્ટેમ્બર ૨૦૨૫માં દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય હવાઈમથકના ઈમિગ્રેશન અધિકારીઓએ તાટકને આયર્લેન્ડની ફ્લાઈટમાં ચઢતા અટકાવ્યા હતા. આ કાર્યવાહી અરૂણાચલ પ્રદેશ પોલીસે તેમના વિરૂદ્ધ જારી કરેલા લુકઆઉટ સર્ક્યુલર (LOC)ના આધારે કરવામાં આવી હતી. ત્યારબાદ તેમને ડબલિન સિટી યુનિવર્સિટીમાં ત્રણ મહિનાના શૈક્ષણિક કાર્યક્રમમાં હાજરી આપવાનું હતું. તે સમયે કાર્યકર્તાએ જણાવ્યું હતું કે, તેમના પર 'ખોટા આરોપ મૂકવામાં આવ્યા હતા અને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા.'

બાદમાં તેમને મુક્ત કરવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં, તાટક ડબલિનની ફ્લાઈટ ચૂકી ગયા હતા.

સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે મુસાફરી પ્રતિબંધને 'વહીવટી સત્તાના મનસ્વી દુરૂપયોગ'ના ભાગરૂપે વર્ણવ્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે, ભારતમાં આવી ક્રિયાઓ ધીમે-ધીમે સામાન્ય થઈ રહી છે.

અરૂણાચલ પ્રદેશમાં જળવિદ્યુત પ્રોજેક્ટ્સ સામે ગ્રામજનોના વિરોધને ટેકો આપવા બદલ ઘણા વકીલો અને સામાજિક કાર્યકરોને અગાઉ નિશાન બનાવવામાં આવ્યા છે.

# બંગાળમાં IPS અધિકારી બુશરા બાનોની અચાનક બદલી પછી રાજકીય વિવાદ શા માટે ?

(એજન્સી) તા.૧૬



એક મુસ્લિમ IPS અધિકારીની અચાનક બદલીએ બંગાળમાં રાજકીય વિવાદ ઊભો કર્યો છે. ૨૦૨૧ બેચના IPS અધિકારી બુશરા બાનોની સોમવારે બદલી કરવામાં આવી હતી; આ પગલું એક દક્ષિણપંથી જૂથ દ્વારા તેમના તે યુટ્યુબ વીડિયો પર વાંધો ઉઠાવ્યાના એક દિવસ

## વિદ્યાર્થીઓને સંબોધતા એક વીડિયોમાં ઈસ્લામિક અભિવાદનનો ઉપયોગ કરવા બદલ એક દક્ષિણપંથી જૂથે વાંધો ઉઠાવ્યાના થોડા દિવસો બાદ જ પશ્ચિમ બંગાળના IPS અધિકારી બુશરા બાનોની અચાનક બદલીએ રાજકીય વિવાદ જગાવ્યો છે, ૨૦૨૧ બેચના IPS અધિકારી બુશરા બાનો મૂળ ઉત્તરપ્રદેશના કન્નોજના રહેવાસી છે

બાદ લેવામાં આવ્યું હતું જેમાં તેમણે વિદ્યાર્થીઓને સિવિલ સર્વિસીસમાં જોડાવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. ટીકાઓનો સામનો કરી રહેલી સરકારે આ પગલાને 'નિયમિત બદલી' ગણાવી છે, જ્યારે વિપક્ષે દાવો કર્યો છે કે, આમાં નફરત અને પૂર્વગ્રહ છે. ખડગપુરમાં એડિશનલ સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (ASP) તરીકે ફરજ બજાવતા બાનોને હવે સ્ટેટ આર્મ્ડ પોલીસની ચોથી બટાલિયનમાં ડેપ્યુટી કમાન્ડન્ટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે બાનોએ તેમની યુટ્યુબ ચેનલ પર એક સામાન્ય લાગતો વીડિયો પોસ્ટ કર્યો, જેમાં તેમણે સઉદી અરેબિયામાં શિક્ષણની નોકરી છોડ્યા બાદ પોતાની IPS બનવાની સફર વિશે વાત કરી હતી. જો કે, આ વીડિયો હવે તેમની ચેનલ પર જોવા મળતો નથી પરંતુ તે સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે.

**બુશરા બાનોને કેમ નિશાન બનાવવામાં આવ્યા છે ? :** વીડિયોમાં IPS અધિકારી 'અસ્સલામુ અલૈકુમ' (તમારા પર શાંતિ હો) કહીને વાતની શરૂઆત કરે છે અને ત્યારબાદ જણાવે છે કે કેવી રીતે તેમણે પીએચડી (PhD) પૂર્ણ કર્યા બાદ ત્રણ દેશોમાંથી પરત ફર્યા પછી સિવિલ સર્વિસીસની તૈયારી કરી. ઉત્તરપ્રદેશના કન્નોજમાં જન્મેલા બાનોએ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી (AMU)માંથી તેમનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. તેમણે UPSCની તૈયારીમાં મદદ કરવા બદલ AMUની રેસિડેન્શિયલ કોચિંગ એકેડેમી (RCA)નો પણ આભાર માન્યો હતો. IPS અધિકારી વીડિયોમાં કહે છે, 'હું આ તમારી સાથે એટલા માટે શેર કરી રહી છું જેથી અન્ય લોકોને પણ તેનો લાભ મળે.' જો કે, 'હિન્દુ લીગલ ફંડ' નામના એક દક્ષિણપંથી સંગઠને IPS અધિકારી દ્વારા ઈસ્લામિક અભિવાદનનો ઉપયોગ કરવા સામે વાંધો ઉઠાવ્યો હતો. બંગાળના ગૃહ સચિવને કરેલી ફરિયાદમાં તેમણે કહ્યું હતું કે, બાનોએ તેમના વીડિયોની શરૂઆત 'અસલામુ અલૈકુમ'થી કરવાને બદલે 'વંદે માતરમ્' અથવા 'જય હિંદ' જેવા શબ્દપ્રયોગો કરવા જોઈતા હતા. તેમને સોશિયલ મીડિયા પર દક્ષિણપંથી એકાઉન્ટ્સ તરફથી પણ ટીકાનો સામનો કરવો પડ્યો હતો, જેમણે તેમના પર 'UPSC જિહાદ'નો આરોપ મૂક્યો હતો. સંગઠને 'X' (ટ્વિટર) પરની એક પોસ્ટમાં કહ્યું, તેમણે 'અસલામુ અલૈકુમ'થી શરૂઆત કરી, 'ઈન્શાઅલ્લાહ' (ઈશ્વરની ઈચ્છા હોય તો) શબ્દનો ઉપયોગ કર્યો અને 'જઝાકલ્લાહ' (ઈશ્વર તમને બદલો આપે) કહીને સમાપન કર્યું - પરંતુ 'વંદે માતરમ્' કે 'જય હિંદ'નો ઉપયોગ કર્યો નહીં. ભારતીય રાજ્યનું પ્રતિનિધિત્વ કરતા અધિકારીએ તટસ્થતા જાળવવી જોઈએ અને જાહેર સંવાદમાં રાષ્ટ્રીય અભિવ્યક્તિઓનો ઉપયોગ કરવો જોઈએ. માટે યોગ્ય સમીક્ષા અને કાર્યવાહીની માંગ કરવામાં આવે છે. ફરિયાદના થોડા દિવસો બાદ જ બાનોની બદલી કરવામાં આવી હતી, જેના કારણે વિપક્ષી નેતાઓ તરફથી ભારે ટીકા થઈ હતી. આ મામલે તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રાએ સુવેન્દુ અધિકારીના નેતૃત્વવાળી સરકાર પર ધાર્મિક પક્ષપાતનો આરોપ મૂક્યો હતો. મોઈત્રાએ ટ્વિટ કર્યું કે, જે દેશના વડાપ્રધાને 'સેંગોલ' અને અર્ધ-નગ્ન સાધુઓ સાથે નવી સંસદનું ઉદ્ઘાટન કર્યું હોય, તે દેશમાં 'અસલામુ અલૈકુમ' અને 'ઈન્શાઅલ્લાહ' કહેવા બદલ મુસ્લિમ IPS અધિકારીની બદલી કરવી હાસ્યાસ્પદ છે. આપણે એવો દેશ બની ગયા છીએ જે પાગલ થઈ ગયો છે અને નફરત તથા કટ્ટરતાના ઝેરમાં ડૂબી ગયો છે. ઈશ્વર ભારતનું રક્ષણ કરે. અન્ય એક પોસ્ટમાં તેમણે ધ્યાન દોર્યું કે કેવી રીતે તે જ ભાજપ સરકારે BRICS સમિટ દરમિયાન ભારત મંડપમમાં નમાઝ પ્રાર્થના માટે અલગ જગ્યાઓ બનાવી હતી. મોઈત્રાએ કહ્યું કે, 'બુશરા, અમે તમારી સાથે છીએ.' ઉલ્લેખનીય છે કે, થોડા અઠવાડિયા પહેલા મોઈત્રાએ આરોપ લગાવ્યો હતો કે, પશ્ચિમ બંગાળમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં યોજાતા સત્તાવાર કાર્યક્રમોમાં મુસ્લિમ અધિકારીઓને બાકાત રાખવામાં આવી રહ્યા છે. કોંગ્રેસના સાંસદ ઈમરાન પ્રતાપગઢીએ IPS એસોસિએશનને આ બાબતની નોંધ લેવા વિનંતી કરી હતી. તેમણે ટ્વિટ કર્યું, 'તેમની પાછળ ઊભા રહેવાને બદલે, રાજ્ય સરકારે બીજા જ દિવસે તેમની બદલી કરી નાખી. મોદીજી, તમે કેવું ભારત બનાવી રહ્યા છો ?' તેલંગાણાના મંત્રી અને પૂર્વ ક્રિકેટર મોહમ્મદ અઝહરૂદ્દીને આ ઘટનાને 'અત્યંત ચિંતાજનક' ગણાવી હતી. તેમણે ટ્વિટ કર્યું, 'જ્યારે અભિવાદન કરવાની રીત જ જાહેર સેવકને નિશાન બનાવવાનું કારણ બની જાય, ત્યારે આપણે પૂછવું જ પડે - આપણે લઘુમતીઓને કેવો સંદેશ આપી રહ્યા છીએ ?' સોશિયલ મીડિયાના અનેક વપરાશકર્તાઓ અને પત્રકારોએ આ ઘટનાની સરખામણી ઉત્તરપ્રદેશના પોલીસ અધિકારી અનુજ ચૌધરીના કિસ્સા સાથે પણ કરી છે. ૨૦૨૫માં સંભલમાં સર્કલ ઓફિસર તરીકે ફરજ બજાવતા ચૌધરીને ફિરોઝાબાદમાં એએસપી (ASP) તરીકે બઢતી આપવામાં આવી હતી.

# UPI વ્યવહારો પર MDR લાદવાના કેન્દ્રના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં PIL

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

સુપ્રીમ કોર્ટમાં એક જનહિત અરજી (PIL) દાખલ કરવામાં આવી છે, જેમાં કેન્દ્ર સરકારના તે તાજેતરના માળખાને પડકારવામાં આવ્યું છે જે રૂા.૨,૦૦૦થી વધુના ચોક્કસ ઊંચા મૂલ્યના યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) વ્યવહારો પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) લાદવાની મંજૂરી આપે છે. અરજીમાં આ પગલાંને મનસ્વી અને ભેદભાવપૂર્ણ ગણાવવામાં આવ્યા છે અને દલીલ કરવામાં આવી છે કે તે પૂરતી કાયદાકીય સુરક્ષા વિના દેશવ્યાપી નાણાકીય બોજ લાદે છે. એડવોકેટ આશુતોષ દુબે મારફત એડવોકેટ અંજન દત્તા દ્વારા દાખલ કરવામાં આવેલી આ અરજીમાં 'પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ, ૨૦૦૭'ની કલમ ૧૦A હેઠળ ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પ્રકાશિત ગેઝેટ નોટિફિકેશન તેમજ રૂા.૨,૦૦૦થી વધુના ચોક્કસ 'પર્સન-ટુ-મર્ચન્ટ' (P2M) UPI વ્યવહારો પર MDR લાદવા માટે ૧૫ સપ્ટેમ્બરના રોજ જાહેર કરાયેલા માળખાને પડકારવામાં આવ્યું છે. અરજી અનુસાર, નવું માળખું રૂા.૨,૦૦૦થી વધુના P2M UPI વ્યવહારો પર ૦.૪ ટકા MDR પ્રસ્તાવિત કરે છે, જેમાં રૂા.૭૫,૦૦૦ અને તેથી વધુના વ્યવહારો માટે રૂા.૩૦૦ની મહત્તમ મર્યાદા (કેપ) નક્કી કરવામાં આવી છે અને અમુક ક્ષેત્રો માટે અલગ દરો રાખવામાં આવ્યા છે. અરજીમાં જણાવાયું છે કે, 'આ પડકાર સુરક્ષિત અને મજબૂત પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જાળવવાના કાયદેસરના ઉદ્દેશ્ય સામે નથી. તે એ પદ્ધતિ સામે છે જેના દ્વારા દેશવ્યાપી ફરજિયાત પેમેન્ટનો બોજ ઊભો કરવામાં આવ્યો છે, તેનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે અને તેનું વિતરણ કરવામાં આવ્યું છે અને આ બધું સંપૂર્ણ કાર્યકારી દસ્તાવેજ, કાયદાકીય સ્ત્રોત, અંતર્ગત ખર્ચ અભ્યાસ, બેઠકની કાર્યવાહીની વિગતો (minutes), કાર્યપદ્ધતિ, સુરક્ષાત્મક જોગવાઈઓ અથવા અમલી બનાવી શકાય તેવી 'એન્ટી-પાસ-થ્રુ' (ગ્રાહક પર બોજ ન નાખવાની) વ્યવસ્થા જાહેર કર્યા વિના કરવામાં આવ્યું છે.' અરજદારે દાવો કર્યો છે કે ૧૫ ઓક્ટોબરથી અમલમાં આવનારૂં આ માળખું વિવિધ મર્યાદાઓ (thresholds) અને શ્રેણીઓ બનાવે છે, પરંતુ તેની પાછળના વાસ્તવિક આધાર કે સિદ્ધાંતો જાહેર કરતું નથી. અરજીમાં કહેવામાં આવ્યું છે કે, 'રૂા.૨,૦૦૦ની વ્યવહાર મર્યાદા, રૂા.૧ લાખની માસિક આવકનું વર્ગીકરણ, ક્ષેત્ર-આધારિત અલગ દરો અને રૂા.૭૫,૦૦૦ની મહત્તમ મર્યાદા - આ તમામ બાબતો જાહેર ક્ષેત્રમાં ઉપલબ્ધ ડેટા અથવા નિર્ધારિક સિદ્ધાંતો દ્વારા સમર્થિત નથી.' અરજીમાં વધુમાં દાવો કરવામાં આવ્યો છે કે, રૂા.૨,૦૦૧ના વ્યવહાર પર ટકાવારી મુજબનો ચાર્જ લાગશે જ્યારે રૂા.૨,૦૦૦ના વ્યવહાર પર નહીં લાગે; આવી સ્થિતિને 'ક્લિફ્સ' (અચાનક આવતા મોટા તફાવત) તરીકે વર્ણવતા કહેવાયું છે કે તે વ્યવહારની રીતને વિકૃત કરી શકે છે અને સમાન સ્થિતિ ધરાવતા વેપારીઓ વચ્ચે અસમાન વ્યવહાર ઊભો કરી શકે છે. આ અરજીમાં વિગતવાર MDR (મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ) માળખું જે રીતે દાખલ કરવામાં આવ્યું છે તેની રીતભાત પર પણ સવાલ ઉઠાવવામાં આવ્યા છે. તેમાં દલીલ કરવામાં આવી છે કે સ્પષ્ટ કાયદાકીય ધોરણો, જાહેર પ્રકાશન અને નિયમનકારી દેખરેખ વિના દરો નક્કી કરવા અને વર્ગીકરણ કરવા જેવા મહત્ત્વપૂર્ણ નિર્ણયો કોઈ બિન-સંગઠિત સ્ટીયરિંગ સમિતિને સોંપી શકાય નહીં. અરજીમાં જણાવાયું છે કે, 'સ્પષ્ટ કાયદાકીય નીતિ, ધોરણો, જાહેર પ્રકાશન અને નિયમનકારી દેખરેખ વિના દરો નક્કી કરવા અને વર્ગીકરણ કરવાના મહત્ત્વપૂર્ણ નિર્ણયો અન્યને સોંપી શકાતા નથી.'

અરજદારે આ નિર્ણયને લગતા સંપૂર્ણ રેકોર્ડની રજૂઆતની માંગ કરી છે, જેમાં કાયદાકીય આધાર, 'UPI અને સેવાઓ અંગેની સ્ટીયરિંગ સમિતિ'ની રચના અને સત્તા, તેના નિર્ણયો અને બેઠકની કાર્યવાહીની વિગતો (minutes), તેમજ દરો નક્કી કરવા અને ખાનગી ઈકોસિસ્ટમ સહભાગીઓ વચ્ચે MDRની વહેંચણી કરવા માટેના કાયદાકીય આધારનો સમાવેશ થાય છે.

# UPI પેમેન્ટ્સ પર MDR : શું ભારત ફરી રોકડ વ્યવહારો તરફ વળશે ?

## ૧૫ ઓક્ટોબરથી વેપારીઓએ બેંકોને ટ્રાન્ઝેક્શન (વ્યવહાર)ની રકમના ૦.૪ ટકા જેટલી રકમ ચૂકવવી પડશે

(એજન્સી) તા.૧૬

વેપારીઓ માટે યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) વ્યવહારો પર 'મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ' (MDR) લાગુ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને કારણે ફરીથી રોકડ વ્યવહારો તરફ વળવાની ચિંતાઓ ઊભી થઈ છે. નાણાં મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે MDRએ સરકાર કે નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા વસૂલવામાં આવતો કોઈ ટેક્સ કે ચાર્જ નથી. UPI ઈકોસિસ્ટમના સંચાલન અને તેના સતત વિસ્તરણને ટેકો આપવા માટે, બેંકો અને પેમેન્ટ એપ્લિકેશન પ્રદાતાઓ સહિત પેમેન્ટ ઈકોસિસ્ટમના વિવિધ સહભાગીઓ વચ્ચે આ રકમ વહેંચવામાં આવે છે. જોકે UPI દ્વારા ચૂકવણી કરતા ગ્રાહકો પર આ કોઈ ચાર્જ નથી, તેમ છતાં એવી ચિંતા છે કે વેપારીઓ MDRનો બોજ ગ્રાહકો પર નાખી શકે છે. મીડિયા સાથે વાત કરતા, BharatPeના પૂર્વ CEO અશ્નીર ગ્રોવરે કહ્યું કે UPI પર MDR દાખલ થવાને કારણે લોકો ફરીથી રોકડ વ્યવહારો તરફ વળવાનું શરૂ કરી શકે છે. તેમણે એવી ચિંતા પણ વ્યક્ત કરી હતી કે વેપારીઓ UPI પેમેન્ટના કિસ્સામાં ગ્રાહકો પાસે વધારાની રકમની માંગણી કરી શકે છે, જેનાથી ગ્રાહકો કાં તો રોકડ વ્યવહાર તરફ વળવા મજબૂર થશે અથવા વધારાનો બોજ સહન કરવો પડશે. તેમના મતે, UPI હંમેશા મફત રહેવું જોઈએ, કારણ કે તેના પર MDR લાગુ કરવાથી રોકડના ઉપયોગમાં વધારો થવાની શક્યતા છે, જેના પરિણામે બેંક ATM ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર બોજ વધશે. ૧૫ ઓક્ટોબરથી વેપારીઓએ બેંકોને ટ્રાન્ઝેક્શનની રકમના ૦.૪ ટકા જેટલી રકમ ચૂકવવી પડશે. જો કે, આ ચાર્જ માત્ર ૨,૦૦૦ રૂપિયાથી વધુ મૂલ્યના વ્યવહારો પર જ લાગુ થશે. વધુમાં, પ્રતિ વ્યવહાર મહત્તમ MDR ૩૦૦ રૂપિયા હોઈ શકે છે. MDR ચાર્જ 'પર્સન-ટુ-મર્ચન્ટ' (P2M) વ્યવહારો પર લાગુ થશે, પરંતુ 'પર્સન-ટુ-પર્સન' (P2P) વ્યવહારો માટે કોઈ ફી લેવામાં આવશે નહીં. નાના વેપારીઓના હિતોનું રક્ષણ કરવા માટે, સરકારે એવી જોગવાઈ કરી છે કે જેઓ દર મહિને ૧ લાખ રૂપિયા સુધીની રકમ મેળવે છે તેમને P2PM શ્રેણીમાં મૂકવામાં આવશે.

# અલ્હાબાદ હાઈકોર્ટનો ચુકાદો : આયુષ મલિકે સ્વેચ્છાએ ઈસ્લામ અંગીકાર કર્યો હતો

## હાઈકોર્ટે કહ્યું કે, મલિક પુખ્ત વયના છે અને તેઓ પોતાની ઈચ્છા મુજબ નિર્ણય કરવા માટે સ્વતંત્ર છે

(એજન્સી) પ્રયાગરાજ, તા.૧૬



બુધવાર, અલ્હાબાદ હાઈકોર્ટે નોંધ્યું હતું કે, આયુષ મલિકે પોતાની મરજીથી ઈસ્લામ અંગીકાર કર્યો હતો અને પિતાની ઈચ્છા વિરુદ્ધ એક મુસ્લિમ મહિલા સાથે લગ્ન કર્યા હતા. કોર્ટે આ અવલોકન 'હેબિયસ કોર્પસ' (બંદી પ્રત્યક્ષીકરણ) અરજીનો નિકાલ કરતી વખતે કર્યું હતું; આ અરજીમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે ધર્મપરિવર્તન અને લગ્નને કારણે ૩૧ વર્ષીય મલિકને તેમના પિતા દ્વારા ગેરકાયદેસર રીતે અટકાયતમાં રાખવામાં આવ્યા હતા.

હાઈકોર્ટે ૯ સપ્ટેમ્બરના રોજ પિતાને નિર્દેશ આપ્યો હતો કે, તેઓ તેમના પુત્ર (અરજદાર)ને ૧૬ સપ્ટેમ્બરના રોજ કોર્ટ સમક્ષ હાજર કરે. આ આદેશ જસ્ટિસ સંદીપ જૈન દ્વારા આપવામાં આવ્યો હતો, જેઓ મલિક દ્વારા તેમના મિત્ર સુલતાન મારફત દાખલ કરાયેલી હેબિયસ કોર્પસ અરજીની સુનાવણી કરી રહ્યા હતા. અરજીનો નિકાલ કરતી વખતે કોર્ટે કહ્યું કે, મલિક પુખ્ત વયના છે અને તેઓ પોતાની ઈચ્છા મુજબ નિર્ણય કરવા માટે સ્વતંત્ર છે. કોર્ટ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે, મલિકે કોઈપણ પ્રકારના દબાણ, અયોગ્ય પ્રભાવ કે લાલચ વિના, પોતાની સ્વતંત્ર ઈચ્છા અને મરજીથી હિંદુ ધર્મનો ત્યાગ કર્યો અને ઈસ્લામ અંગીકાર કર્યો. અરજી અનુસાર બંને ૨૦૧૮થી એકબીજાને ઓળખતા હતા અને મલિકે ૨૦૨૩માં ધર્મપરિવર્તન કર્યું હતું; ત્યારબાદ પરિવારના વિરોધ છતાં દિલ્હીમાં તેમણે 'નિકાહ' સંપન્ન કર્યા હતા. તેમના પિતા દેવરાજસિંહ મલિકે આરોપ મૂક્યો હતો કે, આ ધર્મપરિવર્તન મહિલાના પરિવારના પ્રભાવનું પરિણામ હતું, જેનો અંતિમ ઉદ્દેશ્ય મલિક પરિવારની સંપત્તિ મેળવવાનો હતો. લગ્ન બાદ તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી, જેના પરિણામે આ વર્ષે ૯ જૂનના રોજ શામલી પોલીસ સ્ટેશનમાં પુત્રની પત્ની ચાંદની કુરેશી અને તેના સંબંધીઓ વિરુદ્ધ 'ઉત્તરપ્રદેશ ગેરકાયદેસર ધર્મપરિવર્તન પ્રતિબંધ અધિનિયમ, ૨૦૨૧' અને 'ભારતીય ન્યાય સંહિતા (BNS)' હેઠળ એફઆઈઆર (FIR) નોંધવામાં આવી હતી. કુરેશી અને તેમના પિતાની આ કાયદા હેઠળ ધરપકડ કરવામાં આવી હતી અને તેઓએ જેલમાં કેટલાક મહિના વિતાવ્યા હતા. અરજદારના વકીલે કોર્ટને જણાવ્યું હતું કે, મલિકને તેના પિતા દ્વારા રાજ્યના સત્તાવાળાઓની મિલીભગતથી ગેરકાયદેસર અટકાયતમાં રાખવામાં આવ્યા હતા; સત્તાવાળાઓએ કથિત રીતે આ કેદમાં મદદ કરી હતી અને તેમને તેમની વ્યક્તિગત સ્વતંત્રતાથી ગેરકાયદેસર રીતે વંચિત રાખ્યા હતા. ૯ સપ્ટેમ્બરના પોતાના આદેશમાં કોર્ટે અવલોકન કર્યું હતું કે, રીટ અરજી સાથે જોડાયેલા દસ્તાવેજોના અભ્યાસ પરથી પ્રથમ દૃષ્ટિએ એવું જણાય છે કે, સંબંધિત વ્યક્તિ (કોર્પસ), આયુષ મલિકે સ્વેચ્છાએ હિંદુ ધર્મનો ત્યાગ કરીને ઈસ્લામ અંગીકાર કર્યો હતો અને ત્યારબાદ તેના પિતાની ઈચ્છા વિરુદ્ધ ચાંદની કુરેશી સાથે લગ્ન કર્યા હતા. કોર્ટે અટકાયતના આરોપ અને તેમાં રાજ્યના સત્તાવાળાઓની સંડોવણીને 'ગંભીર સ્વરૂપની' અને તાત્કાલિક વિચારણાની જરૂરિયાતવાળી બાબત ગણાવી હતી અને તેમને મલિકને કોર્ટ સમક્ષ હાજર કરવાનો નિર્દેશ આપ્યો હતો. કેટલાક અહેવાલોમાં એવું સૂચવવામાં આવ્યું છે કે, મલિક કાયદેસર રીતે હિંદુ ધર્મમાં પાછા ફરવા માંગે છે, જો કે, આ બાબતની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ શકી ન હતી અને કોર્ટના આદેશમાં પણ તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો.

# ઝીરમ ખીણ નક્સલી હુમલામાં ૧૦ દોષિતોને મૃત્યુદંડની સજા; ૨૦૧૩માં છત્તીસગઢના કોંગ્રેસના અગ્રણી નેતાઓ માર્યા ગયા હતા

## છત્તીસગઢના બસ્તરમાં ૨૦૧૩માં થયેલા કુખ્યાત ઝીરમ ખીણ નક્સલી હુમલામાં ૨૯ લોકોનાં હત્યાકાંડના કેસમાં NIAની ખાસ કોર્ટે આ સજા ફટકારી છે. આ હુમલામાં છત્તીસગઢ કોંગ્રેસના લગભગ સમગ્ર નેતૃત્વનો નાશ થયો હતો

(એજન્સી) તા.૧૬

છત્તીસગઢના બસ્તરમાં થયેલા કુખ્યાત ઝીરમ ખીણ નક્સલી હુમલાના તેર વર્ષ પછી કોર્ટે ૧૦ દોષિતોને મૃત્યુદંડની સજા ફટકારી છે. ૨૫મે, ૨૦૧૩ના રોજ કોંગ્રેસના પરિવર્તન યાત્રા કાફલા પર થયેલા ઘાતક માઓવાદી હુમલામાં જગદલપુરની ખાસ રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) કોર્ટે તેમને હત્યા અને ગુનાહિત કાવતરા સહિત અનેક આરોપો હેઠળ દોષિત ઠેરવ્યા હતા, જેમાં અનેક અગ્રણી કોંગ્રેસ નેતાઓ સહિત ૨૯ લોકો માર્યા ગયા હતા.

ઝીરમ ખીણ હુમલો છત્તીસગઢના રાજકીય ઈતિહાસની સૌથી હિંસક ઘટનાઓમાંની એક માનવામાં આવે છે. આ હુમલામાં રાજ્ય કોંગ્રેસના તત્કાલીન પ્રમુખ નંદ કુમાર પટેલ, કોંગ્રેસના વરિષ્ઠ નેતા મહેન્દ્ર કર્મા, પૂર્વ ધારાસભ્ય ઉદય મુદલિયાર અને પૂર્વ કેન્દ્રીય મંત્રી વિદ્યાચરણ શુક્લા સહિત અનેક લોકો માર્યા ગયા હતા. આ હુમલાએ રાજ્ય કોંગ્રેસના ટોચના નેતૃત્વને લગભગ ખતમ કરી દીધું હતું.

૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ખાસ NIA કોર્ટના ન્યાયાધીશ અજય સિંહ રાજપૂતે આ કેસમાં ટ્રાયલનો સામનો કરી રહેલા તમામ ૧૦ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. તે સમયે કોર્ટે ૧૬ સપ્ટેમ્બર માટે સજાની રકમ અંગેનો નિર્ણય અનામત રાખ્યો હતો. બુધવારે કોર્ટે તમામ ૧૦ દોષિતોને મૃત્યુદંડની સજા ફટકારી હતી. આ કેસમાં કુલ ૧૧ આરોપીઓ પર કેસ ચલાવવામાં આવ્યો હતો, જેમાંથી એકનું ટ્રાયલ દરમિયાન મૃત્યુ થયું હતું. આ ઉપરાંત ચાર્જશીટમાં નામ આપવામાં આવેલા ઓછામાં ઓછા ૨૮ અન્ય આરોપીઓ હજુ પણ ફરાર છે અથવા વોન્ટેડ છે. NIA રેકોર્ડ મુજબ આ કેસમાં સેંકડો સુનાવણીઓ થઈ હતી અને તપાસ અને ટ્રાયલ પ્રક્રિયા લાંબા સમય સુધી ચાલી હતી.

કોર્ટે જે ૧૦ દોષિતોને મૃત્યુદંડની સજા ફટકારી છે તેમાં પ્રમિલા મોદીયમ, ચૈતુ લેકમ ઉર્ફે મુન્ના, સુમિતા ઉર્ફે પૂનમ મોદીયમ, મુક્કા માંડવી, કોસા કવાસી ઉર્ફે કોસારામ, આયતા માર્કમ, મડકમ દેવા, જોગા મડકમ, બંજામી સન્ના ઉર્ફે ચામરૂ અને મહાદેવ નાગનો સમાવેશ થાય છે. કોર્ટે આ આરોપીઓને ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) અને અન્ય સંબંધિત કાયદાઓ હેઠળ દોષિત ઠેરવ્યા છે. આ કેસમાં હત્યા અને ગુનાહિત કાવતરા સંબંધિત કલમો મુખ્ય હતી.

૨૫મે, ૨૦૧૩ના રોજ કોંગ્રેસે બસ્તરમાં વિધાનસભા ચૂંટણી પહેલા 'પરિવર્તન યાત્રા' (પરિવર્તન યાત્રા)નું આયોજન કર્યું હતું. યાત્રા પછી કોંગ્રેસના નેતાઓનો કાફલો સુકમાથી જગદલપુર પરત ફરી રહ્યો હતો ત્યારે સશસ્ત્ર માઓવાદીઓએ ઝીરમ ખીણ નજીક કાફલાને ઘેરી લીધો હતો.

# પાકિસ્તાને સાથ છોડતા, હૌથીઓ સામે લડવા સઉદી અરેબિયાએ ઈઝરાયેલ પાસે મદદ માંગી

## યમનના લાલ સમુદ્રના કિનારે હૌથી વિદ્રોહીઓના આક્રમણને કારણે સઉદી અરેબિયા વિકલ્પો શોધવા માટે મથામણ કરી રહ્યું છે, અહેવાલો અનુસાર સઉદીના 'મક્કા એલાયન્સ'ના સાથી દેશ પાકિસ્તાને વિદેશી ધરતી પર લડવાનો ઈન્કાર કર્યો છે, જ્યારે અમેરિકા અને બ્રિટને સીધા હુમલા કરવાની શક્યતા નકારી કાઢી છે, હવે રિયાધે ઈઝરાયેલનો સંપર્ક કર્યો છે

(એજન્સી) તા.૧૬

હૌથી વિદ્રોહીઓએ યમનના લાલ સમુદ્રના કિનારાના મોટા ભાગ અને બાબ-અલ-મંદેબ સ્ટ્રેટ (જલડમરૂમધ્ય) પર કબજો જમાવ્યા બાદ તેલ-સમૃદ્ધ ગલ્ફ દેશ સઉદી અરેબિયા ગંભીર સંકટનો સામનો કરી રહ્યું છે. સઉદીના સાથી દેશો - ખાસ કરીને 'મક્કા કરાર'ના ભાગીદાર પાકિસ્તાન - દ્વારા યમન સંકટમાં હસ્તક્ષેપ કરવાનો ઈન્કાર કરવામાં આવતાં રિયાધે ઈઝરાયેલ તરફ નજર દોડાવી છે; એક એવો દેશ જેને તે સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે માન્યતા પણ આપતું નથી.

તેલ અવીવ સ્થિત દૈનિક સમાચારપત્ર 'ધ જેરૂસલેમ પોસ્ટ'ના અહેવાલ મુજબ ઈઝરાયેલ અને સઉદી અરેબિયા વચ્ચે યુએસ સેન્ટ્રલ કમાન્ડની મધ્યસ્થીથી વાતચીત થઈ હતી. આ વાતચીતનો ઉદ્દેશ્ય ગુપ્તચર માહિતી દ્વારા હૌથી સૈન્ય સામે રિયાધને બચાવમાં મદદ કરવાનો હતો. અખબાર 'ઈઝરાયેલ હાયોમ'એ અહેવાલ આપ્યો છે કે, સઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન (MBS)એ હૌથી આક્રમણ સામે મદદ માટે અન્ય ગલ્ફ દેશો અને ઈજિપ્તને અપીલ કરી હતી.

'હાયોમ'ના જણાવ્યા અનુસાર સઉદી અરેબિયાના વડાપ્રધાન પણ એવા MBSએ યુએસ સેન્ટકોમ મારફતે ઈઝરાયેલનો પરોક્ષ રીતે સંપર્ક કર્યો હતો અને બાબ-અલ-મંદેબ સ્ટ્રેટ સામેના જોખમો અંગે ગુપ્તચર સહાયની વિનંતી કરી હતી. સઉદી અરેબિયા ઈઝરાયેલને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે માન્યતા આપતું નથી અને જેરૂસલેમ સાથે રાજદ્વારી સંબંધો પણ ધરાવતું નથી. તેમ છતાં ઈઝરાયેલ



સાથેનો તેનો સંપર્ક યમનમાં રિયાધ જે સંકટનો સામનો કરી રહ્યું છે તેની ગંભીરતા દર્શાવે છે. રિયાધની અપીલો પર મોટાભાગે કોઈએ ધ્યાન આપ્યું નથી. અમેરિકા અને બ્રિટને યમનમાં 'અંસાર અલ્લાહ' વિદ્રોહીઓ પર સીધા હુમલા કરવાની શક્યતા નકારી કાઢી છે અને તેના બદલે અનુક્રમે ગુપ્તચર સહાય અને લશ્કરી સલાહકારો પૂરા પાડવાની ઓફર કરી છે. વધુ મહત્ત્વની વાત એ છે કે, સઉદી અરેબિયા અને તુર્કી સાથે મક્કા સંરક્ષણ જોડાણનો ભાગ રહેલા પાકિસ્તાને યમનમાં હૌથીઓ સામે લડવા માટે પાકિસ્તાની સંપત્તિ તૈનાત કરવાનો ઈન્કાર કર્યો છે. ઈસ્લામાબાદે સ્પષ્ટ કર્યું છે કે, તેના દળોને સઉદી ક્ષેત્રના રક્ષણ માટે તૈનાત કરી શકાય છે. સઉદી ઊર્જા માળખા પર ડ્રોન અને મિસાઈલ છોડ્યાના અઠવાડિયા પછી અંસાર અલ્લાહના આતંકવાદીઓએ ગયા અઠવાડિયે યમનમાં હુમલો શરૂ કર્યો અને સઉદી સમર્થિત રાષ્ટ્રીય પ્રતિકાર મોરચાના તમામ વિરોધને દૂર કરી દીધો છે.

જમીન બિનખેતી (એન.એ.) પરવાનગી મામલે ગુજરાત હાઈકોર્ટે જામનગરના કલેક્ટર સામે કરી લાલ આંખ

# સરકારી ઠરાવોના આધારે કાયદાની અવગણના કરી ના શકાય : કલેક્ટરનું વલણ અવમાનનાજનક

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

જમીન બિનખેતી (એન.એ.) પરવાનગી મામલે ગુજરાત હાઈકોર્ટે જામનગરના કલેક્ટર સામે લાલ આંખ કરી છે અને કલેક્ટરના વલણને અવમાનનાજનક ગણાવ્યું છે. સત્વારા પરસોત્તમ માધવજી અને અન્ય દ્વારા દાખલ કરવામાં આવેલી સ્પેશિયલ સિવિલ અરજી પર સુનાવણી કરતા હાઈકોર્ટે મહેસૂલ વિભાગના ઉચ્ચ અધિકારીઓને આ મામલે તાત્કાલિક હસ્તક્ષેપ કરવા આદેશ કર્યો છે.

અગાઉની સુનાવણીમાં હાઈકોર્ટે જામનગરના કલેક્ટરને સ્પષ્ટપણે પૂછ્યું હતું કે, સિવિલ દાવો પેન્ડિંગ હોવાના અને લિસ પેન્ડેન્સ એન્ટ્રીના કારણોસર એન.એ. પરવાનગી કયા કાયદાકીય પ્રાવધાન હેઠળ નકારી શકાય ? જેનો જવાબ આપતા કલેક્ટરે ૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ એક એફિડેવિટ રજૂ કરી હતી, જેમાં ૧૦ માર્ચ, ૨૦૨૨ના રોજ બહાર પાડવામાં આવેલા સરકારી ઠરાવ (જી.આર.)નો આધાર ટાંકવામાં આવ્યો હતો. હાઈકોર્ટે નોંધ્યું હતું કે, કલેક્ટરે આ મામલે કોર્ટ દ્વારા અગાઉ સ્પષ્ટ કરવામાં આવેલા કાયદાકીય સિદ્ધાંતોની સંપૂર્ણ ઉપેક્ષા કરી છે અને માત્ર સરકારી પરિપત્રોના આધારે મનસ્વી નિર્ણય લીધો છે, જે કાયદાકીય રીતે અયોગ્ય છે. હાઈકોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું છે કે, મહેસૂલી અધિકારીઓ ઉચ્ચ અદાલતો દ્વારા પ્રસ્થાપિત કાયદાકીય જોગવાઈઓને અવગણીને માત્ર સરકારી ઠરાવો જેવા વહીવટી નિર્દેશોથી દોરવાઈ રહ્યા છે. કલેક્ટર દ્વારા કોર્ટના આદેશ છતાં કાયદાકીય સ્થિતિ અંગે કોઈ સ્પષ્ટતા ન કરવાના વલણને અદાલતે પ્રાથમિક દૃષ્ટિએ અવમાનનાજનક ગણાવ્યું છે. આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખીને હાઈકોર્ટે મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ (એડીશનલ ચીફ સેક્રેટરી)ને આ સમગ્ર પ્રકરણમાં વ્યક્તિગત ધ્યાન આપીને યોગ્ય હસ્તક્ષેપ કરવા આદેશ કર્યો છે. અદાલતે એવો પણ નિર્દેશ આપ્યો છે કે, મહેસૂલી અધિકારીઓને એ વાતની તાલીમ અને સૂચના આપવામાં આવે કે કાયદાના નિયમો અને અદાલતોના ચુકાદાઓ સર્વોચ્ચ છે અને સરકારી ઠરાવોના આધારે કાયદાની અવગણના કરી શકાતી નથી. આ કેસની આગામી સુનાવણી આગામી ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ હાથ ધરવામાં આવશે, જેમાં મહેસૂલ વિભાગ દ્વારા લેવાયેલા પગલાં અને પ્રસ્તાવિત ઉપાયો અંગે અહેવાલ રજૂ કરવામાં આવશે.

વડાપ્રધાન મોદીની ડિગ્રીનો ચર્ચાસ્પદ વિવાદ

# વડાપ્રધાન મોદીની ડિગ્રી વિવાદ : ગુજરાત યુનિવર્સિટીએ હાઈકોર્ટ સમક્ષ અરવિંદ કેજરીવાલ પર દંડ ફટકારવા કરી માંગ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬



વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શૈક્ષણિક ડિગ્રીની માહિતી આપવાના સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશન (CIC)ના આદેશને રદ કરનાર સિંગલ જજના ચુકાદા સામે આમ આદમી પાર્ટીના સુપ્રીમો અરવિંદ કેજરીવાલે કરેલી અપીલની સુનાવણી દરમિયાન ગુજરાત યુનિવર્સિટીએ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ અરવિંદ કેજરીવાલ પર દંડ લાદવાની માંગ કરી છે. મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ અને ન્યાયમૂર્તિ ડી.એન. રેની ડિવિઝન બેંચ સમક્ષ યુનિવર્સિટી વતી ઉપસ્થિત રહેલા સોલિસિટર જનરલ (SG) તુષાર મહેતાએ રજૂઆત કરી હતી કે માહિતી અધિકાર (RTI) કાયદાનો દુરૂપયોગ અટકાવવા અને સરકારી અધિકારીઓનો કિંમતી સમય બિનઉત્પાદક કામગીરીમાં વ્યર્થ ન જાય તે સુનિશ્ચિત કરવા માટે અરજદાર પર ભારે દંડ ફટકારવો જરૂરી છે.

હાઈકોર્ટની સિંગલ જજ બેંચે માર્ચ ૨૦૨૩માં CICના ૨૦૧૬ના એ આદેશને રદ કરી દીધો હતો, જેમાં ગુજરાત યુનિવર્સિટીને વડાપ્રધાન મોદીની ડિગ્રીની વિગતો આપવાનો આદેશ આપવામાં આવ્યો હતો. સિંગલ જજે ચુકાદો આપતાં નોંધ્યું હતું કે જાહેર હિતના અભાવે આવી માહિતી RTI કાયદાની કલમ ૮(૧)(e) અને ૮(૧)(j) હેઠળ મુક્તિ મેળવવાને પાત્ર છે. સાથે જ કોર્ટે કેજરીવાલ પર રૂા.૨૫,૦૦૦નો દંડ પણ ફટકાર્યો હતો, જેને કેજરીવાલે ડિવિઝન બેંચ સમક્ષ પડકાર્યો છે. સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સીબીએસઈ વિરૂદ્ધ આદિત્ય બંધોપાધ્યાય (૨૦૧૧)ના સુપ્રીમ કોર્ટના ચુકાદાનો હવાલો આપ્યો હતો, જેમાં અદાલતે RTI હેઠળ અવિચારી અને અવ્યવહારૂ માગણીઓ સામે ચેતવણી આપી હતી કે તેનાથી જાહેર સત્તામંડળોના સંસાધનો અને સમયનો વહીવટી કામગીરીમાંથી વ્યય થાય છે. મહેતાએ જણાવ્યું હતું કે RTI કાયદો જિજ્ઞાસા સંતોષવાનું સાધન નથી. જો કોઈ ચોક્કસ બંધારણીય કે જાહેર પદ માટે ચોક્કસ ડિગ્રી હોવી અનિવાર્ય શરત હોય અને તેના પર સવાલ ઉઠાવવામાં આવે તો જ જાહેર હિતનો મુદ્દો ઉપસ્થિત થાય છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે યુનિવર્સિટીને ડિગ્રી જાહેર કરવામાં કોઈ વાંધો નથી, પરંતુ લાખો વિદ્યાર્થીઓની વિગતોના રક્ષણ અને કાયદાકીય સિદ્ધાંતોની સ્પષ્ટતા માટે તે આ કેસ લડી રહી છે. સુનાવણી દરમિયાન હાઈકોર્ટે મૌખિક ટિપ્પણી કરતા પ્રશ્ન કર્યો હતો કે જો કોઈ મૂળ RTI અરજી કરવામાં જ ન આવી હોય તો માહિતી આપવાનો પ્રશ્ન ક્યાંથી ઊભો થાય છે. કોર્ટે નોંધ્યું કે RTIએ સંપૂર્ણપણે પ્રક્રિયાત્મક કાયદો છે, જેમાં ચોક્કસ વિગતો સાથે નિયમ મુજબ અરજી કરવી પડે છે. આ કેસમાં કેજરીવાલની પોતાની માહિતી અંગેની એક સુનાવણી દરમિયાન તેમના જવાબને જ CIC દ્વારા સીધી RTI અરજી ગણી લેવામાં આવી હતી, જે પ્રક્રિયાત્મક રીતે અને અધિકારક્ષેત્રની દૃષ્ટિએ ખામીયુક્ત હતું. અદાલતે વધુમાં ઉમેર્યું હતું કે પ્રક્રિયાનું પાલન ન થવાને કારણે સંબંધિત સત્તામંડળ કલમ ૮ હેઠળના અપવાદો અંગે પોતાનું મગજ વાપરી શક્યું નથી અને જે વ્યક્તિની માહિતી માંગવામાં આવી છે તેને અપીલ કરવાનો મૂળભૂત અધિકાર પણ છીનવાઈ ગયો છે. જો આવી પ્રક્રિયા ચલાવી લેવાય તો કાયદાનો વ્યાપક દુરૂપયોગ થશે. સોલિસિટર જનરલે પણ કોર્ટની આ વાત સાથે સમર્થન દર્શાવ્યું હતું. સમગ્ર મામલે ગુજરાત યુનિવર્સિટીની દલીલો પૂર્ણ થયા બાદ, ગુજરાત હાઈકોર્ટે અરવિંદ કેજરીવાલના વકીલને તેમની પ્રત્યુત્તર (રીજોઈન્ડર) રજૂઆતો કરવા માટે ૨૧ સપ્ટેમ્બરે બપોરે ૨:૩૦ વાગ્યે વધુ સુનાવણી નિયત કરી છે.

૨૦૨૩માં મની લોન્ડરિંગ કેસમાં મૂળ પાસપોર્ટ કોર્ટમાં જમા હોવા છતાં નવો બનાવ્યો !

# ગુજરાત કોંગ્રેસના મહિલા પ્રદેશ પ્રમુખના પુત્રની નકલી પાસપોર્ટના કેસમાં ધરપકડ

## નકલી પાસપોર્ટ થકી પાંચથી વધુ દેશ ફરી આવ્યો : ચાર PI સાથે ફોટા પડાવ્યા ને પકડાયો !

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬





ગુજરાત મહિલા કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ગીતાબેન પટેલનો દીકરો હરિકેશ પટેલ નકલી પાસપોર્ટના કેસમાં ઝડપાયો છે. આરોપીનો પાસપોર્ટ EDના કેસમાં જમા હોવા છતાં આરોપીએ અન્ય રાજ્યમાંથી નકલી પાસપોર્ટ બનાવ્યો હતો. નકલી પાસપોર્ટના આધારે આરોપી અલગ-અલગ દેશભરમાં ફરવા પણ ગયો હતો. ગુજરાત ATSએ આરોપી હરિકેશ પટેલની ધરપકડ કરી છે.

આ કેસમાં ઉલ્લેખનીય બાબત એ છે કે, આઠ મહિના પહેલાં આરોપી હરિકેશ પટેલે એક ઈવેન્ટમાં ચાર PI સાથે ફોટા પણ પડાવ્યાં હતાં, તેમાંથી જ બે PIએ હરિકેશને દબોચ્યો છે. ગુજરાત ATSને બાતમી મળી હતી કે, હરિકેશ પ્રણવ પટેલ (રહે. ઊર્મિ બંગલો, મીરાપાર્ક સોસાયટી શાહીબાગ અમદાવાદ)એ નકલી પાસપોર્ટ બનાવ્યો છે, જેથી ATSએ સાયન્સ સિટી પાસેથી હરિકેશ પટેલની ધરપકડ કરી હતી. આરોપીની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, આરોપી ૨૦૨૩ના EDના મની લોન્ડ્રિંગ કેસમાં સંડોવાયેલો હતો, જેથી આરોપીનો પાસપોર્ટ કોર્ટમાં જમા કરાવવામાં આવ્યો હતો. આ દરમિયાન આરોપીને આગોતરા જામીન માટે અરજી કરતા જામીન મળી ગયા હતા, પરંતુ બાદમાં EDએ જામીન રદ કરાવ્યા હતા. આ દરમિયાન આરોપીએ ગુજરાતનો પાસપોર્ટ હોવા છતાં નકલી પાસપોર્ટ બનાવ્યો હતો. આરોપીએ દુબઈના મિત્ર દ્વારા દિલ્હીના એજન્ટનો સંપર્ક કર્યો હતો. આરોપીએ ૨૫ લાખ એજન્ટને આપીને આગ્રામાં ભાડે રહેતો હોવાનો એગ્રીમેન્ટ કર્યો હતો. જે બાદ દિલ્હી ક્રાઈમ બ્રાન્ચમાં જૂનો પાસપોર્ટ ખોવાઈ ગયો હોવાની ખોટી ફરિયાદ કરી હતી, જે ફરિયાદ અને ખોટા રેંટ એગ્રીમેન્ટના આધારે ગાઝિયાબાદ RPO કચેરીમાં નવા પાસપોર્ટની અરજી કરીને ૨૦૨૪માં બીજો પાસપોર્ટ મેળવ્યો હતો. ભૂતાન અને નેપાળથી આરોપી બેંગકોક, દુબઈ, સિંગાપોર સહિતના દેશમાં ફરવા જતો હતો. આરોપી લાંબા સમય સુધી દુબઈમાં પણ રોકાયો હતો. આરોપી ફરીથી નાણાકીય ફ્રોડ કરવાની ફિરાકમાં જ હતો તે અગાઉ ATSએ આરોપીની ધરપકડ કરી છે. આ અંગે ATS દ્વારા EDને પણ જાણ કરવામાં આવી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, હરિકેશ પટેલ વિરૂદ્ધ અગાઉ નારણપુરા અને ક્રાઈમ બ્રાન્ચના છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ ચૂકી છે, જેમાં ધરપકડ પણ કરવામાં આવી હતી. આરોપીનું શાહીબાગ અને સાયન્સ સિટીમાં મકાન આવેલું છે. આરોપીના નામે ઘણી કંપનીઓ રજિસ્ટર્ડ છે, જેમાંથી કેટલીક ખોટી કંપનીઓ પણ રજિસ્ટર્ડ છે જેના નામે ફ્રોડ કરવામાં આવતું હતું. આરોપીના મ્યુલ એકાઉન્ટ પણ હતા જેની તપાસ ચાલી રહી છે.

આરોપીની બાતમી જે PI જે.પી. રોજીયાને મળી તેની જ સાથેનો આરોપીએ પોતાના સોશિયલ મીડિયોમાં મૂકેલો છે. બીજી તસવીરમાં અન્ય ચાર PI સાથેનો પણ ફોટો છે, જેમાંથી બે PI ATSના છે, એક PI વટવા અને એક PI અગાઉ ATSમાં હતા. આમાંથી બી.એચ. કોરાટ અને જે.પી. રોજીયાએ આરોપીને દબોચ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ગીતાબેન પટેલને પહેલા ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. ત્યારબાદ ફેબ્રુઆરી, ૨૦૨૫માં ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીની જાહેરાત સાથે આચારસંહિતનો અમલ શરૂ

# ગાંધીનગર મહાપાલિકા અને ઓખા તથા થરા પાલિકાની ચૂંટણી જાહેર : ૧૧મી ઓકટોબરે મતદાન

## ત્રણ પાલિકાની, ત્રણ તાલુકા પંચાયત અને એક જિલ્લા પંચાયતની ખાલી બેઠકોની પેટા ચૂંટણી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૬

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકા, ઓખા અને થરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીની સાથે પાલિકા-પંચાયતની ખાલી પડેલી બેઠકો માટે પેટાચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. ચૂંટણી માટે ૧૧ ઓક્ટોબરે મતદાન યોજાશે અને ૧૩મી ઓક્ટોબરે મતગણતરી હાથ ધરાશે. ચૂંટણી કાર્યક્રમ જાહેર થતા આજથી જ આચારસંહિતા લાગુ કરી દેવામાં આવી છે.

મહાનગરપાલિકા અને નગરપાલિકાની સાથે એક જિલ્લા પંચાયત અને ત્રણ તાલુકા પંચાયતની પેટાચૂંટણી પણ યોજાશે. ગાંધીનગર, થરાદ અને ઓખા માટે ૨૭ ટકા OBC અનામત મુજબ રોટેશન લાગુ કરવામાં આવશે.

ગાંધીનગર મહાપાલિકાના ૧૧ વોર્ડની ૪૪ બેઠક માટે ૧૧ ઓક્ટોબરે મતદાન યોજાશે. ચૂંટણી અંગે સત્તાવાર જાહેરનામું ૨૧ સપ્ટેમ્બર સુધી પ્રસિદ્ધ થશે. એટલે તે દિવસથી જ ઉમેદવારી નોંધાવવાનો પ્રારંભ થશે. ૨૬ સપ્ટેમ્બર ઉમેદવારી ફોર્મ ભરવાની અંતિમ તારીખ છે. ૨૮મીએ ફોર્મની સ્ક્રુટિની એટલે કે તપાસ કરાશે. ૨૯ સપ્ટેમ્બર સુધીમાં ઉમેદવારી પરત ખેંચી શકાશે. ૧૧મી ઓક્ટોબરે સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન થશે અને ૧૩મીએ મતગણતરી હાથ ધરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ચૂંટણી પંચ દ્વારા ૨ સપ્ટેમ્બરે મતદાર યાદીની ડ્રાફ્ટ પ્રસિદ્ધ કરવામાં આવી હતી અને ૧૪ સપ્ટેમ્બરે આખરી મતદાર યાદી જાહેર કરવામાં આવી હતી. ગાંધીનગર મનપા ચૂંટણીમાં કુલ ૨,૫૯,૪૪૩ મતદારો નોંધાયા છે. જેમાં ૧,૩૨,૨૮૫ પુરુષ, ૧,૨૭,૧૪૯ મહિલા અને ૯ અન્ય મતદારોનો સમાવેશ થાય છે. રાજ્ય ચૂંટણી પંચે ઓક્ટોબર-૨૦૨૬ની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સામાન્ય તથા પેટાચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકા ઉપરાંત દેવભૂમિ દ્વારકાની ઓખા અને બનાસકાંઠાના થરા નગરપાલિકામાં સામાન્ય ચૂંટણી યોજાશે, જ્યારે મહેસાણાના ખેરાલુ, છોટાઉદેપુર અને અરવલ્લીના બાયડમાં ખાલી પડેલી એક-એક બેઠક માટે પેટા ચૂંટણી થશે. દ્વારકા જિલ્લા પંચાયતની એક બેઠક તેમજ રાજકોટના પડધરી, મહેસાણાના સતલાસણા અને પાટણના હારીજ તાલુકા પંચાયતની ખાલી પડેલી એક-એક બેઠક માટે પણ પેટાચૂંટણી યોજાશે. ચૂંટણી માટે કુલ ૩૦૪ મતદાન મથકો ઊભા કરવામાં આવશે. તેમાંથી ૧૨૯ સંવેદનશીલ અને ૬ અતિ સંવેદનશીલ મતદાન મથકો રહેશે. ચૂંટણી પ્રક્રિયા માટે ૫ R.O. અને ૫ A.R.O.ની વ્યવસ્થા કરવામાં આવી છે.

ચૂંટણી કામગીરી માટે પોલિંગ સ્ટાફ સહિત પોલીસ કર્મચારીઓની પણ વ્યવસ્થા કરી દેવામાં આવી છે. ૧,૫૨૦ પોલિંગ સ્ટાફ અને ૧,૧૩૦ પોલીસ સ્ટાફ તૈનાત રહેશે. ચૂંટણી કામગીરીમાં કુલ આશરે ૨,૨૦૦ કર્મચારીઓ જોડાશે. ગાંધીનગર મનપા ચૂંટણી EVMથી યોજાશે. ચૂંટણી માટે ૭૩૦ B.U. અને ૩૬૪ C.U.ની વ્યવસ્થા કરવામાં આવી છે. ચૂંટણી લડનારા ઉમેદવારો માટે પણ મહત્વની જોગવાઈઓ જાહેર કરવામાં આવી છે. ઉમેદવારોએ ચૂંટણી ખર્ચ માટે નવું બેંક એકાઉન્ટ ખોલવાનું રહેશે. સાથે જ સ્ટાર પ્રચારકોની સંખ્યા માટે મર્યાદા નક્કી કરવામાં આવી છે. ૨૦ અને ૧૦ સ્ટાર પ્રચારકોની મર્યાદા રાખવામાં આવી છે. આમ, ગાંધીનગર મનપાની ચૂંટણી પ્રક્રિયાનો સત્તાવાર પ્રારંભ થઈ ગયો છે અને આગામી દિવસોમાં ઉમેદવારી ફોર્મ ભરાવા સાથે ચૂંટણીનો માહોલ વધુ ગરમાશે.

'જ્ઞાન પ્રાપ્ત કરો પારણાથી કબર સુધી' હદીસ બોધને સાર્થક કરતો કિસ્સો

# ભૂજના એક જ ચોપડી ભણેલા ૮૨ વર્ષીય ઝૈનબબેને માત્ર છ માસમાં સ્વહસ્તે કુર્આન શરીફ લખ્યું !

## સતત કંઈક નવું કરવાનો હજીયાણી ઝૈનબબેનનો જુસ્સો યુવાઓને શરમાવે તેવો છે

(સંવાદદાતા દ્વારા)

ભૂજ, તા.૧૬





(તસવીર : યુસુફ એ. જત, ભૂજ)

કચ્છમાં મૂળ ભચાઉના અને હાલ ભૂજ રહેતા ૮૨ વર્ષીય ખત્રી હજીયાણી ઝૈનબબેન હાજી જાનમોહંમદ સતત કંઈક નવું કરવામાં-શીખવામાં પ્રવૃત્ત રહે છે. તેમને મનમાં ખ્યાલ આવ્યો કે, અરબી મૂળાક્ષર લખવાનો પ્રયાસ કરવામાં આવે. મૂળાક્ષર અલિફ-બા-તા પર હાથ બેસી જતાં તેમને કુર્આન શરીફ સ્વહસ્તે લખવાની સ્ફૂર્ણા થઈ અને માત્ર છ માસમાં તેમણે કુર્આન શરીફના

## શેરીઓ કે નુક્કડ પર ટોળટપ્પા કે ગપસપમાં સમય વેડફતું યુવાધન ઝૈનબબેનના જુસ્સા અને કર્તવ્યનિષ્ઠામાંથી પ્રેરણા લે

૩૦ સીપારા લખી નાંખ્યા હતા. જે તેઓની અતૂટ શ્રદ્ધા અને સમર્પણનું ઉત્તમ ઉદાહરણ છે.

ત્યક્તાઓ-વિધવાઓના પુનઃનિકાહ તથા જરૂરતમંદોના સગપણના સામાજિક કાર્યો સાથે જોડાયેલા ઝૈનબબેનના પુત્રી ખત્રી આયશાબેન હાજી અબ્દુલ રહીમે 'ગુજરાત ટુડે'ને વિગતો આપતા જણાવ્યું હતું કે, મારી માતા ફકત એક જ ધોરણ ભણેલા છે. છતાં તેઓ સારી રીતે ગુજરાતી લખી-વાંચી જાણે છે. લગ્નના પ્રથમ વર્ષે ઝૈનબબેનના પતિએ તેમને અરબી વાંચતા શિખવાડ્યું હતું. ત્યારબાદ તેઓ નિયમિત કુર્આન શરીફની તિલાવત કરે છે. પાબંદીથી નમાઝની અદાયગી કરે છે.

ઝૈનબબેનને સમય વેડફવો નથી ગમતો. તેઓ સતત કાર્યશીલ રહે છે. સ્વહસ્તે કુર્આન શરીફ લખવાની તેમને સ્વયં સ્ફૂર્ણા થઈ તે જ દિવસે વહેલી સવારે ફજરની નમાઝ બાદ તેઓ નોટબુક અને પેન્સિલ લઈને બેસી ગયા. ત્યારબાદ નિત્ય સવારે એક એક સીપારા ઉપાડી લીટી દર લીટી નકલ કરતા જાય અને કુર્આન શરીફ લખતા જાય. જ્યાં ઝેર, ઝબર કે નુકતાઓની ભૂલ જણાય તો તરત જ રબ્બર વડે ભૂસી નવેસરથી લખી નાખે. લખવામાં કોઈ ભૂલ નથી રહી જવા પામી તેની કાળજી તેઓ હજી પણ ચકાસી રહ્યા છે. ભલે કિતાબત, ખુશખતી, Calligraphy કે સુલેખનના નિયમો મુજબ તેમનો અરેબિક લખાણ નહીં હોય છતાં તેમણે જે જુસ્સાપૂર્વક અને આસ્થાપૂર્વક નિરંતર છ માસ કુર્આન શરીફ લખવામાં તેમને આ ઝઈફ ઉંમરે સફળતા મળી છે. તે ખૂબ જ સરાહનીય છે. આયશાબેને વિગતો આપતા જણાવ્યું હતું કે, અમારી માતા ભરત, ગૂંથણ, સિલાઈ કામ, કાષ્ટકારી વગેરે કામોમાં સતત વ્યસ્ત રહે છે. તેઓ નિયમિત મન લગાવી અલ્લાહની ઈબાદત કરે છે, કુર્આન શરીફની તિલાવત કરે છે, પુસ્તકોનું વાંચન કરે છે. યુટ્યુબ પર તેમની નજર સામે કોઈ રચનાત્મક કાર્ય ચડી જાય તો તેનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરી તેની પ્રેક્ટિસ કરી તેઓ થોડા દિવસોમાં શીખી જાય છે. ઈસ્લામના મહાન પયગમ્બર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું મુબારક કથન : 'જ્ઞાન પ્રાપ્ત કરો, પારણાથી કબર સુધી'ને ઝૈનબબેન સાર્થક કરી રહ્યા છે. આજના ડિજિટલ યુગમાં જ્યારે યુવા-યુવત્તીઓ ઈન્ટરનેટ પાછળ, આરામ તલબીમાં, આળસમાં, નકામી ગેમ્સ અને ગપસપમાં, શેરીઓ નુક્કડો પર પોતાનો અમૂલ્ય સમય (જીવન) બરબાદ રહી રહ્યા છે તેમના માટે ઝૈનબબેનની વ્યસ્તતા પથદર્શક છે.

કપડવંજ તાલુકાના તોરણાના કૈયુમખાનનું વાહન અકસ્માતમાં ઘટનાસ્થળે જ મોત થયું હતું

# જમાઈના મોતના સમાચાર સાંભળી હોસ્પિટલે પહોંચેલા સસરાનું પણ આઘાત લાગતા અવસાન

## વર્તમાન યુગમાં સંબંધોના સાચા પ્રેમનો દુર્લભ કિસ્સો : બે-બે મોતથી ભારે આક્રંદ

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૬

કપડવંજ તાલુકાના તોરણા જેવા નાના ગામમાં એક જ દિવસમાં સસરા-જમાઈના મોતની હૃદયદ્રાવક ઘટનાથી બંને પરિવારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. અકસ્માતમાં જમાઈનું મોત થયાના સમાચાર મળતાં તેમના સસરા હોસ્પિટલ દોડી ગયા હતા, જ્યાં જમાઈના મોતનો આઘાત સહન ન થતાં તેમનું પણ અવસાન થયું હતું. એક જ પરિવાર સાથે જોડાયેલા બે સભ્યોના એક જ દિવસે મોતથી તોરણા ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

મળતી માહિતી મુજબ, કપડવંજ તાલુકાના તોરણા ગામની પટેલ સોસાયટીમાં રહેતા મિનાબેન રાજેશભાઈ પટેલ, (ઉંમર ૩૬ વર્ષ) તા.૧૫ સપ્ટેમ્બરે બપોરે તેમની ૧૫ વર્ષની પુત્રી શ્રદ્ધા બીમાર હોવાથી તેઓ ગામના કૈયુમખાન નાસીરખાન પઠાણ, (ઉંમર ૨૮ વર્ષ)ની સી.એન.જી. રિક્ષા ભાડે કરીને મોડાસા ખાતે સારવાર માટે ગયા હતા. સારવાર બાદ સાંજે આશરે સાડા છ વાગ્યે માતા-પુત્રી રિક્ષામાં પરત તોરણા જવા નીકળ્યાં હતાં. રાત્રે આશરે સાડા આઠ વાગ્યે તેઓ વણજારીયા પાટિયા નજીક પહોંચ્યા ત્યારે રોડ પર ચાલતા બે-ત્રણ લોકો દેખાતાં રિક્ષાચાલક કૈયુમખાને અચાનક રિક્ષા વાળી દેતાં રિક્ષા પલટી ગઈ હતી. અકસ્માતમાં કૈયુમખાન રિક્ષામાંથી ફંગોળાઈને રોડના વચ્ચેના ભાગે પડ્યા હતા, જ્યારે મિનાબેન અને તેમની પુત્રી રિક્ષામાં દબાઈ ગયા હતાં. તે દરમિયાન કપડવંજ તરફથી પૂરઝડપે આવેલા અજાણ્યા વાહનના ચાલકે રોડ પર પડેલા કૈયુમખાનના ગળાના ભાગ પરથી વાહન પસાર કરી દીધું હતું. વાહન સાથે થોડે દૂર સુધી ઘસડાયા બાદ કૈયુમખાનનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. અકસ્માત સર્જી અજાણ્યો વાહનચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો. ફરિયાદ મુજબ વાહન ટ્રક જેવું મોટું હોવાનું જણાયું હતું, જોકે રિક્ષામાં રહેલી માતા-પુત્રીને ચોક્કસ વાહન ઓળખી શકાયું નહોતું.

અકસ્મતમાં મિનાબેન તથા તેમની પુત્રી શ્રદ્ધાને ઈજા થતાં બંનેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે કપડવંજની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મિનાબેને કપડવંજ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે રિક્ષાચાલક કૈયુમખાન નાસીરખાન પઠાણ તથા અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી માટે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. દરમ્યાન આ સમગ્ર ઘટનામાં જમાઈ કૈયુમખાનના મોતના સમાચાર સાંભળી હોસ્પિટલ પહોંચેલા અમદાવાદ રહેતા સસરાનું પણ આઘાતના કારણે અવસાન થતાં સસરા-જમાઈના એક જ દિવસે મોત થયાં હતાં. તોરણા જેવા નાના ગામમાં બનેલી આ ઘટનાથી બંને પરિવારો ઉપરાંત ગામમાં પણ શોકની લાગણી પ્રસરી ગઈ છે.

MBBS in Nepal
Admission in Nepal
62 Lacks Rupees only
Total course 5.5 years
Hurryup this month
Last Date 30-9-2026
8143467635, 9912696397



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● E-mail : gujarattodaydaily@gmail.com